આપ વાંચી રહ્યાં છો દેશનાં સૌથી વિશ્વસનીય અને સૌથી મોટા અખબારી જૂથ **દિવ્ય ભાસ્કર** ગ્રુપનું દૈનિક

સૌરાષ્ટ્ર સમાચાર

તંત્રી : પ્રતાપ શાહ | કુલ પાનાં 18 + 12 (મધુરિમા) = 30 | ગુજરાત | કિંમત ₹ 4.00, વર્ષ 54, અંક 343, મહાનગર

divyabhaskar.com | ભાવનગર, મંગળવાર, 31 જુલાઇ, 2018 | અષાઢ વદ-3, વિક્રમ સંવત 2074 | 12 રાજ્ય | 66 સંસ્કરણ

આજ કાલ બધું જ કોમ્પ્યુટર આધારીત છે તેથી કોમ્પ્યુટર નોલેજ માત્ર જોબ પુરતુ જ નહી પરંતુ રોજીંદા જીવન માટે પણ જરૂરી છે. જો તમારી પાસે એ નહી હોય તો જીવનની દોડમાં તમે પાછળ રહી જશો.

સબસીડી સ્કીમનો આજે છેલ્લો દિવસ

આ છેલ્લી તક ઝડપી માતા-પિતા પોતાના સંતાનોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે જેથી ભવિષ્યમાં તેઓ પાછળ રહી ગયા છે તેનો પસ્તાવો ન થાય

ધોરણ ૧૦-૧૨ પાસ/નાપાસ અને કોલેજના કે અન્ય વિદ્યાર્થીઓ માટે હાર્ડવેર, નેટવર્કિંગ, સોફ્ટવેર, ઈથીકલ હેકીંગ, સાયબર સીક્યોરીટી અને ડિસ્રપ્ટિવ ટેક્નોલોજી એન્જિનિયર બનવાની ઉજ્જવળ તક

NASSCOM

IANT®
Institute of Advance Network Technology
COMPUTER EDUCATION
An ISO 14001-2015 : 9001-2015 & 27001-2013 Certified Institute

તમારી ક્ષમતા ઉપર કરો વિશ્વાસ
લક્ષ્ય પણ આવશે તમારી પાસ

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે IT પ્રોફેશનલ્સની આવશ્યકતાઓ

વિદ્યાર્થીઓ ફક્ત IANT માં એડમિશન શા માટે લે છે?

IANT ... B.A.,B.Com, BCA, BSC ... BE-IC/EC/IT/Security અને MCA, B-Tech, M-Tech ...

શું તમે જાણો છો ?

110+ Centers Across India I www.iantindia.com

New Courses: CHNA I IMS-CHNE I MNST I CSP I CSPP I PSD

આ કોર્ષ કોણે કરવો જોઈએ ?

... BCA, MCA, B-TECH, ... BA, B.COM, LLB, BBA ...

IANTમાં ખેડુતો માટે ૨૮%, SC/ST/OBC/Minority માટે ૨૨%, સરકારી કર્મચારી માટે ૧૭%,અને સામાન્ય વર્ગ માટે પણ સબસીડીની સ્કીમ ઉપલબ્ધ છે.

IANT ની સાથે કરો એડવાન્સ હાર્ડવેર, નેટવર્કિંગ, સોફ્ટવેરનો કોઇ પણ કોર્સ અને વાર્ષિક ₹ 120000/- થી ₹ 6,00,000/-* કમાઓ...

ભારતની એક માત્ર સંસ્થા વિદ્યાર્થીઓને 6 International*, 9 Participation અને 1 IANT સાથે કુલ 16* સર્ટીફીકેટ આપે છે

IANT માં આવો ... Student Kit
Pen-set | T-shirt | Drawstring Bag | Notebook

Free Tablet*

કોઇ પણ સંસ્થામાં જોડાતા પહેલા IANT માં અવશ્ય પધારો

સેન્ટર ઉપર આવતી વખતે ત્રણ પાસપોર્ટ સાઇઝના ફોટા, છેલ્લી માર્કશીટની ઝેરોક્ષ અને ₹ 2000 પાસે રાખવા તેથી એડમીશન લેવામાં સરળતા થાય.

BHAVNAGAR	Ahmedabad: PALDI
M : 099798 99788, 093277 36999	M : 093779 16811 Ph.: 079-26607739/01
213, EVA-1 Complex, Second Floor, Opp. Joggers Park, Atabhai Chowk, Bhavnagar	4th Floor, Murlidhar Complex, Fatehpura Cross Road., Opp. Ankur School, Paldi, Ahmedabad

IANT Educom Pvt. Ltd. | Help Desk 09377916611

વર્લ્ડ ઈનબોક્સ એકેડમી
જનરલ બેચ
■ નિષ્ણાંત ફેકલ્ટીઓ ■ સંપૂર્ણ સચોટ મટિરિયલ્સ ■ ડેઈલી + વિકલી + મંથલી ટેસ્ટ ■ ડેમો લેક્ચર્સ માટે નોંધણી જરૂરી
ત્રણ ફ્રી ડેમો લેક્ચર્સ | ફ્રી એ.સી. લાઈબ્રેરી
M. 8128 42 82 58 / 7041 21 11 17

ભાવનગર

divyabhaskar.com | સૌરાષ્ટ્ર સમાચાર, ભાવનગર | મંગળવાર, 31 જુલાઇ, 2018

આજનું તાપમાન

ભાવનગર	33.7	26.2	સૂર્યાસ્ત આજે
અમદાવાદ	34.0	25.3	7.22 pm
સુરત	30.2	27.1	સૂર્યોદય કાલે
રાજકોટ	33.9	27.1	6.13 am

પહેલાં ગુડ ન્યૂઝ

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા કાલથી મોબાઈલ કોર્ટ કાર્યરત કરાશે

ભાવનગર | ભાવનગર મહાનગરપાલિકા દ્વારા હેલ્થ અને સેનીટેશનના કેસોના ઝડપથી સ્થળ પર જ નિકાલ કરવા મેયરના હસ્તે મોબાઈલ કોર્ટ કાર્યરત કરવાનો કાર્યક્રમ તા. 1-8-2018 ને બુધવારે સવારે 9.30 કલાકે મ્યુનિ.ના પટાંગણમાં યોજાશે.

યૂટીલિટી ન્યૂઝ

શિક્ષણ | સરકારી વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રમાં પ્રવેશ કાર્યવાહી શરૂ

ભાવનગર | શહેરના વિદ્યાનગરની સરકારી વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રના ઈલેક્ટ્રીકલ ઈન્સ્ટોલેશન વાયરિંગ એન્ડ જોઈટીંગ ટ્રેડમાં ધો. 9 પાસ/10 નાપાસ છાત્રો માટે પ્રવેશ કાર્યવાહી ચાલુ થવાની શકયતા હોય ઉમેદવારોએ સંસ્થામાં સવારે 11 થી 5માં રૂબરૂ સંપર્ક સાધવો.

હેલ્થ | સિદસર ખાતે ચામડીના રોગની ફ્રી હોમિયોપેથિક સારવાર

ભાવનગર | સિદસરની સ્વામિ વિવેકાનંદ હોમિયોપેથિક મેડિકલ કોલેજની ઓપીડીમાં તા. 31-7 ને મંગળવારે સવારે 9 થી 1 તથા સાંજે 4 થી 6 ચામડીના રોગો, ખરજવુ, શીળશ, ખીલ અને કોઢની તદ્દન વિનામૂલ્યે સારવાર આપવામાં આવશે.

મનોરંજન | જૂની હિન્દી ફિલ્મોના ગીતોનો નિ:શુલ્ક યોજાશે કાર્યક્રમ

ભાવનગર | શિશુવિહારના સાંસ્કૃતિક મંચ પર તા. 5-8 ને રવિવારે સાંજે 6.15 કલાકે યાદે મુકેશનો જુના હિન્દી ફીલ્મોના ગીતોના વિનામૂલ્યે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સંગીતપ્રેમીઓને આ કાર્યક્રમ માણવા પધારવા કાદરભાઈ શેખએ અનુરોધ કર્યો છે.

સૂચના | સ્વામિનારાયણ કોલેજની કોશન મની મેળવી લેવા તાકિદ

ભાવનગર | શહેરની સ્વામિનારાયણ કોલેજના જે વિદ્યાર્થીઓએ કોશનમની રીફંડ માટેની અરજી કરી હોય તેમની કોશનમની આવી ગયેલ હોય સંબંધિત વિદ્યાર્થીએ દિવસ-5માં સવારે 10 થી 1 કોલેજમાંથી મેળવી લેવા.

શ્રધ્ધા | સંત પૂ.દુ:ખીશ્યામબાપાના આશ્રમમાં લઘુરૂદ્રનું આયોજન

ભાવનગર |શહેરનાકાળીયાબીડમાં આવેલા જાગનાથ મહાદેવ સંત પૂ. દુ:ખીશ્યામબાપાનાઆશ્રમમાં તા. 12-8 થી તા. 9-9 સુધી શિવ પૂજન, ગુરૂ પૂજન, બ્રહ્મ ચોર્યાશી તેમજ હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરાયેલ છે.

ગાઈડ | શહેરની પરિમલ હવેલીમાં નિ:શુલ્ક યોગ કલાસનું આયોજન

ભાવનગર |શહેરના પરિમલ સ્થિત ગોવર્ધનનાથજીની હવેલીના સત્સંગહોલમાં દરરોજ સવારે 7 થી 8 દરમિયાન યોગકલાસનું નિ:શુલ્ક આયોજન કરવામાં આવેલ છે. જેમાં તજજ્ઞ રેશમાબેન શાહ દ્વારા તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવી રહેલ છે.

રિડર્સ સ્પેસ

શહેરના કુંભારવાડા મિલની ચાલી વિસ્તારમાં પાણી ભરાઇ રહેતા ગંદકી અને મચ્છરોના ત્રાસ અંગેની ઈમેજ નાગજીભાઇ રાઠોડએ વોટસએપ પર વાયરઈ કરી છે.

સાધારણ સભા | કૌભાંડી ગૌશાળામાં કોર્પોરેશન 470 રખડતા ઢોર મુકી આવ્યુ : આયોજનના અભાવથી પ્રજા ત્રસ્ત

પ્રજાના પ્રશ્નો કોરાણે મુકાયા

મ્યુ. સાધારણ સભામાં વિપક્ષના વોક આઉટનું સ્ટંટ, શાસકનું સફાઈનું નાટક

કોંગ્રેસના સભ્યને હોદ્દા પરથી દૂર કરવાના વિરોધ માટે નારીની ટીપીને ટાર્ગેટ બનાવી વિપક્ષે એજન્ડાના કટકેકટકા કર્યાં

ઈન્વેસ્ટીગેશન રિપોર્ટર | ભાવનગર | 30 જુલાઈ

કોંગ્રેસના નગરસેવક અરવિંદ પરમાર સામે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા થયેલી ફરિયાદના આધારે તેમને હોદ્દા પરથી દૂર કરવા સરકારમાં પત્ર વ્યવહાર માટે કમિશનરને અધિકૃત કરવા સંદર્ભે આજે મળેલી કોર્પોરેશનની સાધારણ સભામાં કાર્ય આવે તે પૂર્વે જ વિપક્ષી સભ્યોએ નારી ટીપી સ્ટીકમનો મુસદ્દો પ્રસિદ્ધ કરવા બાબતે હોબાળો મચાવી ભાજપની હાય હાય બોલાવી એજન્ડા ફાડી વોકઆઉટ કરતા શાસકના સભ્યોએ સ્વચ્છતાના નામે સભામાં પડેલા કાગળોને વીણી બાકી રહેલા 3 કાર્યો બહુમતીએ પસાર કર્યા હતાં.

મહાનગરપાલિકાની આજે મળેલી સાધારણસભામાં પ્રજાને સ્પર્શતા પ્રશ્નો બાબતે પદાધિકારીઓ કે સભ્યોને જરાય ગંભીરતા ના હોય તેમ શાકમાર્કેટ જેવું વાતાવરણ ઉભું કર્યું હતું. સભામાં ભરતભાઈ બુધેલીયાએ અમૃત યોજના હેઠળ તંત્રએ કરેલા આયોજનમાં એકને ખોળ એકને ગોળ જેવી નીતિ ઘડવા સામે અધિકારીને ભીડવતા ઈકબાલભાઈ આરબે કરચલીયાપરાના અમૃત યોજના હેઠળ ડ્રેનેજ લાઈન અપગ્રેડેશનની માંગણી તંત્રએ ફગાવતા બેધારી નીતિ ફલીત થયાનું જણાવ્યું હતું.

જયદીપસિંહ ગોહિલે રખડતા ઢોરની વકરતી સમસ્યા અને જીવદયાપ્રેમીઓ સામે ચાલી સેવા માટે આવતા હોવા છતાં કોર્પોરેશન દ્વારા કોઈ કાર્યવાહી નહીં થતી હોવાથી અકસ્માતો સર્જાતા હોવાનું જણાવી જેનું મોટુ કૌભાંડ બહાર આવ્યું તેવી દહેગામની શ્રીનાથજી ગૌશાળામાં કોર્પોરેશન દ્વારા 470 ઢોર મોકલાતા તંત્રની બેદરકારીને ઝાટકી હતી.

ગિરીશ વાઘાણીની રજૂઆતને આધારે હિલપાર્કથી સીદસર રોડને ડો.હેનિમેન માર્ગ નામકરણ કરવાની દરખાસ્તમાં રહિમભાઈ કુરેશીએ નામકરણના નિયમો મુજબ વિદેશીના નામના માર્ગની જોગવાઈ નહીં હોવાથી ઠરાવમાં સુધારો કરાવ્યો હતો. જ્યારે જુની કરપદ્ધતિમાં વ્યાજમાફી અને માંડવાળની યોજનાને ત્રણ મહિનામાં સફળતા નહીં મળતા ચોથીવાર મુદત વધારવાની તંત્રની બેદરકારીને કારણે ઉભી થયેલી જરૂરિયાતમાં જયદિપસિંહે પોતાના ઘરે જ રેગ્યુલર વેરો ભરવા છતાં જુના વેરાના પાણીના આવતા બિલ-સાથે નિષ્ક્રીયતા દર્શાવી હતી તેમજ પીલગાર્ડનમાં મહારાજાનું સ્ટેચ્યુ ખંડિત અને બગીચામાં નીમ પ્રોડક્ટના વધુ આઉટલેટ ખોલવા અથવા જાળવણીની જવાબદારી જીએનએફસી સંભાળવા માંગણી કરી હતી.

નારી ટી.પી. સ્કીમનો મુસદ્દો પ્રસિદ્ધ કરી સરકારમાં મોકલવા મંજુરીની અપેક્ષાએ અગાઉ મંજુરી અપાઈ ગઈ હોવા છતાં વિપક્ષે નારીનો રૂંધાયેલો વિકાસ, નારી ગામના લોકોને કોર્પોરેશનમાં ભળવા સામે નારાજગી સહિતના મુદ્દા વિપક્ષી સભ્યો કૈલાસબેન મોરડીયા, કાંતિભાઈ ગોહિલ, રહિમભાઈ કુરેશી, પારૂલબેન ત્રિવેદી સહિતનાએ ઉઠાવ્યા હતા જેમની સામે નિમુબેન બાંભણીયા, સુરેશભાઈ ધાંધલીયા સહિતનાએ શાસકની કામગીરી દેખાડવાના પ્રયાસ રકતા શાસક-વિપક્ષના સભ્યો વચ્ચે ભારે વાક્યુદ્ધ શરૂ થયું હતું અને નારી ગામને અન્યાય બંધ કરો, હાયરે ભાજપ હાય હાય...ના નારા લગાવી એજન્ડાના કટકે-કટકા કરી વિપક્ષે વોકઆઉટ કર્યો હતો. જ્યારે શાસકે નારી ટી.પી., અરવિંદ પરમારને હોદ્દા પરથી દૂર કરવા સરકારમાં પરિપત્ર માટે કમિશનરને સત્તા અને જુદી-જુદી કમિટીઓમાં ખાલી પડેલા સભ્યોની જગ્યામાં નવા સભ્યોની નિમણુંક કરવાના ઠરાવ પસાર કર્યા હતાં. સભામાં વિપક્ષે એજન્ડાના ફાડેલા કાગળોની આરોગ્ય ચેરમેન રાજુભાઈ રાબડીયાએ કરેલી અપીલથી શાસકના સભ્યોએ સફાઈ કરી હતી.

મહાનગરપાલિકાની સાધારણસભામાં વિરોધપક્ષના સભ્યોએ કોર્પોરેશનમાં ભળેલા નારી ગામમાં અસુવિધા અને ડેવલપમેન્ટના અભાવનું કારણ દર્શાવી એજન્ડા ફાડી સભામાંથી વોકઆઉટ કરી વિરોધ વ્યક્ત કર્યો હતો. તસવીર - અજય ઠક્કર

નિવાસસ્થાનના નામે ફાર્મહાઉસને પાણી કનેકશનનું કાર્ય કટ્ટ

સીટી લીમીટ બહાર સીદસર રોડ પર અધેવાડા સર્વે નં.87 પૈકી 1માં આસામીના ઘર વપરાશના હેતુ માટે પાણી કનેકશન આપવાની આવેલી દરખાસ્ત બાબતે રહિમભાઈ કુરેશીએ તંત્રના ઢાંકપિછોડા છતા કર્યા હતા. જેમાં રહેણાંકી નહીં પરંતુ લીમીટેડ કંપની અને ફાર્મહાઉસમાં ગાર્ડન, સ્વિમીંગ પુલ અને કલબ માટે પાણીની જરૂરિયાતને હેતુને રહેણાંકી દર્શાવ્યું હતું. જેથી ખોટી રીતે વોટરવર્કસ વિભાગે કરેલી દરખાસ્તનો વિપક્ષે વાંધો ઉઠાવતા અંતે કાર્યને પેન્ડીંગ રખાયું હતું.

રાજકારણ માટે મનગમતા કાળિયાબીડને 24 કલાક પાણી !!

કાળિયાબીડ વર્ષોથી એનકેન પ્રકારે ચર્ચામાં રહે છે. અમૃત યોજના હેઠળ પાયલોટ પ્રોજેક્ટ તરીકે કાળિયાબીડમાં 24 કલાક પાણી આપવાનું આયોજન ઘડાતા સભામાં ભરતભાઈ બુધેલીયાએ તંત્ર અને શાસકોની વ્હાલા-દવલાની નીતિ સામે રોષ ઠાલવ્યો હતો. અમૃતયોજના હેઠળ જ સાયકલ ટ્રેક, ડ્રેનેજ અને 24 કલાક પાણી કાળિયાબીડ માટે છે ત્યારે અન્ય વિસ્તારની પ્રજાનો શું વાંક ? કાળિયાબીડમાં મોટાભાગના રાજકીય આગેવાનો, નેતા, ધારાસભ્યો, અધિકારીઓ સહિતના નિવાસ છે.

મેયરની રમુજીએ સભાની ગંભીરતાને હાસ્યમાં ફેરવી

મનહરભાઈ મોરી (મનભા મોરી)ની મેયર બન્યા બાદ આજે સોમવારે પ્રથમ સાધારણ સભા હતી. પરંતુ તેમાં કાર્યોના વંચાણ તો ન લેવા દીધા પરંતુ ક્યા કાર્યનો ક્યો પ્રશ્ન પૂછવો અને સભ્યો પ્રશ્ન પૂછે ત્યારે તેઓને બેસાડી દેવાની સ્ટાઈલ, સભ્યોની રજૂઆત બાદ 'તમે કીધુ તે સાંભળી લીધું...' સહિતનું કહેતા ગંભીર મુદ્દે પણ હાસ્યનું મોજુ ફરી વળ્યું હતું.

વિવાદ | શિક્ષણ સમિતિના ચેરમેન પદે આર.સી. મકવાણા

વલ્લભભાઇનો આક્ષેપ : મે ધારાસભામાં ટિકિટ માંગી એટલે મને ચેરમેનમાં કાપ્યો

જિલ્લા પંચાયતમાં પ્રમુખ સહિત પાંચ મહત્વના સ્થાનમાં કોળી ઉમેદવારોને તક મળતા અન્ય સભ્યોમાં આંતરિક વિવાદ

ઇન્ફ્રાસ્ટ્રકચર રિપોર્ટર, ભાવનગર | 30 જુલાઇ

ભાવનગર જિલ્લા પંચાયતની અઢી વર્ષની ટર્મ માટે જુદી જુદી કમિટીઓના ચેરમેનોની વરણીઓમાં અંતિમ ઘડીએ આંતરિક વિવાદ સપાટી ઉપર આવ્યો છે. કમિટી સભ્યો નિશ્ચિત થયા બાદ શિક્ષણ સમિતીમાં અંતિમ ઘડી સુધી વલભભાઇ જોળિયાના નામની ચર્ચાના અંતે આજે ધારાસભ્ય આર.સી.મકવાણાનુ નામ ચેરમેન પદે જાહેર થતા જ અન્ય સભ્યોમાં નારાજગી જોવા મળી હતી, ગત વિધાનસભામાં ધારાસભ્યની ટિકીટ માટે આર.સી. મકવાણા સામે વલભભાઈએ પ્રબળ દાવેદારી કરી હતી, જેનો પગલે ચેરમેન પદ છીનવાયાની ચર્ચા જાગી છે. વલ્લભભાઈએ આક્ષેપ કર્યો હતો કે મે ધારાસભામાં ટિકિટ માંગી એટલે મને ચેરમેનમાં કાપ્યો છે.

વિવિધ કમિટીઓ પૈકી આરોગ્ય કમિટીમાં પણ ચેરમેન તરીકે કોંગ્રેસના ભાનુભાઈ ચૌહાણનું અંતિમ ઘડી સુધી નામ ચર્ચામાં હતુ, કારણ કે તેઓએ પક્ષ પલ્ટા સાથે ચેરમેન પદની શરત મુકીને ભાજપમાં જોડાયા હતા, પરંતુ ભાજપ દ્વારા તેઓને આરોગ્યની જગ્યાએ સિંચાઇ કમિટીમાં ચેરમેન બનાવી દેવાયા છે.

આ ઉપરાંત આરોગ્યમાં ઘેટી બેઠકમાં પેટા ચૂંટણીમાં ચૂંટી આવેલા શોભનાબેન કપીલભાઇને ચેરમેનની તક આપીને પટેલ સમાજને સાચવી લેવાયો છે.

આ ઉપરાંત ચેરમેનોની પસંદગીમાં પ્રમુખ સહિત કુલ પાંચ મહત્ત્વની જગ્યાઓ પર ભાજપ દ્વારા કોળી સમાજને તક આપીને અન્ય સમાજની બાદબાકી કરાતા પક્ષમાં જ આંતરિક કલહ સર્જાયો છે.

કારણ કે સિંચાઈ કમિટીમાં કંચનબેન ભીમજીભાઈ પંડ્યાનુ નામ ચર્ચામાં હતુ, જેથી એક ચેરમેન પદે બ્રહ્મ સમાજને પણ પુરતો ન્યાય મળી જાય તેમ હતો, પરંતુ ભાજપ દ્વારા જ્ઞાતિવાદના સમીકરણો નેવે મુકીને ચેરમેન પદે એક તરફી પસંદગી કરવામાં આવી હોવાની ચર્ચા જિલ્લા પંચાયતમાં ચર્ચાનો વિષય બની હતી.

અઢી વર્ષ માટે શાસક પક્ષ ભાજપ દ્વારા સત્તા આરૂઢ કરશે, તે પહેલા જ લોકસભાની ચૂંટણી પણ આવી રહી છે, આવા સંજોગોમાં જ્ઞાતિના સમીકરણોને નજર અંદાજ કરવામાં આવ્યો હોવાનો સૂર સાંભળવા મળી રહ્યો છે, સભ્યોમાં ચૂપી નારાજગી જોવા મળી રહી છે. પરંતુ સંગઠન સામે કોઇ મોંઢુ ખોલવા તૈયાર નથી, બીજી બાજુ સિહોર, ઉમરાળા અને વલભીપુર તાલુકાની પણ બાદબાકી થતા આ વિસ્તારના સભ્યોમાં નારાજગી છે.

સામાજીક ન્યાય સમિતીનું કોકડુ ગુંચવાયુ

સામાજીક ન્યાય સમિતીનુ કોકડુ ગુંચવાયુ છે, કારણ કે કોપ્ટ સભ્ય તરીકે ભાજપ દ્વારા શશીભાઈ ભોજ અને ભરતભાઈ ન્યારણને મુક્યા છે, પરંતુ તેઓ મતદાનમાં ભાગ લઈ ન શકે તેવો કોંગ્રેસ સભ્યોએ વિરોધ કર્યો હતો, આદીજાતિમાંથી શૈલેષભાઈ પટેલનુ ચેરમેન પદે નામ હતુ, પરંતુ તેને ટેકો આપવા માટે ભાજપ પાસે સભ્યો નથી, બે કોપ્ટ સભ્યો છે, પરંતુ તે ભાગ ન લઈ શકે તે મુદ્દે વિવાદ સર્જાયો છે, અન્ય બે સભ્યો કોંગ્રેસના છે, તેમાં પણ એક સભ્ય બીજા સભ્યની દરખાસ્ત મુકે તો તેને ટેકો આપવા માટે ત્રીજો સભ્ય નથી. બંને પક્ષે કોકડું ગુંચવાયુ છે. જોકે ભાજપમાં સંગઠનના નિર્ણયને શિરોમાન્ય રાખવાની નિતીથી પદાધિકારીઓએ સમગ્ર મામલો ફટોફટ આટોપી લઈને સંગઠનમાં મોકલી આપ્યો છે.

ગઈ કાલ સુધી મને કિધુ હતુ, તમે તૈયાર રહેજો

જિલ્લા પંચાયતમાં શિક્ષણ સમિતિમાં અંતિમ ઘડી સુધી ચેરમેન તરીકે નામ ચર્ચામાં રહ્યુ હતુ તે કતપર બેઠકના વલભભાઈ ચિથરભાઈ જોળિયાના સ્થાને એકાએક ધારાસભ્ય આર.સી.મકવાણાની જાહેરાત થવાના પગલે સભ્યો ચોંકી ગયા હતા, આ અંગે વલભભાઈ જોળિયાએ કહ્યુ હતું કે, મને ગઈ કાલ સુધી વિશ્વાસમાં લીધો હતો, જિલ્લા પ્રમુખે મને કહ્યુ હતુ કે તમે તૈયાર રહેશો, પરંતુ મને સ્થાન મળ્યુ નથી. વિધાનસભામાં હું દાવેદાર હતો તેનો પણ રાગદ્વેશ હોઈ શકે, રાજકારણ છે, કંઈ કહેવાય નહીં. છતા પક્ષ સાથે રહીને કામ કરતો રહીશ.

ભીકડા કેનાલ : ટુરિસ્ટો માટેનું નવું ડેસ્ટિનેશન

સિદ્સરના રસ્તે શામપરા અને શેઢાવદરથી આગળ આવેલો ભીકડા કેનાલ-ડેમ હાલ ટુરિસ્ટો માટે ફરવાલાયક સ્થળ બની ગયું છે. વરસાદની મહેર બાદ ચોતરફ હરિયાળી છવાતા પર્યટકો નયનરમ્ય વાતાવરણમાં અહીં ઊજાણી કરવા આવતા થયા છે. ઈંગ્લેન્ડની રેન્સમ્સ કંપની દ્વારા રાજાશાહી વખતે ઈ.સ.1937માં તેનું નિર્માણ કરવામાં આવેલું છે.

સુધારણા | 8 કમિટીમાં 13 સભ્યોની કરાઈ નિયુક્તિ

કોર્પો.ની કમિટિમાં રાજીનામા આપેલા સભ્યોને પુન: લેવાયા

■ ક્ષતિ સુધારવા કરેલા લીપણમાં ભુલો : સ્ટેન્ડિંગના બાકી સભ્યોનો પણ સમાવેશ

ઈન્વેસ્ટીગેશન રિપોર્ટર | ભાવનગર | 30 જુલાઈ

મહાનગરપાલિકાની જુદી-જુદી નવ કમિટિની રચનામાં સંગઠને અનેક ક્ષતિઓ કરતા ગત સભ્યોના રાજીનામા અપાવ્યા હતા અને ખાલી પડેલી 13 સભ્યોની જગ્યાએ આજે મળેલી સભામાં નવી નિમણુંકો કરતા શાસકે મુર્ખામીનું પ્રદર્શન કર્યું હતું. અગાઉ બે સભ્યોને રાજીનામા અપાવ્યા તે બે સભ્યોની નવી નિમણૂંકમાં સમાવેશ સાથે શાસક પક્ષના નેતા અને સ્ટેન્ડીંગનાં સભ્યોને નિયુક્તિ કર્યાં છે.

અગાઉ થયેલી નિમણુંકોમાં વિવાદ ઉભો થતા 13 સભ્યોએ 8 કમિટીમાંથી રાજીનામા આપ્યા હતા. તેમના સ્થાને આજે બાંધકામમાં ઉર્મિલાબેન ભાલ, હરેશભાઈ મકવાણા, કિશોરભાઈ ગુરૂમુખાણી, આરોગ્યમાં કુમારભાઈ શાહ, ડ્રેનેજમાં શારદાબેન મકવાણા, વોટરવર્કસમાં હિતેશભાઈ સોલંકી, સોશ્યલ વેલ્ફેરમાં ઉર્મિલાબેન ભાલ, ગાર્ડનમાં યોગીતાબેન પંડયા, લીલાબેન ખીજડીયા, લાઈટમાં પરેશભાઈ પંડયા, ગીતાબેન વાજા, લીગલમાં બીનાબા રાયજાદા અને અભયભાઈ ચૌહાણની નિમણુંક કરાઈ છે. અગાઉ કિશોરભાઈ અને શારદાબેનના રાજીનામા લીધા બાદ આજે બન્નેની પુનઃ નિમણુંક કરી છે. ઉર્મિલાબેનને હાંસિયામાં ધકેલાયા બાદ નવી નિમણૂંકમાં બે કમિટીમાં સમાવેશ કરી સાચવી લીધા હતા.

કાગડોળે રાહ | ઉનાળાના છેલ્લા દિવસોમાં ઘેટાનુ ચારણ ખૂંટતા ભાવનગરના ભાલ વિસ્તારમાં પડાવ નખાયો હતો

લીલોતરીથી ગાડરની ચિંતા ટળી, ભાલથી ઘરભણી

ઇન્ફ્રાસ્ટ્રકચર રિપોર્ટર, ભાવનગર | 25 જુલાઇ

સારા ચોમાસાની રાહ કોને ન હોય? પેટનો ખાડો ભરવા માણસ હોય કે પશુ-પક્ષી પરિશ્રમ કરવો પડે છે, પરંતુ પેટનો ખાડો પુરવા સ્થળાંતર પણ કરવા તૈયાર રહેવુ પડે છે, અવાણિયા, તરસમિયા સહિતના 1000થી વધુ ગાડર (ઘેટા)ને ઘાસચારાની ચિંતા સર્જાઇ, ન છુટકે ભાલ પથંકમાં પશુપાલકોએ સ્થળાંતર કરવું પડ્યુ હતું.

પરંતુ તાજેતરમાં સારા વરસાદથી ચોતરફ લીલોતરી છવાઇ ગઇ છે, એટલે પશુપાલકોએ કોઠે ટાઢક વળી ગઇ હતી, 15થી 20 દિવસથી દુરના ગામોમાં પડાવ નાખીને ગાડરના પેટનો ખાડો ભર્યો હતો, ત્યા મેઘરાજાએ મહેરબાની કરી અને ઘાસચારો ઉગી નિકળ્યો. થોડી ઘણી લીલોતરી થતા જ ગાડર સાથે માલધારી પોતાના ઘરભણી આવી રહ્યા છે. ગાડરના ઝુંડ સાથે પશુપાલકો પગપાળા પોતાના ઘરતરફ આવી રહ્યા હતા.

નોંધનિય છે કે, આ વર્ષે ઉનાળાના લાંબા દિવસો કાઢવા પશુપાલકો માટે કપરા ચઢાણ સમાન બની ગયા હતા, ત્યારે સિઝનના પ્રારંભમાં જ મેઘરાજાની મહેરબાનીથી મુંગાજીવની ચિંતા ટળી છે. સાથોસાથ માલધારી, પશુપાલકોમાં પણ રાહતની લાગણી જન્મી છે.

ફળિયા નાખીને ખુલ્લામાં પડ્યા રહીએ

ગામની આસપાસમાં ચરાણ ખુટી પડ્યા, ઉનાળાના દિવસો માંડ માંડ કાઢયા, ચોમસુ આંબતુ ન હતુ અંતે ભાલ-નારી વિસ્તારમાં અવાણિયા, તરસમિયા સહિતના ગાડરને લઇને જતા રહ્યા હતા, હવે થોડી લીલોતરી થઇ ગઇ છે એટલે નવનિરાંત થઇ ગઇ, ભાલમાં રહેવા માટે શું હોય? ખુલ્લામાં પડ્યા રહીએ, છાંટા આવે તો ફાળિયા માથે નાખીને બેઠા રહીએ. »

જારાભાઈ ઓઘડભાઈ, પશુપાલક

નવરાત્રિને કારણે વેકેશનમાં ખલેલ ન પહોંચે તે જરૂરી

ભાવનગર | સરકાર દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં નવરાત્રી પર્વ દરમિયાન જાહેર કરાયેલી રજાના નિર્ણયને ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા આવકારી આ રજાઓ વેકેશનમાં ઘટ કરવાના બદલે શાળાઓમાં ગોઠવવામાં આવે તો વિદ્યાર્થીઓના વાલીઓ, શાળાઓના કર્મીઓના વેકેશનના આયોજનમાં ખલેલ ન પહોંચે અને નવરાત્રીનું વેકેશન પણ મળી શકે. નવરાત્રી દરમિયાન જાહેર રજા પણ આવતી હોય છે એ રજાઓ અને રવિવારની રજાને ગણ્યા સિવાય રજાઓનું આયોજન કરાય તેવી મહામંડળ દ્વારા માંગ કરાઈ છે.

આજે સૂર્યાસ્ત સમયે મંગળ પૃથ્વીની નજીક જોવા મળશે

ભાવનગર | 30 જુલાઇ

મંગળવારે સાંજના સમયે અવકાશમાં મકર રાશિમાંથી વક્ર ગતિએ પસાર થતો સૌથી વધુ તેજસ્વી ગ્રહ મંગળ પૃથ્વીની સૌથી નજીકથી પસાર થશે. લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આ અવકાશી ઘટનાને નિહાળવા માટે ટેલિસ્કોપની વ્યવસ્થા કરેલ છે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અવકાશમાં સાંજના સમયે મકર રાશિમાંથી વક્ર ગતિએ પસાર થતો મંગળ આજે પૃથ્વીની સૌથી નજીકથી પસાર થશે.આ વખતે તે મોટો અને વધુ લાલાશ પડતો દેખાશે. સાંજે 7 થી પૂર્વ દિશામાં અને બીજા દિવસે સવારે 6 કલાકે પશ્ચિમ દિશામાં જોવા મળશે. જેના અનુસંધાને મંગળ ગ્રહને વધુ નજીકથી ટેલીસ્કોપથી નિહાળવા માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી કલબ દ્વારા શહેરના તખ્તેશ્વર મહાદેવના મંદિર ખાતે તા. 31-7 ને મંગળવારે સાંજે 7 થી 9 સુધી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આપ વાંચી રહ્યાં છો દેશનાં સૌથી વિશ્વસનીય અને સૌથી મોટા અખબારી જૂથ દિવ્ય ભાસ્કર ગ્રુપનું દૈનિક

સૌરાષ્ટ્ર સમાચાર

કુલ પાનાં 18 + 12 (મધુરિમા) = 30 | ગુજરાત | કિંમત ₹ 4.00, વર્ષ 54, અંક 343, મહાનગર

divyabhaskar.com | ભાવનગર, મંગળવાર, 31 જુલાઇ, 2018 | અષાઢ વદ-3, વિક્રમ સંવત 2074 | 12 રાજ્ય | 66 સંસ્કરણ

હવામાન

વરસાદ અત્યાર સુધી (મિમી)		સરેરાશ	વધ/ઘટ
દેશ	419.3	443.9	(-6%)
ગુજરાત	333.7	355.9	(-6%)
ભાવનગર	347.0	300.0	(+16%)

શાળા-સરકાર વચ્ચે રજા અંગે દાંડિયા

■ નવરાત્રિની 10 દિવસની રજા સામે રાજકોટની 400 ખાનગી શાળાઓ

■ નીતિનભાઈએ કહ્યું- અમારી સરકાર કોઈને પૂછીને કોઈ નિર્ણય લેતી નથી

■ 23 વર્ષ અગાઉ કેશુભાઈની સરકારે આવું જ કરેલું, પણ બે વર્ષ જ ચાલેલું

રાજકોટ | 30 જુલાઇ

શિક્ષણ વિભાગે નવરાત્રિમાં નવ દિવસના વેકેશનની જાહેરાત કર્યા બાદ ગુજરાતમાં શાળાઓ અને સરકાર વચ્ચે અલગ પ્રકારના જ દાંડિયા રમાઈ રહ્યા છે. રાજકોટની 400થી વધુ ખાનગી શાળાના સંચાલકો આક્રમક મૂડમાં આવી ગયા છે અને આ વેકેશન કોઈપણ ભોગે રદ કરાવવા સરકાર સામે મોરચો માંડશે તેવા નિર્દેશ મળી રહ્યા છે. તો બીજી બાજુ સરકાર પણ મક્કમ છે અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણય પાછો નહીં ખેંચાય. અત્રે ઉલ્લેખનીય છે કે 23 વર્ષ અગાઉ 1995માં કેશુભાઈની સરકારે આવો નિર્ણય કર્યો હતો જે બે વર્ષમાં પાછો ખેંચવો પડ્યો હતો. રાજકોટના શાળા-સંચાલકો 1લી અથવા 2જી ઓગસ્ટે ગાંધીનગર જઈને મુખ્યમંત્રી તેમજ શિક્ષણમંત્રીને મુદ્દાસરની રજૂઆત કરી નવરાત્રિ વેકેશન શા માટે રદ કરવું જોઈએ તે અંગે ચર્ચા કરશે. સેલ્ફ ફાઈનાન્સ એસોસિયેશનના ઉપપ્રમુખ જતિન ભરાડે જણાવ્યું હતું કે, 1995માં નલિન ભટ્ટ શિક્ષણમંત્રી હતા ત્યારે નવરાત્રિ વેકેશનની અમલવારી શરૂ કરવામાં આવી હતી. જો કે, કોઈ કારણોસર બે વર્ષ બાદ આ નિર્ણય

...અનુસંધાન પાના નં.06

વેકેશન અંગે શાળાઓ કેમ નારાજ અને સરકાર કેમ મક્કમ

શાળાઓની દલીલ

શાળા મેનેજમેન્ટનું કહેવું છે કે વર્ષના 365 દિવસમાં માત્ર 210 દિવસ જ શાળા ચાલે છે. તેમાંથી જો વધુ 10 દિવસની રજા અપાય તો અભ્યાસક્રમ કઈ રીતે પૂરો થશે? મેનેજમેન્ટનું કહેવું છે કે કોઈપણ સિઝનમાં તહેવાર શરૂ થઈ જાય છે. પહેલાં જન્માષ્ટમીની રજા, પછી પરીક્ષા અને ત્યારબાદ દિવાળી. નવરાત્રિની રજા અપાશે તો રજાનો જ માહોલ રહેશે.

સરકારની દલીલ

રાજ્ય સરકાર એવું માને છે કે ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન રાત્રે ગરબા રમવા વિદ્યાર્થીઓને પૂરતી છૂટ મળવી જોઈએ. તેમને પછીના દિવસે શાળા જવાની ચિંતા ન હોય તો તેઓ સારી રીતે આનંદ લઈ શકે એટલે રજા જાહેર કરાઈ છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું કે સરકાર કોઈને પૂછીને કોઈ નિર્ણય લેતી નથી.

1995માં નિર્ણય પાછો ખેંચેલો

નવરાત્રિમાં વેકેશન આપવાનો પ્રયાસ બીજીવાર થયો છે. આ અગાઉ કેશુભાઈ પટેલની સરકાર સમયે 1995માં આવી દરખાસ્ત આવી હતી. તે સમયના શિક્ષણ મંત્રી નલીન ભટ્ટે આવી પહેલ કરી હતી. તે સમયે પણ તેનો ઘણો વિરોધ થયો હતો. ભણવા પર અવળી અસર થશે તેવી આશંકાથી નિર્ણય પાછો લેવાયો હતો.

અમદાવાદના શાળા સંચાલકોએ સરકારની વાત સ્વીકારી

એક બાજુ રાજકોટમાં વિરોધ કરાયો છે તો અહીં અમદાવાદમાં ખાનગી શાળાઓમાં નવરાત્રિના વેકેશનનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પ્રોગ્રેસીવ સ્કૂલ એસોસીએશનના સ્પોકપર્સન એમ.પી ચંદ્રને જણાવ્યું હતું કે, 'અમારો શાળામાં જાહેર થયેલા નવરાત્રિ વેકેશનમાં કોઈ વિરોધ નથી. તેથી આ નિર્ણયથી અમદાવાદની શાળાઓએ આવકારી છે.' સાથે જ અમદાવાદની માધ્યમિક શાળાઓમાં પણ નવરાત્રિના વેરેશનનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

12થી ઓછી વયની બાળકીના દુષ્કર્મીને હવે 20 વર્ષની કેદથી લઈ ફાંસીની સજા

■ લોકસભામાં બિલ પસાર, દુષ્કર્મની તપાસ હવે બે મહિનામાં કરવી પડશે

■ 5 વર્ષમાં જેટલાં દુષ્કર્મ થયાં તેમાંથી 60% 16 વર્ષથી નીચેની કન્યા સાથે

13 વર્ષથી લઈ 16 વર્ષ સુધીની બાળકીઓના દુષ્કર્મીઓને હવે 10ના બદલે 20 વર્ષની સજા

કેસની સુનાવણી મહિલા જજ કરશે, નિવેદન પણ બંધ રૂમમાં મહિલા પોલીસ નોંધશે

બાળકી સાથે બળાત્કાર કરનારને હવે આગોતરા જામીન પણ મળશે નહીં

નવી દિલ્હી | 30 જુલાઇ

દેશમાં બાળકીઓ અને સગીરાઓ પર દુષ્કર્મના ગુનેગારોને આકરી સજા કરવાની જોગવાઈવાળુ ક્રિમિનલ લૉ બિલ 2018 સોમવારે લોકસભામાં મંજૂર થઈ ગયું. આ બિલ મુજબ હવે 12 વર્ષથી ઓછી વયની બાળકીઓ પર દુષ્કર્મના ગુનામાં ઓછામાં ઓછા 20 વર્ષ સશ્રમ કેદથી મૃત્યુદંડ સુધીની સજા અને 16 વર્ષ સુધીની સગીરાઓ પર દુષ્કર્મ બદલ ગુનેગારોને 10ના બદલે 20 વર્ષ સુધીની સજાથી લઈને મહત્તમ આજીવન કેદ થઈ શકશે. લોકસભામાં કહ્યું કે દેશમાં દુષ્કર્મના ખાસ કરીને 16 વર્ષ તથા 12 વર્ષથી ઓછી વયની બાળકીઓ સાથે દુષ્કર્મના અનેક કેસ સામે આવી રહ્યા છે, તેથી ગુનેગારો માટે આકરી સજાની જોગવાઈ જરૂરી છે. આ બિલ 21મી એપ્રિલે સરકારે રજૂ કરેલા ક્રિમિનલ લૉ (અમેન્ડમેન્ટ) વટહુકમનું સ્થાન લેશે. બાળકીઓ પર દુષ્કર્મના કેસોની ગંભીરતાને ધ્યાનમાં લઈ સરકારે 21મી એપ્રિલે વટહુકમ બહાર પાડ્યો હતો.

વિધેયકની મુખ્ય જોગવાઈઓ

- સુનાવણી મહિલા જજ દ્વારા જ કરાશે, પીડિતાનું નિવેદન પણ મહિલા પોલીસ અધિકારી જ નોંધશે.
- FIR નોંધાયા બાદ બે માસમાં તપાસ પૂરી કરવી પડશે.
- તપાસ મહિલા અધિકારીને જ સોંપાશે.
- અપીલ પર સુનાવણી છ મહિનામાં પૂરી કરવી.
- આગોતરા જામીન નહીં મળી શકે.
- કોઈ અધિકારી વિરુદ્ધ કેસ નોંધવા માટે આગોતરી મંજૂરીની જરૂર નથી.
- બધી જ હોસ્પિટલો માટે દુષ્કર્મ પીડિતાની નિઃશુલ્ક સારવાર આવશ્યક હશે.
- કેસની સુનાવણીમાં કોઈ વકીલ પીડિતાના ચરિત્ર પર સવાલ નહીં કરી શકે.
- ફોરેન્સિક તપાસ માટે દરેક શહેરમાં વિશેષ પ્રયોગશાળ બનાવાશે.

પૂણેમાં મરાઠા આંદોલન હિંસક બન્યું

મહારાષ્ટ્રમાં મરાઠા આંદોલન થોભવાનું નામ લેતું નથી. સોમવારે ઔરંગાબાદ, પૂણે, સોલાપુરમાં આંદોલનમાં ફરી એકવાર હિંસા ભડકી ઊઠી હતી. પૂણેના ચાકણમાં આંદોલનકારીઓએ લગભગ 30 જેટલાં વાહનોને આગ લગાડી હતી. એક યુવકે ફેસબુક પોસ્ટ લખી આપઘાત કર્યો હતો.

ન્યૂઝ ઈનબ્રીફ

ધરમપુર-ગોંડલમાં ભૂકંપના હળવા આંચકો નોંધાયા

ધરમપુર / ગોંડલ | વલસાડના ધરમપુર અને રાજકોટ નજીકના ગોંડલમાં સોમવારે ધરતીકંપના હળવા આંચકા અનુભવાયા હતા.

આસામમાં 40 લાખ રહેવાસીઓ નાગરિકતા સાબિત ન કરી શક્યા

NRCનો અંતિમ ડ્રાફ્ટ જાહેર, 2.89 કરોડ લોકોનાં નામ સામેલ

ગુવાહાટી / નવી દિલ્હી | 30 જુલાઇ

આસામમાં રહેતા 40 લાખ લોકો તેમની નાગરિકતા સાબિત કરી શક્યા નથી. સોમવારે જાહેર કરાયેલા નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન (એનઆરસી)ના અંતિમ ડ્રાફ્ટમાં તેમનું નામ નથી. અંતિમ ડ્રાફ્ટમાં 2.89 કરોડ નામ છે જ્યારે અરજીઓ 3.29 કરોડ લોકોએ કરી હતી. ગૃહમંત્રાલયના સંયુક્ત સચિવ (પૂર્વોત્તર) સત્યેન્દ્ર ગર્વે કહ્યું કે એનઆરસીમાંથી બહાર રહેલા 40 લાખ લોકોને હજી ન ભારતીય કહી શકાય કે ન બિનભારતીય. એનઆરસીમાં નામ ન હોવાથી લાખો બાંગ્લાભાષી મુસ્લિમોને ડિપોર્ટ કરાવાનું જોખમ સતાવી રહ્યું છે. જોકે, ગૃહમંત્રી રાજનાથ સિંહે સંસદમાં આશ્વાસન આપ્યું છે કે અત્યારે કોઈના પર કાર્યવાહી કરવામાં નહીં આવે. અંતિમ ડ્રાફ્ટમાં નામ ઉમેરવા માટે લોકોને વધુ એક તક અપાશે. ફાઈનલ એનઆરસી પ્રકાશિત

...અનુસંધાન પાના નં.06

ઝારખંડમાં બુરાડી જેવી ઘટના, કુટુંબના 7નાં શબ મળ્યાં

રાંચી | રાંચીમાં એક જ પરિવારના 7 વ્યક્તિઓના મૃતદેહ મળી આવતાં સનસનાટી મચી ગઈ છે. દિલ્હીના બુરાડીમાં એક જ પરિવારના 11 સભ્યોની આત્મહત્યાની ઘટના બાદ ઝારખંડમાં આવી ઘટના બની છે. રાંચી પોલીસને માહિતી મળી છે કે પરિવારના બે ભાઈઓએ બાકીના 5ની હત્યા કરી પોતે આપઘાત કર્યો હતો. પોલીસને સુસાઈડ નોટ મળી આવી છે તેમાં લખ્યું હતું કે 14 મહિનાના પુત્રની સારવાર ચાલતી હતી. આ બાળકને જન્મથી જ માથુ મોટું થવાની બિમારી હતી. તેની સારવાર પાછળ અત્યાર સુધીમાં 20 લાખથી વધુ રૂપિયાનો ખર્ચ થઈ ચૂક્યો છે. પરિવારને એટલું દેવું થઈ ગયું હતું કે દૂધ ખરીદવાના પૈસા પણ હતા નહીં. આથી બે ભાઈએ 5ની હત્યા કરી પોતે આપઘાત કર્યો હતો.

ન્યૂઝ બ્રીફ

કાકડીયા વિદ્યાભવન નવાગામનાં ધો.10-12નાં વિદ્યાર્થીઓને સૂચના

ભાવનગર | ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ-ગાંધીનગર દ્વારા લેવાયેલ માર્ચ-18ની ધો.10ની પરીક્ષામાં પાસ થયેલ પરીક્ષાર્થીના ક્રેડિટ સર્ટીફિકેટ આવી ગયેલ હોવાથી જે પરીક્ષાર્થીઓએ એલ.પી. કાકડીયા વિદ્યાભવન-નવાગામ (ગા) મારફત પરીક્ષા આપેલ છે. તેઓએ પોતાના સર્ટીફીકેટ તથા ધો.10 અને 12ની જુલાઈ-18 લેવાયેલ પુરક પરીક્ષાની માર્કશીટ શાળા સમય દરમિયાન કાર્યાલયમાંથી મેળવી લેવી.

આઈટીઆઈ વલભીપુરમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ

ભાવનગર | ઔદ્યોગિક તાલીમ સંસ્થા, વલભીપુર ખાતે પ્રવેશ સત્ર 2018ના બીજા રાઉન્ડ માટે 10-8-18 સુધીમાં ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવાની કામગીરી ચાલુ છે. આથી પ્રવેશ લેવા ઈચ્છુક તાલીમાર્થીઓને નિયમ વયમર્યાદામાં ફોર્મ ભરી જવા જણાવવામાં આવે છે.

પાલિતાણા મહિલા કોલેજમાં પ્રવેશ મેળવવા માટે સૂચના

ભાવનગર | પાલિતાણા એજ્યુકેશન સોસાયટી સંચાલિત પી.એન.આર.શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીનીઓ ધો.12ની પૂરક પરીક્ષામાં પાસ થયેલ છે. તેઓએ અત્રેની કોલેજમાં પ્રવેશ લેવા માટે કાર્યાલયમાં 12થી2 સમય દરમિયાન ફોર્મ ભરી જવાના રહેશે.

ભુતેશ્વર શાળામાં 100 વૃક્ષારોપણ

મહુવા તાલુકાની ભુતેશ્વર પ્રાથમિક શાળાના મેદાનમાં 100વૃક્ષો રોપવામાં આવેલ. વિદ્યાર્થીઓને પર્યાવરણ બચાવવા માટે વધારેમાં વધારે વૃક્ષો વાવીને તેમનું જતન અને ઉછેરવાની શીખ આપેલ. તેથી દરેક વિદ્યાર્થીઓને ઘરે એક વૃક્ષ વાવીને ઉછેર કરવા સંકલ્પ લેવડાવ્યા હતા.

મહુવા નોંધ

મહુવામાં ફિર રફિનું આયોજન

મહુવા | રફી સાહેબની સ્મણાંજલી નિમીતે ફિર રફીનુ આયોજન આજે મંગળવારે રાત્રે 9.30 થી 11.30 કલાક સુર મંદિર સંગીત તાલીમ કેન્દ્ર, એમ.એન.હાઈસ્કુલ સામે, મહુવા મુકામે રાખેલ છે.

ધો.10નાં વિદ્યાર્થીઓને સુચના

મહુવા | માર્ચ-2018માં પાસ થયેલ વિદ્યાર્થીઓના પાસીંગ સર્ટી બોર્ડમાંથી શાળામાં આવી ગયેલ છે. તો શાળા સમય દરમ્યાન પ્રમાણપત્ર મેળવી લેવા જણાવેલ છે.

વિલંબ | નગરપાલિકામાં 20થી વધુ બિલ્ડીંગ પ્લાન મંજૂરીના વાંકે બાકી

પાલિતાણા નગરપાલિકામાં નવા બાંધકામની મંજૂરીની કામગીરી ઠપ

નવા બાંધકામના પ્લાન ઓનલાઈન મુકવાના આદેશથી કામગીરીને અસર

ભાવનગર | 30 જુલાઇ

પાલિતાણા નગરપાલિકામાં નવા બાંધકામની મંજુરી આપવાની કામગીરી લાંબા સમયથી એ.બી. પ્લોટ કરવા માટે તેમજ નાના માણસોને લોન લેવા માટે લાંબો સમયથી કામગીરી ઠપ્પ થયેલ છે. નગરપાલિકામાં ટાઉન પ્લાનિંગ કમિટીનુ અસ્તિત્વ ન હોય કામો મંજુર થતા નથી.

પાલિતાણા સહિત ગુજરાતભરમાં 1મેથી તમામ મહાપાલિકા તથા નગરપાલિકાઓમાં નવા બાંધકામના પ્લાન ઓનલાઇન મુકવા આદેશ કર્યા છે. પ્લાન ઓનલાઇન સબમીટ થયા બાદ તેને ઓનલાઇન જ મંજુરી આપવાના નિર્ણયના પગલે બાંધકામ ઉધોગ ઠપ થઇ ગયો છે.

સોફટવેરમાં ટેકનીકલ ક્ષતિના કારણે પ્લાન સબમીટ થતો જ નથી. એટલે આગળની કાર્યવાહી થતી નથી. ગુજરાતભરમાં એકપણ બિલ્ડીંગનો પ્લાન પાસ થયો નથી. ગુજરાત સરકારે કરોડોના ખર્ચ આ સોફટવેર ખરીદયુ છે. પણ સોફટવેરનુ ટેસ્ટીંગ યોગ્ય રીતે થયુ ન હોવાનુ જાણકાર સુત્રો કહી રહ્યા છે.

આ સોફટવેરમાં પ્લાન તૈયાર કરવો પડે છે. સોફટવેર પ્લાનના પુઠા ચેક કરી શકતુ નથી. તેને કારણે પ્લાન મંજુર થતા નથી. પ્લાન મંજુરી ન થતા આગળની તમામ કાર્યવાહી ઠપ થઇ જાય છે.

પાલિતાણામાં નગરપાલિકામાં હાલ 20થી વધુ પ્લાન મંજુરીની વાંકે પડયા છે. નગરપાલિકામાં કોલીફાઇડ એન્જીનિયર્સ ન હોવાથી મંજુરી માટે 2 એન્જીનિયર્સના લાયસન્સની કાર્યવાહી ચાલુ હોય જયારે સરકારમાંથી મંજુર થઇ આવે પછી નિમણુંક થાય ત્યારબાદ આગળની કાર્યવાહી થઇ શકે છે. હાલ જે વ્યક્તિ લોન લેવા માંગતી હોય તે બાંધકામ કરી શકે નહિ.

લાયસન્સ હોય તેજ પ્લાન મંજુર થઇ શકે

પાલિતાણામાં તેમજ ગુજરાતભરમાં તા.1-5-18 થી ઓનલાઇન પ્લાન મંજુર કરવાનું થઇ ગયેલ હોવાથી પાલિતાણા ખાતે નગરપાલિકામાં દ્વારા ઓનલાઇન અરજી મંગાવીને બે કોન્ટ્રાકટર ફી ભરીને ન.પા. ઈજનેર તરીકે માન્યતા મેળવી લીધેલ છે. પ્લાન ઈજનેર થ્રુ મુકવાનો જેથી પાસે લાયસન્સ હોય તેજ મંજુર કરાવી શકે. કુલ સાત જણાએ અરજી કર્યાનુ મુખ્ય અધિકારીએ જણાવેલ તેમાંથી બે જણાએ લાયસન્સ ફી ભરતા તેઓને માન્યતા મળી ગયેલ છે.

15 જેટલી અરજી પેન્ડીંગ છે

હાલમાં પેન્ડીંગ આશરે ટાઉન પ્લાનિંગની લગતી 11થી 15 અરજીઓ છે. જેમાં અનેક વસ્તુઓ જેવી કે એબી પ્લોટ કરવાની તેમજ રીપેરીંગની વિગેરે અરજીઓ હોય છે. ડાયરેક થઇ જતા હાલ કોઇ ચેરમેન ન હોવાથી કામને કોઇ અસર થતી નથી. વહિવટી સરળતા ખાતર ચેરમેન હોય તો અનુકુળ પડે.
» જે.એલ.દવે, ચીફ ઓફીસર, નગરપાલિકા પાલિતાણા

પાણી વિતરણમાં આયોજનનો અભાવ

બગદાણામાં પાણીની સમસ્યાથી લોકોમાં રોષ

પીવાના પાણીનો પ્રશ્ન નહીં ઉકેલાય તો ગ્રામ પંચાયત કચેરીને ઘેરાવની ચિમકી

ભાવનગર | 30 જુલાઈ

મહુવા તાલુકાના બગદાણા ગામે પીવાના પાણી માટે ગ્રામ પંચાયત દ્વારા કોઈ જ નક્કી આયોજન કરવામાં આવતું નથી અમુક વિસ્તારોમાં કલાકો સુધી પાણી આપવામાં આવે છે જ્યારે અમૂક વિસ્તારોમાં લોકોને પુરતા પ્રમાણમાં પાણી ભરાય તે પહેલા જ પાણી પુરવઠો બંધ કરી દેવામાં આવે છે. તો વળી ઘણી જગ્યાએ પાણીની મેઈન લાઈન લીકેજ છે જેના કારણે પાણીનો બગાડ થાય છે.

અત્યારે હાલમાં છેલ્લા 25 દિવસથી બગદાણા ગામની અંદર પીવાનું પાણી આપવામાં આવેલ નથી. બગદાણા ગામના ગ્રામજનો લાઈટવેરો અને પાણીવેરો ભરે છે તેમ છતાં ઘણા વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો પણ બંધ છે. જેને રીપેર કરવા અને પીવાનું પાણી આપવા માટે જે તે વોર્ડના સભ્યો અને સરપંચ ને જણાવવા છતાં પણ તેઓ આંખ આડા કાન કરીને કોઈ જ પ્રકારનું ધ્યાન આપતા નથી

જો બે દિવસમાં પીવાના પાણીનું વિતરણ કરવામાં નહિ આવે તો બગદાણા ગામના મહિલાઓ ખાલી બેઠા થઈને ગ્રામ પંચાયત ઓફિસે ઘેરાવો કરશે. તો વહેલીતકે પીવાનું પાણી તેમજ સ્ટ્રીટ લાઈટોનું કામ ચાલુ થાય તે માટે ઘટતા પગલા લઈ કાર્યવાહી થાય તેવી ગામના લોકોની માંગણી છે.

મહુવામાં અંદાજે 100 જેટલી પાણીપુરીની લારીઓમાં વેચાણ

રોગચાળો ફેલાય તે પહેલા તંત્ર દ્વારા ચેકીંગ કાર્યવાહી જરૂરી

પાણીપુરી સહિતનાં ખાદ્ય પદાર્થોનાં વેચાણથી લોકોનાં આરોગ્ય સાથે ચેડા

મહુવા બ્યુરો | 30 જુલાઈ

મહુવા શહેરમાં અંદાજે 75 થી 100 જેટલી પાણીપુરીની લારીઓ પાણી પુરીનું વેચાણ કરે છે. મોટા ભાગે મહિલાઓ પાણી પુરી ખાવા માટે લારી ઉપર જોવા મળે છે.

પાણી પુરીનો વેપાર માત્ર મહાનગરોમાં નહી મહુવા જેવા શહેરોમાં પણ દિન પ્રતિદિન વધી રહ્યો છે. પાણી પુરીમાં પુરી બનાવવા માટે તેલ, લોટ, બટેટા, ચણા હલકી ગુણવત્તા વાળા વપરાતા હોવાની ફરીયાદ સાથે પાણી પુરી બનાવવા વપરાતા પાણીમાં ફુદીના સાથે અખાદ્ય કલર, લીંબુના ફુલ વગેરે વપરાય છે. પાણી ગમે તેવુ વાપરવામાં આવે છે. આથી પાણી પુરી સાથે પાણીજન્ય રોગચાળો પણ ફુલે ફાલે છે. ખાસ કરીને ચોમાસામાં શુદ્ધ પાણી ન વપરાવાના કારણે ભારે મુશ્કેલી ઉભી થવા પામી છે. કેટલાક શહેરોમાં લોકોએ પાણી પુરી પર પ્રતિબંધ લગાવવા માંગ કરી વડોદરામાં તો પ્રતિબંધ મુકાય ચુક્યો છે. પરંતુ સંપુર્ણ રાજયમાં એ સંભવ નથી. કારણ કે, નાની મોટી સેંકડો લારીઓ પાણી પુરી સહિતની ખાદ્ય સામગ્રી વહેચી હજ્જારો લોકો રોજગારી મેળવે છે. આથી પાણી પુરી સહિતના ખાદ્ય પદાર્થો વહેચતા લોકોએ સિઝન લક્ષમાં લઈ સ્વચ્છતા ઉપર અને શુદ્ધ પાણીના વપરાશ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવુ જોઇએ.

મહુવા જેવા મોટા શહેરોમાં ફુડ ઈન્સ્પેક્ટર ન હોય નગરપાલિકાએ ભાવનગર ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ પાસેથી અધિકારીઓ બોલાવી સાથે રાખી પાણી પુરીના ધંધાર્થીઓ ઉપર રેડ પાડી નમુનાઓ મેળવી પગલા ભરવા જોઇએ. તેવી માંગ નગરજનોમાં ઉભી થવા પામી છે.

સ્વચ્છતા અને ગુણવત્તા માટે તમામ પગલા ભરાશે

પાણી પુરી વાળાને સ્વચ્છતા અને ઉત્તમ ખાદ્ય સામગ્રી અને શુદ્ધ પાણી વાપરવા નોટીસ આપવામાં આવી છે. ટુંક સમયમાં ફુડ ઈન્સ્પેક્ટરને સાથે રાખી નમુનાઓ મેળવી અખાદ્ય સામગ્રી નાશ કરવા પગલા ભરવામાં આવશે. » શાંતિભાઈ ચૌહાણ, સેની ઈન્સ્પેક્ટર, મહુવા નગરપાલિકા

પાલિતાણામાં અખાદ્ય વસ્તુઓનો નાશ કરાયો

ભાવનગર : પાલિતાણા શહેરમાં ફરસાણ તથા પાણીપુરી, રગડા, પુરી, ભુંગળા, બટેટા, દાબેલી, વિગેરેનું વેચાણ કરતા દુકાનદારો તથા લારીવાળાને ત્યાં આરોગ્ય વિભાના સ્ટાફ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવતા અંદાજે 32 કિલો ખરાબ બટેટા-ખારું તથા મીઠું પાણી તથા અન્ય ચીજ-વસ્તુઓનો નાશ કરવામાં આવેલ.

મહુવા તાલુકામાં થયેલી અતિવૃષ્ટિમાં નુકસાનગ્રસ્તોને સહાય

મહુવા બ્યુરો : મહુવા તાલુકામાં તા.15/7ના અતિવૃષ્ટિ થવાથી અનેક આસામીઓને ઘરવખરી, માલઢોર, મકાનોને નુક્સાન થયેલ. આ અસરગ્રસ્તોને તાલુકા પંચાયત મહુવામાં પ્રમુખ દુલાભાઇ ભાલીયા તથા તાલુકાના સદસ્યોઓ, તેમજ તાલુકા વિકાસ અધિકારીના હસ્તે મૃત પશુ સહાયનું વળતર ચેક થી ચુકવણુ કરવામાં આવેલ. તેમજ સ્થાળાંતર થયેલ લાભાર્થીઓને કેશ ડોલ્સનું પણ ચેકથી ચુકવણુ કરવામાં આવેલ.

આમાં રોગચાળો ન ફેલાય તો બીજુ શું થાય

ગારિયાધાર શહેરમાં સ્વચ્છતા અભિયાન માત્ર કાગળ પર જ છે. ત્યારે શહેરનાં બાયપાસ રોડ વિસ્તારમાં કચરાનાં ઢગલાં જોવા મળી રહ્યાં છે. ઠેર-ઠેર ગંદકી હાલમાં શહેરમાં જોવા મળી રહી છે. છતાં પણ તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. આ બાબતે તંત્ર યોગ્ય પગલાં લે તેવું લોકો ઈચ્છી રહ્યા છે. તસવીર - શિલ્પેશ પરમાર

ઘોઘામાં કોલેજની સગવડતા બંધ કરવાની હિલચાલ

ઘોઘા | 30 જુલાઈ

ઘોઘાની સરકારી વિનીયન અને વાણીજ્ય કોલેજની સગવડતા બંધ કરવાની હીલચાલથી વિદ્યાર્થી વાલીઓમાં રોષ વ્યાપ્યો છે.

ગુજરાત રાજ્યના પછાત તાલુકાનાં એક ઘોઘા તાલુકાને સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ફાળવી ઘોઘા તથા આજુબાજુના વિદ્યાર્થીઓને અભ્યાસમાં સરળતા હતી. જે ભાડાની બિલ્ડીંગમાંથી નવી અદ્યતન કોલેજબનાવવાની કાર્યવાહી ચાલુ છે ત્યારે ઘોઘામાં આ કોલેજ માટે સાહેલ ટેસ્ટ 22/ખારવાળી જમીનનું બહાનુ કાઢી અહીંથી બીજે ફેરવવાના ચક્રો ગતિમાન ન થયા હોય તેવું સંભળાઈ રહ્યું છે.

ઘોઘામાં ચારમાળના પોલીસ ક્વાર્ટર આઈટીઆઈનું બિલ્ડીંગ, પીજીવીસીએલનું નવું બિલ્ડીંગ લાઈટ હાઉસ- કસ્ટમ સ્ટોર્સ અને શરૂ થયેલી રો-રો ફેરી સર્વિસ કે જે દરિયા કિનારે જ આવેલ છે. તેને આ જમીનમાં વાંધો ન હતો આ કોલેજની જમીનમાં શું તકલીફ થઈ રહી છે કે પછી ઘોઘાને મળતી આ સગવડથી કોને તકલીફ થઈ રહી છે. ઘોઘાની આ કોલેજને કોઈપણ વાહિયાત બાના બતાવી ફેરવવાની સાજીશ થશે તો તાલુકા તથા ગામના આગેવાનો કાર્યવાહી કરતા અચકાશે નહિ.

આજનું પંચાંગ • 31 જુલાઇ, 2018, મંગળવાર

તિથિ : અષાઢ વદ- 3 — **વિક્રમ સંવત :** 2074
ઉત્તર ભારતીય તિથિ : શ્રાવણ કૃષ્ણ-3 — **વિક્રમ સંવત :** 2075
ઈસ્લામી તારીખ: 17 - જિલકદ — **હિજરી સન :** 1439
આજનો તહેવાર : અંગારકી સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય 21-47)
આજનો મંત્ર જાપ : ઓમ મોદકપ્રિયાય નમઃ
દિવસનાં ચોઘડિયાં : રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં : કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
શુભ ચોઘડિયાં : ચલ- 09.28 થી 11.07, લાભ- 11.07 થી 12.46, અમૃત- 12.46 થી 14.25, શુભ- 16.03 થી 17.42, લાભ- 20.42 થી 22.03
યોગ : શોભન — **કરણ :** બવ
રાહુકાલ : 15.00 થી 16.30 — **દિશાશૂળ :** ઉત્તર
આજનો વિશેષ યોગઃ વિષ્ટિ સમાપ્ત 08.44, મૃત્યુયોગ સૂર્યોદયથી 09.10, પંચક
આજનો પ્રયોગ : આજે અંગારકી સંકષ્ટ ચતુર્થીના દિવસે શ્રી ગણપતિજીની પૂજા-આરાધના, તેમના કોઈ સ્તોત્ર કે ઉપરોક્ત મંત્રનો જાપ કરવાથી વિઘ્નમાંથી મુક્તિ મળે છે.
તિથિના સ્વામી : તૃતીયાના સ્વામીની ગૌરીજી તેમજ કુબેરજી છે.
તિથિ વિશેષ : આજે ગૌરીજી તેમજ કુબેરજીનું પૂજન-અર્ચન કરવાથી શાંતિ તેમજ સમૃદ્ધિથી પ્રાપ્તિ થાય છે.

વિક્રમ સંવત : 2074	યુગાબ્દ : 5120
શાલિવાહન : 1940	જૈન સંવત : 2544
ખ્રિસ્તી સંવત : 2018	ઈસ્લામ સંવત : 1439
રાષ્ટ્રીય દિનાંક : 09	પારસી વર્ષ : 1387



સૂર્યોદય-સૂર્યાસ્ત

શહેર	અ'વાદ	સુરત	વડોદરા	મુંબઇ
સૂર્યોદય	06.11	06.13	06.10	06.16
નવકારશી	06.59	07.11	06.58	07.04
સૂર્યાસ્ત	19.21	19.17	19.17	19.13
ચંદ્રોદય	21.47	21.44	21.43	21.42
ચંદ્રાસ્ત	08.55	08.55	08.53	08.57

નક્ષત્ર : શતભિષા સવારે 09.10 સુધી ત્યારબાદ પૂર્વાભાદ્રપદ
આજની જન્મ રાશિઃ રાત્રે 04.54 સુધી કુંભ (ગ.શ.ષ) ત્યારબાદ જન્મેલા બાળકનું નામ મીન (દ.ચ.ઝ.થ) પરથી રાખવું.

આજની તારીખે જન્મેલ વ્યકિતનું વર્ષ ફળ!

- **આરોગ્ય :** જાતકનું આરોગ્ય વર્ષ દરમિયાન સાનુકૂળ જણાય. તેઓને મુખ્યત્વે પેટ, કમળો, કમર, કિડનીને લગતા રોગોનું પ્રમાણ વિશેષ જણાય.
- **વિદ્યાર્થી :** ઉત્સાહ, ધગશ તેમજ નવું સર્જન કરવાની વૃત્તિ વિશેષ જોવા મળે. તે લોકો વિજ્ઞાન, રસાયણ, ગૂઢ વિજ્ઞાન જેવા વિષયોમાં વિશેષ પ્રગતિ કરે.
- **સ્ત્રી વર્ગ:** સતત કાર્યશીલ અને સ્ફૂર્તિનું પ્રમાણ સારું જણાય. વર્ષ દરમિયાન સમજદારીથી ધારી સફળતા મેળવી શકે.
- **કૌટુંબિક :** સ્પષ્ટ વક્તા અને નવી સર્જન કરવાની વૃત્તિથી લોકોના અણગમાનું કારણ બને. વર્ષ દરમિયાન કૌટુંબિક પ્રશ્નોમાં મહત્ત્વની ભૂમિકા જોવા મળે.

આજનું રાશિફળ

શાસ્ત્રી ધાર્મિક જનાર્દન પુરોહિત

મેષ (અ.લ.ઈ) શુભ રંગ : લાલ
આજે અંગારકી સંકષ્ટ ચતુર્થીના દિવસે આપના સામાજિક પ્રશ્નોનું નિરાકરણ જણાય, તમારા આકસ્મિક ખર્ચમાં વૃદ્ધિ જણાય, આરોગ્ય સારું.

વૃષભ (બ.વ.ઉ) શુભ રંગ : સફેદ
આજે પોતાની વાત વિચારીને મૂકવી, નવી તકોનું નિર્માણ થાય, જૂના સંબંધ તાજા થાય, મિલકતનાં પ્રશ્નો દૂર થતા જણાય.

મિથુન (ક.છ.ઘ) શુભ રંગ : લીંબુ
કોર્ટ કચેરીનાં પ્રશ્નો દૂર થાય, ધાર્યું કાર્ય આગળ વધે, આવક કરતાં જાવક વધે, પ્રિય મિત્રથી મુલાકાતનું આયોજન સંભવ બને.

કર્ક (ડ.હ) શુભ રંગ : દૂધીયો
યાત્રા- પ્રવાસમાં સામાન્ય વિઘ્નનો સામનો કરવો પડે, જોખમ લેવામાં સંકોચ ના કરવું, વારસાગત મિલકતોનું નિરાકરણ આવતુ જણાય.

સિંહ (મ.ટ) શુભ રંગ : સોનેરી
પોતાના વિચારોને અમલ કરાવવામાં વધુ જીદ ના કરવી, દાંપત્યજીવન વધુ મધુર બની રહેશે, આરોગ્યનું ધ્યાન રાખવું.

કન્યા (પ.ઠ.ણ) શુભ રંગ : લાલ
કોર્ટ-કચેરીનાં પ્રશ્નોનો હલ આવતો જણાય, કાયદાકીય બાબતોનો ઉકેલ જોવા મળે, પારિવારિક શાંતિ જણાય.

તુલા (ર.ત) શુભ રંગ : લાલ
કાર્યક્ષેત્રમાં પોતાની ક્ષમતા પર શંકા ના કરશો, આજે આપના ધનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવો, વિરોધી સામે પ્રગતિ થતી જણાય.

વૃશ્ચિક (ન.ય) શુભ રંગ : સફેદ
મનની બેચેની દૂર થતી જણાય, અંગત જીવનમાં મતભેદ સર્જાતા જણાય, નાણાકીય વ્યવહાર સાચવીને કરવો.

ધન (ભ.ધ.ફ.ઢ) શુભ રંગ : લીંબુ
અણધાર્યા ખર્ચ આપના પર આર્થિક દબાણ સર્જે, મિત્રોની સાથે બહાર જવાનું આયોજન થાય, કૌટુંબિક વિખવાદ ટાળવો.

મકર (ખ.જ) શુભ રંગ : દૂધીયો
પ્રગતિકારક તક મળે, ભાગીદારીમાં મધ્યમ, પ્રિય મિત્રથી મુલાકાત સંભવ, સામાજિક કાર્યોમાં દિવસ પસાર થતો જણાય.

કુંભ (ગ.શ.ષ.સ) શુભ રંગ : સોનેરી
રમત-ગમત સાથે સંકળાયેલી વ્યક્તિને નવી તક મળી શકે, બિનજરૂરી બાબતોની દલીલબાજી ટાળવી, દાંપત્યજીવન સુખમય બની રહેશે.

મીન (દ.ચ.ઝ.થ) શુભ રંગ : લાલ
પારિવારિક સમસ્યા દૂર થતી જણાય, આવેશ ઉપર કાબૂ રાખવો, વડીલોનાં આશીર્વાદ લઈ નવા કામની શરૂઆત લાભકારક રહેશે.

આજનો ઈતિહાસ | પ્રો. અરુણ વાઘેલા

ઉપન્યાસ સમ્રાટ: મુન્શી પ્રેમચંદ (1880-1936)

આજે જુલાઈનો છેલ્લો દિવસ અને આધુનિક હિન્દી સાહિત્યનાં પિતા પ્રેમચંદ અને ભારતીય દેવાલય સ્થાપત્યના વિશ્વકર્મા તરીકે પંકાયેલા મધુસૂદન ઢાંકીનો જન્મદિવસ છે. મુન્શી પ્રેમચંદનો જન્મ ઉત્તર પ્રદેશના બનારસ પાસે લમહીમાં અને મૂળનામ ધનપતરાય. પ્રેમચંદની સાહિત્ય સર્જનયાત્રા માત્ર 13 વર્ષની વયે શરૂ થઈ હતી. નવલકથા, કહાની, નિબંધ, નાટક, લઘુકથા, અનુવાદ એમ ઘણાં સાહિત્ય સ્વરૂપોમાં તેમની કલમ સફળતા પૂર્વક ચાલી હતી. પ્રેમચંદજીની 300 થી વધુ વાર્તાઓ અને ડઝન કરતાં વધુ નવલકથાઓ માત્ર હિન્દી સાહિત્યનો જ નહિ વિશ્વ સાહિત્યનો વારસો છે. સોડો વતન, સેવાસદન, કર્મભૂમિ, રંગભૂમિ, ગોદાન, ગબન, નિર્મલા, સંગ્રામ વગેરે તેમનાં જાણીતાં વાર્તા.. નવલકથા સંગ્રહો છે. બડે ઘર કી બેટી, આભૂષન, મંદિર ઔર મસ્જિદ, ઘાસવાલી, કફન, સત્યાગ્રહ, લાંછન, બુઢ્ઢી કાકી, ઠાકુર કા કૂઆ વગેરે પ્રેમચંદની અત્યંત પ્રસિદ્ધ રચનાઓ છે. પોતાની વાક્પટુતા માટે જાણીતા પ્રેમચંદે પોતાના સર્જનો દ્વારા મજૂરો, મહિલાઓ અને દલિતોની વેદનાને વાચા આપી હતી. પ્રેમચંદનું 8 ઑક્ટોબર 1936 ના રોજ અવસાન થયું હતું. આવા મહાન સાહિત્યકારનું તેમની સ્મૃતિમાં ટપાલટિકિટ બહાર પાડી અને સાહિત્ય સંસ્થાનો રચી ભારતે સન્માન કર્યું છે.

મુન્શી પ્રેમચંદ (1880-1936)

સુડોકુ-1462

		7	4			5	3	2
	4			1				
8	6	2			3	7		
7					8	4		
	2	6	9		1		5	
9		8					7	
					5	2		
5	3		8	2		1		
		1	3	6				5

સુડોકુ-1461નો જવાબ

8	2	4	1	9	5	6	3	7
1	5	7	6	2	3	8	4	9
6	9	3	4	7	8	1	2	5
2	4	1	8	5	6	7	9	3
7	3	5	9	1	4	2	6	8
9	6	8	2	3	7	5	1	4
5	8	2	3	6	9	4	7	1
4	1	9	7	8	2	3	5	6
3	7	6	5	4	1	9	8	2

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કૉર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મુકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

ક્રોસવર્ડ-4976 | ભુપેન્દ્ર શાહ 'શંભુ'

આડી ચાવી :
1. વિષયી આંખવાળી સ્ત્રી (3)
3. દેવપોઢીથી દેવઊઠી એકાદશી સુધીનો સમય (4)
6. યંત્રની ચાવી, ચાંપ (2)
7. કંદોરો, કમરે પહેરવાની સેર (3)
8. હનુમાનજીનું શસ્ત્ર (2)
10. કસબી પગરખું (3)
11. છળ, પ્રપંચ (3)
12. મોટી બહેન (2)
14. ઉપવાસમાં વપરાતું એક કંદ (3)
15. ઘર પછવાડે આંતરેલી ખુલ્લી જગા (2)
17. પાણીને બાળભાષામાં કહેવાય (1)
19. સાથે મળીને થતી વિચારણા (4)
21. મલ જેવું, પુષ્ટ અને જોરાવર (4)
23. અણખીલ્યું ફૂલ (2)
24. પ્રારંભ, આગેવાની (3)
26. ફૂલોની માળા (2)
28. સતત, નિરંતર (4)
29. દરરોજના કામની નોંધપોથી (4)
30. કૃશ, પાતળું (2)

ઊભી ચાવી :
1. કાલાવાલા, આજીજી (4)
2. મજલો, મેડો (2)
3. પાવડી, પાદુકા (3)
4. ત્રાજવું, સાતમી રાશિ (2)
5. સગાઇ, વેવિશાળ (4)
7. ફોજનો એક અમલદાર (અં) (3)
9. ભારે નાશ, ખુવારી (2)
11. કાંસીજોડાં, ઝાંઝ (4)
13. અગ્નિ પ્રગટાવવાની છેડે રસાયનવાળી સળી (4)
16. પાણી ભરવાની બાલદી (2)
18. શિક્ષક, મહેતાજી (3)
19. કબરસ્તાન, રોજો (4)
20. તપસ્યા, તપસ્વી કરે (2)
21. મસ્ત, મનસ્વી, શોખીન (4)
22. માહેરપણું, ઉસ્તાદી, આવડત (4)
25. માથે લીધેલું બેડું (2)
27. ખાવાની વિવિધ વસ્તુ

જવાબ ક્રોસવર્ડ 4975

સુ	વ	ર્ણ	ત	ક		દે	ગ	ડો
વા	ર		ખ	ર	જ	વું		લ
સ		સ	લ્લુ		તિ		ભો	ર
	મ	ક	સ	દ		ખં	જ	
કા	જ	ળ		ર્પ		જ	ન	ક
	લો		વ	ણ	ક	ર		મા
કા		સા	સુ		મા			વ
ય	જ્ઞ		દે	રા	ણી			ત
મ		કા	વ	ડ		સૂ	ત	ર

વાત વાતમાં

ટપોરીઓનું પાર્કિંગ સોલ્યુશન!

તમે નહીં માનો, પણ આપણા અમદાવાદના પેલા બે ટપોરીઓ પાસે આડેધડ થતા પાર્કિંગનું જોરદાર સોલ્યુશન છે! લો સાંભળો...

■ ■ ■

'ઉસ્તાદ મૈં ક્યા બોલ રૈલા હું, આપણે અમદાવાદ મેં બિચારી પુલીસ આડેધડ પાર્કિંગ રુકવાણે કે લિયે કિત્તી મેંનત કરતી હૈ?'

'તો? તું કાયકુ ઊંચાનીચા હોતા હૈ? તેરે પાસ તો ખખડેલી સ્કુટી બી નંઈ હૈગી.'

'વો બાત અલ્લગ હૈ, મગર સુનો તો સઈ?'

'બોલ'

'યાદ હૈ? 1993 મેં જબ મુંબઈ કી ટ્રેનો મેં બોમ બ્લાસ્ટ હુવે થે?'

'હાં... આતંકવાદીઓને ટ્રેન મેં સામાન રખણે કી જાલી પે થેલી મેં બોમ ભરકે રખ ડાલે થે.'

'હાં, તબી ઉસ ટાઈમ પુલીસને ક્યા કિયા થા?'

'ક્યા'

'ટ્રેન ડબ્બે મેં સી સામાન રખણે કી જાલિયાં જ નિકાલ ડાલી થી!'

'તો?'

'તો ક્યાં? ઉસ કે બાદ મુંબઈ કી ટ્રેનોં મેં કબી બોમ-બ્લાસ્ટ હુવે?'

'હાં... વો તો હૈ.'

'અબી ઔર યાદ કરો... અપણે અમદાવાદ મેં દસ સાલ પૈલે જો ધડાધડ બોમ-બ્લાસ્ટ હુવે થે, તબ ક્યા હુવા થા?'

'ક્યા હુવા થા?'

'અરે, આંતકવાદીયો ને જૂની સાઈકલાં ખરીદ કે ઉસ કે કેરિયર પે બોમ રખે થે.'

'તો?'

'તો ક્યા? પુલીસને જૂની સાઈકલાં ખરીદને પર જ પ્રતિબંધ લગા ડાલા... અબી યાદ કરો, ઉસ કે બાદ અમદાવાદ મેં કબી બોમ-બ્લાસ્ટ હુવે?'

'હાં... નંઈ હુવે!'

'બસ, તો ઉસ્તાદ! અપુન ક્યા બોલતા હૈ, કિ અપણે અમદાવાદ મેં કિસી ભાઈ કુ બોલ કે જૂની ઔર નવી, દોનું ટાઈપ કી કારાં મેં બોમ રખવા કે બોમ-બ્લાસ્ટ કરવા ડાલને કે!'

'ઉસ સે ક્યાં હોઈંગા?'

'ક્યું, પુલીસ કાર કે ઉપરી ચ પ્રતિબંધ ડાલ દેગી ના? ફિર ક્યા... ના રૈવે બાંસ ઔર ના બજે વાંસળી! જબ કારાં ચ નંઈ હોએંગી તો સાલા પાર્કિંગ કા બી પ્રોબ્લેમ કહાં સી હોણે કા?'

ઉસ્તાદે એના ચમચાને બે થપ્પડ તો રસીદ કરી દીધી પણ હજુ ઉસ્તાદને સમજાતું નથી કે આ આઈડિયા કોઈ 'ભાઈ'ને આપવો કે ડાયરેક્ટ પોલીસને?

■ મન્નુ શેખચલ્લી

સિટી સ્પોર્ટ્સ ગુજરાત સ્ટેટ મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્ના.

ભાવનગરની નામના ના નામે બેવડી નામના : ટાઈટલ જીત્યા

યુથ અને સબ જૂનિયરમાં જયસ્વાલે ચેમ્પિયનશિપ મેળવી

ભાવનગર | 30 જુલાઇ

ભાવનગરની નામના જયસ્વાલે વડોદરા ખાતે સંપન્ન થયેલી ત્રીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં બેવડી સિદ્ધિ સાથે અંત આણ્યો હતો. સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે યોજાયેલી ટુર્નામેન્ટમાં યૂથ બોયઝ ટાઈટલ જીતનારા અમદાવાદના ચિત્રાક્ષ ભટ્ટે છેલ્લા દિવસે જુનિયર ટાઈટલ પણ જીત્યું હતું જ્યારે ભાવનગરની નામના જયસ્વાલે યૂથ અને સબ જુનિયર ટ્રોફી જીતી હતી.

આઠમા ક્રમના ચિત્રાક્ષ ભટ્ટે ત્રીજા ક્રમના હર્ષિલ કોઠારીને 11-7 4-11 5-11 11-7 11-9 11-6થી હરાવીને જુનિયર બોયઝની ફાઈનલ જીતી હતી તો નામનાએ સબ જુનિયર ટાઈટલ જીતવા માટે ચાર્મી પટેલને 11-9 9-11 11-8 11-4 11-9થી હરાવી હતી.

દરમિયાન બીજા ક્રમની નામના જયસ્વાલે આ ટુર્નામેન્ટમાં તેની સફળતા જારી રાખતાં ભાવનગરની ખેલાડીઓની બની ગયેલી ફાઈનલમાં મોખરાના ક્રમની ચાર્મી પટેલને હરાવી હતી. જિજ્ઞેશ જયસ્વાલની પુત્રી નામનાએ ફાઈનલમાં માત્ર એક ગેમ ગુમાવી હતી અને આકર્ષક ફોરહેન્ડ વિનર્સ ફટકાર્યા હતા.

અગાઉ યૂથ ગર્લ્સની ફાઈનલમાં નામનાએ સુરતની ફિલઝાહ ફાતીમા કાદરીને 11-5 11-8 11-8 11-9થી હરાવી હતી.

ચિત્રાક્ષ અને હર્ષિલ કોઠારી વચ્ચેની સબ જુનિયર બોયઝ ટાઈટલ માટેની હરિફાઈ જુનિયર વિભાગ સુધી ચાલી હતી અને ટાઈટલ રાઉન્ડ સુધી પહોંચી હતી. બંને ખેલાડીએ સારી રીધમ અને કૌશલ્ય દાખવ્યા હતા. લાંબા સમય બાદ હર્ષિલ 2-1ની સરસાઈ લઈને તેના આ હરીફને હરાવવા આતુર જણાતો હતો. જોકે સાત ગેમના મુકાબલામાં અંતે તેનો પરાજય થયો હતો.

અષાઢ ઉચ્ચારમ્, મેઘ મલ્હારમ્, બની બહારમ્, જલધારમ્

વરાપ નીકળતા વર્ષાણીએ અષાઢ મહિનામાં વેરેલે સૌંદર્યથી વન-વગડા જીવંત થઈ ગયા છે. જે દુહા-છંદની રમઝટથી પાળિયા પણ બેઠા થતાં હોય તે અષાઢ ઉચ્ચારમ્, મેઘમલ્હારમ્, બની બહારમ્, જલધારમ્... જેવા દુહાના માહોલથી હૈયું તો પુલકિત થઈ જ ઉઠે ને ! ખોખરાની ડુંગરમાળા વચ્ચે એક માલધારી તેવી જ લ્હેરથી નૈસર્ગિક અદામાં કચકડે કંડારાયા હતા. માત્ર છત્રી, લાકડી અને ભાતું લઈને નજીવી સગવડતાઓ વચ્ચે કુદરતના ખોળે ભમતા માલધારીઓને આઠેય પો'ર આનંદના હોય છે અને બત્રીસેય કોઠે દીવા થતા હોય છે, જે અષાઢના ઉચ્ચારણો સાથે તસવીરમાં જોઈને સાંભળી શકાય છે.

મહિલાની રીક્ષામાં જ ડીલીવરી કરાવાઈ

ભાવનગર | 30 જુલાઇ

સરકાર દ્વારા ઈમરજન્સી તાત્કાલીક ઝડપી સારવાર મળે તે માટે 108ની સેવા નાગરીકો માટે અમલમાં મુકી છે. આજ સુધીમાં 108 દ્વારા અનેક લોકોના જીવ બચાવાયા છે. અને અનેક મહિલાઓની પ્રસુતિ પણ તાત્કાલીક કરી બાળક અને માના જીવ પણ બચાવ્યા છે.

ત્યારે આવી એક વધુ ઘટનામાં ગઢડા તાલુકાના પાટણા ગામે વાડી વિસ્તારમાં રહેતા ધનીબેન દીનેશભાઈ મવાડાને અચાનક પ્રસુતીનો દુખાવો થતા 108ને જાણ કરેલ. ત્યારે 108ના ડોકટર કુલદીપસિંહ અને પાયલોટ દિલુભા પાટણા જવા રવાના થયા હતા. ત્યારે સામેથી રીક્ષામાં ઉપરોકત મહીલાને લવાતા અને મહીલાની સ્થિતિ નાજુક જણાતા 108ના સ્ટાફ દ્વારા આ મહિલાની છકડો રીક્ષામાં જ ડીલીવરી કરાવવામાં આવી હતી.

મેડિકલ પ્રવેશ : ડોમિસાઈલ સર્ટીફિકેટ ચકાસાશે

ભાવનગર જિલ્લા માટે ગુરૂ અને શુક્રવારે મેડિકલ કોલેજ ખાતે કેમ્પ

■ **પ્રવેશ માટે સંભવિત ઉમેદવારોની યાદીમાં નામ હોવું જોઈએ**

ભાવનગર | 30 જુલાઈ

મેડિકલ એજ્યુકેશનમાં હવે પછીના રાઉન્ડમાં પ્રવેશ મેળવી શકે તેવા સંભવિત ઉમેદવારોની યાદી વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધ કરાઈ છે. જેમાં સમાવિષ્ટ હોય અને જેઓએ ભાવનગર જિલ્લામાંથી ડોમિસાઈલ સર્ટિફિકેટ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓમાટે મેડિકલ કોલેજ ખાતે ડોમિસાઈલ સર્ટિફિકેટની ચકાસણી કરાશે.

તા.2 અને 3 ઓગસ્ટના રોજ સવારે 10થી2 અને 4થી 6 કલાક દરમિયાન ઓડિટોરિયમ હોલ, સરકારી મેડિકલ કોલેજ, એસ.ટી. સ્ટેન્ડ પાછળ આધાર પુરાવાઓ સાથે હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. ફોર્મ રજીસ્ટ્રેશન વેરિફિકેશનની પહોંચ, ડોમિસાઈલ સર્ટિફિકેટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જન્મતારીખનો દાખલો સહિતના જરૂરી આધારો સાથે હાજર રહેવા ડોમિસાઈલ સર્ટિફિકેટ ચકાસણી સમિતિ દ્વારા જણાવાયું છે.

કોર્ટ કમ્પાઉડમાંથી વાહનો ટોઈંગ કરાયા

ભાવનગર | ભાવનગરની મુખ્ય કોર્ટ કમ્પાઉન્ડમાં પાર્ક કરાયેલા અને નડપર રૂપ વાહનોને આજે 10 માં એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જ જ, જે.એન. ઠકકરે ટ્રાફીક બ્રીગ્રેડરને બોલાવી પાંચ જેટલા વાહનોને ટોંઈગ કરાવ્યા હતા.જો કે કેટલાક લોકોએ સ્થળ પર જ દંડ ભરી દેતા આવા વાહન ચાલકો પાસેથી દંડ વસુલી વાહનોને છોડી મુકાયા હતા.

વરસાદનું સંતુલન ન જળવાતા તળાજા પંથકમાં

જીવાતોના ઉપદ્રવથી ખેતી પાકને નુકસાનની સંભાવના

જિલ્લામાં 4,48,000 હે.ના ખરીફ વાવેતરમાં તળાજા તા.માં 68000 હેકટરમાં વાવેતર

તળાજા બ્યુરો | 30 જુલાઇ

તળાજા ઉપરાંત જીલ્લાનાં સતત વરસાદી વિસ્તારમાં અષાઢનાં આરંભથીજ એક પખવાડીયામાં પુરી સીઝનનો સરેરાશ વરસાદ પડી જતા. પાણી-પિયતનાં અતિરેકથી તળાજા પંથકનાં ખેત પાકોમાં વાદળીયા અને પાણીજન્ય રોગ જીવાતોનો ઉપદ્રવ ફેલાવાની શકયતા ઉભી થઈ છે.

તળાજા તાલુકો ખેતીવાડી ક્ષેત્રે સમૃધ્ધ હોઈ તેમજ શેત્રુંજી ડેમ આધારીત સિંચાઈનો મહતમ લાભ મળતો હોઈ અહીં મોટાભાગનાં ખેડૂતો બારમાસી ખેત આયોજન કરે છે. જે માટે સમયસર અને સાનુકુળ ચોમાસાની અગત્યતા છે. આ વર્ષે જુનનાં બીજા અઠવાડીયાથી વરસાદની રાહ જોવાતી હતી. પરંતુ ચોમાસાનો પ્રારંભ મોડો થયાબાદ એકધારો પંદર દિવસથી વધુ સમય વરસાદ પડતા સીઝનની પુરી જરૂરીયાત જેટલો વરસાદ થઈ જતા અને હજુ પણ વાદળીયું વાતવરણ રહેતા. ખેતીને જરૂરી પૂરતો વરસાદ અને વરાપનું સંતુલન નહી જળવાતા ખરીફ સીઝનનાં કપાસ, મગફળી, બાજરી, જુવાર, મકાઇ તેમજ કઠોળ પાકનાં વાવેતરને જમીનનાં ભેજ અને વાતાવરણથી ઉદભવતા રોગ-જીવાતોનો ઉપદ્રવ થવાની સંભાવનાં છે.

ભાવનગર જીલ્લાનાં સરેરાશ 4,48,000 હેકટર નાં ખરીફ વાવેતરમાં તળાજા તાલુકાનાં અંદાજીત 68,000 હેકટરમાં મુખ્યત્વે કપાસ, મગફળી, બાજરી, જુવાર, મકાઇ, શેરડી, અને કઠોળપાકોનું વાવેતર થાય છે. જે ચાલુસાલ લગભગ પૂર્ણ થઇ ગયેલ છે. અને હાલનાં સમયમાં સારી સ્થિતિમાં છે. ધાબડીયા અને ભેજવાળા વાતાવરણથી દરેક પાકોપર ઈયળો, મેલોમસી, થ્રીપ્સ સહીત પાક ભક્ષક જીવાતો ઉપરાંત મુળને નુકસાન કરતા.

ફુગજન્ય અને મુંડા જેવા રોગો નો ઉપદ્રવ ફેલાય તેને રોકવા માટે જંતુનાશક દવા, રસાયણોનો અધિક ઉપયોગ કરવો પડે છે. જેનાં અતિરેકથી જમીનનાં બંધારણ અને પાકની ગુણવતાને પણ નુકસાન થઈ શકે છે.

સાવરકુંડલાના શ્રીજી ગૌસેવા ગ્રુપ દ્વારા ગાયોની અનોખી સેવા

■ **15 વર્ષથી કોઇ પાસે ફાળો લીધા વગર સ્વૈચ્છિક રીતે સેવા કરી રહ્યા છે**

સાવરકુંડલા | 30 જુલાઈ

સાવરકુંડલામાં છેલ્લાં 15 વર્ષથી શ્રીજી ગૌસેવા ગ્રુપ દ્વારા ગાયોની નિ:સ્વાર્થ ભાવે સેવા કરવામાં આવે છે. આ વર્ષે જાફરાબાદ પંથકમાં સિઝનનો સૌથી વધુ વરસાદ પડ્યો છે. ત્યારે અહીં ખેતરોમાં પાણી ભરાવાને કારણે ગાયો માટે ઘાસચારાની અછત છે. તે વાત સાંભળીને શ્રીજી ગૌસેવા ગ્રુપ દ્વારા તુરંત એક ટ્રક ભરીને લીલો ઘાસચારો જાફરાબાદથી 7 કિલોમીટર દુર આવેલા વાઢેર ગામ અને બલાણા ગામમાં જઇને ગાયોને લીલો ઘાસચારો ખવડાવ્યો હતો.

આ ગ્રુપની એક વિશેષ ખાસીયત છે કે આ ગ્રુપ કોઈ પાસે ફાળો લીધા વગર સ્વૈચ્છિક રીતે ગાયોની સેવા કરે છે.

આ વાતની જાણ વિરેન્દ્રભાઈ વૈષ્ણવે શ્રીજી ગૌસેવા ગ્રુપને કહેતા તુરંત આ ગ્રુપ દ્વારા અંદાજે રૂા.25,000ના લીલો ઘાસચારો એક ટ્રક ભરીને વાઢેર અને બલદાણા ગામમાં જઈ ગાયોને ખવડાવ્યો હતો. આ ગ્રુપમાં ચિરાગ ગોરડીયા, હકાભાઈ દોશી, ધ્રુવભાઈ વૈષ્ણવ, જીજ્ઞેશદાદા ઓઝા, રાહુલભાઈ ગોહીલ, ભરતભાઈ પરમાર, દામજીભાઈ ચોટલીયા, ભાવીક ગોરડીયા તેમજ પીયુષભાઈ બોરીસાગર સેવા આપી રહ્યા છે.

વરલીમટકાનો જુગાર રમતા બે જબ્બે

સિહોર બ્યુરો | સિહોર વોરાવાડમાં રહેતા ઈકબાલ ઉર્ફે લાલો તાજભાઈ પઢિયાર વરલી મટકા રમતો હોવાની બાતમીના આધારે સિહોર પોલીસે રેડ પાડી કુલ રૂા.13,955ના મુદ્દામાલ સાથે તથા સિહોરના ગોહિલનગર પાછળ કાંટમાં વરલી મટકાનો જુગાર રમતા જતીન પ્રવિણભાઈ પટેલને રોકડ રૂા.19,900 સાથે સિહોર પોલીસે ઝડપી લીધા હતા.

વિદેશી દારૂ સાથે 1 જબ્બે

ભાવનગર | આડોડીયાવાસમાં રહેતા ભરતભાઈ માવજીભાઈ રાઠોડને કુંભારવાડા પાસેથી વિદેશી દારૂની રૂા.1800ની કિંમતની 6 બોટલો સાથે એલસીબી પોલીસે ઝડપી લીધો હતો.

જિલ્લા ઉધોગ કેન્દ્ર દ્વારા સેમિનાર યોજાશે

ભાવનગર | ભાવનગર જિલ્લા ઉધોગ કેન્દ્ર અને સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુકત ઉપક્રમે ઝીરો ડીફેકટ ઝીરો ઈફેકટ,એમ.એસ.એમ.ઈ. ઈન્સેન્ટીવ સ્કીમ અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ શિર્ષક હેઠળ તા. 1-8 ને બુધવારે બપોરે 3.30 કલાકે ચેમ્બરહોલ (314, સાગર કોમ્પ્લેક્ષ, નાકુબાગ, ભાવનગર) ખાતે માર્ગદર્શક સેમિનાર યોજાશે. જેમાં કવોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના આસીસ્ટન્ટ ડાયરેકટ અને જિલ્લા ઉધોગ કેન્દ્રના જનરલ મેનેજર દ્વારા માર્ગદર્શન અપાશે. જેમાં ફાયનાન્સીયલ સપોર્ટ, એમ.એસ.એમ.ઈ.ઈન ઝેડ સર્ટીફિકેટ સ્કિમ પર ભાર મુકાશે. ભાગ લેનાર ઉધોગકારે આધારની નકલ, મો.નં. તથા ઈમેલઆઈડીની વિગત સાથે રાખવી.

પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરો : પર્યાવરણ બચાવવા ભાવનગર સોલ્ટ દ્વારા એક લાખ નોન વુવન બેગનુ ફ્રીમાં વિતરણ કરાશે

ભાવનગર : પ્રતિબંધીત પ્લાસ્ટીકનો ઉપયોગ ન થાય તે માટે ચેતનભાઇ કામદાર અને ભાવનગરના શ્રેષ્ઠી વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી અને રમત-ગમતને ધબકતું રાખવાની હંમેશા મથામણ કરતા સંતોષભાઇ કામદાર દ્વારા સ્વૈચ્છીક રીતે તેમની કંપની ધ ભાવનગર સોલ્ટ એન્ડ ઇન્ટસ્ટીયલ વર્કસ પ્રા.લી. ના 75 માં વર્ષે 'નોન વુવન' બેગ બનાવી ૧૦૦૦૦૦(એક લાખ) બેગ આ સપ્તાહમાં ફ્રિ માં વિતરણ કરવાના છે અને SAY NO TO PLASTIC ના મેસેજ અને MAKE IN INDIA ના બેઝ સાથે Save Environment ના મેસેજ સાથે આ બેગ ભાવનગર મહાનગર પાલિકાના મેયરશ્રી મનહરભાઇ મોરી,સ્ટે.ચેરમેન યુવરાજસિંહ ગોહિલ,ડે. મેયર અશોકભાઇ બારૈયા ને આ બેગ અર્પણ કરી અને તેમની યોગ્ય વિતરણ માટે સંતોષભાઇએ આશા વ્યક્ત કરી ત્યારે આવા ઉમદા કાર્ય માટે ભાવેણું હંમેશા અગ્રેસર રહ્યું છે.તે બદલ જાહેર આરોગ્ય સમિતિ આ કામદાર પરિવાર ને અભિનંદન પાઠવે છે.

જીવનમાં કલ્યાણકારી મિત્ર રાખજો, પાપીને પણ પ્રેમ ભરી પ્રેરણા કરી સત્યના પથ પર લાવજો : રાજયશસૂરિ

ભાવનગર : ચૈન્નઇ ધર્મશાળામાં મહાપુરૂષ ચરિયંનુ વાંચન રાજયયશુસૂરિના મધુર વાણીથી શરૂ થયુ મહાપુરૂષ ચરિયં ગ્રથ મેનકાબેન અને નિતિશભાઇ સરકારે સમર્પતિ કર્યો. મહાપુરૂષોના ચરિયંમાંથી પૂજયશ્રીએ જંબુસ્વામીના પિતા ઋષભ દત્ત અને કાકા જિનદાસનુ વર્ણન કર્યુ. ઋષભદત્ત સદાચારી આધ્યાત્મિક,ધાર્મિક અને નિર્વ્યસની છે. જિનદાસને બુરી સંગત લાગી ગઇ જુગારનુ ભયંકર વ્યસન લાગી ગયુ એક ક્ષણમાં ક્રોડો કમાઇ લેવાના મનોરથમાં પોતાની સઘળી મુડી ગુમાવી દીધી દેવાદાર બની ગયો ઋષભદત્તની શિખામણ,પ્રયત્નો એળે ગયા આખરે ઋષભદત્તે જાહેર કરવુ પડયુ આ જુગારી છે. મારે તેની સાથે કોઇ સંબંધ નથી હવે લેણદારો વિફર્યા પ્રહાર કર્યા જિનદાસ અધમુઓ થઇ રસ્તામાં ઢળી પડયો ઋષભદત્તને સમાચાર મળતા દોડી ભાઇને પાસે પહોંચી ગયો જિનદાસને હૈયામાં પશ્ચાતાપ જાગ્યો બધા પાપનુ પ્રાયશ્ચિત કર્યુ નવકારમંત્ર સંભળાવ્યો. પ્રાપશ્ચિતના પાવકથી શુધ્ધ થઇ જિનદાસ દેવલોક ગયો છેલ્લો પળનો પણ સાચો પશ્ચાતાપ જીવનમાં શુ કરી દે છે.

કલા કુંભમાં બી.એન.વિરાણીની સિધ્ધિ

ભાવનગર : કલા મહાકુંભ અંતર્ગત જુદી-જુદી સ્પર્ધાનુ આયોજન થયેલ જેમા ઝોન કક્ષાએ ઝોન 5માં બીએન વિરાણી શાળાના વિદ્યાર્થીઓએ સમુહ લગ્ન ગીત, એકપાત્રીય અભિનય, સુગમસંગીત ગીત, તબલામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાએ પ્રવેશ મેળવ્યો છે.

તળાજા બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં હિંડોળા ઉત્સવ ઉજવાશે

તળાજા બ્યુરો : તળાજાની શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં હિડોળા ઉત્સવ નિમિતે તા.31/7/2018 ને મંગળવારે સાંજનાં 6 કલાકે સુરંગનાં હિડોળા દર્શન યોજાશે.સર્વે ભકતોએ પધારવુ.

ખડીયા કુવા બહુચર માતાજીના મંદિરે આનંદના પાઠ, ગોખ પુરાશે

ભાવનગર : તા.31-7ને મંગળવારના રોજ રાત્રે 9-30 કલાકે ખડીયા કુવા આનંદ ગરબા પરિવારના માતાજીના પાઠ તથા સ્વ.રાહુલભાઇ ડબલાની તિથિ નિમિતે તેના પરિવાર તરફથી માતાજીનો ગોખ નિજ મંદીર ભાવનગર ખાતે પુરવામાં આવશે.

અષ્ટવિનાયક સિધ્ધિવિનાયક મંદિરે અંગારીકા ચતુર્થી મહોત્સવ ઉજવાશે

ભાવનગર : અષ્ટવિનાયક સિધ્ધિવિનાયક મંદિર ભગવતી સર્કલ પાસે કાળીયાબીડ ખાતે તા.31ના અંગારીકા ચતુર્થી મહોત્સવ ઉજવાશે સવારે 8 કલાકે 108 દિપમાળા સાથે મંગળા આરતી દર્શન, બપોરે 12-15 કલાકે રાજભોગ આરતી દર્શન, સાંજે 4 થી 6 સુધી બહેનોનો સત્સંગ, સાંજે 7-15 કલાકે ઉત્સવ આરતી દર્શન, રાત્રે 9-47 કલાકે ચંદ્ર દર્શન થશે.

અંગકરકી ચોથ નિમિતે ગણપતી અર્થવશીર્ષના પાઠનુ આયોજન

ભાવનગર : અકવાડા ખાતે આવેલ માતૃધામ આશ્રમ ખાતે તા.31-7-18 મંગળવારના રોજ અંગકાર કી ચોથ નિમિતે માતૃધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગણપતી અર્થવશીર્ષના પાઠનુ આયોજન કરેલ છે. તો સર્વે ભકતોને માતૃધામ આશ્રમ અકવાડા ખાતે સાંજે 5 થી 7 કલાક દરમ્યાન હાજર રહેવા આમંત્રણ અપાયુ છે.

મોઢ ચાતુર્વેદિય રા. સમવાય જ્ઞાતિ પસંદગી મેળાની પુસ્તીકા પ્રગટ કરાશે

ભાવનગર : બ્રહ્મસમાજમાં યુવક યુવતી પસંદગી મેળા માટેના ફોર્મનુ વિનામૂલ્યે જ્ઞાતિની વાડીમાંથી મળી શકશે. અને તેની પુસ્તીકા તૈયાર થયે વિનામૂલ્યે મળશે. ફોર્મ ભરી દિવસ 7માં પરત કરવા 9712979316નો સંપર્ક કરવો.

શિષ્યપદનો પંથ જીવન પ્રકાશ પર અવન્તિકાબેન વકતવ્ય આપશે

ભાવનગર : ભાવનગર શહેરના રૂપાણી વિસ્તારના સર્કલ ખાતે આવેલ ભાવનગર થિયોસોફીકલ લોજમાં તા.31-7-2018ને મંગળવારના રોજ સાંજના 6 થી 7 કલાકે સુધી શિષ્યપદનો પંથ જીવન પ્રકાશ વિષય પર થિયોસોફીસ્ટ અવન્તિકાબેન મહેતા વકતવ્ય આપશે.

યુથ હોસ્ટેલ દ્વારા કદમગીરીથી બગદાણા વન-ડે ટ્રેકીંગ કાર્યક્રમ

ભાવનગર : યુથ હોસ્ટલ ભાવનગર દ્વારા વન ડે ટ્રેકીંગ કદમગીરીથી બગદાણાનુ આયોજન કરેલ છે. રસ ધરાવતા લોકોએ યુથ હોસ્ટેલ ભવન જેલ રોડ ખાતે બુધ, શુક્ર સાંજે 6-30 થી 8 સંપર્ક કરવો.

કુડા ગામે 200 રોપાનું વાવેતરકરીને વનમહોત્સવની ઉજવણી કરાઇ

ભાવનગર : ઘોઘા તાલુકાનાં કુડા ગામે પર્યાવરણ બચાવવા તાજેતરમાં 69માં વનમહોત્સવની ઉજવણી કુડા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવી હતી. જેમાં ગામનાં યુવાનો દ્વારા કુડાનાં દરિયાકિનારે 200 રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું.

તમારાથી કોઇ ધ્રુજે તે નહિ તમને કોઇ પૂજે તે જીવનની મોટાઇ : યશોવર્મસૂરિશ્વરજી

ભાવનગર : મારા ઘરમાં મારી સામે કોઇ થૂ કે ચા ન કરી છે. તાકાત કોઇની કે હુ બેઠો હોઉને અવાજ કરે આખુ ઘર મારાથી ધ્રુજે આ ગર્વ રાખવા લાયક નથી કેમ કે ગામના ગુંડાથી ને ગલીના ડાઘીયાથી કોણ દૂર નથી રહેતુ કે નથી ડરતુ ? જીવનની ઉંચાઇતો એ છે. કે તમારાથી કોઇ ધ્રુજે નહિ પણ તમારા પગ પૂજે એ જીવનની સફળતા છે. જીંદગીમાં વધુ પડતો રૂબાબ કયારેક જીંદગીને બાળનારો બની શકે શબ્દો સાંભળતા પલના મોટા ઉપાશ્રયમાં ઉમટેલી જંગી જનમેદની હજારો આંખો ભીંજાઇ જયારે પૂ.યશોવર્મસૂરિએ જણાવ્યુ હતુ કે આ વર્ષે ઘર-ઘરમાં યુવાનો, યુવતિઓ, પરિવારો સજોડે શ્રેણીતપમાં જોડાઇ રહ્યા છે.

KPES કોલેજમાં ગુરૂપૂર્ણિમા ઉજવાઇ

ભાવનગર : કેપીઇએસ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી સરસ્વતી વંદનાથી કરવામાં આવેલ. ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમા પર્વનુ મહત્વ સમજાવતા વિડીયો રજુ કરવામાં આવેલ.

ભાવનગર વિપશ્યના કેન્દ્ર દ્વારા કરાશે વિપશ્યના સામુહિક સાધના

ભાવનગર : ભાવનગર વિપશ્યના કેન્દ્ર દ્વારા વિપશ્યનાના જુના વિપશ્યી સાધકો માટે સવારે 7 થી 8, નવા વિપશ્યી સાધકો માટે સવારે 8 થી 8-30 તા.1-8-2018ને બુધવારના રોજ સૂચક મેડીકલ એન્ડ હોસ્પીટલ જલારામ દર્શન કાળુભા રોડ ત્રીજા માળે ભાવનગર ખાતે રાખેલ છે.દરેકે સમયસર હાજર રહેવુ.

સ્વાતંત્રય દિન નિમિતે જિલ્લાકક્ષાની રંગપૂરણી સ્પર્ધાનુ આયોજન

ભાવનગર : રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ વર્ધા ભાવનગર જિલ્લા કેન્દ્ર દ્વારા સ્વાતંત્રય દિન નિમિતે તા.15-8ના 12 થી 1 તેજસ્વી સ્કૂલ ખાતે જિલ્લા કક્ષાની રંગપૂરણી સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ છે.સ્પર્ધામાં કોઇપણ શાળાના બાળમંદિરથી ધો.10ના વિદ્યાર્થી ભાગ લઇ શકશે. ભાગ લેવા તેજસ્વી શાળા ખાતે 10 થી 12માં સંપર્ક કરવો.

વલ્લભી વિદ્યાપીઠ દ્વારા વૃક્ષારોપણ

ભાવનગર : ગુરૂપૂર્ણિમા નિમીત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે છાત્રોએ 51 વૃક્ષો વાવ્યા હતા. સ્ટાફ દ્વારા તે"ને પર્યાવરણના જતન અને રક્ષણ માટે માહિતગાર કરવામાં આવ્યા હતા.

દામાણી બારૈયા પરિવાર દ્વારા તેજસ્વી તારલાનો ઇનામ વિતરણ કાર્યક્રમ

ભાવનગર : દામાણી બારૈયા પરિવારના દરેક ભાયાતો દર વર્ષની જેમ આ વર્ષે નવરાત્રીની આઠમાં પરિવારના તેજસ્વી તારલાને પ્રોત્સાહિત કરવા ઇનામ વિતરણનો કાર્યક્રમ રાખેલ છે. તેથી વર્ષ 2018માં પાસ થયેલ દરેક વિદ્યાર્થીઓની માર્કશીટની ઝેરોક્ષ પોતાનુ નામ, સરનામુ અને મોબાઇલ નંબર લખીને પહોંચતી કરવાની રહેશે. જસવંતભાઇ બારૈયા રસાલા કેમ્પ બારૈયા રીવાઇન્ડીંગ, માધુભાઇ બારૈયા ચિત્રા જીઆઇડીસી રેસીડન્સ પ્લોટ, મેઘાભાઇ બારૈયા હોઇદડ ગામ, જયેશભાઇ બારૈયા, ખાખરીયા ગામ, ભરતભાઇ એસ બારૈયા કળકોટ ગામ,મનજીભાઇ બારૈયા અકવાડા ગામ, રાઘવભાઇ બારૈયા બોરડા ગામ, મુકેશભાઇ બારૈયા અકવાડા, ખીમજીભાઇ પી.બારૈયા, માલણકા, નાનજીભાઇ એસ બારૈયા નવા રતનપર ગામ ખાતે પહોંચતી કરવી.

ઔદિચ્ય અગીયારસે બ્રાહ્મણ દ્વારા થાપનાથદાદા પરિવારનો લઘુરૂદ્ર કરાશે

ભાવનગર : થાપનાથ પરિવાર ઔદિચ્ય અગીયારસે બ્રાહ્મણો દ્વારા શ્રાવણમાસમાં પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ તા.15-8ને બુધવાર શ્રાવણ શુદ 5ના રોજ રામવાડી મુકામે સવારે 8 થી 12 ઉજવવાનુ આયોજન કરેલ હોય તા.1-8-2018ને બુધવારના રોજથી સાંજે 6 થી 8 કલાક રામવાડી મુકામે યજમાન નોંધણી તથા ભોજન પ્રસાદ વિતરણ પાસ લખવાનુ શરૂ થતુ હોય દાદા પરિવારના સભ્યોએ આ પવિત્ર લઘુરૂદ્ર (અભિષેક)માં બહોળા પ્રમાણમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. જે યજમાનને આ વર્ષે પણ યોગદાન આપવા અપીલ કરવામાં આવી છે.

મહિલા કોલેજમાં ઓરિયેન્ટેશન કાર્યક્રમ

ભાવનગર : ગાંધી મહિલા કોલેજ અને કોમર્સ કોલેજમાં એનએસએસ વિભાગ દ્વારા ઓરિયન્ટેશન કાર્યક્રમ યોજાયો સમગ્ર કાર્યક્રમ આચાર્યા શ્રીદેવીબેન દવેના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

વિનામૂલ્યે બહેનોનેએક્યુપ્રેસર પોઇન્ટથી સારવાર અપાશે

ભાવનગર : ડો.ચંદ્રિકાબેન સોની થેરાપી સેન્ટર અને મહિલા એક્યુપ્રેસર હોસ્પીટલ ભગવતી સર્કલ ખાતે તા. 10ને મંગળવારે 4 થી 7 બહેનોને હાથ, પગ, સાંધા, સાયટીકાના દુખાવા હ્રદય, કીડનીની તકલીફ તથા સંતાન પ્રાપ્તી માટે વિનામૂલ્યે કુદરતી ઉપચાર એક્યુપ્રેસર પોઇન્ટથી સારવાર આપવામાં આવશે.

બળવંત પારેખ વિજ્ઞાનનગરીમાં કિચન ગાર્ડન અંગે સેમીનાર યોજાશે

ભાવનગર : આપના ઘરના આંગણામાં ટેરેસ પર કે નજીકની ખુલ્લી જગ્યામાં શાકભાજી ફળ, ફુલ વગેરે ઓર્ગેનિક શાકભાજી વાવી તેને પર્યાવરણને બચાવવા મદદ કરી શકાય તાજા શાકભાજી મેળવી શકાય તેવા હેતુથી બળવંત પારેખ વિજ્ઞાનનગરી દ્વારા તા.31-7 મંગળવારે સાંજે 4 કલાકે ગાર્ડન અંગે સેમિનારનુ આયોજન કરેલ છે.

વિશુધ્ધાનંદ શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ

ભાવનગર : વિશુધ્ધાનંદ પ્રાથમિક શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ ઘોરણ 1 થી 5માં યોજાયો હતો. જેમા ધો.1ના વિદ્યાર્થીઓને આચાર્યએ સ્વાગત કરી આવકારેલ અને બાળકોને પ્રોત્સાહન પુરુ પાડેલ.

વિનામૂલ્યે મેડીકલ કેમ્પ,અનાજ અને ચશ્મા વિતરણ કરાશે

ભાવનગર : મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંજયભાઇ મનસુખલાલ શાહના સહયોગથી તા.5/8 રવિવારે સવારે 10 કલાકે એલઆઇજી 24 સોમનાથ મંદિર પાસે આનંદનગર ખાતે સંસ્થાના ગુલાબી કાર્ડ ધારકોને અનાજ વીતરણ તેમજ ઇલેશ આર.ગોસાઇ ના સ્મરણાર્થે હ.રાજેન્દ્રપુરી નારણપુરી ગોસાઇ પરિવાર તરફથી પ્રસાદ વિતરણ કરાશે.તેમજ સદગૃહસ્થોને ત્યાથી આવેલ કપડા, ધાર્મિક મેગેઝીન, પગરખા, ડબલા વિતરણ કરાશે તથા ડોકટર દર્દીને તપાસી વિનામૂલ્યે દવા અપાશે એક્યુપ્રેસરની સેવા પણ અપાશે રૂા.30ના ટોકન દરે ચશ્મા વિતરણ કરાશે. તેમજ પી.એન.આર. સોસા.ના સહયોગથી આંખોના મોતીયા, ઝામર,વેલ ઓપરેશન કરાવી અપાશે. તાપીબાઇ હોસ્પીટલના સહયોગથી હરસ, મસા, ભગંદરના ઓપરેશન કરાવી અપાશે.

ગૌભકત બડુદાદા સ્મૃતિ કામળીયાગોર દ્વારા પાટોત્સવ પ્રસંગે ઇનામો અપાશે

ભાવનગર : ગૌભકત બડુદાદા સ્મૃતિ કામળીયાગોર ચેરીટેબલ ટ્રસ્ટ કદમગીરી દ્વારા પરિવારના બાળકોને શૈક્ષણિક ઇનામો ચાલુ વર્ષે 2018ના આગામી પાટોત્સવ પ્રસંગે આપવામાં આવશે. તો પરિવારના તમામ બાળકોએ પોતે પાસ કરેલ છેલ્લી પરીક્ષાની માર્કશીટ કે જેમા 60 ટકા કે તેથી વધારે માર્કસ મેળવેલ હોય તેઓએ માર્કશીટની સારી ઝેરોક્ષ નકલ તા.30-9 સુધીમાં સંસ્થાના ચેરમેન મનુભાઇ આર જોશી ભાવનગર તેમજ હર્ષદભાઇ એન.જોશી શિહોરના સરનામે પહોચતી કરવાની રહેશે.બાદ મળેલ માર્કશીટ ધ્યાને લેવામાં આવશે નહી.

મહિલા ઉત્કર્ષ પ્રવૃતિ કાર્યક્રમ યોજાયો

ભાવનગર : ભાવનગર સમસ્ત મોઢ વણિક સમાજ ચેરી. ટ્રસ્ટ પ્રેરિત મહિલા મંડળ દ્વારા કોસમેટીકલ, ઘર ઉપયોગી વસ્તુઓ વિશે માહિતીપ્રદ નેટવર્ક માર્કેટીંગના સેમીનારનુ આયોજન કરવામાં આવેલ.

આંબાવાડી મહિલા સેવા સમાજ દ્વારા વિવિધ તાલીમ અપાશે

ભાવનગર : મહિલા સેવા સમાજમાં બહેનો તથા ગૃહિણીઓ માટે વિવિધ જાતના વર્ગો ચાલે છે. જેમા પાર્લર, શિવણ દરેક જાતના ભરતકામ, ફોલ છેડા, ફેશન ડિજાઇન વિગેરે, કોમ્પ્યુટરમાં ટેલી, સીસીસી, બાળકો માટે યોગ,ફિટનેશ, ચિત્ર, લોકગીત, લગ્નગીત ચાલે. 4 થી6મા સંપર્ક કરવો.

શિશુવિહારમાં દર્દી દેવોની ભાવના સાથે દર્દીની ફ્રીમાં તપાસ કરાશે

ભાવનગર : શિશુવિહાર સંસ્થા દ્વારા દર્દી દેવોભવની ભાવના સાથે સમાજ માટે કંઇક કરી છુટવાના સતત પ્રયત્નશીલ ડોકટરની સેવા સાથે જુના હઠીલા રોગો, સાંધાનો દુખાવો, ડાયાબીટીસ, સ્ત્રીરોગ, બાળરોગો તાવ માટે સોમવારથી શુક્રવાર સાંજે 4 થી 5-30 સેવા અપાશે.

પાલીવાલ જ્ઞાતિનો સન્માન સમારોહ

ભાવનગર : સમસ્ત પાલીવાલ જ્ઞાતિનો 32મો તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ અધેવાડા ભાવનગર સીતારામ બાપુના હસ્તે યોજાયો હતો. તળાજાના ધારાસભ્ય કનુભાઇએ હાજરી આપી હતી.

સિહોર તાલુકાના તેજસ્વી તારલાઓને સન્માનિત કરાશે

સિહોર બ્યુરો : સિહોર તાલુકા ક્ષત્રિય કારડિયા રાજપૂત યુવા સંઘ દ્વારા આગામી તા.26/8ને રવિવારે ધો.5થી 8માં એ ગ્રેડ મેળવનાર, ધો.9થી 12માં 60 ટકાથી વધુ ગુણ મેળવનાર, કોલેજ કક્ષાએ 50 ટકાથી વધુ ગુણ મેળવનાર,રાજય કે રાષ્ટ્ર કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ તેજસ્વી તારલાઓને સન્માનિત કરાશે.આ માટે સિહોર તાલુકાના દરેક ગામના ક્ષત્રિય કારડિયા રાજપૂત સમાજના વિદ્યાર્થીઓએ તા.11/8ને શનિવાર સુધીમાં પોતાના ગામના કારોબારી સભ્યને તેમજ સિહોર શહેરના વિદ્યાર્થીઓએ હરદેવસિંહ વાળા, પટેલ મેડિકલ સ્ટોર, વડલા ચોક, સિહોર તેમજ દીપશંગભાઇ ચૌહાણ, સંતકૃપા એગ્રો સેન્ટર, ટાઉન હોલ સામે,સિહોર ખાતે પહોંચતી કરવા જણાવાયું છે.

સિધ્ધિ નિયુકિતી

પાલિવાલ બ્રહ્મસમાજનું ગૌરવ વધારતી હિમાની જે. જાની

ભાવનગર : ધો. 12 (સાયન્સ)ની પરીક્ષા તળાજા તા.ની સથરાના હિમાની જયસુખભાઇ જાનીએ 99.42 પી.આર. સાથે નીટની પરીક્ષામાં 519 માર્કસ મેળવી પાલીવાળ સમાજનું ગૌરવ વધાર્યુ છે.

બેડમીન્ટન સ્પર્ધામાં રાજયકક્ષાએ પસંદગી પામતા પૂર્વ કૌશિકભાઇ

ભાવનગર : શાળાકીય રમતગમત સ્પર્ધા અં. 19 બેડમીન્ટન ભાઇઓની સ્પર્ધામાં બીએમ.કોમર્સ હાઇ.ના પટેલ પૂર્વએ જિલ્લાકક્ષાએ સુંદર રમત બતાવીને રાજયકક્ષા માટે પસંદગી પામ્યા છે.

મુસ્લીમ સિપાઇ સમાજનું ગૌરવ વધારતા તોફીક ફિરોજભાઇ બેલીમ

તળાજા બ્યુરો : સરકારી વિનયન કોલેજ તળાજાનાં તોફીક ફિરોજભાઇ બેલીમ એ એમ.કે. ભાવ. યુનિ બી.એ. સેમ.4 માં ઉચ્ચ ગુણાંક ફર્સ્ટકલાસ એ ગ્રેડ સાથે ઉર્તીણ થતા. કોલેજ પરિવારમાં ગૌરવની લાગણી પ્રસરેલ છે.

જવાહરનવોદય પરીક્ષામાં સિધ્ધિ મેળવતી દેહુતીબેન બલદાણીયા

ભાવનગર : તલગાજરડા પ્રા.શાળામાં અભ્યાસ કરતી દેહુતીબેન બલદાણીયાએ એપ્રીલ-18માં લેવાયેલ જવાહર નવોદય પરીક્ષા પાસ કરી ધો-6માં ત્રાપજ બંગલા નવોદય ભાવનગરમાં સિલેક્ટ થઇ શાળા ગામનુ ગૌરવ વધારેલ છે.

કલા મહાકુંભમાં બ્રહ્મસમાજનું ગૌરવ મેહુલકુમાર જોશી

ઉમરાળા બ્યુરો : તાજેતરમાં યોજાઇ ગયેલ કલા મહાકુંભમાં હાર્મોનિયમ વાદન સ્પર્ધામાં જોષી મેહુલકુમાર એમ. તાલુકા કક્ષાએ તેમજ ભાવનગર જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે આવીને ઉમરાળાનુ તેમજ બ્રહ્મસમાજનુ ગૌરવ વધારેલ છે.

કલા મહાકુંભમાં ઉમરાળા બ્રહ્મ સમાજનું ગૌરવ વધારતા વિદ્યાર્થઓ

ઉમરાળા બ્યુરો : તાજેતરમાં યોજાઇ ગયેલ કલા મહાકુંભમાં તબલા વાદન સ્પર્ધામાં જોષી માધવ મેહુલકુમાર તાલુકા કક્ષાએ પ્રથમ અને ભાવનગર જિલ્લા કક્ષાએ તૃતિય નંબરે આવીને ઉમરાળાનુ તેમજ બ્રહ્મસમાજનુ ગૌરવ વધારેલ છે.

પ્રખરતા શોધ કસોટીમાં બેલુર વિદ્યાલયનાં તારલાઓ

મહુવા બ્યુરો : પ્રખરતા શોધ કસોટી 2017-18માં મહુવાની બેલુર વિદ્યાલયના 7 બાળકોએ ટોપ-10માં શાળા અગ્રેસર રહી છે. ચોથા ક્રમે મહેતા જહાનવી એન., પાંચમાં ક્રમે બાંભણીયા આકાશ જે., મહેતા જહાનવી એન., પાલ કંદ્રા જી., છઠ્ઠા ક્રમે નકુમ ધ્રુવિશા, સાતમાં ક્રમે ગુજ્જર આકાશ વી., લાડુમોર ચિરાગ એમ. આમ સાત બાળકો સમગ્ર બોર્ડમાં ટોપ-10માં સામેલ થઇ શાળા, મહુવા તથા ભાવનગર જીલ્લા સાથે પોતાના પરિવારનું ગૌરવ વધારેલ.

લગ્નગીતની સ્પર્ધામાં શાળા નં.70એ મેદાન માર્યુ

ભાવનગર : કલા મહાકુંભ અંતર્ગત તાજેતરમાં યોજાયેલી લગ્નગીતની સ્પર્ધામાં ભાવનગર મ્યુનિ.ની શાળા નં.70 ની શિક્ષિકાઓએ પ્રથમ સ્થાન મેળવીને તથા 6 થી 14 વર્ષના વિભાગમાં વિદ્યાર્થી"એ દ્વિતીય નંબર પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યુ છે.

શ્રીમાળી સોની જ્ઞાતિનું ગૌરવ વધારતા માતા-પુત્રી

ભાવનગર : IIFD ડાન્સ એકેડમી દ્વારા શહેરમાં અનસ્ટોપેબલ શિર્ષક તળે યોજાયેલા મેગા ફેશન એન્ડ ડાન્સના ઇવેન્ટની ઓડિશનમાં સ્વામિનારાયણ ગુરૂકુળની ધો.5ની મિશ્રી જગદીશભાઇ ધોળકીયા તથા તેણીના માતા નિશાબહેનએ પણ ભાગ લીધો હતો.

ઓમ પરિવાર દ્વારા અંધ ઉદ્યોગશાળામાં ભોજન અપાયું

ભાવનગર : ઓમ પરિવાર, શિવાજી સર્કલ દ્વારા તાજેતરમાં શહેરની અંધ ઉદ્યોગશાળાના બાળકો અને સ્ટાફ માટે ભોજનસમારંભનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

સૌરાષ્ટ્ર સમાચાર ને જણાવો

તમારા સમાજ-સંસ્થા, ધર્મ કે તમારી આસપાસ બનતી નાની-મોટી ઉજવણીઓને આ પાના પર સમાવવા માટે નીચે આપેલા ઇ-મેઇલ આઇડી પર ફોટો સાથે વિગત મોકલી આપો

ssamachar@gmail.com

અથવા નીચેના સરનામે મોકલી આપો

મુખ્ય ઓફિસ : સૌરાષ્ટ્ર સમાચાર, 4, GIDC ચિત્રા ભાવનગર

સિટી ઓફિસ : સૌરાષ્ટ્ર સમાચાર હાઇકોર્ટ રોડ, ભાવનગર.


एक्सेल एंटरटेनमेंट
प्रस्तुत
२०० साल
की गुलामी
का बदला
गोल्ड
वो ख्वाब जिसने हमारे पूरे देश को एक साथ जोड़ दिया
निर्माता रितेश सिधवानी एवं फरहान अख्तर
लेखक एवं निर्देशक रीमा कागती
१५ अगस्त

અનુસંધાન

પહેલાં પાનાનું ચાલું...

શાળા-સરકાર...

અચાનક રદ કરી દેવામાં આવ્યો હતો ત્યારે હવે ફરીથી 2018માં નવરાત્રિ વેકેશનની ફરીથી શરૂઆત કરવાનું કારણ શું તેવો વેધક સવાલ તેઓએ સરકારને કર્યો હતો. તેમજ ભરાડે એમ પણ કહ્યું હતું કે, શિક્ષણવિભાગે પ્રથમ કસોટીનું કેલેન્ડર જાહેર કર્યું છે.

દરમિયાનમાં રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી વિભાવરી દવેએ કહ્યું હતું કે, કોંગ્રેસે જેએનયુમાં દેશ વિરોધી તત્વોને સમર્થન આપ્યું ત્યારે પ્રજાને પૂછ્યું હતું તેવો પ્રશ્ન કોંગ્રેસને પૂછ્યો હતો.

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું હતું કે, સરકારે વાલીઓ-સંચાલકો સાથે પરામર્શ કર્યા વગર નિર્ણય લીધો હોવાથી અત્યારે વિરોધ બહાર આવી રહ્યો છે. સરકારે વેકેશન જાહેર કરવાને બદલે શિક્ષણનું સ્તર કઈરીતે સુધરે તેવો પ્રયાસ કરવા જોઈએ.

આસામમાં 40 લાખ...

થવા સુધી યથાસ્થિતિ જળવાઈ રહેશે. દરમિયાન સાવધાનીરૂપે આસામના બધા જ 33 જિલ્લાઓમાં કલમ 144 લાગુ કરી દેવાઈ છે. આસામનાં પડોશી રાજ્યોએ સરહદો પર ઘૂસણખોરી રોકવા પગલાં લીધા છે. કેન્દ્રીય સશસ્ત્ર દળોની 220 કંપનીઓ પણ આસામ અને પડોશી રાજ્યોમાં નિયુક્ત કરાઈ છે. આસામ ભારતનું પહેલું રાજ્ય છે, જ્યાં 1951 બાદ એનઆરસી અપડેટ કરાઈ રહ્યું છે. તેમાં 24 માર્ચ, 1971ની અડધી રાત સુધી ભારતીય સરહદમાં દાખલ થયેલા લોકોને ભારતીય નાગરિક માનવામાં આવી રહ્યા છે. પહેલો ડ્રાફ્ટ 31 ડિસેમ્બર અને 1 જાન્યુઆરી વચ્ચેની રાતે જાહેર થયો હતો. તેમાં 1.9 કરોડ લોકોના નામ હતા.

અંતિમ ડ્રાફ્ટ ફાઈનલ એનઆરસી બાદ આવશે : ભારતના રજિસ્ટ્રાર જનરલ શૈલેશે એનઆરસી જાહેર કર્યો છે. તેમણે કહ્યું કે આ ફાઈનલ એનઆરસી નથી, અંતિમ ડ્રાફ્ટ છે. દાવા અને વાંધાઓ માટે લોકોને 7 ઓગસ્ટથી ફોર્મ મળશે. 30 ઓગસ્ટથી 28 સપ્ટેમ્બર સુધી દાવા અને વાંધાઓ લેવાશે. ત્યાં સુધી યથાસ્થિતિ રહેશે. ફાઈનલ એનઆરસીના પ્રકાશનની તારીખ રિવ્યૂ પર આવનારી અરજીઓ પર નિર્ભર રહેશે.

40 લાખ લોકોને અલગ અલગ કારણ જણાવાશે : NRCના સ્ટેટ કો-ઓર્ડિનેટર પ્રતીક હજેલાએ કહ્યું કે 40 લાખ લોકોને છોડવાનું કારણ જાહેર નહીં કરાય. લોકોને અલગ અલગ માહિતી અપાશે. NRC સેવા કેન્દ્રો પર તેઓ તેનું કારણ જાણી શકશે. લોકોને પત્રો પણ મોકલાશે. સુપ્રીમકોર્ટે 4 કેટેગરીની પાત્રતા હોલ્ડ પર રાખી હતી. આ કેટેગરી છે - ડી (શંકાસ્પદ) મતદારો, ડી વોટર્સના વંશજ, જેમના કેસ વિદેશી નાગરિક ટ્રિબ્યુનલમાં પેન્ડિંગ છે તે અને તેમના વંશજ. દાવા-વાંધા દરમિયાન અંતિમ ડ્રાફ્ટમાંથી નામ હટી શકે છે.

રાજનાથે કહ્યું - કેટલાક ભયનું વાતાવરણ બનાવે છે : એનઆરસીમાં 40 લાખ નામ છોડી દેવા પર સોમવારે સંસદમાં હોબાળો થયો. લોકસભામાં શૂન્યકાળમાં મુદ્દો ઊઠતા ગૃહમંત્રી રાજનાથ સિંહે કહ્યું કે એનઆરસીમાં સરકારની કોઈ ભૂમિકા નથી. સુપ્રીમકોર્ટના નિરીક્ષણમાં તે કામગીરી ચાલે છે. જેમના નામ છૂટ્યા છે, તેમને તક અપાશે. આ સંવેદનશીલ મુદ્દે વિપક્ષ રાજકારણ ન કરે. કેટલાક લોકો બિનજરૂરી ભયનું વાતાવરણ પેદા કરી રહ્યા છે. તેમના જવાબથી અસંતુષ્ટ વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યો.

છેલ્લાં પાનાનું ચાલું...

PSI વિરૂધ્ધ...

સીનીયર સીટીજનનું અપમાન કરી તેઓની સાથે જે રીતે અમાનવીય વર્તન કરવામાં આવ્યું છે. તેનાથી માલધારી સમાજ લાલઘુમ થઈ ગયો હતો અને પીએસઆઈ વિરુધ્ધ કડકમાં કડક કાર્યવાહી હાથ ધરવા માંગ કરવામા આવી છે.

પતિના ત્રાસથી...

મૃત જાહેર કર્યા હતા. જયારે ત્રીજા બનાવમાં મુળ વાઢડા (તા.ધંધુકા) ના વતની અને હાલ ઉમરાળા તાલુકાના ચભાડીયા ગામે આવેલ હકાભાઈની વાડીમાં ભાગીયા તરીકે કામ કરતા જેન્તીભાઈ સોલંકીની દિકરી આરતીબેન (ઉ.વ.18) એ ઝેરી દવા વાળા વાસણમાં પાણી પી લેતા તેણીને સારવાર્થે ભાવનગર સર ટી.હોસ્પીટલમા ખસેડાઈ હતી. જયા સારવાર દરમ્યાન તેણીનુ મોત નીપજયુ હતુ.

ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવતા પૂર્વે જાહેર નોટીસ

ભાવનગર જીલ્લાના ઘોઘા તાલુકાના મોજે અવાણીયા ગામના રેવન્યુ **સર્વે નં. ૪૮૮/૧-૨-૩ ની ખાતા નં. ૩૯ ની ૧-૭૭-૦૫ હે-આરે-ચો.મી.** ની ખેતીની જમીન કીરીટસિંહ નાથુભા વારસાઈ રૂઈએ ધારણ કરતા હતા. તેમનું તા.૧૭-૦૫-૨૦૧૨ ના રોજ અવસાન થતા તેમના સીધીલીટીના વારસદારો (૧) પ્રભાતબા કીરીટસિંહ (૨) વિરેન્દ્રસિંહ કીરીટસિંહ (૩) વિજયસિંહ કીરીટસિંહ તથા (૪) પ્રફુલ્લાબા કીરીટસિંહ ગામ નમૂના નં. ૬ ના નોંધ નં. ૩૪૬૫ તા. ૨૧-૦૭-૨૦૧૨ મુજબ વારસાઈથી ધારણ કરે છે અને કબજો ભોગવટો ધરાવે છે. સદરહુ ખેતીની જમીન અમારા અસીલને ચોખ્ખા હકક સાથે ખાલી કબજે વેચાણ આપવા સોદો કરેલ છે.

આમ ઉપરોકત મિલકત અંગેના વેચાણ, ટાઈટલ, કબજા હકક અંગે કોઈ વાંધો કે તકરાર હોય કે કોઈ વ્યકિત, પેઢી, એચ. યુ. એફ., સંસ્થા, બેન્ક, સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ વિગેરેનું કોઈપણ પ્રકારનું ઉપરોકત મિલકતમાં લ્હેણુ હોય કે કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો સમાયેલ હોય કે ટાઈટલ હકક અંગે કે વેચાણ અંગે કોઈ વાંધો કે તકરાર હોય કે અન્ય કોઈપણ પ્રકારનું હિત સમાયેલ હોય તો તેના યોગ્ય આધાર - પુરાવા સાથે રજી. એ.ડી.થી અથવા રૂબરૂ નીચે જણાવેલ સરનામે દિન-૭ માં મોકલી આપવા. તેવી જાણ નહી કર્યેથી તેઓએ ઉપરોકત મિલકત ઉપર પોતાનો હકક, હિત, હિસ્સો કે વાંધાઓ કે તકરાર વિગેરે રહેલ નથી તેમજ તે જતા (WAIVE) કરેલ છે તેમ માનીને વેચાણ અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

ભાવનગર
તા. ૩૧-૭-૨૦૧૮
હે. રજા માળે, તુલસી ચેમ્બર,
પીરછલ્લા રોડ,
ભાવનગર - ૩૬૪૦૦૧

અસીલની સુચનાનુસાર
ભરત જે. દવે
એડવોકેટ

SOHAM

જાહેર ચેતવણી

શહેર ભાવનગરમાં રૂવાપરી માતાજીના મંદીર તરફ જતા તે રસ્તેથી પુર્વ પારસીનાં ભીસ્તા તરફ જતા બોન ફેકટરી નામથી ઓળખાતી જગ્યા જેનો સીટી સર્વે વોર્ડ નં. ૪, શીટ નં. ૨૩, સર્વે નં. ૩૦૨, જે માહે આવેલ મીલકતનો મ્યુની. ઘર નં. માણેકવાડી વોર્ડ -૧૮/૧૬૩૬/૦૦૦૧/૧ થી આવેલ છે. હાલ ત્યાં "ધી સ્ટીલ કાસ્ટ" પ્રા.લી.કંપની આવેલ છે જેના મેનેજીંગ ડીરેકટર શ્રી તંબોલી ચેતનભાઈ મનમોહનભાઈ છે તે મીલકતની જાહેર ચેતવણીની નોટીસ

ભાવનગર શહેરમાં રૂવાપરી માતાજીના મંદીર તરફ જતા તે રસ્તેથી પુર્વ પારસીના ભીસ્તા તરફ જતા બોન ફેકટરી નામથી ઓળખાતી જગ્યા પ્લોટ નં. એફ-૨૬, સીટી સર્વે રેકર્ડ મુજબ ૨૧૩૯૯.૮૯ ચો.મી છે. જે જગ્યા સીટી સર્વે વોર્ડ નં. ૪, શીટ નં. ૨૩, સર્વે નં. ૩૦૨ થી નોંધાયેલ છે. તથા તે જમીન ઉપર આશરે ૬૯.૭૦ ચો.મી બાંધકામ વાળી મીલકત આવેલ છે, જેનો મ્યુની. ઘર નં. માણેકવાડી વોર્ડ નં- ૧૮/૧૬૩૬/૦૦૦૧/૧ છે. સદરહુ જમીન અમો રાઓલ વીજયરાજસિંહજી વીરભદ્રસિંહજી ભાવનગર સંસ્થાનના ભુતપુર્વ રાજવીના વારસદાર, ઉતરાધીકારી, વહીવટદાર છે. નીલમબાગ પેલેસ, ભાવનગર ના ઓએ ભાવનગરના નામદાર પ્રીન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દી.કેસ નં. ૪૪/૧૮થી (૧) મે.દારબશાબીખર શેઠજી સન્સવાળા મે.રૂસ્તમજી એન્ડ ફીરોજશાદારાશા (૨) ભાવનગર બોન એન્ડ ફર્ટીલાઈઝર્સ કું. પ્રા. લિ. (૩) ધી સ્ટીલ કાસ્ટ પ્રા. લિ. (૪) શ્રી તંબોલી ચેતનભાઈ મનમોહનભાઈ (૫) ભાવનગર મહાનગર પાલીકા (૬) કલેકટર શ્રી ભાવનગર વીરૂધ્ધ દાવો દાખલ કરેલ છે. સદરહુ મીલકત અમોના વડવાઓએ જે તે સમયે દેશી રજવાડા વખતે ભાવનગર રાજયના વીકાસ માટે સને ૧૯૩૪માં ખાસ હેતુ માટે શરતી સદર જગ્યા બોન ફેકટરી માટે મે. દારબશાબીખર શેઠજી સન્સવાળા મે. રૂસ્તમજી એન્ડ ફીરોજશાદારાશાને ભાડાપટ્ટાથી જમીન શરતથી એટલે કે ચોક્કસ શરતોને આધીન બીન તબદીલીને પાત્ર અને તબદીલ કરવાના કીસ્સામાં પુર્વ મંજુરીને આધીન આપવામાં આવેલ. પરંતુ ત્યારબાદ કાયદા વીરૂધ્ધ કોઈપણ જાતની માલીકની પુર્વ મંજુરી વગર શરતોનો ભંગ કરી સદર જમીન ભાવનગર બોન એન્ડ ફર્ટીલાઈઝર કું. પ્રા.લી જે "સ્ટીલ કાસ્ટ પ્રા.લી " ના મેનેજીંગ ડીરેકટર શ્રી તંબોલી ચેતનભાઈ મનમોહનભાઈના ઓ એ જે વ્યવહારો કરેલ છે તે વ્યવહારો રદ બાતલ ઠરાવવા અને શરત ભંગ થતો હોય સદર મીલકત અમો રાઓલ વીજયરાજસિંહજી વીરભદ્રસિંહજી કે જેઓ ભાવનગર સંસ્થાનના વારસદાર,ઉતરાધીકારી તથા વહીવટદાર હોય તેઓને સદર મીલકત પરત મેળવવા હકક આધીકાર હોય અને તેથી સદર વ્યવહારો રદ બાતલ ઠરાવી પુનઃકબજો માલીકી પુનઃસ્થાપીત થવા હુકમ મેળવવા નામદાર અદાલતમાં તા. ૨૦/૦૬/૧૮ના રોજ દાવો દાખલ કરેલ છે અને નામદાર કોર્ટ પ્રતિવાદીઓ વીરૂધ્ધ નોટીસ જારી કરવાનો હુકમ ફરમાવેલ છે. અમોએ અગાઉ તા.૨૨/૬/૧૮ના રોજ સૌરાષ્ટ્ર સમાચાર દૈનિક પત્રમાં સદર મીલકત બાબતે જાહેર ચેતવણી પ્રસિદ્ધ કરાવેલ હતી તેમ છતા હાલમાં અમોને જાણકારી મળેલ છે કે ઉપરોકત જણાવેલ મિલકત અન્ય કોઈ વ્યકિતઓને ગેરકાયદેસર રીતે વેચાણ કરવાની પેરવી કરી રહ્યા છે તેમજ વેચાણ અંગેના વાટાઘાટો કરી રહ્યા છે જો કોઈ વ્યકિત કે સંસ્થા કે પ્રતિનિધિ આ મિલકત વેચવાની કે કોઈ પક્ષ ખરીદવાના વાટાઘાટો કરશે તો તેમની સામે ફોજદારી રાહે પગલા ભરવાની ફરજ પડશે જેની ખાસ નોંધ લેવી.

સ્થળ : ભાવનગર.
તા.૩૦/૭/૨૦૧૮

રાઓલ વિજયરાજસિંહજી
વિરભદ્રસિંહજી

ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા

सीमा शुल्क प्रधान आयुक्त का कार्यालय
OFFICE OF THE COMMISSIONER OF CUSTOMS
सीमा शुल्क भवन, नवरंगपुरा, अहमदाबाद, 380009
CUSTOMS HOUSE, NAVARANGPURA, AHMEDABAD, 380009

पेंशन अदालत / Pension Adalat

मुख्य आयुक्त, सीमा शुल्क, गुजरात जोन, अहमदाबाद के कार्यालय के अधिकार क्षेत्र के तहत गुजरात सीमा शुल्क के सेवानिवृत्त कर्मचारियों के लिए दिनांक 06.08.2018 अपराह्न 3 बजे को सीमा शुल्क भवन, आकाशवाणी के समीप, नवरंगपुरा-380009 के सभागार/प्रशिक्षण कक्ष में पेंशनभोगियों की शिकायतों के त्वरित समाधान हेतु पेंशन अदालत लगाया जाएगा।

सीमा शुल्क के सभी पेंशनभोगी जिनके पास उनकी पेंशन से संबंधित कोई भी शिकायतें हैं, वो अपनी शिकायतें दिनांक 01.08.2018 तक अपर आयुक्त (कावस), सीमा शुल्क, अहमदाबाद को भेज सकते हैं, जिनका कार्यालय प्रथम तल, सीमा शुल्क भवन, आकाशवाणी के समीप, नवरंगपुरा, अहमदाबाद - 380009 में स्थित है।

A PENSION ADALAT for the retired employees of Gujarat Customs under the jurisdiction of the Office of the Chief Commissioner, Customs, Gujarat Zone, Ahmedabad will be held on 06.08.2018 at the Conference/ Training Hall of Customs House, near All India Radio, Navrangpura, Ahmedabad-380009 on 15:00 Hrs. onwards for the prompt resolution of pensioners' grievances.

All the pensioners of Customs who have any grievances relating to their pension may send their complaint/grievance to the Additional Commissioner (P&V), Customs, Ahmedabad having his office at 1st floor Custom House, Near All India Radio, Navrangpura, Ahmedabad-380009 latest by 01.08.2018.

F.No.III/25-06/CUS-CAO/Pension-Adalat/2018-19
दिनांक:30.07.2018
स्थान- अहमदाबाद / Ahmedabad

अपर आयुक्त (कावस),
सीमा शुल्क, अहमदाबाद

ડ્રેનેજ વિભાગ
મહાનગરપાલિકા
ભાવનગર

ટૂંકી મુદતની જાહેર નિવિદા

ડ્રેનેજ વિભાગના કામોની ટકાવારી (પરસન્ટેજરેટ)થી સરદારનગર સર્કલથી શિવાજી સર્કલ તરફ જતા રોડ પર ડ્રેનેજ લાઈન નાખવાના કામની વિગતવાર જાહેર નિવિદા કોન્ટ્રાકટરોને જાણ માટે ભાવનગર મ્યુ. કોર્પો.ના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ ઓનલાઈન ટેન્ડરો http://nprocure.com વેબસાઈટ ઉપરથી તા.૩૧/૦૭/૨૦૧૮ થી તા.૦૯/૦૮/૨૦૧૮ સાંજના ૧૭-૦૦ કલાક સુધી ઉપલબ્ધ થશે. તેમજ www.bmcgujarat.com પર પણ જોઈ શકાશે. તેમજ તા.૧૫/૦૮/૨૦૧૮ના રોજ સાંજના ૧૭-૩૦ કલાક ઓન-લાઈન ટેન્ડર ખોલવામાં આવશે.

D.M. Pandya
કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ)
મહાનગરપાલિકા,ભાવનગર.

એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ

બીજો માળ, એસીપીસી બિલ્ડીંગ, એલ.ડી.એન્જી. કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ

ડિપ્લોમા અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકો પર પ્રવેશ બાબતે પ્રવેશ વર્ષ. ૨૦૧૮

શૈક્ષણિક વર્ષ 2018-19 ની પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમોની પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. 27/07/2018 ના રોજ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવે છે. ત્યારબાદ ખાલી રહેલ બેઠકો ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ કોલેજો/સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ), એક્ટ 2007 ના નિયમ 22 "ખાલી બેઠકો" મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનિકલ શિક્ષણ સંચનાલયના તાબા હેઠળની ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર/PPP સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકોનો પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે.

ક્રમ	વિગત	તારીખ
1	અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેઓ માટે નિર્ધારીત કરેલ કોટેક મહિન્દ્રા બેન્ક ની શાખા પરથી PIN અને બુકલેટ વિતરણ તેમજ હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઇન રજીસ્ટ્રેશન ની કાર્યવાહી (બેંક ની શાખાઓ અને હેલ્પ સેન્ટર ની વિગત www.acpdc.in અને www.gujdiploma.nic.in)	01/08/2018 થી 03/08/2018
2	સરકારી/અનુદાનિત સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકો પર પ્રવેશ મેળવવા ઇચ્છુક મેરીટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે સંમતિ	01/08/2018 થી 03/08/2018
3	નિયમ 22 મુજબ મેરીટ યાદી ની પ્રસિધ્ધિ (www.acpdc.in)	06/08/2018
4	સરકારી/અનુદાનિત સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકો પર પ્રવેશ માટે એસીપીડીસી સમિતિ ખાતે રૂબરૂ મુલાકાત નો કાર્યક્રમ (www.acpdc.in પર વિગતવાર કાર્યક્રમ તા. 06/08/2018 ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવશે.)	07/08/2018 થી 09/08/2018
5	સ્વનિર્ભર/PPP સંસ્થા ખાતે ખાલી રહેલ બેઠકો માટે જે તે સંસ્થા ખાતે રૂબરૂ કાઉન્સિલીગ કાર્યક્રમ	07/08/2018 થી 10/08/2018

તા. 30/07/2018 -મેમ્બર સેક્રેટરી

શ્રધ્ધાંજલી

શ્રધ્ધાંજલી

બેસણું

અમારા માતૃશ્રી **સ્વ. મણીબેન જયંતિભાઈ પંડ્યા** તા. ૨૪-૭-૨૦૧૮ ને મંગળવાર ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ. સદ્દગતશ્રીનું બેસણું તા.૦૨-૦૮-૨૦૧૮ ને ગુરૂવાર ના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : વાણીયાની વાડી, દ્વારકાધીશ મંદિરની બાજુમાં, મુ.વસઈ, તા. વિજાપુર, જી.મહેસાણા

પંડ્યા હસમુખભાઈ જયંતિલાલ (પુત્ર) | પંડ્યા પ્રકાશકુમાર જયંતિલાલ (પુત્ર)
પંડ્યા ભુપેન્દ્રકુમાર જયંતિલાલ (પુત્ર) | પંડ્યા રાકેશકુમાર જયંતિલાલ (પુત્ર)

તથા સમસ્ત પંડ્યા પરિવાર મો. ૯૯૧૩૭ ૨૪૩૧૦

શ્રધ્ધાંજલી



શ્રધ્ધાંજલી

શ્રધ્ધાંજલી

શ્રધ્ધાંજલિ

શ્રધ્ધાંજલી...

સ્વ. શારદાબેન મનુભાઈ ગલાણી

સ્વર્ગવાસ તા. ૨૯-૭-૨૦૧૮, રવિવાર

આપનાં પરોપકારી અને દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના અંતરથી.

- દુલાભાઈ દેવરાજભાઈ ઈંટાલીયા
- શરદભાઈ દુલાભાઈ ઈંટાલીયા
- ભુપતભાઈ ભીખાભાઈ દેસાઈ
- વિજયભાઈ હકાભાઈ આલગોતર
- સુરેશભાઈ કરમશીભાઈ ડોંડા
- ચિરાગ ભુપતભાઈ દેસાઈ
- મુકેશભાઈ મનુભાઈ ગલાણી
- ધવલ રમેશભાઈ સવાણી
- દિનેશભાઈ ભીખાભાઈ દેસાઈ
- હર્ષ મુકેશભાઈ ગલાણી

શ્રી આલેખ ગ્રુપ

• બેસણું •

તા. ૩૧-૭-૨૦૧૮, મંગળવાર ❖ સમય : બપોરે ૩ થી ૫
સ્થળ : શ્રી આલેખ કોમ્યુનિટી હોલ, લીલા સર્કલ, સીદસર રોડ, ભાવનગર.

VIVEK-3004142

શ્રધ્ધાંજલી

સ્વ.શારદાબેન મનુભાઈ ગલાણી

અવસાન તા.૨૯/૦૭/૨૦૧૮ રવિવાર

જીવન એવુ જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા. આપનો નિખાલસ અને આનંદી સ્વભાવ હસતો ચહેરો અમારા હૃદયમા રહેશે. પ્રભુ તેમના દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે તેવી ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના.

પંકજભાઈ મનુભાઈ ગલાણી
મુકેશભાઈ મનુભાઈ ગલાણી (પટેલ)
ગલાણી પરિવાર (સરંભડા)ના જયશ્રી કૃષ્ણ
S.S. Etractors, Ankleshwar
Shree Aalekh Group, Bhavnagar

સદ્દગતનું બેસણું ભાવનગર
તા.૩૧/૦૭/૨૦૧૮ (મંગળવાર) સમય : બપોરે ૩ થી ૫
સ્થળ : 'શ્રી આલેખ',
કોમ્યુનિટી હોલ, લીલાસર્કલ, સીદસર રોડ, ભાવનગર.

અંકલેશ્વર : તા.૦૨/૦૮/૨૦૧૮ (ગુરુવાર)
સમય : સવારે ૯ થી ૧૧, સ્થળ : સરદાર ભવન,
પટેલ સમાજની વાડી, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

Prowel

તેરમી પુણ્યતિથીએ || આદરવંદના || | આઠમી પુણ્યતિથીએ || આદરવંદના ||

સ્વ. મુળજીભાઈ નાનાલાલ પટેલ
(મંડપ કોન્ટ્રાકટર)
સ્વ. તા. ૩૧-૭-૨૦૦૫ (ઉ.વ.૮૫)

સ્વ. રમાબેન મુળજીભાઈ પટેલ
સ્વ. તા. ૨૩-૭-૨૦૧૦
(ઉ.વ.૮૦)

પરિવારમાં પ્રેમસભર સ્થાન આપનું, સ્નેહીજનોમાં સૌથી પહેલું સ્થાન આપનું, વત્સલ હૃદયના વહાલ વરસાવતા, અમી ભરેલ આંખોના હેત છલકાવતા ક્યાં ગયા એ દિવસ ક્યાં મલકાવતા ! યાદ કરીએ બસ અસ્તિત્વ આપનું,રહેશે અમર સ્મૃતિ અને કર્તવ્ય આપનું, ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

- ગિરીશભાઈ મુળજીભાઈ પટેલ
- કિશોરીબેન ગિરીશભાઈ પટેલ
- માલવ ગિરીશભાઈ પટેલ

મંડપ કોન્ટ્રાકટર - પટેલ મુળજી નાનાલાલ પરિવાર

VIVEK-3004142

મહુવામાં કાયમી સબરજીસ્ટ્રારના અભાવે હાલાકી

મહુવા બ્યુરો | 30 જુલાઇ

મહુવા સબરજીસ્ટ્રાર કચેરીમાં કાયમી અધિકારીની જગ્યા લાંબા સમયથી ખાલી હોય લોકોને મુશ્કેલી પડી રહી છે. વસતિ અને વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટા તાલુકામાં વહેલી તકે કાયમી સબ રજીસ્ટ્રારની નિમણુંક કરવા માંગ ઉઠી છે.

મહુવા સબ રજીસ્ટ્રાર કચેરીમાં સબ રજીસ્ટ્રાર તરીકે કોઈ કાયમી અધિકારીની નિમણુંક છેલ્લા ચાર માસથી થઈ ન હોય ભાવનગરથી કલાર્ક તરીકે કામ કરતાં હોય તેવી વ્યકિતને સબ રજીસ્ટ્રાર તરીકેના ચાર્જમાં મુકાય છે. ચાર્જવાળા સબ રજીસ્ટ્રાર પાસે દસ્તાવેજી કામનું પુરતું જ્ઞાન ન હોવાના કારણે અનેક અગત્યના દસ્તાવેજોમાં ભારે ગુંચવણો ઉભી થઈ રહી છે તેમજ રોજ-બરોજ પ્રશ્નો ઉભા થઈ રહ્યાં છે મહુવામાં વધારે કામગીરી હોય છે. વળી આ કચેરીમાં કામ કરતાં કલાર્કની બદલી થયા પછી પણ કોઈની નિમણુંક થયેલ નથી કામનો ખુબજ ભરાવો હોવાના કારણે મોટી રકમના દસ્તાવેજો, ઈન્ડેક્ષો અને નકલો અરજદારોને સમયસર મળતાં નથી, મહુવાની દસ્તાવેજી કામગીરી જોતાં કોઈ અનુભવી ઓફીસરની નિમણુંક વહેલી તકે કરવામાં આવે તેવી અરજદારોમાં માંગ ઉભી થવા પામી છે.

ઘોઘા તાલુકા પંચાયતમાં ચેરમેનોની વરણી કરાઈ

ઘોઘા | 30 જુલાઈ

તાજેતરમાં ઘોઘા તાલુકા પંચાયતની સામાન્ય સભા મળેલ જેમાં કારોબારી ચેરમેન તરીકે વનરાજસિંહ ગોહિલ (સાણોદર) તથા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે નુરજહાબાનુ સોહિલભાઈ મકવા (ઘોઘા)ની વરણી કરવામાં આવેલ.

ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા

https://www.eprocure.gov.in/ (2) https://www.fci.gov.in/

HIMACHAL PRADESH SWASTHYA BIMA YOJNA SOCIETY
DEPARTMENT OF HEALTH & FAMILY WELFARE
THAKUR VILLA, KASUMPTI, SHIMLA-171009
TELEPHONE: 0177-2629840

No.I Dated: 30.07.2018

TENDER NOTICE

Competitive bids are invited from **Third Party Administrators (TPAs) as implementation Support Agency** who are registered with Insurance Regulatory & Development Authority of India (IRDAI) having experience in medical claim processing, for implementation of Ayushman Bharat-Pradhan Mantri Rashtriya Swasthya Suraksha Mission (AB- NHPM) in Himachal Pradesh for eligible families of all the 12 Districts. The tender document may be downloaded from website **www.hpsbys.in** and **www.hphealth.nic.in**. The tender document can also be obtained in person from the office of Society from the date of issue on any working day between 10.30AM to 4.30PM against a payment of Rs. 500/-.

The technical bids will be evaluated by a Committee and financial bids of only the technically qualified bidders will be opened in the presence of the successful bidders by the Committee. The last date for submission of bids is **25.08.2018 up to 12.00 Noon.** Any bid not received on or before schedule date and time, will not be accepted. The completed bid documents should be submitted at the following address:

Chief Executive Officer
HP Swasthya Bima Yojna Society
Thakur Villa, Opposite Jal Bhawan, Kasumpti, Shimla-171009.
Phone Number: 01772629840
Email: snoabnhpm.hp@gmail.com

All correspondence/communication regarding Mission should be made on the above address. The Authority reserves the right to accept or reject any bid without assigning any reason thereof.

0281/2018-19 Him Suchna Avam Jan Sampark

યૌન સમસ્યાઓ
9348195201, 7787817298

સમરી દાવાનો જાહેર સમન્સ
બોર્ડ ઓફ રજીસ્ટ્રાર્સ નોમીનીઝ, ભાવનગર.

સરનામું : રૂમ નં.એસ-૮, બીજા માળે, બહુમાળી ભવન, ભાવનગર.

ગુજરાત કો-ઓપ. સોસાયટી એક્ટની કલમ - ૯૯(૪) મુજબ

ડીસ્પ્યુટન્ટ (વાદી) : - શ્રી ભાવનગર નાગરીક સહકારી બેંક લિ., ભાવનગર.

વિરૂદ્ધ

સામાવાળા (પ્રતિવાદી) :- નીચે મુજબની વિગતે

ક્રમ	સમરી દાવા નંબર	પ્ર.વા. નંબર	પ્રતિવાદીનું નામ	કયા દરજ્જે	દાવાની રકમ
૧	૭૬/૧૭	૧	જાહીદભાઈ બાબુભાઈ હબીબાણી	મૂળ કરજદાર	૩,૭૧,૬૮૨.૧૬/-
૨	૭૬/૧૭	૩	ઈમરાનભાઈ હુસેનભાઈ દલ	જામીન દરજ્જે	૩,૭૧,૬૮૨.૧૬/-
૩	૭૬/૧૭	૪	બાબુભાઈ નુરાભાઈ હબીબાણી	જામીન દરજ્જે	૩,૭૧,૬૮૨.૧૬/-
૪	૭૬/૧૭	૫	ફ્રેયાબેન બાબુભાઈ હબીબાણી	જામીન દરજ્જે	૩,૭૧,૬૮૨.૧૬/-
૫	૭૪/૧૭	૨	ફારૂકભાઈ એહમદભાઈ ખોખર	જામીન દરજ્જે	૫૦૦૭/-
૬	૭૪/૧૭	૩	પ્રવિણભાઈ કેશુભાઈ વીસા	જામીન દરજ્જે	૫૦૦૭/-
૭	૨૩/૧૮	૪	વાડીયા કોર્પો.ના ભાગીદાર ગનીભાઈ ઇબ્રાહીમભાઈ શેખ	જામીન દરજ્જે	૧૦,૨૨,૧૪૬/-
૮	૨૩/૧૮	૫	વાડીયા કોર્પો.ના ભાગીદાર મુસ્તાકભાઈ ગનીભાઈ શેખ	જામીન દરજ્જે	૧૦,૨૨,૧૪૬/-
૯	૨૨/૧૮	૪	જમાલભાઈ ઇબ્રાહીમભાઈ શેખ	જામીન દરજ્જે	૨,૧૬,૭૧૬.૭૦/-

ઉપરોક્ત વાદીએ આ કોર્ટમાં દાવો દાખલ કરતા ઉપર જણાવેલ જે તે દાવાના જે તે પ્રતિવાદીને ટપાલથી સમન્સ બજાવવાની કોશીષ કર્યા છતાં સામાવાળાને સમન્સ બજતા નથી કે અન્ય આધાર પોસ્ટ તરફથી મળેલ નથી. આથી આ જાહેર સમન્સથી તેઓને જણાવવામાં આવે છે કે, તમારા ઉપર ડીસ્પ્યુટન્ટે (વાદીએ) ધી ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એક્ટની કલમ-૯૯(૪) હેઠળ દાવા નંબરની સામે જણાવ્યા મુજબની રકમ વ્યાજ સહીત વસુલ લેવા માટે દાવો માંડયો છે. આ ઉપરથી તમોને ફરમાવવામાં આવે છે કે, સદરહું જાહેર સમન્સ પ્રસિધ્ધ થયાની તારીખથી દસ (૧૦) દિવસની અંદર તમો જો બચાવ કરવા માંગતા હો તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજો પુરાવા ઉપર તમો આધાર રાખતા હોય તેની નકલ ડીસ્પ્યુટન્ટ (વાદી)ને આપી ઉપરોક્ત સરનામે હાજર થવુ અને બચાવ કરવાની પરવાનગી મેળવવી.

જો તમો તેમ કરવામાં કસુર કરશો તો દિવસ ૧૦ ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે ડીસ્પ્યુટન્ટ (વાદી) લેખીત રકમ, વ્યાજ અને ખર્ચ સહીતનો એવોર્ડ મેળવવા હકદાર થશે. તેની નોંધ લેશો.

આજરોજ મારી સહી કરી અને કોર્ટનું સીલ મારી આપેલ છે.

તૈયાર કરનાર
(વિશાલકુમાર એમ. ચાવડા)
જુનિયર કલાર્ક
તારીખ : ૨૬/૭/૨૦૧૮
સ્થળ : ભાવનગર.

(બોર્ડ ઓફ રજીસ્ટ્રાર્સ નોમીનીઝની સિક્કો)

હુકમથી
(ભાવીનકુમાર બી. મકવાણા)
કલાર્ક ઓફ ધી કોર્ટ
બોર્ડ ઓફ રજીસ્ટ્રાર્સ નોમીનીઝ
ભાવનગર

VIVEK

સૌરાષ્ટ્ર સમાચાર classified

Property

appointment

Business

Education

Wanted dealers

OXY99

MBBS

CANADA

7046394832

9667652258

9914427900

7567012204

9725725193

9937242311

8854005200
9772328407

સિંધ, સરહદી ગુજરાત અને ઈમરાન ખાન

વિષ્ણુ પંડ્યા
સાહિત્યકાર અને રાજકીય વિશ્લેષક

મહેશ કુમાર મલાણી. આ નામ પાકિસ્તાનના નવા વડાપ્રધાન ઈમરાન ખાનને તો ક્યાંથી જાણીતું હોય? પણ આપણે, એટલે કે ભારતે અને વિશેષ ગુજરાતે હવે યાદ રાખવા જેવું છે. ગુજરાતની સરહદે થરપારકર જિલ્લો આવ્યો છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતનો તે એક હિસ્સો છે અને ત્યાં સિંધી, પાકિસ્તાની હિન્દુઓની વસતિ છે. ભારત-પાકિસ્તાન યુદ્ધ થયાં ત્યારે ત્યાંથી ખાસ કરીને સોઢા રાજપૂતો અને દલિતો હિજરત કરીને ગુજરાતમાં પ્રવેશ્યા હતા. સરકારે શરૂઆતમાં તેમની હિજરતી છાવણીઓ ઊભી કરી. એવી એક બનાસકાંઠાના સુઈગામમાં હતી. પછીથી કેટલાક પાછા ગયા અને બીજા ભારતીય નાગરિક તરીકે સ્થાપિત થયા.

સિંધ અને ગુજરાત જોડિયા ભાઈ ગણાતા. 1914માં પહેલી વાર આ સરહદોની આંકણી થઈ ત્યારે પણ હાલનો વિવાદાસ્પદ પ્રદેશ સિરક્રીક કચ્છની હેઠળ હતો એવું મહારાજ કુમાર હિંમતસિંહજીએ એક વાર ભુજની મુલાકાત દરમિયાન મને કહ્યું હતું અને તેના દસ્તાવેજો બતાવ્યા હતા. 1956માં પાકિસ્તાને રણની વચ્ચે સરહદી રેખા હોવી જોઈએ એવો દાવો કર્યો અને 1964માં કચ્છની સરહદે આવેલા છાડ બેટ પર આક્રમણ કર્યું. 1965માં છેક 18 માઈલ અંદર આવીને પાકિસ્તાની લશ્કરે કંજરકોટ કબજે કર્યું ત્યારે ભારત સરકારે વળતો જવાબ આપવાનું શરૂ કર્યું અને ગુજરાત પણ સરહદી લડાઈનું સાક્ષી બન્યું. ભારતીય સેનાએ છાડ બેટ પાછું મેળવ્યું ત્યારે હવાઈ જહાજો અને ભૂમિદળ બન્નેનો ઉપયોગ થયો. પછી તો યુદ્ધ વિરામ આવ્યો, જીનિવામાં પંચ નિયુક્ત થયું. પાકિસ્તાને 3500 કિલોમીટરનો દાવો કર્યો. તેમાંથી 317 કિલોમીટર મંજૂર રખાયો એટલે છાડ બેટ જેવો લીલોછમ પ્રદેશ જે આપણો પોતાનો હતો તે પાકિસ્તાને મેળવ્યો. પણ, આ તો પેલી જાણીતી નવલકથા 'ઑલ ક્વાએટ ઓન ધ વેસ્ટર્ન ફ્રન્ટ' જેવી વિડંબણા હતી. હરિયાણા, કેરળ, મણિપુર પ્રદેશો કરતાં પણ કચ્છ મોટો જિલ્લો છે. 41,650 ચોરસ કિલોમીટરમાં વિસ્તરેલુ છે. રણ, પર્વત, સમુદ્ર, પ્રાચીન સંસ્કૃતિ અને ભૂકંપ તેનાં લક્ષણ છે. અહીં જ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બલવંતરાય મહેતાનું યુદ્ધ દરમિયાન વિમાની દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. પાકિસ્તાની રડારના હુમલાનું તેમાં કારણ હતું તેમ પછીથી સુરક્ષા નિષ્ણાત અફસરોએ કહ્યું છે.

યુદ્ધ વિરમે બીજી બે બાબતોનો ઉમેરો કર્યો તે ગુજરાતના રાજકીય ઈતિહાસને સમજવા માટે ઉપયોગી છે. ૧૯૬૮મા કચ્છ સત્યાગ્રહ થયો તે પાછલા વર્ષના લોહિયા-દીનદયાળ પ્રેરિત બિન કોન્ગ્રેસ્વાદ પછીનો પ્રથમ એવો મજબુત પ્રયાસ હતો, જેણે ભવિષ્યે વિપક્ષોને એક કરવામાં મોટો ભાગ ભજવ્યો. કચ્છ સત્યાગ્રહ એક મહિનો ચાલ્યો તેમાં અટલબિહારી વાજપેયી, જ્યોર્જ ફર્નાન્ડીઝ, મધુ દંડવતે, એસ,એમ, જોશી, રાજમાતા વિજયારાજે, રાજનારાયણ, એન,જી,રંગા, મધુ લીમયે, બલરાજ મધોક, લાડલી મોહન નિગમ, હેમ બરુઆ સહિતના નેતાઓ છેક સરહદી ખાવડા સુધી કૂચ કરીને ગયા, છાડ બેટ સુધી જવા સત્યાગ્રહ કર્યો અને જેલવાસી થયા. દેશ આખામાંથી સત્યાગ્રહીઓની ટુકડીઓ આવ્યાનો આ પ્રથમ પ્રસંગ હતો. એ પછી બીજો સત્યાગ્રહ થયો બનાસકાંઠાની સરહદે નગરપારકર સુધીનો. જ્યાં આ ચૂંટણીમાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટીનો મહેશ જીત્યો છે. સોળ વર્ષ

નાતો | કરાચીમાં ઘરમાં અને બહાર ગુજરાતી ભાષા બોલાતી-ભણાવાતી, સામયિકો અને અખબારો પણ નીકળતાં

પછી એક હિંદુ ઉમેદવાર નેશનલ એસેમ્બલીમાં જીત્યાની આ ઘટના છે. પાકિસ્તાનમાં આવી સંખ્યા આંગળીના વેઢે ગણાય એટલી રહી છે. મહેશ થરપારકર બેઠક પર 1,06,630 મતે જીત્યો. તેની સામે ગ્રાન્ડ ડેમોક્રેટિક અલાયન્સનો ઉમેદવાર ઝકુલ્લાહ હાર્યો. મહેશ મૂળ રાજસ્થાની પુષ્કર્ણા બ્રાહ્મણ છે. સિંધથી તે પહેલાં પણ ચૂંટાઈ આવ્યો હતો. સંસદની સામાન્ય બેઠક પર બિન-મુસ્લિમ ઉમેદવાર ઊભો રહી શકે તેવી લડત તેણે ચલાવી હતી. જનરલ મુશર્રફના સમયે તેવો બંધારણીય સુધારો કરવામાં આવ્યો. મહિલા અનામત બેઠક પર સેનેટમાં થરપારકરથી ક્રિષ્નાકુમારી 2002માં ચૂંટાઈ આવ્યા તે પ્રથમ બિનમુસ્લિમ મહિલા છે.

1965માં યુદ્ધ થયા પછી જે સમજૂતિ થઈ તેમાં ભારતીય સૈન્યે જીતેલા થરપારકરનો ય સમાવેશ થતો હતો, તેની સામે સત્યાગ્રહ થયો તેના પત્રકાર સાક્ષી તરીકે સુઈગામથી નગરપારકર જવાનો અનુભવ યાદગાર થઈ ગયો. સૂઈગામથી જલોયા અને ત્યાંથી નડા બેટ થઈને સિંધ સુધી પહોંચાય. પણ રસ્તો? રણના ફરી વળેલા પાણીનો. ઉપરથી તો એકદમ સરસ લાગે પણ ઉનાળાની મોસમમાં પગ માંડો એટલે નમકની સપાટી તૂટે અને પેટાળનું ગરમ મીઠાનું પાણી પગને દઝાડે, લોહી નીકળે. સત્યાગ્રહીઓને સાચો રસ્તો બતાવ્યો નહિ એટલે ફસાયા. ડો. મહાવીર અને કેશુભાઈ પટેલે ટુકડીનું નેતૃત્વ કર્યું હતું, પણ બધા એકબીજાથી દૂર વેરાઈ ગયા.

પણ, ચાલવું કઈ રીતે? માથા પર ઉનાળુ પ્રખર સૂર્યનો તાપ, નીચે બળબળતું પાણી અને મીઠાની સપાટી તૂટે એટલે પગની ચામડી કપાય. પીવાનું પાણી પણ સાથે નહિ. દૂર સુધી સફેદ રણ સિવાય કઈ દેખાય નહિ. બે-ત્રણ કિલોમીટરનો રસ્તો કાપવો અસંભવ હતો. પણ આવા સંકટમાં ક્યાંકથી શક્તિ પ્રાપ્ત થતી હશે તેવો અનુભવ થયો. પગ લથડતા હતા અને ઢળી પડવાની સ્થિતિ. છેવટે જમીન દેખાઈ. છુટ્ટા ઝાડીઝાંખરા સિવાય કશું નહિ. ત્યાં તાપમાં જ બેઠા. ચામડી બળતી હતી અને તરસ. ઝાંખરામાં માથું છાંયડો મેળવી શકે એટલી જગા. નજરે એક સિક્કો પડ્યો. પાકિસ્તાની ચલણનો એક પૈસો. તરત વિચાર આવ્યો કે યુદ્ધ દરમિયાન હિજરતીઓ આ રસ્તેથી ભારત આવવા નીકળ્યા હશે!

છેવટે સેનાની જીપ આવી. રણમાં લશ્કરી છાવણીની પાસેના ગામનું નામ હતું વડતલૈયા. પણ વડ ક્યાં? અહીં તો ખુલ્લો વેરાન પ્રદેશ. અહીંથી અમને નગરપારકર લઈ જવાયા. જે સૈનિકોએ બહાદુરીથી આ મુલક જીત્યો હતો તેઓ થોડા દિવસ પછી પાકિસ્તાની વહીવટી તંત્રને પરત કરીને પાછા વળશે. ઉત્સાહી સત્યાગ્રહીઓએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને રાષ્ટ્રગીત ગાયું. સૈનિકોના ચહેરા પર અલગ ભાવ હતો. નગરપારકર તો મુખ્ય ગામ હતું પણ સાવ સૂમસામ અને વિરાન. સિંધ અને સિંધીનો દબદબો છેક કરાચી સુધી વિસ્તરેલો રહ્યો છે. કરાચીમાં ગુજરાતી ભાષા ઘર અને બહાર બોલાતી, સામયિકો અને અખબારો નીકળતા, શાળામાં ગુજરાતી ભણાવવામાં આવતી. કરાચીનો નાતો કચ્છ સૌરાષ્ટ્ર સુધીનો.

ક્રિકેટ નાયક ઈમરાન ખાનને માટે એક લેખકે લખેલું પુસ્તક 'ક્રિકેટ ઈન પાકિસ્તાન' વાંચવા જેવું રહેશે. જેમાં નવાબી સ્ટેટ જુનાગઢ અને માણાવદરની આંતરરાષ્ટ્રીયખ્યાત ક્રિકેટ-હોકીની ટીમ વિષે જિકર છે. ગુજરાત સરહદી રાજ્ય છે. પાકિસ્તાન સાથે તેનો ભૌગોલિક અને સાંસ્કૃતિક નાતો છે તેનું કેન્દ્ર સિંધ છે. ઈમરાન ખાન માટે તેના નવા પાકિસ્તાનમાં કેવો સમાવેશ થશે, તે જાણવું રસપ્રદ થઈ રહેશે.

• vpandya149@gmail.com

અધ્યાત્મનો પંથ એકલતાનો પંથ છે

આસપાસ — કાન્તિ ભટ્ટ

ખડે હૈ સફર કે લિયે, અકેલે હમ/ વિચારો કે સાથી મિલે તો ચલે/ બહારોં કે સાથી અનેકો મિલે/ અંગારો કે સાથી મિલે તો ચલે!

આ શાયરી લગભગ અડધા દાયકા પહેલાં શાયર લખનવી દ્વારા લખાયેલી. તેમાં સસ્તી રીતે તમને શાયર સાથે 'હા' માં 'હા' પાડવાનું મન થાય. પણ આજે 21મી સદીમાં તમને તમારે અનુકૂળ વિચારો-ક્રાંતિકારી વિચારો જે માત્ર તમારા જ મૌલિક જીવન જીવવાના વિચારો હોય તેવા સાથી મળશે? નહીં મળે. જો રાહ જોશો તો ઊભા જ રહી જશો. કોઈ તમારા વિચારને મળતી વ્યક્તિ સ્ત્રી કે પુરુષ નહીં મળે- હા, તમારા ક્રાંતિકારી, વ્યવહારિક અને છતાં મૌલિક વિચારો હોય તોપણ નહીં મળે. માટે તમારે 2018માં અને પછીનાં વર્ષોમાં એકલા જ ચાલવાનું છે, અથડાવાનું છે, કુટાવાનું છે અને પછી તમારો કાપેલો પંથ જરૂર તમને આખરે તમારા ધ્યેયને મળવાનો છે.

ચાલો એક દાખલો લઈએ. જર્મનીના બર્લિન શહેરમાં 1923ની સાંજે લગભગ પચાસ વર્ષ પહેલાં મહાન અસ્તિત્વવાદી ફિલસૂફ ડો. ફ્રાન્ઝ કાફકા ફરવા નીકળ્યા ત્યારે શેરીમાં એક બાળકીને એકલી રડતી જુએ છે. ફ્રાન્ઝ કાફકા પોતે પણ ખૂબ બીમાર છે. ટીબીનો રોગ દુનિયાને અને મહાન પુરુષોને ભરખી રહ્યો હતો તેમ કાફકાને પણ ટીબી થયો હતો. રડતી બાળકીની ઢીંગલી કોઈ ચોરી ગયું હતું એ જાણી કાફકાએ બાળકીને બાળકની ભાષામાં કહ્યું 'અરે ઓ ઢીંગલી! (બાળકીને છાની રાખવાના સસ્તા-કોમળ ઉપચાર તરીકે) તારી ઢીંગલી ખોવાઈ ગઈ છે એવું કહે છે પણ તે ઢીંગલી મને રસ્તામાં મળેલી તેણે તારા માટે સંદેશો મોકલ્યો છે કે ઢીંગલી તને કાગળ લખશે. તે કાગળ ત્યારે જ લખશે જ્યારે તું ભણીગણીને મોટી થઈશ.' એક મહાન લેખકની હૈયાધારણ સાંભળી ઢીંગલી છાની રહી જાય છે. બાળકીને રડવાનું પોતે બંધ કરવાનું બહાનું મળી જાય છે.

ડૉ. ફ્રાન્ઝ કાફકા કહે છે કે આપણને સૌને પણ આ બાળકીની જેમ ભવિષ્યમાં મોટો આશાસ્ત્ર લાભ મળવાનો છે તેની આશામાં તે ઢીંગલી પણ મોટી થઈ જિંદગી ગુજારે છે. આપણે બધા પણ આ બાળકી જેવા છીએ. આપણને કાફકા જેવા વિદ્વાન લેખકો કોણીએ ગોળ લગાડવા મળી જાય છે.

આ લેખની શરૂમાં એક શાયરી લખી છે. તેમાં કોઈ આશાસ્પદ જુવાન એકલો ઊભો છે અને શબ્દોનાં વલોણાં લઈને કહે છે કે બહારો સાથી અનેકો મિલે અંગારો કે સાથી મિલે તો ચલે. રામ ભજો! અડધી સદી પહેલાં લખાયેલા સમયકાળ કરતાં આ સમયકાળ જુદો છે. આ કાળમાં માણસે એકલું જવાનું છે અને નથી. ઘણાં વર્ષ પહેલાં 'એકલો જાને રે' એ પંક્તિવાળી કવિતા લખાઈ ગઈ. ખૂબ ખૂબ ગવાઈ ગઈ પણ માણસ આજે એકલો જઈ શકતો નથી. એકલો જવામાં ખૂબ ઠેબાં ખાવા પડે છે. જે ઠેબાં ખાવા તૈયાર હોય તે જરૂર એકલો જાય. એકલો જવામાં જે ચારેકોર ઠોકરો ખાવી પડે છે તેમજ માણસો કેટલા મતલબી હોય છે તે જાણવા મળશે. તેમાં માણસોનો કોઈ વાંક નથી- જમાનાનો વાંક છે. આ જમાનામાં ચારેકોરથી સલાહ મળે છે કે 'તું તારું સંભાળ.' બીજાને મદદ કરવા જઈશ તો નાહકનો કુટાઈશ. બાવાના બેઉ બગડશે. તારું પોતાનું કામ બગડશે અને તું જેને મદદ કરવાની શેખી કરીશ તેનું કામ પણ બગડશે.

ધારો કે તમે કોઈને મદદ કરી- સાચી દાનતથી મદદ કરી. તેનું કામ થઈ ગયું પણ તેને આ 2018ના યુગમાં તેનાથી ધરપત નથી. તેણે એક લાડવો લીધો તેનાથી તેને સંતોષ નથી. તે બીજા અનેક લાડવા લેવા બીજા બીજાની સાથે મિત્રતા કરીને જિંદગીની રફતારમાં બીજો લાડવો આંબવા પુરુષાર્થ કરશે અને પોતાના આ 'ગેરવાજબી' લોભને તુષ્ટ કરવા તે કોઈ મદદની ફરીવાર ઝંખના કરશે. ત્યારે જો તેને મદદ નહીં મળે તો મદદ નહીં કરનારા દોસ્તનો દુશ્મન બની જશે!

આ શકય છે કારણ કે એ જમાનાનો પવન છે, જમાનાનો રોગ છે. કોઈને એક વસ્તુ પ્રાપ્ત કર્યાનો સંતોષ નથી. તેથી જ અમુક જણા જે શરૂમાં અમુક ગુરુઓના ચેલા હોય છે તે એકાએક ધનવાન થતાં વધુ ધન અને વધુ કીર્તિ મેળવવાની લહાયમાં ગુરુજીના આશ્રમની જગ્યાએ કાળક્રમે સરકારની જેલમાં જાય છે. તમામનું આવું બનતું નથી. પણ મોટે ભાગે 'લોભને થોભ નથી' તે કહેવત અનુસાર અમુક ગુરુઓના શિષ્ય બન્યા પછી તેમની ઉગ્રગ્રીવ દૃષ્ટિ-ઊંચી દૃષ્ટિ આધ્યાત્મિકતાની ટોચે જવાની રહેતી નથી. તેની દૃષ્ટિ વધુ ને વધુ ધનવાન થવાની હોય છે. આ આખી પીંજણ કરવાનો અર્થ એ છે કે કોઈ ગુરુના પગ પકડો કે ઊંચા પુસ્તકો વાંચો કે સ્વયંમ્ ખૂબ વિચારીને અમુક આધ્યાત્મિક ઊંચાઈ મેળવો તો વધુને વધુ ઊંચાઈ મેળવવાની જ કોશિશ અને પુરુષાર્થ થશે. અરે, એક બીજો પુરુષાર્થ તમારે એકલાએ જ કરવાનો છે. નિરાળા નહીં બનીએ તો બીજા કરોડો લોકો ભટકે છે તેમ ભટકીશું.

દુનિયામાં, આ આધ્યાત્મિક દુનિયામાં તમે આજ એકલા હોય છો. તમને ખરેખર અણીની ઘડીએ જ્યારે તમારા આત્મા પાસેથી માર્ગદર્શન લેવાની ઘડી હોય છે ત્યારે તમે એકલા હો છો. કોઈ બાબા મદદ કરવાના નથી. જે મદદ થઈ હોય તે તમે પોતે જ કરી હોય છે. તમે જ તમારામાંથી બળ મેળવ્યું હોય છે એટલે ફરીને કહું છું કે આપણી દુનિયામાં બીજી કેટલીક ભૌતિક મુશ્કેલીમાં કોઈ મદદ કરે પણ અંતિમ કટોકટીની પળોમાં માત્ર તમે જ તમારા ગુરુ અને તમે જ તમારા ઉધ્ધારક છો.

તંત્રી લેખ

અમર રાજકીય કથા કભી યહાં કભી વહાં

ભારતના રાજકારણમાં કેટલાંક એવાં પાત્રો છે, જે તમને પસંદ હોય કે નહિ, પરંતુ તેની અવગણના કરી શકાતી નથી. રાજકીય કટોકટીના સમયે આવાં પાત્રોની વિશેષ જરૂર પડતી હોય છે, કારણ કે તેમને પક્ષ કે મૂલ્યોનાં બંધનો નડતાં નથી. તેઓ રાજકીય સોદાબાજી અને સોગઠાબાજીમાં એટલા માહેર હોય છે કે મોટા મોટા ખેલ પાડી શકતા હોય છે. આવું એક પાત્ર એટલે અમરસિંહ. સ્વભાવે આખાબોલા અમરસિંહના સંપર્કો અને સંબંધો રાષ્ટ્રીય નહિ, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરના છે અને એટલે જ અમરસિંહ પ્રત્યેનું નેતાઓ અને સેલિબ્રિટીઓનું આકર્ષણ આજેય જળવાઈ રહ્યું છે. અમરસિંહ આજકાલ ભગવા પહેરીને ફરી રહ્યા છે ત્યારે રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે કે તેઓ ટૂંક સમયમાં ભાજપમાં જોડાઈ શકે છે. રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લખનૌ ખાતે ગ્રાઉન્ડ બ્રેકિંગ સેરેમનીને સંબોધી રહ્યા હતા ત્યારે એ કાર્યક્રમમાં આગળની હરોળમાં જ ભગવા ઝભ્ભાધારી અમરસિંહ પણ ઉપસ્થિત હતા. હમણાંથી મુખ્યમંત્રી યોગી સાથેની મુલાકાતો પણ વધી ગઈ છે. આગામી લોકસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને અમરસિંહ અને ભાજપનું મિલન આશ્ચર્યજનક તો નથી. મુદ્દો એ કે અમરસિંહને ભાજપની જરૂર છે કે પછી ભાજપને લાગે છે કે તેને આગામી સમયમાં અમરસિંહ જેવા નેતાની જરૂર પડવાની છે? સમાજવાદી પાર્ટીમાંથી સાઇડલાઇન થયા પછી અમરસિંહ માટે રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા માટે મોટા રાજકીય પક્ષની ઓથની જરૂર છે, એ તો નિશ્ચિત છે. અહીં મહત્ત્વપૂર્ણ સવાલ એ છે કે કેશ ફોર વોટ જેવા કિસ્સાઓમાં જેમનું નામ ખરડાયેલું છે, એવા અમરસિંહની ભાજપને કેમ જરૂર ઊભી થઈ છે? રાજકીય પંડિતો માને છે કે ઉત્તર પ્રદેશમાં સપા-બસપાનું ગઠબંધન મજબૂત ન બને, એ માટે અમરસિંહ જેવાં પાત્રોની ભાજપને જરૂર છે. બીજો મુદ્દો એ પણ છે કે આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપને જો સ્પષ્ટ બહુમતી ન મળે તો ગઠબંધન સરકાર રચવાની સ્થિતિમાં અમરસિંહ ઉપયોગી નીવડી શકે. અમરસિંહને પાંખમાં સમાવીને ભાજપની પ્રતિષ્ઠા વધવાનો તો સવાલ જ નથી, ઊલટું ઘટી શકે છે. ભાજપ આ સારી રીતે જાણે છે. જોકે, અમરસિંહ માટે દ્વાર ઉઘાડવા જતાં ભાજપની નબળાઈ અને ગરજ છતી થઈ શકે છે. જોઈએ, અમર રાજકીયકથા કેવા રંગ બતાવે છે.

જીવન, મૃત્યુ, કર્મ, ભાગ્ય, યજ્ઞ, ભક્તિ...
આ બધા વિશે શ્રીમદ ભગવદગીતા શું કહે છે?
જાણવા માટે ડાઉનલોડ કરો
DivyaBhaskar.com એપ

જીવન-પથ

પં. વિજયશંકર મહેતા

આસક્તિ મુશ્કેલી સર્જે

આપણે જ્યારે પણ કોઈ સંકલ્પ લઈએ છીએ, ત્યારે તેમાં પરિણામ ચોક્કસપણે છુપાયેલું હોય છે. 'આવું પરિણામ મેળવવા માટે આવો દૃઢ નિશ્ચય કરીએ છીએ' તેને જ સંકલ્પ કહેવામાં આવે છે. છતાં, પરિણામ વિશેની જિદ જ્યારે આસક્તિમાં પરિણમે છે, ત્યારે સંકલ્પ પણ તકલીફદાયક બની જાય છે. ચાલો, લંકાકાંડના પ્રસંગથી આ વાતને સમજીએ કે રમત અને યુદ્ધ વચ્ચે શું ફરક છે. સંકલ્પ બંનેમાં લેવામાં આવે છે, પણ પરિણામ તરીકે શાંતિ અને અશાંતિ મળે છે. રાવણની પત્ની મંદોદરીએ તેને કહ્યું કે 'કૌતુક સિંધુ નાધિ તવ લંકા, આયઉ કપિ કેહરિ અસંકા.' હનુમાનજીને યાદ કરીને મંદોદરી કહે છે કે- રમત-રમતમાં જ એક પરાક્રમી વાનર દરિયો કૂદીને લંકા સુધી આવી ગયો અને નિર્ભયપણે કોઈ પણ પ્રકારના યુદ્ધ વિના તમને ભયભીત કરી ગયો હતો. હનુમાનજીની આ જ રીતે છે કે બધાં કામ હસતાં રમતાં જ કરે છે અને આપણને પણ સમજાવે છે કે જીવનમાં મોટામાં મોટો પડકાર પણ રમતની જેમ જ ગણો. દરેક વાતને યુદ્ધ સમજીને તેની સામે લડાઈ ન કરો, કારણ કે યુદ્ધ ગમે તેવું હોય, પરિણામ તો અશાંતિ જ આપીને જાય છે.

પરદે કે પીછે

વો જબ યાદ આયે, બહોત યાદ આયે...

જયપ્રકાશ ચોક્સે
લેખક જાણીતા ફિલ્મ સમીક્ષક છે

વર્ષ 1980માં આજના દિવસે મુંબઈમાં ભરપૂર વરસાદ વરસી રહ્યો હતો, મોહમ્મદ રફીની અંતિમયાત્રામાં ન તો કોઈએ છત્રી ઉઘાડી કે ન તો રેઈન કોટ પહેર્યો. દરેકના મનમાં મોહમ્મદ રફીનું કોઈ ને કોઈ ગીત ગૂંજી રહ્યું હતું. તેમણે ગાયેલાં ગીતોમાં ગઝલ, ભજન તેમજ પ્રેમગીતો સામેલ હતાં. સંવેદનશીલ દિલીપ કુમાર અને કોમેડિયન જૉની વોકર બંને માટે વિવિધ રીતે પાર્શ્વગાયન એ મોહમ્મદ રફીની જ કમાલ હતી. તેમણે ગાયક કિશોર કુમાર માટે પણ પાર્શ્વગાયન કર્યું.

તેમનો નો જન્મ 24મી ડિસેમ્બર 1924ના રોજ અમૃતસર શહેર નજીક આવેલા કોટલા સુલતાન નામના ગામમાં થયો હતો. કિશોરાવસ્થામાં તેઓ પોતાના મોટાભાઈની દુકાન પર સમય વિતાવતા. તેમની દુકાન સામેથી એક ફકીર બાબા ગીત ગાતાં ગાતાં જતા અને રફી તેમની નકલ કરતા. તેમના મોટા ભાઈ હમીદે તેમને ઉસ્તાદ અબ્દુલ વાહિદ ખાનના શિષ્ય બનાવની પ્રેરણા આપી.

એક મહેફિલમાં વીજળી ગુલ થતા સહેગલે ગાવાની ના પડી દીધી. કિશોર વયના રફીએ માઈક વિના જ ગીતો ગાયાં અને ત્યાં હાજર સંગીતકાર શ્યામસુંદરે તેમને સાંભળીને પોતાને ત્યાં ગીત ગાવા બોલાવ્યા. 1944માં 'ગુલ બલોચ' નામની ફિલ્મમાં પંજાબી ભાષાનું ગીત ગાયું. નૌશાદે તેમને 'અનમોલ ઘડી'માં ગીત ગાવાની તક આપી. નૌશાદની 'બૈજુ બાવરા'ના ગીતોથી જ રફી ને અપાર લોકપ્રિયતા મળી. તેમણે ગયેલું ભજન 'મન તડપત હરિ દર્શન કો આજ' શેરી-શેરીએ વાગ્યું. એસ ડી બર્મન અને શંકર જયકિશને પણ તેમની પાસે ગીતો ગવડાવ્યાં. સંગીતકાર ઓ.પી. નૈયરે રફી અને આશા ભોંસલેના અવાજમાં યુગલ ગીતો રોકોર્ડ કર્યાં.

ઈ.સ 1963માં 'પારસમણિ' ફિલ્મમાં ઉગતા સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલે રફી પાસે ગીત ગવડાવ્યું - 'વો યાદ આયે, બહુત યાદ આયે, ગમે જિંદગી કે અંધેરે મેં હમને ચિરાગ એ મોહબ્બત જલાયે બુઝાયે, વો જબ યાદ આયે...' આ ખૂબ જ લો બજેટ અને સ્ટાર્સ વિનાની ફિલ્મ હતી પંરતુ રફીએ ગીત એટલું દિલથી ગયું કે આજે પણ એ ગીત યાદ આવે છે. રફીનું સમર્પણ અને શિસ્ત ઉદાહરણરૂપ છે. સૌથી મજાની વાત તો એ છે કે તેમણે ગાયેલું 'યે દેશ હૈ વીર જવાનો કા' વગાડવામાં આવે છે.

આ રીતે જાન એક કૂચ કરતી સેના જેવી જણાય છે અને વરરાજા રણ જીતવા જતા શૂર જેવો. અજાયબ ભારતની રીતભાત નિરાળી છે અને પ્રેક્ષક બની રહેવું જ યોગ્ય છે.

web photo

અમેરિકાનો ગોલ્ડન ગ્રેટ બ્રિજ

આ તસવીર અમેરિકાના ઐતિહાસિક ગોલ્ડન ગ્રેટ બ્રિજની છે. ત્યાં અત્યારે ઉનાળો ચાલી રહ્યો છે. આમ છતાં, બ્રિજ પર સવાર-સાંજ ધુમ્મસ છવાયેલું રહે છે. અલબત્ત, આખા સાનફ્રાન્સિસ્કોમાં ઉનાળામાં પણ ધુમ્મસ રહે છે. આ તસવીર ઈન્સ્ટાગ્રામ યુઝર ક્રિસ્ટિના હોન્ગનાપાએ અપલોડ કરી છે. સ્થાનિક રહીશો આ ધુમ્મસને 'કર્લ' તરીકે ઓળખાવે છે, કારણ કે ધુમ્મસ દરમિયાન ત્યાં અલગ અલગ પ્રકારની આકૃતિઓ રચાતી દેખાય છે. 2.7 કિલોમીટર લાંબા પુલ પર ધુમ્મસ છવાતાં જ કાં તો ટ્રાફિકને અટકાવી દેવામાં આવે છે અથવા વાહનોની ગતિ અત્યંત ધીમી થઈ જાય છે. ક્રિસ્ટિના ત્રણ વર્ષ બાદ આ શોટ લઈ શકી હતી.

• instagram.com

બજાર સાથે રોજગારમાં પણ તેજી લાવવી જરૂરી

અંડર-3Y
કરંટ અફેર્સ પર 30થી ઓછી ઉંમરના યુવાનોનો અભિપ્રાય

અનુરાગ તિવારી, 22 વર્ષ
સહસ્થાપક, લેક્ચર દેખો ડોટ કોમ
Facebook/anurag.tiwari.7399

ગયા અઠવાડિયે ભારતના શેરબજારમાં ભારે ખુશનુમા વાતાવરણ રહ્યું અને અનેક રોકોર્ડ બન્યા. સેન્સેક્સે પહેલી વખત 37 હજારનો જાદુઈ આંકડો સ્પર્શ્યો, તો નિફ્ટીએ પણ 11 હજારની સપાટીને પાર કરવામાં સફળતા મેળવી. આ તેજીથી રોકાણકારોમાં ભારે ઉત્સાહ છે. આંતરરાષ્ટ્રીય બજારોના સારા સંકેત અને ટ્રેડ વૉર પર અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની યુરોપિયન યુનિયન સાથેની વાતચીત બજાર માટે સારી મનાય છે. સ્પષ્ટ છે કે બજાર જીએસટી અને નોટબંધીની મુશ્કેલીઓમાંથી ઉગરી ગયું છે. સંસદમાં સરકારે ભાગેડુ આર્થિક ગુનાખોરી બિલ પસાર કરાવી લીધું, જેનાથી ફસાયેલા લેણાંની વસૂલી સરળ થશે. જાણકારો આને બેન્કિંગ સિસ્ટમ માટે લાભદાયક માને છે. હવે, સવાલ એ ઊભો થાય છે કે શું બજારની તેજી એ અર્થતંત્રની તેજીના સંકેત સમાન છે? જાણકારોનું માનવું છે કે અમુક પસંદગીના સેક્ટરના ભરોસે બજારમાં તેજી છે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય મુદ્રાકોષનો રિપોર્ટ ભારતની રોજગારીની તકો વિશે ચિંતા દર્શાવી ચૂક્યો છે. સાથોસાથ નિકાસમાં પણ સતત ઘટાડો થવો અને મોંઘવારીના દર વધવા વિશે સરકારે ગંભીરતાથી વિચારવાની જરૂર છે. જો સરકાર આ તમામ મુશ્કેલીઓનો નિવેડો લાવી દે છે, તો આવતા વર્ષ સુધી બજાર 20 ટકા રિટર્ન આપવામાં સફળ થઈ જશે. મોંઘવારી અને બેકારી બે એવી બાબતો છે, જેના પર કામ કરીને સ્થિતિને સાર્થક રીતે સુધારી શકાય છે.

મેનેજમેન્ટ ફંડા

મુશ્કેલીના ઉકેલ કરતાં તેની સમજ વધુ જરૂરી

એન. રઘુરામન
મેનેજમેન્ટ ગુરુ

ગેંગમેન સૌથી નીચલા વર્ગના રેલવે કર્મચારી હોય છે, જે ટ્રેક પર તિરાડો છે કે નહિ, ક્યાંયથી વેલ્ડિંગ તો નીકળ્યું નથી અને ટ્રેક પર પાથરેલા પથ્થરોની જાડાઈ કેટલી છે તે બધું ફરી ફરીને જોવાનું સૌથી મહત્વનું કામ કરતા હોય છે. જો તે લોકો આમ ન કરે તો ટ્રેન પાટા પરથી ઉતરી જવાનો ભય રહે છે.
આ શ્રેણીમાં ભરતી ઓછી થતી હોવાથી નિયમિત ચેકિંગ પ્રભાવિત થાય છે અને દુનિયાની ચોથા નંબરની સૌથી મોટી રેલ વ્યવસ્થા-ભારતીય રેલવેમાં ઘણી દુર્ઘટનાઓ બને છે. ચેન્નઈની આલિમ મોહમ્મદ સાલેઘ એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓ મુસાફરોની વધુ સારી સુરક્ષા માટે આ રીતે માનવ દ્વારા ચેકિંગના બદલે વધુ સારો વિકલ્પ ઈચ્છતા હતા.

તેમણે સ્માર્ટ ઈન્ડિયા હેકેથોનમાં ભાગ લીધો, જેનો ઉદ્દેશ્ય જ વિદ્યાર્થીઓને રોજબરોજની સમસ્યાઓનું ટેક્નોલોજી આધારિત સમાધાન શોધવા માટે પ્રેરિત કરવાનો છે. આ ઘટના મોહમ્મદ ઈબ્રાહિમ, મોહમ્મદ સલમાન, અમીરુદ્દીન, કોસારી તબસ્સુમ અને આર એમ સુમનની ઈચ્છાને અનુરૂપ હતી. જેમણે આ સમસ્યાનો ઉકેલ શોધવાનો નિર્ણય કર્યો. હેકેથોનમાં 3000 સમસ્યાઓ આપવામાં હતી જેમાંથી એક પસંદ કરવાની હતી, જેના કારણે કયો પ્રોબ્લેમ પસંદ કરવો એ નિર્ણય લેવામાં લગભગ એક અઠવાડિયું વીતી ગયું. તેમણે એક વાહન બનાવ્યું, જે કોઈ પણ માનવીય હસ્તક્ષેપ વિના જ પ્રાથમિક સ્તરનું નિરીક્ષણ કરી શકે.

આ કામ કેવી રીતે કરે છે? પ્રોડ્કટને બે ભાગોમાં વહેંચવામાં આવી- સોફ્ટવેર અને હાર્ડવેર. ટ્રેક વચ્ચેના અંતર જેટલું જ 163 સેમીનું હાર્ડવેર બનવવામાં આવ્યું છે. સોફ્ટવેરવાળા ભાગમાં અલ્ટ્રાસોનિક સેન્સર છે, જે ફોલ્ટ કે ક્રેકની તપાસ કરે છે. ટ્રેક પર એક્ઝેક્ટ જગ્યાની માહિતી માટે જીપીએસ મોડ્યુઅલ અને કેમેરા છે, જે જાળવણી વિભાગને તસવીરો મોકલે છે.

આ મોડલ પૂરું કરવામાં તેમને એક મહિના કરતાં વધારે સમય લાગ્યો છે. હેકથોનના પહેલા હાર્ડવેર ઉપકરણોના રાઉન્ડમાં તે લોકો ફર્સ્ટ રનરઅપ રહ્યા અને રેલવે વિભાગ તેમના આ ઈનોવેશન પર વિચાર કરી રહ્યો છે. હવે આ ટીમ કોઈમ્બતૂરમાં યોજાનાર ફાઈનલ્સમાં અન્ય આઠ ટીમો સાથે સ્પર્ધા કરશે.

ફંડા એ છે કે, કોઈ છીછરું સમાધાન શોધવાના બદલે સમસ્યાને ઊંડાણથી સમજવી વધુ મહત્ત્વની છે.

પ્રકાશક, મુદ્રક શરદ માથુર દ્વારા માલિક મેસર્સ ડી.બી. કૉર્પ. લિમિટેડ માટે ભાસ્કર પ્રિન્ટિંગ પ્રેસ, 4, જી.આઇ.ડી.સી., ચિત્રા, ભાવનગરથી મુદ્રિત અને બળવંતરાય મહેતા રોડ, ભાવનગર-364001થી પ્રકાશિત. એડિટર (ગુજરાત) : નવનીત ગુર્જર, એક્ઝિક્યુટિવ એડિટર : તારક શાહ* (સમાચાર પસંદગી માટે પી.આર.બી. એક્ટ હેઠળ જવાબદાર)
ફોન નં. ભાવનગર (0278) 3988885, 7878301060 ફેક્સ નં.(0278) 2445001, 3054368, 2510727 RNI Reg. No. 9425/64 (E-mail : ssamachar@dbcorp.in)

ચક્ષુદાન-દેહદાન માટે - રેડક્રોસ : 2430700   **અંગદાન માટે : મો.9825262929**

હિન્દુ મરણ

દશા પાલીવાલ બ્રાહ્મણ

ટીમાણા | **પંડયા જમનાબેન કુબેરભાઇ** (ઉ.વ.95) તા.30ને સોમવારે સ્વર્ગે સિધાવેલ છે. તે ટીમાણા નિવાસી સ્વ.કુબેરભાઇ છગનભાઇ પંડયાના પત્ની, હરગોવિંદભાઇ છગનભાઇના ભાભી, ભાનુશંકરભાઇ, અમરજીભાઇ, લાભશંકરભાઇ, ધનેશ્વરભાઇના માતુશ્રી, કાન્તીભાઇ હરગોવિંદભાઇ (મ.શિ. શાળા નં.3, તળાજા), લક્ષ્મણભાઇ (મ.શિ. ટીમાણા પ્રા.શાળા), નારણભાઇના મોટા બા, દેવજીભાઇ દયારામભાઇના ભાભુ, વજેરામભાઇ કરશનભાઇ, હરીશંકરભાઇ જીવરામભાઇ, નારણભાઇ જીવરામભાઇના કાકી, પ્રવિણભાઇ, રવિશંકરભાઇ, મુકેશભાઇ, પ્રકાશભઇ (મ.શિ. દુધાળા નં.2, મહુવા), નરેશભાઇ, મનીષભાઇ, પાર્થભાઇના દાદીમા, સ્વ. શિવશંકરભાઇ ગૌરીશંકરભાઇ લાધવા, રામજીભાઇ, મનુભાઇ, સ્વ.નાનાલાલ, વિનુભાઇના બેન, જાની પ્રેમજીભાઇ ગૌરીશંકરભાઇ, માખણિયા ધાંધલ્યા ભુપતભાઇ રતિલાલ, દેવલી, જાની અશોકભાઇ જીવરામભાઇ, ભદ્રાવળના સાસુ થાય. તેનું બેસણું તા.2/8, તા.3/8 ગુરૂવાર, શુક્રવારના અમારા નિવાસસ્થાને ટીમાણા મુકામે રાખેલ છે. બવળીકાણ સાથે રાખેલ છે. સુવાળા તા.3/8ને શુક્રવારે રાખેલ છે.

દશા પાલીવાલ બ્રાહ્મણ

ભાવનગર | **પંડયા દેવશંકરભાઈ વજરોમભાઈ** (ઉં.વ.80) તા.30-7ને અક્ષરવાસી થયેલ છે. તે પંડયા રમેશભાઈ દેવશંકરભાઈ (મ.શિ.ભા.શા.નં.49), પંડયા ઘનશ્યામભાઈ દેવશંકરભાઈ (પીજીવીસીએલ, ભાવનગર), જાની મંજુલાબેન ગિરીશકુમાર, જાની ભાવનાબેન નીતિનકુમાર, જાની તૃપ્તિબેન દિપકકુમારના પિતા, સ્વ.શંભુભાઈ વજેરામભાઈ પંડયા, સ્વ.ભાનુભાઈ વજેરામભાઈના મોટાભાઈ, દયારામભાઈ ગંગારામભાઈ પંડયા, પંડયા ડાયાભાઈ વનમાળીભાઈના પિતરાઈભાઈ, પંડયા હિંમતભાઈ માવજીભાઈ (મ.શિ.સથરા કે.વ.શાળા) ના કાકા, સ્વ.જાની બેચરભાઈ મણીશંકરભાઈ, સ્વ.જાની કરૂણાશંકરભાઈ મણીશંકરભાઈ, જાની ભાણીશંકરભાઈ મણિશંકર (ભાલર)ના બનેવી, સ્વ.બારૈયા ગોવિંદભાઈ (પીપરલા), બારૈયા મનુભાઈ હરજીભાઈ, બારૈયા ચુનિલાલ ગોરધનભાઈ (દિહોર)ના સાળા, જાની ગિરીશકુમાર બાલકૃષ્ણભાઈ, જાની નીતિનકુમાર પ્રવિણભાઈ, જાની દિપકકુમાર બાલકૃષ્ણભાઈ (ભાવનગર)ના સસરા, હરદીપ,પૂજાબેન, મૈત્ર, ભવ્યાના દાદા, તેમનો લૌકિક વ્યવહાર ભાવનગર નિવાસે ગુરૂ, શુક્ર તા.2-3/8/18ના બે દિવસ રાખેલ છે. સુંવાળા તા.3-8-18ને શુક્રવારે રાખેલ છે. બવળીકાણ સાથે રાખેલ છે.

ક્ષત્રિય

તળાજા | નવી છાપરી હાલ તળાજા નિવાસી **સરવૈયા સુજાનસિંહ જીલુભા** (ઉ.વ.52) ત.30ને સોમવારે રામચરણ પામેલ છે. તે નવલસિંહ જીલુભાના નાના ભાઇ, મહાવિરસિંહ જીલુભાના મોટા ભાઇ, યુવરાજસિંહના પિતા, દિગરાજસિંહના મોટા બાપુ, અનોપસિંહ મંગળસિંહ, પ્રદિપસિંહ મંગળસિંહના મોટા બાપુના દીકરા થાય. તેનું બેસણું વાળા ક્ષત્રિય સમાજની વાડી, નદીકાંઠે તા.2/8, તા.3/8ના રાખેલ છે. ધાર્મિક ક્રિયા તા.7/8ને મંગળવારે રાખેલ છે.

ગોસ્વામી

પાંચપીપળા, તા.પાલિતાણા | ગોસ્વામી શિવગીરી ભાવગીરીના પત્ની **મુકતાબા** (ઉ.વ.91) તા.30ને સોમવારે કૈલાસવાસ થયેલ છે. તે મનહરગીરી, સુરેશગીરી, જગદીશગીરીના માતુશ્રી, પોપટગીરી (રાણપરડા)ના ભાભી, હંસગીરી (પચ્છેગામ), મહેશગીરી વજેગીરી (શામળા સાઉન્ડ) (રૂપાવટી) ભરતગીરી જસુગીરી (રતનપર) સુખદેવગીરી પોપટગીરી (રાણપરડા)ના મોટા બા, ત્રિભોવનભારથી, કૈ.વા.નરેન્દ્રભારથી, ઘનશ્યામભારથી (પાલિતાણા)ના ફૈયબા, જયંતિગીરી મયુરગીરી (નવાગામ કનીવાવ)ના સાસુ થાય. તેનું શક્તિ પૂજન ભંડારો તા.7/8ને મંગળવારે સાંજના પાંચપીપળા મુકમે તેના નિવાસસ્થાને રાખેલ છે.

તળપદા કોળી

ઘેટી, તા.પાલિતાણા | **ચાવડા પોપટભાઇ ઝવેરભાઇ** (ઉ.વ.57) તા.28ને શનિવારે રામચરણ પામેલ છે. તે સ્વ. ડુંગરશીભાઇ ઝવેરભાઇ ચાવડાના નાના ભાઇ, મોહનભાઇ, ચંદુભાઇ, લીંબાભાઇના ભાઇ, જીગ્નેશભાઇના પિતાશ્રી, ભુપતભાઇ જીણાભાઇ, બાબુભાઇ ધનજીભાઇ, દલપતભાઇ સવજીભાઇ, મહેશભાઇ મોહનભાઇ, મુકેશભાઇ, સુરેશભાઇના કાકા થાય. તેની ઉત્તરક્રિયા તા.3/8ને શુક્રવારે સવારે 10 કલાકે ઘેટી મુકામે ચાવડા મુકેશભાઇ ડુંગરશીભાઇના નિવાસસ્થાને રાખેલ છે.

તળપદા કોળી

કેરાળા | **ભુપતભાઇ ગભાભાઇ ભાલીયા** (ઉ.વ.60) તા.30ને સોમવારે રામચરણ પામેલ છે. તે ભરતભાઇ ભુપતભાઇના પિતાશ્રી, ગભાભાઇ બીજલભાઇના પુત્ર, ગોવિંદભાઇ ચીથરભાઇના ભત્રીજા, વાલજીભાઇ, જીવનભાઇ, ઓધાભાઇ, ગોરધનભાઇના મોટા ભાઇ, જીવાભાઇ હમીરભાઇ, ઓધાભાઇ, ભરતભાઇ, મગનભાઇના કાકાના દીકરા થાય. તેનું ઉત્તરકારજ તા.10ને શુક્રવારે કેરાળા મુકામે રાખેલ છે.

તળપદા કોળી

મોણપર, તા.મહુવા | વશરામભાઇ ભાણાભાઇ ભાલીયાના પુત્ર **અશોકભાઇ** (ઉ.વ.38) તે હિતેનભાઇ, કરણભાઇ, હિમેશભાઇના પિતાશ્રી, ખીમજીભાઇ વશરામભાઇ, મગનભાઇ, મનસુખભાઇ, કનુભાઇના મોટા ભાઇ, મથાવડાવાળા રામજીભાઇ નાજાભાઇ મકવાણાના જમાઇ, ભરતભાઇ રામજીભાઇ, ધીરૂભાઇ, મહેશભાઇના બનેવી તા.30ને સોમવારે રામચરણ પામેલ છે. તેની ઉત્તરક્રિયા તા.6/8ને સોમવારે કાદવાળી વાડી વિસ્તાર, મોણપુર મુકામે રાખેલ છે.

આદિવાસી ભીલ

ભાવનગર | **ભરતભાઇ જેસીંગભાઇ રાઠોડ** તા.30ના રામચરણ પામેલ છે. તે જેસીંગભાઇ લક્ષ્મણભાઇ રાઠોડના પુત્ર, પાલિતાણા નિવાસી બોઘાભાઇ લક્ષ્મણભાઇ, પ્રભુભાઇ લક્ષ્મણભાઇ, નારણભાઇ લક્ષ્મણભાઇ રાઠોડના ભત્રીજા, શૈલેષભાઇ જેસીંગભાઇ, મનોજભાઇ જેસીંગભાઇ, વિજયભાઇ જેસીંગભાઇ, અજયભાઇ જેસીંગભાઇના મોટા ભાઇ, ચંદુભાઇ બોઘાભાઇ, માધુભાઇ પ્રભુભાઇ, અશોકભાઇ બોઘાભાઇ, વાલજીભાઇ નારણભાઇના પિત્રાઇ ભાઇ, દિનુભાઇ જેરામભાઇ મેઘલાતરના જમાઇ, સુનિલભાઇ દિનુભાઇ, રઘુભાઇ દિનુભાઇના બનેવી થાય. તેના સુવાળા તા.30ને સોમવારે તેમજ પાણીઢોળ (બારમું) તા.5/8ને રવિવારે તેના પિતાના નિવાસસ્થાને એકલવ્ય સોસાયટી, ઘોઘા રોડ, ભાવનગર ખાતે રાખેલ છે.

વણકર

ઢસા જંકશન | **તેજુબેન સનાભાઈ ગોહિલ** (ઉં.વ.72) તા.29-7ને રવિવારે અવસાન પામેલ છે. તે સનાભાઈ સાલભાઈ ગોહિલના પત્ની, ચીથરભાઈ, જગદીશભાઈ, મહેશભાઈ, ઈલાબેન રમેશભાઈ આયર (મુંબઈ)ના માતુશ્રી તા.29-7ને રવિવારે અવસાન પામેલ છે. તેની ઉત્તરક્રીયા તા.4-8ને શનિવારે તેમના નિવાસે (અંબાજીચોક, ન્યુ પ્લોટ, ઢસા જંકશન) ખાતે રાખેલ છે.

જૈન મરણ

વિશાશ્રીમાળી જૈન

મુંબઇ | ગારિયાધારવાળા હાલ પાર્લા-મુંબઇ નિવાસી અનંતરાય ભવાનભાઇ શાહના પુત્ર કિર્તીકુમારના પત્ની **ચાંદની** (ઉ.વ.51) તા.30ને સોમવારે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા સ્વર્ગવાસ થયેલ છે. પિયર પક્ષે તળાજાવાળા હાલ ભાવનગર પુષ્પાબેન જયંતિલાલ લાલચંદ શાહના દીકરી, નરેન્દ્રભાઇ, પારસભાઇ, નયના રજનીકાન્ત પારેખ, આશા જીતેષકુમાર લાખાણી, ભાવના અભયકુમાર શાહ, છાયા અતુલકુમાર શાહના બેન, શારદાબેન, સોનલબેનના નણંદની પ્રાર્થના સભા વિશ્વકર્માબાગ, વીર્લે પાર્લે (વેસ્ટ) મુકામે તા.4/8ને શનિવારે સવારે 9 થી 11 રાખેલ છે. સાદડી રાખેલ નથી.

વિશાશ્રીમાળી જૈન

ભાવનગર | **શાહ રસિકલાલ રામજીભાઈ** (વરલવાળા) (હાલ મુલુન્ડ (ઉં.વ.87) તા.29-7ને અવસાન પામેલ છે. તે પ્રવિણચંદ્ર કપુરચંદ શાહ (દાઠાવાળા મામા)ના બનેવી, ગુણવંતરાય મુળચંદ શાહ (ટાણાવાળા)ના સાઢુભાઈ થાય. સંજોગોવસાત તેની સાદડી રાખેલ નથી.

મુસ્લિમ મરણ

સંધી મુસ્લિમ

પાલડી | **મ.ઇસાભાઇ આપાભાઇ ગાહા** તા.30ને સોમવારે ખુદાની રહેમતમાં પહોંચી ગયેલ છે. તે રૂસ્તમભાઇ, મનુભાઇ, હુસેનભાઇ, દિલાવરભાઇના પિતાજી, બાવદીનભાઇ ભીખાભાઇના કાકા, ડો.કાસમભાઇ કામલભાઇના સાઢુભાઇ થાય. તેની જીયારત તા.1/8ને બુધવારે સવારે 10 કલાકે પાલડી મુકામે રાખેલ છે.

સુન્ની સોરઠીયા મુસ્લિમ ઘાંચી

સમઢીયાળા-મુલાણી | સૈયદ અહદમભાઇ ઈબ્રાહીમભાઇ ભોજપરા (ભાલવાળા)ના ઔરત **હલુબેન** (ઉ.વ.64) તા.30ને સોમવારે ખુદાપાકની રહેમતમાં પહોંચી ગયેલ છે. તે મ.સૈયદ મુસાભાઇ ઈબ્રાહીમભાઇ (ભોજપરાવાળા)ના નાના ભાઇના ઔરત, અશરફભાઇ, સમીરભાઇ, મુસ્તુફાભાઇના વાલીદ, મ.હનીફભાઇ મુસાભાઇ, ફિરોઝભાઇ, ઉસ્માનભાઇના કાકી, મ.હાજી જમાલભાઇ ગોરાભાઇ મહેતર, મ.અલ્લીભાઇ ગોરાભાઇ, બાલાભાઇ અબ્દુલભાઇ મહેતર સમઢીયાળાના બેન, હાજીભાઇ ઈસ્માઈલભાઇ મહેતર હળીયાદવાળાના સાળાના ઔરત, મહેતર અલ્તાફભાઇ જમાલભાઇ સમઢીયાળા, સુડેસરા ઈરફાનભાઇ કાળુભાઇ ટાણાવાળાના સાસુ થાય. તેની જીયારત તા.1/8ને બુધવારે સવારે 10 કલાકે સમઢીયાળા (મુલાણી) મુકામે તેના નિવાસસ્થાને રાખેલ છે.

ધાર્મિક નોંધ

• છબીલાજીની હવેલી (હવેલીવાળી શેરી)

તા.1-8 ને બુધવારે ગોકુલ ચન્દ્રમાજી પાટોત્સવ સવારે 10.30 કલાકે રાજભોગમાં ઠાકોરજીને તિલક થશે. સાંજે 5.30 કલાકે કલાત્મક સુરંગના હિંડોળાના દર્શન થશે.શયનના દર્શન ભીતરમાં થશે.

• ગોવર્ધનનાથજીની હવેલી (પરિમલ)

તા.31-7 ને મંગળવારે સાંજે 5.45 થી 6.15 સુધી કલાત્મક સુરંગના હિંડોળાના દર્શન થશે.

• દાદાસાહેબ જૈન સોસાયટી

દાદાસાહેબ દેરાસરમાં પૂ. વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં આજે આયંબીલની શંખ વગાડતા આરાધના કરાવાશે.

• દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન સંઘ

ભકિતબાગ ઉપાશ્રયે પૂ. અંગુરપ્રભાબાઈ મ.સ.ની નિશ્રામાં સવારે 9.30 થી 10.30 ત્રીરંગી સામાયિક સાથે વ્યાખ્યાન રાખેલ છે. બાદ થોકડાનો અભ્યાસ રાખેલ છે.બપોરે 3 થી 4.30 બૃહદ ભાવનગરના સકળ સંઘના બહેનોની શિબિર રાખેલ છે.

જિલ્લા નોંધ

• નવનીતપ્રિયાજીની હવેલી (ભુંભલી)

તા.31-7 ને મંગળવારે સાંજે 5.45 થી 6.15 સુધી કલાત્મક સુરંગના હિંડોળાના દર્શન થશે.

• બાલમુકુંદજીની હવેલી (ધરાઇ)

તા.31-7 ને મંગળવારે સાંજે 5.45 થી 6.15 સુધી કલાત્મક સુરંગના હિંડોળાના દર્શન થશે.

• મહાપ્રભુજીની બેઠક (તગડી)

તા.31-7 ને મંગળવારે સાંજે 5.30 કલાકે કલાત્મક સુરંગના હિંડોળાના દર્શન થશે.

વિશાશ્રીમાળી જૈન સમાજના અગ્રણી જસવંતરાય શાહનું નિધન

ભાવનગર | ભાવનગર વિશાશ્રીમાળી જૈન સમાજના

અગ્રણી જસવંતરાય ચંપકલાલ શાહ (અમુલખરાય વિઠ્ઠલદાસ શાહ,રાજેશ ટ્રેડીંગવાળા)નું નિધન થતા સમાજમાં ગમગીની વ્યાપી જવા પામેલ છે. સદગતની અંતિમયાત્રા તા. 31-7 ને મંગળવારે સવારે 8 કલાકે તેમના નિવાસસ્થાન (ત્રિશલા, પ્લોટ નં.111/બી, એસ.બી.આઇ.વાળો ખાંચો,વિદ્યાનગર) ખાતેથી નિકળશે.

વરતેજનાં યાત્રીનું અજમેરમાં નિધન

વરતેજ |વરતેજ લીમડીવાળા ચોકમાં સ્વ.હાજીભાઈ

સૈયદનાં પુત્ર રફીકભાઈ હાજીભાઈ સૈયદ (ઉં.વ.44) અજમેર મુકામે ખ્વાજાગરીબે નવાઝની દુઆ ગયેલ જ્યાંથી પરત ફરતી અજમેર રેલવે સ્ટેશન પર હૃદયરોગનો હુમલો આવતા તેઓનું તા.29નાં નિધન થતાં વરતેજ મુસ્લીમ સમાજ અને પરિવારમાં શોક છવાયો છે.

વિવિધ કાર્યક્રમ

• દશાશ્રીમાળી મેશ્રી વણિક જ્ઞાતિ

જ્ઞાતિના વયસ્ક મંડળ દ્વારા આયોજીત તગડી,સાળંગપુરના પ્રવાસમાં આવનાર સભ્યોની મીટીંગ તા. 6-8 ને સોમવારે સાંજે 6 કલાકે યોજાશે જેમાં પ્રવાસની માહિતી અપાશે. સભ્યોએ ફરજીયાત આવવુ. વિશેષ માહિતી માટે બટુકભાઇ ભાલાલાનો સંપર્ક સાધવો.

• ઘોઘારી વિસાશ્રીમાળી જૈન સોશ્યલ વે.સોસા.

સોસાયટીની વાર્ષિક સામાન્યસભા તા. 12-8 ના સવારે 10 કલાકે શિવશકિતહોલ,ક્રેસન્ટ ખાતે યોજાશે.ભોજનપાસ સભાસદનંબર સાથે સંસ્થાની ઓફિસ (અરિહંત કોમ્પલેક્ષ,ભાદેવાની શેરી,હનુમાનજીના મંદિર પાસે)થી તા. 1-8 થી તા. 8-8 સુધીમાં સાંજે 4 થી 8.30 સુધીમાં રૂા 50 રીફન્ડેબલ ભરી મેળવી લેવા અનુરોધ કરાયો છે.

શૈક્ષણિક નોંધ

• ઝેડ.કે. મેંદપરા માધ્યમિક શાળા

ધો.10 અને 12 સા.પ્ર. અને વિ.પ્ર.ની જુલાઇ-2018ની બોર્ડની પૂરક પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની માર્કશીટ તેમજ માર્ચ-2018માં ધો.10ની પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓના સર્ટીફિકેટ શાળા સમય દરમિયાન સંબંધિતોએ મેળવી લેવા.

• સ્વામિનારાયણ હાઇસ્કૂલ,સરદારનગર

જુલાઇ-18ની ધો. 10ની પરીક્ષાનું રીપીટર્સનું પરિણામ દિવસ-2માં હાઈસ્કૂલના કાર્યાલયમાંથી શાળા સમયે મેળવી લેવુ. માર્ચ-18ની ધો. 10 ની પરીક્ષામાં પાસ થનારાઓના ક્રેડીટ સર્ટી. શાળામાંથી તા.3-8 ના રોજ મેળવી લેવા.

• એકતા હાયર સેકન્ડરી સ્કૂલ

માર્ચ-2018ની ધો. 10 ની પરીક્ષાના ક્રેડીટકાર્ડ શાળામાંથી રિઝલ્ટ સાથે રાખી મેળવી લેવા.

ભાવનગર સિનેમા

• મેકસસ... 2530057

નવાબ જાદે (8.10, 11.20, 4.10, 9.45),સાહેબ બીવી ઔર ગેંગસ્ટાર-3, (8.40, 1.30, 4.30, 7.10, 9.00) સંજુ (1.30), MISSION IMPOSSIBLE (2D) (8.15, 11.00, 12.45, 1.45, 4.30, 6.15, 7.15, 10.00), ધડક (10.50, 3.30, 9.30), સતી પર સત્તો (ગુજરાતી) (6.50), SKY SCRAPER (10.00)

• ટોપ થ્રી 2930076

સાહેબ બીવી ઔર ગેંગસ્ટાર-3 (1.00, 4.00, 7.00, 10.00) ધડક (1.00, 4.00, 7.00, 10.00), MISSION IMPOSSIBLE (2D)(1.00, 4.00, 7.00, 10.00), સતી પર સત્તો (ગુજરાતી) (4.00), બેક બેન્ચર (7.00)

• ધ એન્ટર ટેઈનમેન્ટ પાર્ક 3004400

સાહેબ બીબી ઔર ગેંગસ્ટાર-3 (9.30, 11.45, 2.30, 5.15, 7.45, 10.30), નવાબ જાદે (12.15, 5.35), ધડક (11.00, 2.30, 7.15, 10.00), MISSION IMPOSSIBLE (2D)(9.30, 12.15, 3.00, 7.15, 7.45, 10.30) સતી પર સત્તો (ગુજરાતી) (2.45, 10.15), એની માને (ગુજરાતી) (9.45, 7.45) બેક બેન્ચર (4.45), દોસ્ત તારૂં સપનું (12.15)

• વૈશાલી 9374929822

સાહેબ બીબી ઔર ગેંગસ્ટાર-3 (1.00, 4.00, 7.00, 10.00)

• મેઘદૂત (મહુવા) 222580

સાહેબ બીબી ઔર ગેંગસ્ટાર-3 (1.00, 4.00, 7.00, 10.00)

• સૌરાષ્ટ્ર સિનેમા (પાલિતાણા) 9924023855

સાહેબ બીબી ઔર ગેંગસ્ટાર-3 (1.00, 4.00, 7.00, 10.00)

ગુજરાત/અમદાવાદ

Divya Bhaskar.com
'સત્ય, પ્રેમ, કરુણાનો સમન્વય એટલે ધર્મ' – મોરારિબાપુ
'સેવા હૃદય અને આત્માને પવિત્ર કરે છે' – પ્રમુખ સ્વામી મહારાજ
ગુરુવાણીમાં જુઓ આવા 1000થી વધુ પ્રેરણાત્મક ક્વોટ્સ અને 1000+ વીડિયો

રિપોર્ટર રજની

કહેલી-સાંભળેલી વાતો તમને જણાવશે આ રજની...

ટ્રક હડતાળ પૂરી થઇ, હવે ટ્રક છે પણ ડ્રાઇવર નથી, ભાડાં ડબલ થઇ ગયાં

છેલ્લી 20 જુલાઇથી દેશભરના ટ્રક ટ્રાન્સપોર્ટરોની હડતાલ ચાલી રહી હતી. સરકારે ટ્રાન્સપોર્ટરોની માગને માની લેતા દેશભરમાં ચાલી રહેલી હડતાલનો અંત આવ્યો હતો. ટ્રક ટ્રાન્સપોર્ટની 9 દિવસ ચાલેલી હડતાલને પગલે દેશભરમાં વેપારીઓના માલનો ભરાવો થઇ ગયો છે. ટ્રાન્સપોર્ટની હડતાલ પૂરી થતાંની સાથે જ ટ્રાન્સપોર્ટરોના ગોડાઉનોમાં ગાંસડીઓનો ઢગલો થઇ ગયો છે. તો બીજી તરફ હડતાલ પૂરી થવા છતાં ટ્રકો શરૂ થઇ નથી. કારણ કે ટ્રાન્સપોર્ટની હડતાલ ક્યાં સુધી ચાલશે તે નક્કી ન હોવાથી બે ત્રણ દિવસ રાહ જોયા બાદ ટ્રક ડ્રાઇવરો પોતાના વતન અથવા તો ફરવા માટે જતા રહ્યા છે. ટ્રક ડ્રાઇવરો પરત આવે ત્યારે ટ્રકો ફરી શરૂ થાય તેવી પરિસ્થિતિ

દાઝ્યા પર ડામ

સર્જાઇ છે. હડતાલ પૂરી થતાની સાથે જ ટ્રક ટ્રાન્સપોર્ટરોએ માલ મોકલવાનાં ભાડાં ડબલ કરી દીધાં હતાં. ટ્રાન્સપોર્ટરોની હડતાળને લઈને હું એક વેપારીને મળવા ગઈ અને મેં પૂછ્યું કે હવે તો ધંધાપાણી પાછા પહેલા જેવા ચાલુ થઈ ગયાને ભાઈ? તો નિસાસા નાખતા કહ્યું, ક્યાં રજની તું પણ દાઝ્યા પર ડામ આપે છે. હવે નવી મુસીબત આવી ગઈ છે, હડતાળના કારણે ટ્રક ડ્રાઇવરો પોતાના વતન જતા રહેતા મોટા ભાગની ટ્રક શરૂ થઇ નથી. જેના કારણે ટ્રકો ઓછી હોવાથી ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. ઘણા ટ્રાન્સપોર્ટરોએ તો વેપારીઓની ગરજ પ્રમાણે ડબલ કરતાં પણ વધારે ભાડાં લીધાં હતાં. આ અંગે અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસો.ના પ્રેસિડેન્ટ મુકેશ દવે જણાવ્યું હતુ કે હાલમાં ડ્રાઇવરો ન હોવાથી 20 હજાર ટ્રિપનો માલ ગોડાઉનોમાં પડ્યો છે. અમદાવાદમાં રોજની 15 ગાડીઓની જરૂરિયાત સામે માત્ર 5 હજાર ગાડીઓ ચાલી રહી છે. ગુજરાતમાં એક લાખ ટ્રકમાંથી માત્ર અત્યારે 25 ટકા ગાડીઓ ફરી રહી છે. હાલ જે રીતે અમદાવાદમાં બુકિંગ થયા છે તેમાં રાજ્યની અંદર 40 ટકા અને રાજ્ય બહારના 60 ટકા પાર્સલોનું બુકિંગ થયું છે.

હવે અમારું કંઇક થશે કે કેમ? ભાજપના આગેવાનોની મીઠી મૂંઝવણ

કોંગ્રેસના કુંવરજી સવારે પક્ષ છોડે તો બપોર પડતા ભાજપના કેબિનેટ મંત્રીનું પદ મળી જાય. આ જોતા ભાજપના સિનિયર આગેવાનોમાં સન્નાટો છવાઈ ગયો છે. સન્નાટા પછી શું થશે તે અંગે ભાજપના એક વરિષ્ઠ આગેવાને કહ્યું કે, રજનીબેન આ તો જાતે જ ગાલ પર તમાચો મારીને તેને લાલ રાખવા જેવો અમારા સૌનો ઘાટ છે. અસંતોષતો એટલો છે કે વાત ન પૂછો પણ તેની રજૂઆત કરવા

અસમંજસ

પહેલ કોણ કરે? જો કે વડોદરાના બાલુ શુક્લ સહિતના કેટલાંક આગેવાનોએ નરેન્દ્રભાઈ સુધી પોતાનો અસંતોષ પહોંચાડ્યો હોવાનું જાણવા મળે છે. જોઈએ હવે શું થશે. મેં કહ્યું કે વડીલ, શું લાગે છે, શું થશે? વડીલે કહ્યું કે, બીજું કંઈ નહીં તો મારા ભાઈ આ બોર્ડ-નિગમોમાં પણ અમારા જેવા 150 આગેવાનોને સમાવી શકાય તેમ છે. અમારી મીઠી મૂંઝવણ તો એ છે કે, અમારું કંઈક થશે કે કેમ?

આ કીડીઓ નથી...પણ | મગદલ્લા ઓવારે મૂકેલી 400 હોડીઓનું અનોખું આકર્ષણ છે

દ.ગુજરાતમાં વરસાદનું પ્રમાણ સારુ એવું રહેતા ડાંગરની ખેતી કરનારા ખેડૂતોએ રોપણી કરી દેતા ખુશીનો માહોલ છવાયો છે. પરંતુ હાલમાં એજ વરસાદ અને દરિયાની ભરતી મોટી હોવાને કારણે સાગરખેડુંઓ ચિંતામાં મુકાયા છે. મોસમની આવી સીઝનમાં નદીનું મીઠુ અને દરિયાનું ખારું પાણી જ્યાં ભેગુ થાય ત્યાં માછીમારીનું પ્રમાણ વધી જતું હોવાથી માછીમારો આવી સિઝનનો ફાયદો લઈ પોતાની રોજી ઉભી કરી દેતાં હોય છે. સુરતમાં આવુ મીક્ષ થતું પાણી મગદલ્લાથી હજીરાના દરિયામાં ભેગુ થાય છે, જ્યાં માછીમારીનો એરીયા છે. દાંડે લોધવા (દરિયે માછલી પકડવા) જવા હાલમાં સાગરખેડુઓ ઉતાવળા બન્યા છે. પરંતુ ભરતી મોટી હોવાથી હોડીઓ જઈ શકે એ હાલતમાં નથી. મગદલ્લા ઓવારે 400 હોડીઓ કામ વીનાની બની રહેતા એક સાથે ભેગી થયેલી હોડીઓનો અદભુત નજારો તસવીરમાં કંડારાયો હતો.

તસવીર - રિતેશ પટેલ

આરોપી અંધ હોય તોય ગુનો હળવો ન બને

અપંગ બાળા પર દુષ્કર્મના આરોપીને આજીવન કેદ

વડોદરા | 30 જુલાઇ

દસ વર્ષની માનસિક રીતે અસ્વસ્થ અને અપંગ બાળકી સાથે દુષ્કર્મ આચરવાના બનાવમાં સંડોવાયેલા આરોપીને ન્યાયાધીશે આજીવન કેદની સજા તેમજ રૂા.10 હજાર દંડ ફટકારી આરોપી જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજાનો આદેશ કર્યો હતો.કેસમાં બચાવ પક્ષે રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપીની આંખની રોશની જતી રહી છે અને કુદરતે તેને સજા કરી છે ત્યારે તેને ઓછી સજા કરવી જોઇએ.ન્યાયાધીશે ચુકાદામાં નોંધ્યું હતું કે, કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતાં અને આરોપીએ દસ વર્ષની માસૂમ બાળકી સાથે દુષ્કર્મ આચર્યું છે ત્યારે આ સંજોગોમાં હળવો વ્યૂહ લઇ શકાય નહીં.

તા.22 ઓગષ્ટ 2016ના રોજ બપોરના સમયે લાલજી રાવજીભાઇ પરમાર (રહે.સર્વન્ટ ક્વાર્ટર)નામના શખ્સે સર્વન્ટ ક્વાર્ટરમાં એક 10 વર્ષની માસુમ બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ સમયે બાળકીની માતા આવી જતાં આરોપી ફરાર થઇ ગયો હતો.પોલીસે પોક્સો તેમજ બળાત્કારનો ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી હતી.

ત્રણેય મિત્રો વડોદરાથી રવિવારે બપોરે પાવાગઢ ફરવા માટે આવ્યા હતા

પાવાગઢના વડા તળાવમાં નહાવા પડેલા વડોદરાના 3 યુવાનના ડૂબી જતાં મોત

બે વર્ષ અગાઉ પણ આ જ જગ્યાએ માલવ ગામના 3 મિત્રો ડૂબ્યા હતા

હાલોલ | 30 જુલાઇ

વડોદરા થી પાવાગઢ ફરવા આવેલા ત્રણ મિત્રો સોમવારે વડાતલાવમાં ન્હાવા જતા પાણીમાં ગરકાવ થઈ જતા ત્રણેવ યુવાનોના મોત કરૂણ નિપજયા છે. બનાવની જાણ થતાં પાવાગઢ પોલીસે હાલોલ ફાયર બ્રિગેડને બોલાવી તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. જયાં બે કલાકની શોધખોળ દરમિયાન પાણીમાંથી ત્રણેવના મૃતદેહો મળી આવ્યા હતા.વડોદરાના તપન ચિરાગભાઈ શાહ ઉ.વ.19, રહે.101 વલ્લભ એવન્યુ રાવપુરા

વડોદરા., વૈભવ મુકુંદરાવ માંડવકર ઉ.વ. 21 રહે.કસાર ફળિયું સરકારી પ્રેસની બાજુમાં. અને ગજમલ સોનુ દેવરે ઉ.વ.57.રહે નવલખી કમ્પાઉન્ડ રાજમહેલ રોડ વડોદરા તા.29 જુલાઈના રોજ ત્રણેય એક્સસેસ પર પાવાગઢ આવ્યા હતા. જ્યાં રાત રોકાઈ સવારે વડાતલાવ તરફ ફરવા આવ્યા હતા. જ્યાં વરસાદી વાતાવરણમાં મિત્રોને પાણીમાં ન્હાવાનું મન થતા તમામ મિત્રોએ કપડાં કાઢી સ્કુટરની ડીકીમાં મૂકી તળાવમાં ન્હાવા પડતા તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થતા નજીકમાં ઢોરો ચરાવતા લોકો દોડી આવ્યા હતા. પોલીસને જાણ કરતા પોલીસ આવી બચાવ કામગીરી માટે હાલોલ ફાયર બ્રિગેડને બોલાવાઈ તળાવમાં સર્ચ કરાતા બે કલાકની ભારે જહેમત બાદ કમનસીબે ત્રણેવના મૃતદેહો મળી આવ્યાં હતા. અને પોલીસે મૃતદેહોનું પી એમ કરાવી અકસ્માતમોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

દિનેશ કાછડિયા પ્રકરણમાં યુવતીનું નિવેદન લેવાયું

7 માસ પછી ક્રાઇમ બ્રાંચને સપનું આવ્યું કે યુવતી પણ સંડોવાઈ છે

સુરત | 30 જુલાઇ

ભાજપના નેતા જયંતી ભાનુશાળી સામે બળાત્કારની ફરિયાદ નોંધાવનારી યુવતીની કોર્પોરેટર દિનેશ કાછડિયાના કથિત સેક્સ કૌભાંડમાં સંડોવણી હોવાનું ક્રાઇમ બ્રાંચને એકાએક સાત મહિના પછી સપનું આવ્યું ને પોલીસે આ યુવતીનું નિવેદન પણ લીધું.

ડિસેમ્બર 2017માં કોર્પોરેટર દિનેશ કાછડિયાએ એક ટોળકી સામે ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં જે તે વખતે આ યુવતીનું ફરિયાદમાં આરોપી તરીકે નામ ન હતું. હવે જ્યારે યુવતીએ ભાજપના નેતા સામે ફરિયાદ નોંધાવી ત્યારે ક્રાઇમ બ્રાંચના પોઈ ચૌધરીને એકાએક યાદ આવ્યું કે આ યુવતીનું નિવેદન લેવાનું છે! ક્રાઇમ બ્રાંચે આ યુવતીને નિવેદન આપવા માટે ક્રાઇમ બ્રાંચની ઓફિસે તા. 30મીએ હાજર રહેવાની નોટિસ આપી હતી. જેના પગલે યુવતી નિવેદન આપવા હાજર રહી હતી.

ભાનુશાળી કેસમાં પણ પીડિતાનું નિવેદન લેવાયું

આ પીડિતાએ જયંતી ભાનુશાળી સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી તે ગુનાની તપાસ ક્રાઇમ બ્રાંચના એસીપી આર.આર. સરવૈયાને સોંપવામાં આવી છે. જેથી તપાસના કામે આજે સોમવારે બપોરે પીડિતાનું નિવેદન લેવામાં આવ્યું હતું. અગાઉ તપાસનીશ અધિકારી ડો. લીના પાટિલે આ યુવતીને બોલાવી હતી પરંતુ ત્યારે તે હાજર રહી શકી ન હતી.

આ વખતે સ્વાતંત્ર પર્વની ઉજવણી સુરેન્દ્રનગરમાં થશે

ગાંધીનગર | 30 જુલાઇ

રાજ્યકક્ષાના સ્વાતંત્ર પર્વની ઉજવણી સુરેન્દ્રનગર ખાતે કરવામાં આવશે. મુખ્યમંત્રી રૂપાણીના હસ્તે સુરેન્દ્રનગરમાં ધ્વજવંદન સમારોહ યોજાશે. તેમજ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વડોદરા ખાતે ધ્વજવંદન કરાવશે. કેબિનેટ મંત્રી આર.સી. ફળદુ અમદાવાદમાં, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા રાજકોટમાં, કૌશિક પટેલ સુરતમાં, સૌરભ પટેલ મહેસાણામાં, ગણપતસિંહ વસાવા દાહોદમાં, જયેશ રાદડિયા જામનગરમાં, કુંવરજી બાવળીયા અમરેલી ખાતે તેમજ ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા જૂનાગઢ ખાતે ધ્વજવંદન કરાવશે.

હડકાયુ કૂતરું કરડતા ભેંસનું મોત નીપજ્યું

પાટડીમાં હડકાયી ભેંસનું દૂધ પીતા 17 લોકો સારવારમાં

પાટડી | 30 જુલાઇ

પાટડી તાલુકાના રૂસ્તમગઢ ગામે હડકાયું કૂતરું કરડ્યા બાદ ભેંસને પણ હડકવા ઉપડ્યો હતો. આ ભેંસનું દુધ પીવાથી ગામના 17 લોકોને અસર થતા દોડધામ મચી હતી. તમામને સારવાર માટે તાબડતોબ હોસ્પિટલે લઈ જવાયા હતા. તેમ જ હડકવા ઉપડવાના કારણે ભેંસનું પણ મોત નિપજ્યું હતું. રૂસ્તમગઢમાં ચાર કૂતરાને હડકવા ઉપડતા પાંચ વ્યક્તિની સાથે 15 જેટલા પશુઓને પણ બચકાં ભર્યાં હતાં. જેમાં જેઠાભાઈ પરમારની ભેંસને હડકવા ઉપડ્યો હતો. આ ભેંસનું દુધ પીવાને કારણે 17 વ્યકિતને હડકવા વિરોધી રસી મૂકાવવા હોસ્પિટલ ખસેડાયા હતા. તાલુકાના પાટડી, દસાડા અને વણોદ સરકારી દવાખાનામાં હડકવા વિરોધી રસી ન હોવાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

ત્રિભોવન પરમાર, કમુબેન, શૈલેષ પરમાર, માનાભાઈ પરમાર, કનીબેન, મહેશ પરમાર, રામા પરમાર, હિરીબેન, જેઠા પરમાર, લિલીબેન, તાભા પરમાર, જશીબેન, નિલેશ પરમાર, રીટાબેન, કાંતિ પરમાર, અજાભાઈ પરમાર, ખોડાભાઈ સોલંકી, જાગૃતિબેન પરમાર, માહિબેન પરમારને સારવારમાં ખસેડાયા છે.

મોરવા(હ)તાલુકાના ચોપડાબુઝર્ગ ગામની ઘટના

પિતાએ પોતાના જ બે બાળકોને કૂવામાં ફેંકી દીધા

પત્ની જોડે તકરાર થતાં આવેશપૂર્ણ પગલું ભર્યું

ગોધરા | 30 જુલાઇ

મોરવા(હ)ના આંતરીયાળ વિસ્તાર એવા ચોપડા બુઝર્ગ ગામે ઘર કંકાશમાં પિતાએ આવેશમાં આવીને પોતાના બે પુત્રોને ખેતરમાં આવેલ કુવામાં નાખી દઈને હત્યા કરીને ફરાર થઇ ગયો હતો. મોરવા(હ) તાલુકાના ચોપડા બુઝર્ગ ગામે રહેતાં ભીખો ઉર્ફે ભૌમીક સોમાભાઇ પગી ત્રણ માસ અગાઉ દુષ્કર્મ ની સજા કાપીને ઘરે આવ્યો હતો. સજા કાપી વખતે ભીખાની પત્ની તેના પિયર રહેવા જતી રહી હતી. એક માસ અગાઉ ભીખા પગીએ પોતાની પત્ની અને ચાર વર્ષ અને સાત વર્ષના પુત્રોને લઈને ચોપડાબુઝર્ગ ગામે લાવ્યો હતો. ભીખાને પત્ની સાથે તકરાર થતા બન્ને પુત્રોને તેણે કુવામાં ફેંકી દીધા હતા.

ઉપવાસ આંદોલન કરવાની મંજૂરી લેવા માટે ઉપવાસ કરાશે: હાર્દિક

ગાંધીનગર | 30 જુલાઇ

પાટીદાર સમાજને અનામતની માંગણી સાથે પાસ નેતા હાર્દિક પટેલે 25 ઓગષ્ટે આનરણાંત ઉપવાસ કરવાનુ જાહેર કર્યુ છે. પાસ કમિટીએ સોમવારે અમદાવાદ કલેક્ટર, મ્યુ. કમિશ્નર, તથા મેયરને રજુઆત કરીને આમરણાંત ઉપવાસ કરવા પ્લોટની માંગણી કરતુ આવેદનપત્ર આપ્યુ હતુ. જેમાં પાસ કમિટીના સભ્યોએ આવેદનપત્ર આપ્યા બાદ ચિમકી ઉચ્ચારી હતી કે જો સરકાર પરવાનગી નહિ આપે તો પરવાનગી માટે પણ ઉપવાસ કરવામાં આવશે. પાસ કન્વિનર હાર્દિક પટેલે નિકોલમાં આમણાંત ઉપવાસ માટેના પ્લોટ બાબતે જણાવ્યુ હતુ કે ઉપવાસ કરવાની પરવાનગી બાબતે આજે પાસ કમિટી દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. લોકતંત્રના બંધારણ મુજબ અમને ઉપવાસ કરવાની મંજુરી આપવી જ જોઈએ, જો સરકાર હવે પરવાનગી નહી આપે તો કોઈ પણ જગ્યાએ અનશન કરાશે.

વિજલપુરનો યુવાન સાપુતારા ફરવા આવ્યો હતો

સેલ્ફી લેવા જતા યુવાન એક હજાર ફૂટ ઊંડી ખીણમાં પટકાયો

સાપુતારા | 30 જુલાઇ

ગિરિમથક સાપુતારાના ટેબલપોઈન્ટ પર આવેલા વેલીવ્યુના ઉંચા ડુંગર પરથી એક પ્રવાસીને સેલ્ફી લેવાના ચક્કરમાં જાન ગુમાવવાની નોબત ઉભી થવા પામી છે.

સાપુતારાના ટેબલ પોઈન્ટ વિસ્તારને અડીને આવેલા સૌથી ઉંચા પર્વતના શિખર પર વિજલપોરના યુવાનો જોખમી સેલ્ફી લેવાની લહાયમાં એકાએક સંતૂલન ગુમાવી દેતા એક હજાર ફૂટની ઉંડી ખીણમાં ખાબકતા ઘટનાસ્થળે જ પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. નવસારીના વિજલપોર શહેરના પાંચ યુવાનો બ્રિજેશભાઈ



ઠાકોર, સુમિત એ. ગાંધી, વિરલ ડી. લાડ, કલ્પેશ આઈ. સોલંકી અને ચંદ્રસિંહ મહેન્દ્રસિંહ જાદવ સાપુતારાની સહેલગાહે મિત્રની કારમાં આવ્યા હતા. તેઓ સાપુતારાના ગવર્નર હિલના ટોચના ડુંગર ઉપર ધુમ્મસીયા વાતાવરણ વચ્ચે જોખમી સેલ્ફી લેવાની કોશિશ કરતા એકાએક સંતુલ ગુમાવી દેતા 1 હજાર ફૂટ ઉંડી ખીણમાં ખાબક્યો હતો.

ભાવનગર જિલ્લાના કામરોળ ગામની ઘટના

તળાજા પોલીસે દારૂના કેસમાં યુવાન પાસે પૈસા માંગતા ઝેર પી લેતા મોત

ક્રાઇમ રીપોર્ટર | ભાવનગર | 30 જુલાઇ

તળાજાના કામરોળ ગામેથી તળાજા પોલીસે ગઈકાલે પ્રદીપ નામના શખ્સ પાસેથી 10 લીટર દારૂ ઝડપ્યો હતો જેમાં બળદેવસિંહ સરવૈયાનુ પણ નામ આવતા તળાજા પોલીસે તેની ધરપકડ કરી હતી. અને આજે સવારે તળાજા પોલીસને પૈસા આપવાની શરતે જામીન મુકત કર્યા હતા.

બાદમાં તળાજા પોલીસે બળદેવસિંહ પાસે પૈસાની ઉઘરાણી કરતા તેણે જણાવેલ કે હું મારો સોનાનો ચેઈન વેચી તમને પૈસા આપી દઈશ. આ મામલે ગામના એક બે જણા જામીન પડયા હતા. જયારે કે બળદેવસિંહ પાસે કોઈ મીલકત કે ચેઈન કશુ હતુ જ નહિ બાદમાં તળાજા પોલીસ દ્વારા બળદેવસીંહ પાસે પૈસાની ઉઘરાણી ચાલુ રખાતા તેઓએ આજે મોડી સાંજે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તેઓને સાંજે 6-30 કલાકે ગંભીર હાલતે સારવારાર્થે ભાવનગર સરટી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં તેમનુ મોત નિપજયુ હતુ.

આ બનાવ અંગે મૃતક બળદેવસિંહ કૌટુંબીક ભાઇ વાસુદેવસિંહ સરવૈયાએ જણાવ્યુ હતુકે તળાજા પોલીસ મથકના શક્તિસિંહ ભીકડા, હઠીસિંહ, યોગરાજસિંહ અને એક પોલીસ કોન્સ્ટેબલ સામે એસપી ખુદ અત્રે રૂબરૂ આવી ગુન્હો દાખલ કરે અને ચારેયને સસ્પેન્ડ કરે તો જ મૃતદેહ સ્વીકારવામાં આવશે તેમ જણાવ્યુ હતુ આ મામલે ડીવાયએસપી મનીષ ઠાકર સહીતના દ્વારા સમજુતી અંગે વાતચીત શરૂ છે.

ન્યૂઝ ઇન બોક્સ

મિશન વિદ્યામાં શિક્ષિકાઓએ સાડી પહેરવી ફરજિયાત: ટીડીઓનો વિવાદિત પરિપત્ર

અમદાવાદ | પ્રાથમિક શાળાઓમાં ચાલી રહેલા મિશન વિદ્યા-2018માં લિમખેડાના તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીનો વિવાદીત પરિપત્ર સામે આવ્યો છે. પરિપત્રમાં તાલુક પ્રાથમિક શિક્ષણ અધિકારીએ મહિલા શિક્ષકોને આદેશ કર્યો છે કે, કોઈ મહિલા શિક્ષક ડ્રેસ પહેરીને શાળામાં આવી શકશે નહીં, નહીંતર શિક્ષિકાઓ પર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જ્યારે ટીપીઓને પરિપત્ર અંગે પુછવામાં આવ્યું તો જણાવ્યું કે, માત્ર લિમખેડામાં નહીં પરંતુ જાલોદ અને ફતેપુરા તાલુકામાં પણ આ પ્રકારનો પરીપત્ર કરાયો છે, તેથી મેં પણ કર્યો. સરકાર દ્વારા નબળા બાળકો વાંચન, લેખન અને ગણનમાં મજબુત બને તે માટે મિશન વિદ્યા-2018નો પ્રારંભ કરવામાં આવ્યો છે. પરંતુ મિશનમાં સરકારી અધિકારીઓના મહિલાઓના પોષાકને લઈને પરિપત્ર કરાતા વિવાદ થયો છે.

આબુમાં મજૂરીએ જતા અમીરગઢના યુવક પર અચલગઢ નજીક રીંછનો હુમલો, મોત

અમીરગઢ | માઉન્ટ આબુમાં મજૂરીએ જતા યુવક પર રીંછે હુમલો કરી ફાડી ખાતાં તેને બચાવવા લોકો દોડી આવ્યા હતા.રીંછની ચુંગાલમાંથી તેને છોડાવી સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. પર્યટક સ્થળ માઉન્ટ આબુમાં સોમવારના સવારે મજૂરી માટે ઘરેથી નીકળેલા હીરાભાઈ ભીલ (ઉં.વ.35) અચલગઢ નજીકથી પસાર થઇ રહ્યા હતા. તે દરમિયાન અચાનક રીંછે હીરાભાઈ પર હુમલો કર્યો હતો. ત્યારે હીરાભાઈએ બચાવ માટે રાડો પાડતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને રીંછના ચુગલમાંથી હીરાભાઈને બચાવ્યો હતો. જોકે ગંભીર રીતે ઘવાયેલા હીરાભાઈને સારવાર માટે નજીકના દવાખાને લઈ જવાયો હતો.

અનુપમ ભેટ | વાંકલમાં વનમહોત્સવમાં ઉપસ્થિત મંત્રી ગણપત વસાવાની જાહેરાત

કેવડિયામાં ટાઇગર સફારી અને માંડવી તેમજ ડાંગમાં દીપડાની સફારી બનશે

વાંકલ : સોમવારના રોજ માંગરોળ ખાતે આવેલ વાંકલમાં 69માં વન મહોત્સવમાં ગણપતભાઈ વસાવાએ કેવડિયામાં ટાઈગર સફારી બનાવશે. સુરતના માંડવીમાં અને ડાંગમાં દીપડાની સફારી બનાવવામાં આવશે. મંત્રી વસાવાએ જણાવ્યું હતું કે ગુજરાતને કુદરતે ખુબ આપ્યું છે. દરિયો જંગલો, પહાડો, નદીઓ વન્ય પ્રાણી જીવો સહિત અખુટ સંપતિ આપી છે. એક સમય એવો હતો એક સમય એવો હતો કે ગુજરાતમાં માત્ર 18 સિંહો હતાં. આજે આપણે ત્યાં 526 સિંહો આપણી પાસે છે. છોટા ઉદેપુરનો જંગલમાં ઉડતી ખિસકોલી છે. રીછ પણ જંગલોમાં છે. આવનારા દિવસોમાં ગુજરાત સરકાર કેવડિયામાં ટાયગર સફારી બનાવશે.

નર્મદા ડેમથી 10 કિમી દૂર ટાઇગર સફારી બનશે

કેવડિયાની ટાઈગર સફાઈ નર્મદા ડેમથી 10 કિમી દૂર ગરુડેશ્વર તાલુકામાં બનાવવામાં આવશે. જ્યારે દીપડા સફારી ડાંગના વઘઈ ખાતે ગીરાધોધની સામે તેમજ માંડવીના ખોડંબા ગામે બનાવવામાં આવશે. પકડાયેલા દીપડાને ત્યાં છોડવામાં આવશે. જ્યારે ટાઈગર સફાઈમાં વાઘ બહારથી લાવવામાં આવશે. » ગણપતભાઈ વસાવા, વન અને આદિજાતી મંત્રી

દાહોદમાં ચાર સુધરાઇ સભ્યોના રાજીનામા

દાહોદ : દાહોદ નગર પાલિકાની સામાન્ય સભામાં જોરદાર ભડકો થયો હતો. નવનિર્વાચિત પ્રમુખની પ્રથમ સામાન્ય સભા અનેક આક્ષેપો- પ્રતિઆક્ષેપો વચ્ચે વાણી વિલાસ સાથે સંપન્ન થઇ હતી. આ સભામાં ચેરમેનોની વરણી થઇ હતી પરંતુ નારાજ ચાર સુધરાઇ સભ્યોએ આ ચેરમેન પદેથી રાજીનામા ધરી દેતાં ખળભળાટ મચી ગયો હતો. આ યાદવાસ્થળી સામે ન આવે તે માટે મીડિયાને પણ દૂર રાખવામાં આવ્યું હતું.

અનગઢમાં કમ્પાઉન્ડર સાથે મળી ખંડણી માગી હતી

તબીબની કામલીલાનો વીડિયો વાઈરલ કરનારની ધરપકડ થશે

વડોદરા : અનગઢના ડો.પ્રતીક જોષીએ મહિલા સાથે આચરેલી કામલીલાનું શૂટિંગ કર્યા બાદ કમ્પાઉન્ડર દિલીપ ગોહિલની સાંઠગાંઠમાં વીડિયો વાયરલ કરનાર ગોપાલ જાડેજાને જેલમાં મોકલવાનો અદાલતે હુકમ કર્યો છે. દરમિયાન, ડોકટરે નોંધાવેલ ખંડણી માંગવાના કેસમાં ગોપાલ જાડેજાની ધરપકડ કરવાના ચક્રો પોલીસે ગતિમાન કર્યા છે.

અનગઢના ડોકટર પ્રતીક જોષીની કામલીલા જાહેર થયા બાદ વીડિયો વાયરલ કરવાના બનાવમાં અગાઉ કમ્પાઉન્ડર દિલીપ ગોહિલ તથા ડે.સરપંચ મહેન્દ્ર કાંતિલાલ ગોહિલ અને વિનોદ ઉર્ફે વિક્રમ પરમારની ધરપકડ કરી હતી.બીજી તરફ ડો.પ્રતીક જોષી પોલીસના હાથે ઝડપાઇ ગયા બાદ તેણે પણ દિલીપ ગોહિલ, મહેન્દ્ર ગોહિલ, વિનોદ પરમાર, કોયલીના માજી ડે.સરપંચ રાણા , જશવંત ઉર્ફે ટીકો ગોહિલ તથા ગોપાલ જાડેજા સામે ફરિયાદ નોંધાવી હતી.

58 ટકાના ઘટાડા સાથે આઇડીએફસી બેન્કનો ચોખ્ખો નફો 181 કરોડ નોંધાયો છે. જૂન-18ના ક્વાર્ટરમાં કુલઆવકો પણ ઘટી રૂ. 2519 કરોડ અને નેટ એનપીએ 1.63 ટકાના સ્તરે નોંધાયા હતા.

ડોલર	68.67	↑0.02
પાઉન્ડ	90.05	↑0.11
યુરો	80.22	↑0.34
યેન (100)	61.84	↑0.07

સેન્સેક્સ	37,494.40	↑157.55
નિફ્ટી	11,319.55	↑41.20
સોનું (99.9)	30,850	↓50
ચાંદી (.999)	38,900	→ 000

ગેનર્સ

ભારતી એરટેલ	385.40	▲20.70	5.68%
ICICI બેન્ક	307.50	▲14.30	4.88%
એસબીઆઇ	296.50	▲9.75	3.40%
એક્સિસ બેન્ક	569.00	▲15.75	2.85%

NSE 50

લુઝર્સ

એચડીએફસી બેન્ક	2,164.70	▼37.45	1.70%
ઇન્ફોસિસ	1,351.00	▼22.45	1.63%
HCL ટેક્નોલોજી	947.95	▼15.50	1.61%
એચડીએફસી	2,016.00	▼31.25	1.53%

માર્કેટ મોનિટર

કંપની	બંધ		તફાવત
બીએસઈ સેન્સેક્સ	37,494.40	▲	0.42%
CNX નિફ્ટી	11,319.55	▲	0.37%
CNX નિફ્ટીજૂન.	29,563.55	▲	1.04%
સીએનએક્સ 500	9,618.70	▲	0.41%
બીએસઈ -100	11582.46	▲	0.41%
બીએસઈ -200	4853.69	▲	0.41%
બીએસઈ -500	15264.35	▲	0.42%

BSE ટોપ 5 ગ્રૂપ બી

સૌથી વધુ ફાયદાવાળા શેર

કંપની	બંધ		તફાવત
ગ્લોબલ વે. હે લિમિટેડ	91.20	▲	20.00%
સ્નાઈડર ઈલે. ઈન્ફ્રા. લિ.	106.80	▲	20.00%
ઝીકોમ ઈલ. સિક્યુ. સિ. લિ.	12.86	▲	19.96%
ટીસીઆઇ ફાઈનાન્સ લિ.	25.70	▲	19.81%
મેટકોર અલા. & ઈન્ડ. લિ	1.83	▲	15.82%

વધુ નુકસાનવાળા શેર

કંપની	બંધ		તફાવત
રીલાયન્સ કે. બિ. ફાઉન્ડ IV	9.00	▼	9.55%
તાતા વેલ્યુ ફા. સીરીસ	9.05	▼	9.50%
R સિસ્ટમ ઈન્ટરનેશનલ લિ.	32.75	▼	8.65%
બેલા કેસા ફેશન & રી. લિ.	161.75	▼	8.23%
પાયોનીર ડીસ્ટીલર લિ.	247.95	▼	7.81%

બ્રાંડ ઈન્ડેક્સ

કંપની	બંધ		તફાવત
ઓટો	24388.43	▲	0.49%
બેન્કેક્સ	31144.14	▲	1.30%
સીડી	20692.64	▲	0.30%
સીજી	18124.26	▼	0.22%
એફએમસીજી	11926.48	▲	0.28%
એચસી	14122.73	▲	0.68%
આઈટી	14411.05	▼	0.73%
મેટલ	12599.55	▲	0.71%
ઓઈલ એન્ડ ગેસ	14951.73	▲	0.76%
પાવર	1974.12	▲	1.18%
રીયાલ્ટી	2072.05	▲	0.18%
ટેક	7334.59	▲	0.25%

વિવિધ બજાર

ભાવ. સોના-ચાંદી

ચાંદી ચોરસા	38900
ચાંદી કાચી	38400
દાગીના	29310
પરત દાગીના	28310
સોનુ (995)	30700
સોનુ (999)	30850

ભાવનગર તેલ

શીંગતેલ લુઝ	870/875
શીંગતેલ તેલીયા કર વિના	1352/1353
શીંગખોળ	20000/0000

રાજકોટ તેલ

શીંગતેલ લુઝ	870/875
(૫ ટકા ટેક્ષ + ખર્ચ અલગ)	
શીંગતેલ તેલીયા	1352/1353
શીંગ ખોળ	21000/0000
શીંગ પીલાણબર	710/720
શીંગ દાણાબર	910/920
ખાંડ સી	3420/3500
ખાંડ ડી	3540/3600
કપાસીયા તેલ	775/778

ખાદ્ય તેલ (કર સાથે 15 Kg.)

રાણી સિંગતેલ	1560
ગુલાબ સિંગતેલ	1570
તીરૂપતી કપાસીયા	1460
રાણી કપાસીયા	1450
ગુલાબ કપાસીયા	1350
લાઇફોલ	1260
જાયકા કપાસીયા	1260
જેમીની સોયાબીન	1330
મોહન સરસવ	1320
કોનડ્રોપ મકાઈ	1410
શ્રી પામોલીન તેલ	1140
એકવા ફ્રેશ પામોલીન	1140
વનડે પામોલીન	1150
દરવેશ તલતેલ	2125
(કર સાથે 15 Liter)	
રાણી શીંગતેલ	1470
ગુલાબ શીંગતેલ	1440
તીરૂપતી કપાસીયા	1360
રાણી કપાસીયા	1350
ગુલાબ કપાસીયા	1260
રાણી સનફ્લાવર	1300
ગુલાબ સનફ્લાવર	1280
કોનડ્રોપ મકાઈ	1300
ગુલાબ મકાઈ	1250

ખાંડ

ખાંડ M/30 મહા.	3650
ખાંડ S/30 મહા.	3550
ખાંડ M/30 ગુજ.	3600
ખાંડ S/30 ગુજ.	3500

સોપારી

છોલ ફેન મોરા	330-340
છોલ ફેન મોટી	325-340
છોલ ફેન વચરાશ	320-330
છોલ ફેન ફટોર	300-310
ન્યુ મોરા	290-300
ન્યુ મોટી	280-290
ન્યુ વચરાશ	270-280

ખોળ કપાસીયા

કપાસીયા કલ્યાણ	2900
કપાસીયા સુરતી	3100
કપાસીયા વરાડી	3100

અનાજ

જુવાર પીળી	1800-2100
ચણા પીળા	3600-3900
ચણાદાળ	4200-4800
મગ ચીમકી	5700-6200
ઘઉં	1950-2800

કરિયાણા

ધાણી દેશી	600/1200
જીરૂ દેશી	3200/4000
વરીયાળી	2400/4000
ધાણાદાળ	2600/3600
સુંઠ	4000/5600
બદામ	640/680

ભાવનગર

શીંગ નવી	582-806
શીંગ જી-20	764-805
ઘઉં	381-408
બાજરી	245-315
જુવાર સફેદ	341-000
મગ	1033-000
ચણા	748-780
તુવેર	701-701
એરંડા	747-830
વાલ	508-517

તળાજા

શીંગ મગડી	791-840
શીંગ જી-20	700-792
તલ સફેદ	1891-2013
એરંડા	665-778
બાજરી	265-312
આમલી	352-000
મગ	980-1138
ચોખા	371-000

મહુવા

સીંગ મગડી	761-773
સીંગ જી-2	715-715
સીંગ જી-20	665-806
એરંડા	390-822
જુવાર	388-713
બાજરી	252-324
ઘઉં ટુકડા	351-463
ઘઉં લોકવન	321-353
મકાઈ	301-301
અળદ	405-906
મગ	772-1255
ચણા	551-789
તલ સફેદ	1400-1981
તલ કાળા	1799-2146
તુવેર	695-739
જીરૂ	3305-3305
ડુંગળી લાલ	90-253
ડુંગળી સફેદ	60-100
કપાસ શંકર	815-815
નાળીયેર	400-1677

બોટાદ

ઘઉં	360-434
બાજરો	281
જુવાર	596-644
સફેદ તલ	1741-1896
કાળા તલ	1971-2196
જીરૂ	3156-3741
ચણા	676-810
મેથી	821
ધાણા	380
મગ	1112
તુવેર	600-716

માર્કેટ મેનિયાના જોખમી તબક્કામાં પ્રવેશી રહ્યું છે: નિષ્ણાતોનો સૂર

નિફ્ટી 11300ને પાર, સેન્સેક્સમાં વધુ 158 પોઈન્ટનો ઉછાળો નોંધાયો

ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયામાં બે પૈસાની નરમાઈ: અન્ય કરન્સીમાં પણ સાધારણ સુધારો

વિદેશી નાણાકીય સંસ્થાઓની આજે ફરી પાછી રૂ. 234.04 કરોડની નેટ વેચવાલી જોવા મળી

અમદાવાદ | 30 જુલાઇ

બીએસઇ સેન્સેક્સ છેલ્લા સાત દિવસથી રોજ નવી રેકોર્ડ ઊંચાઇએ આંબી અને બંધ આપી રહ્યો છે. આ ગાળા દરમિયાન 1143 પોઇન્ટ ઉછળેલો સેન્સેક્સ આજે વધુ 157.55 પોઈન્ટના જમ્પ સાથે 37494.40 પોઇન્ટની સપાટીએ બંધ રહ્યો તે પૂર્વે ઇન્ટ્રા-ડે 37533.50 પોઇન્ટની નવી ઊંચાઇએ આંબ્યો હતો. જ્યારે નિફ્ટી-50 41.20 પોઇન્ટના સુધારા સાથે 11319.55 પોઇન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

સેન્સેક્સની આગેવાની હેઠળ પાવર, ઓઇલ, મેટલ, બેન્કેક્સ, ટેલિકોમ, હેલ્થકેર, સ્મોલકેપ અને મિડકેપમાં પણ સુધારાન ચાલ રહી હતી. જોકે, આઇટી ઇન્ડેક્સમાં એક ટકાનો ઘટાડો નોંધાયો હતો.

માર્કેટબ્રેડ્થ પોઝિટિવ: બીએસઇ ખાતે કુલ ટ્રેડેડ 2846 પૈકી 1615 સ્ક્રીપ્સમાં સુધારો જ્યારે 1038 સ્ક્રીપ્સમાં ઘટાડો નોંધાયો હતો. જે દર્શાવે છે કે માર્કેટબ્રેડ્થ પોઝિટિવ રહેવા સાથે માર્કેટ ધીરે ધીરે તેજીના તબક્કામાંથી મેનિયાના તબક્કામાં પ્રવેશી રહ્યું હોવાનું નિષ્ણાતો અને બજાર પંડિતો જણાવી રહ્યા છે.

સેન્સેક્સ પેકની સ્થિતિ: સેન્સેક્સ પેકની 31 પૈકી 17 સ્ક્રીપ્સમાં સુધારો નોંધાયો હતો. તે પૈકી ભારતી એરટેલ 5.13 ટકા વધી રૂ. 383.15, આઇસીઆઇસીઆઇ બેન્ક 4.76 ટકા વધી રૂ. 307.25, સ્ટેટ બેન્ક 3.75 ટકા વધી રૂ. 297.35 અને એક્સીસ બેન્ક 2.67 ટકા વધી રૂ. 568.45 બંધ રહ્યા હતા. તે ઉપરાંત મહિન્દ્રા, વેદાન્તા, એચયુએલ, રિલાયન્સ (ઓલટાઇમ હાઇ), ઓએનજીસી અને પાવરગ્રીડ તેમજ સન ફાર્મામાં એકથી બે ટકા સુધી સુધારો રહ્યો હતો. જ્યારે 14 સ્ક્રીપ્સમાં ઘટાડો નોંધાયો હતો. તે પૈકી ઇન્ફોસિસ, એચડીએફસી બેન્ક, લાર્સન, અદાણી પોર્ટ અને એચડીએફસીમાં અડધોથી દોઢ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો.

અદાણી પાવર 11 ટકા ઉછળ્યો: અદાણી પાવરની Q1 પરીણામ માટેની મિટિંગ તા. 6 ઓગસ્ટે મળી રહી છે. તે પૂર્વે આજે 10.88 ટકાના ઉછાળા સાથે રૂ. 29.05ની સપાટીએ પહોંચી ગયો હતો. જોકે, સુઝલોન 4.15 ટકા, તાતા પાવર 2.78 ટકા, ભેલ 2.74 ટકા અને એબીબી 1.92 ટકા સુધી સુધર્યા હતા.

રિલાયન્સ બે ટકા ઉછળ્યો: રિલાયન્સ 1.78 ટકા ઉછળી રૂ. 1149.70ની સપાટીએ બંધ રહેવા સાથે ઓઇલ ઇન્ડેક્સ પણ 112.79 પોઇન્ટ વધ્યો હતો. અન્ય ઓઇલ શેર્સ પૈકી ઓએનજીસી, આઇજીએલ, એચપીસીએલમાં એક ટકા ઉપરાંત સુધારો રહ્યો હતો. જ્યારે પેટ્રોનેટ અને કેસ્ટ્રોલ એક ટકા સુધી ઘટ્યા હતા.

સ્મોલકેપમાં સ્ટોક સ્પેસિફિક અફરાતફરી: સ્મોલકેપ ઇન્ડેક્સ 90 પોઇન્ટ વધ્યો હતો. ઇન્ડેક્સ બેઝ્ડ સ્નેઇડર 20 ટકા, ટેક્સરેઇલ 13.02 ટકા, દ્વારીકેશ 12.50 ટકા, કેઇસીએલ 12.31 ટકા, ઇન્ડાગ 12.14 ટકા, મોરપેન લેબ 11.77 ટકા અને શિલ્પ મેડ. 10.31 ટકા સુધી ઉછળ્યા હતા.

સેન્સેક્સ સળંગ 7 દિવસમાં 1143 પોઇન્ટ અપ



સુધારો	145.14	222.23	106.50	33.13	126.41	352.21	157.55

ટેલિકોમમાં તેજીનો ટોન

કંપની	બંધ	સુધારો
ભારતી	383.15	5.13%
આઈડિયા	58.55	3.63%
તાતા કોમ.	580.55	2.19%
આરકોમ	13.84	-1.14%

બેન્કેક્સ 401 ઉછળ્યો

બેન્ક	બંધ	સુધારો
બીઓબી	151.75	9.92%
પીએનબી	86.10	5.00%
ICICI	307.25	4.76%
સ્ટેટ બેન્ક	297.35	3.75%

ટ્રમ્પ ટેરરથી વૈશ્વિક શેરબજારોમાં સાર્વત્રિક ઘટાડાની ચાલ

વૈશ્વિક શેરબજારોમાં આજે સાર્વત્રિક ઘટાડાન ચાલ રહી હતી. યુરોપિયન યુનિયનના નિર્ણય પછી ટ્રમ્પે ફરી ટ્રેડવોર માટેના સંકેત આપ્યા હોવા ઉપરાંત એશિયાઇ શેરબજારોમાં આઇટી સેક્ટરમાં સંકટના વાદળોના અહેવાલો પાછળ એશિયાના ભારત સિવાયના તમામ શેરબજારોમાં ઘટાડો નોંધાયો હતો.

ટીસીએનએસ 8 ટકા ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ

વિમેન એપરલ મેકર ટીસીએનએસનું લિસ્ટિંગ આજે 8.13 ટકા ડિસ્કાઉન્ટ સાથે નિરાશાજનક થયું હતું. શેરદીઠ રૂ. 716ની ઇશ્યૂ પ્રાઇસ સામે શેર રૂ. 715ના મથાળે ખુલી વધી રૂ. 724 અને નીચામાં રૂ. 626.60 થઇ ગયા બાદ છેલ્લે રૂ. 657.80 બંધ રહ્યો હતો. જે રૂ. 58.20નો ઘટાડો દર્શાવે છે.

103 કંપનીના પરીણામ આજે જાહેર

એચડીએફસીનો નફો 54 ટકા વધી 2190 કરોડ

અમદાવાદ | 30 જુલાઇ

સેબી રેગ્યુલેશન્સનું પાલન કરવાની અંતિમ તારીખ નજીક આવતી જાય છે તેમ તેમ જૂનના અંતે પુરા થયેલા પ્રથમ ત્રિમાસિક ગાળા માટેના પરીણામો રજૂ કરનારી કંપનીઓમાં જાણે રેસ લાગી છે. આજે એકીસાથે 103 કંપનીઓએ પરીણામ જાહેર કર્યા હતા. તો મંગળવારે વધુ 108 કંપનીઓ પરીણામ જાહેર કરશે તેવું બીએસઇની વેબસાઇટ પરની માહિતી દ્વારા જાણવા મળ્યું છે. દરમિયાનમાં દેશની ટોચની હાઉસિંગ ફાઇનાન્સ કંપની એચડીએફસીએ જૂન-18ના અંતે પુરા થયેલા પ્રથમ ત્રિમાસિક ગાળા માટે ચોખ્ખો નફો 54 ટકા વૃદ્ધિ સાથે રૂ. 2190 કરોડ (રૂ. 1424.47 કરોડ) નોંધાવ્યો છે. કંપનીની કુલ આવકો રૂ. 9951.98 કરોડ (રૂ. 8289.98 કરોડ) નોંધાવ્યો છે.

સેન્ટ્રલ બેન્ક: સેન્ટ્રલ બેન્કની ખોટ વધી રૂ. 1522.54 કરોડ (રૂ. 576.76 કરોડ) થઇ છે. કુલ આવકો પણ ઘટી 5904.82 કરોડ (6871 કરોડ) થઇ છે. નેટ એનપીએ 10.58 ટકા (11.4 ટકા) થઇ છે.

એક્સિસ બેન્કનો નફો ઘટ્યો: બેન્કનો નફો 46 ટકા ઘટી રૂ. 701 કરોડ (1306 કરોડ) થયો છે. કુલ આવકો વધી 15702 કરોડ (14052 કરોડ) થઇ છે. નેટ એનપીએ 3.09 ટકા (2.30 ટકા) થઇ છે.

એક્સિસનો નફો 46 ટકા ઘટ્યો

ગોદરેજ કન્ઝ્યુ.માં બે શેરે એક બોનસ શેર

ગોદરેજ કન્ઝુમરનો નફો 80 ટકા વધી 405 કરોડ (225.17 કરોડ) થયો છે. કુલ આવકો 2476 કરોડ (રૂ. 2271.24 કરોડ) થઇ છે. કંપનીએ બે શેરદીઠ એક બોનસ શેર તેમજ રૂ. 2 ડિવિડન્ડ જાહેર કર્યું છે.

ઇન્ડિગોનો નફો તૂટ્યો

ઇન્ડિગોનો ચોખ્ખો નફો 96.6 ટકા ઘટી રૂ. 27.8 કરોડ (રૂ. 811.9 કરોડ) થયો છે. જોકે, આવકો 13.2 ટકા વધી રૂ. 651.20 કરોડ (રૂ. 575.29 કરોડ) થઇ છે.

આઇડિયાએ નફો કર્યો

આડિયાએ રૂ. 263 કરોડનો નફો (રૂ. 816 કરોડની ખોટ) નોંધાવ્યો છે. આવક 28 ટકા ઘટી 5866.4 કરોડ (8166.6 કરોડ) થઇ છે.

ટેક મહિન્દ્રાનો નફો વધ્યો

ટેક મહિન્દ્રાનો ચોખ્ખો નફો 12.4 ટકા વધી રૂ. 897.9 કરોડ અને કુલઆવકો 12.8 ટકા વધી રૂ. 8276.3 કરોડ થઇ છે. જોકે, માર્ચ ક્વાર્ટરની સરખામણીમાં નફો 26.5 ટકા અને આવકો 2.6 ટકા ઘટી છે.

અન્ય કંપની પરીણામો ઉપર એક નજર

કંપની	ચો. નફો જૂન-18	ચો. નફો જૂન-17	વૃદ્ધિ%	આવકો જૂન-18	આવકો જૂન-17
ન્યૂ ઇન્ડિયા	635	499	27	6107.62	5572
ઇક્વિટાસ	35.38	15.59	126.9	543.43	454
જયંત એગ્રો	15.6	12.7	23	632.5	605
GIC Re	771.42	390.11	100	18791.45	17195
એસ્કોર્ટ્સ	120.7	62.6	93	1511.3	--
અબાન	-3127.70	-2158.25	--	3432.73	4357
મહિન્દ્રા લાઇફ	26.9	14.49	86	175.8	149
પિરામલ એન્ટર	-69.81	302.23	--	2902.49	2254

RBIની બેઠક શરૂ, બુધવારે રેટ અંગે નિર્ણય

નવી દિલ્હી | રિઝર્વ બેન્કની આ વર્ષની ત્રીજી મોનેટરી પોલિસી સમીક્ષા બેઠકમાં મોટા ભાગના નિષ્ણાતોના અંદાજ મુજબ બેધવારે રેપોરેટમાં કોઈ વધારો ન થવાની શક્યતા છે. આ સપ્તાહે અનેક ટોચના દેશોની સેન્ટ્રલ બેન્ક પોતાની નીતિની સમીક્ષા કરશે. બેન્ક ઓફ જાપાન મંગળવારના, અમેરિકી ફેડરલ રિઝર્વ અને બ્રાઝિલ બુધવારના, તેમજ બેન્ક ઓફ ઈંગ્લેન્ડ ગુરૂવારના સમીક્ષા કરશે. આરબીઆઈની MPCની ત્રણ દિવસીય બેઠક સોમવારે શરૂ થઇ છે. મોંઘવારી દર વધવાનું જોખમ ઓછુ છે. આથી વ્યાજદરોમાં વધારો થશે નહીં. એચડીએફસી બેન્કે પણ રેટ ન વધારવાનો અનુમાન વ્યક્ત કર્યો છે.

ફેડના ફફડાટે સોના અને ચાંદી સ્થિર, ક્રૂડમાં તેજીની ચાલ

કોમોડિટી રિપોર્ટર | અમદાવાદ | 30 જુલાઇ

ફેડરલ રિઝર્વની બુધવારથી શરૂ થઇ રહેલી બેઠકમાં વ્યાજદરમાં વધારો થશે તેવા અહેવાલે સોના-ચાંદીમાં ભાવ સપાટી નજીવી રેન્જમાં અથડાઇ ગઇ છે. ડોલર ઇન્ડેક્સની તેજીના કારણે ઘટાડો અટકી ગયો છે.

જો વ્યાજદરમાં વધારો થશે તો વૈશ્વિક સોનું ઝડપી ઘટી 1200 ડોલર તથા ચાંદી 15 ડોલરની સપાટી સુધી તૂટી શકે છે. બોન્ડ તથા ઇક્વિટી માર્કેટમાં રોકાણકારોનું આકર્ષણ રહેતા બૂલિયન માર્કેટમાં ચાલુ વર્ષ દરમિયાન ભાવ ઢીલા રહ્યાં છે.

ક્રૂડ ઉંચકાઇ 75 ડોલર

ફેડ વ્યાજ વધારે તો ક્રૂડમાં ભાવ સપાટી ઉંચકાઇને ઝડપી 78-80 ડોલર સુધી પહોંચી શકે છે. આજે નજીવા સુધારા સાથે બ્રેન્ટ ક્રૂડ 75 ડોલર અને ડબલ્યુટીઆઇ 70 ડોલરની સપાટી ઉપર ક્વોટ થતા હતા. અમેરિકામાં ક્રૂડ ઇનવેન્ટરી રેશિયો ઘટવા સામે ક્રૂડના ઉત્પાદનમાં કાપ અને નિકાસમાં વધારો થતા ક્રૂડમાં મજબૂતી જોવા મળી છે. ઇરાન પરના પ્રતિબંધના કારણે વપરાશકાર દેશોની અમેરિકા તરફ માગ આવી છે જેના કારણે તેજીનો માહોલ છે.

ડોલર ઇન્ડેક્સમાં મજબૂતી અટકે અને ફેડ વ્યાજ ન વધારે તો તેજીના સંકેતો છે. આ ઉપરાંત ઇસીબી (યુરોપીયન સેન્ટ્રલ બેન્ક)ની બેઠક પર પણ મહત્વના આધાર રહેલો છે. આજે વૈશ્વિક સોનું 1232 તથા ચાંદી 15.54 ડોલર ક્વોટ થઈ રહી છે. જ્યારે અમદાવાદ ખાતે સોનું જળવાઇ 30900, ચાંદી 38800 બોલાતી હતી. તેમજ નવી દિલ્હી ખાતે સોનું 30ના નજીવા ઘટાડા સાથે 30750 અને ચાંદી 39200 રહી હતી. મુંબઇ ખાતે સોનાનો ભાવ 29920 તથા ચાંદી 38080 બોલાતી હતી.

કોર્પોરેટ ન્યૂઝ

મોરપેન લેબ્સના બલ્ક ડ્રગ્સ (એપીઈ) પ્લાન્ટ્સને યૂએસએફડીએની સ્વીકૃતિ

અમદાવાદ| મોરપેન લેબોરેટરીઝ લિમિટેડને હિમાચલ પ્રદેશમાં સ્થિત પોતાની બંને બલ્ક ડ્રગ્સ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સ માટે યૂએસ એફડીએની સ્વીકૃતિ મળી ગઇ છે. જ્યાં બદ્દી પ્લાન્ટમાં કોલેસ્ટ્રોલ ઓછો કરવા વાળી બલ્ક ડ્રગ 'એટોરવાસ્ટેટિન કેલ્શિયમ'નું નિર્માણને યૂએસ એફડીએ તરફ થી લીલી ઝંડી મળી ગઇ, ત્યાં મસૂલખાના પ્લાન્ટમાં બનાવવામાં આવનાર અસ્થમાની દવા 'મોન્ટેલુકાસ્ટ સોડિયમ'ને એફડીએ દ્વારા સ્વીકૃતિ આપવા આવી છે.

માસ્ટર કાર્ડે છેલ્લા પાંચ વર્ષમાં ભારતમાં રૂ. 6500 કરોડનું જંગી રોકાણ કર્યું

નવી દિલ્હી: ભારતમાં ડિજિટલ ટ્રાન્ઝેકશનને વધુ પ્રોત્સાહન આપવા માટે માસ્ટરકાર્ડે છેલ્લા પાંચ વર્ષમાં રૂ. 6500 કરોડ (1 અબજ ડોલર)નું મૂડીરોકાણ કર્યું છે. કંપનીએ 2014ની શરૂઆતમાં બે મોટા હસ્તાંતરણ ઉપરાંત બેંગ્લુરુ અને ગુરુગ્રામમાં બે નવી ઓફીસ, પૂણેમાં માસ્ટરકાર્ડ ઈનોવેશન લેબોરેટરી અને વૈશ્વિક કામગીરી હબ શરૂ કર્યા છે. કંપનીએ થોડા સમય અગાઉ વડોદરા ખાતે ટેકનોલોજી સેન્ટર પણ શરૂ કર્યું છે.

શેરબજાર ભાવ

માર્કેટ કેપ - + 152.50 લાખ કરોડ | FII- -234.04 કરોડ | DII +48.58 કરોડ | ક્લાઇન્ટ્સ +19.77 કરોડ | NRI - +1.29 કરોડ

અબાન ઓફ.,108.6,108,112.8,106.15,109.65
એબીબી,1184.8,1188,1220,1181,1207.5
એ.સી.સી.,1534.05,1531.45,1531.85,1501.1,1506
અદાણી એન્ટર.,195.95,197.2,200.35,192.4,193.55
અદાણી એક્ષ.,394.25,395,400,388.4,390.7
અદાણી પાવર,26.2,26.2,29.75,25.8,29.05
એઆઇએ,1657.3,1631.85,1667.8,1631.85,1658.3
અજંટા ફાર્મા,1092.95,1103.65,1135.5,1103.65,1129
એલે.ફાર્મા,567.6,595,595,551.25,554.85
અલ્હા બેન્ક,45.2,45.25,46.8,45.25,46.35
અમર રાજા,791.45,791.95,812,791.95,805.35
ગુજ. અં. સિમે.,224.85,227.45,228.3,223,226.85
આન્ધ્ર બેન્ક,33.25,33.55,35.85,33.4,35.5
એપોલો હોસ્પિ.,933.75,938.05,941,912,933
અરવિંદ મીલ્સ.,426.45,427,430.05,416.5,419.1
અશોક લેલેન્ડ,112.85,113.2,114.65,111.75,112.85
અસ્ટ્રા માઈક્રો,101.95,103.2,105.9,102.1,104.8
અતુલ લિ.,2731.95,2760,2773.95,2726,2748.45
અવન્તિ ફીડ્સ,444.75,445.5,458.15,441.15,455.15
એક્સિસ બેન્ક,553.65,555,570,551.1,568.45
બજાજ હોલ્ડિંગ,2991.9,2976.05,2990,2942,2952.95
બજાજ ઓટો,2678.05,2680,2699,2657.2,2668.95
બજાજ ઈલે,609.55,612,617.6,596,607.6
બજાજ હિન્દુસ્તાન લિ.,6.57,6.79,6.79,6.61,6.66
બલરામપુર ચીની,70.65,71,74.55,69.7,72.95
બેન્ક ઓફ બરોડા,138.05,147.1,152.7,144.75,151.75
બાટા,916.1,916.1,925,907.6,918.4
બીઈએમએલ લિ.,821.2,828.9,904.85,828,896.6
બર્જર પેઈન્ટસ,318.5,319,323.75,312.05,313.3
ભારતી ઈન્ફ્રા.,289.05,288.2,292,287.15,289.45
ભારત ઈલેક્ટ્રી.,102.3,103.35,108.75,102.75,107.6
ભારત ફોર્જ,630.7,632.95,636.25,618,626
ભારત પેટ્રો.,397.15,397.95,406.8,393,395.9
ભારતિ ટેલિ,364.45,364,390.2,353.2,383.15
બાયોકોન લિ.,586.85,587,590,577.55,582.3
બ્લ્યુ સ્ટાર લિ.,683.9,680.45,683.85,666,669.5
બેન્ક ઓફ ઈન્ડિયા,97.85,98.05,104,98.05,103.4
બ્રિટાનીયા ઈન્ડ.,6383.6,6399,6404.1,6215,6345.1
કેડીલા હેલ્થ,372.95,372.75,385,370.8,382.8
કેનફીન હોમ્સ,369.3,369.3,377.7,357,363.95
કાર્બો યુનિવ,357.95,356.15,372.95,354.95,370.1
કેસ્ટ્રોલ ઈન્ડિયા,173.7,175.65,175.65,170.3,172.25
સિએટ લિ.,1390.05,1404.7,1404.7,1374.9,1384.9
સેન્ટ્રલ બેન્ક,71.3,72,76.05,71.35,72.2
સેન્ચુરી ટેક્ષ.,941.4,945,959,927,937.55
સેન્ચુરિ પ્લાય,249.5,250.1,254.05,249.5,250.55
સીઈએસસી લિ.,949.6,959.9,959.9,938.25,948.15
ચેન્નાઇ પેટ્રો.,299.15,301,322.25,301,315.55
સિપ્લા લિ.,634.1,630.55,636.3,627.95,632.5
કોલ ઈન્ડિયા,261.95,264.9,266.5,261.75,262.5
કન્ટેઈન કોર્પો.,648.3,650,667,643.6,659.85
કોર્પોરેશન બેન્ક,27.85,28,28.85,28,28.6
ક્રિસીલ લિ.,1800.5,1799,1821.15,1775.35,1786.55
ક્યુમિન્સ (ઇ).,679.85,681,684.95,674.5,679.15
ડાબર ઈન્ડિ. લિ.,385.4,390,395.9,384.5,392.9
ડીસીબી બેન્ક,166.25,167.8,169.9,166.65,167.8
ડેલ્ટા કોર્પ.,237.85,238.5,250.45,238.3,247.9
ડેન નેટવર્ક,50.85,50.8,52.85,50.3,50.95
દિવાન હા. ફાયનાન્સ,615.3,617.4,620,611.5,615.85
ડિશ ટીવી,67.2,67.75,67.75,65.55,66.5
ડીએલએફ લિ.,190.05,191,191.2,186.3,188.7
ડો.રેડ્ડીઝ લેબો.,2081.9,2076,2090,2060,2066.75
ઈઆઈડી પેરી,221.85,221.4,228.45,220.65,227.65
ઈક્લર્ક્ષ,1282,1281.95,1295,1272.05,1279.35
એડલવાઈસ,299.25,300.4,311,300.4,305.05
ઈમામી,564.75,564.85,569.45,563,565.55
એન્જી. (ઇ).,132.85,132.85,135.25,130.4,132
એસ્કોટસ લિ.,921.1,929.7,931.65,891.45,907.2
ફેડરલ બેન્ક,90.65,91.45,91.8,89.9,90.3
ફિનોલેક્ષ કેબલ્સ,623.3,620.35,627,610.4,620.45
ફિનોલેક્ષ ઈન્ડસ્ટ્રીઝ,562.55,565,569.9,563.2,564.85
એફએસએલ,72.8,73,74.1,72.5,73.05
ગેટવે ડિસ્ટ,170.9,172.1,178.5,168.35,170
ગતિ લિ.,97.7,104.5,115,104.5,107.6
આલ્સ્ટોમ ટી.,289.2,291,291.75,285.1,287.25
જીએચસીએલ લિ.,256,258.6,260,250.6,254.45
જીઆઈસી હાઉસીંગ,355.35,360,375.85,358,365.05
ગ્લેનમાર્ક ફાર્મા.,573.45,572.05,586.1,567.15,578.3
ગોડફ્રે ફિલીપ્સ,811.55,804,817.95,778.4,791.9
ગોદરેજ કન્ઝ્યુમર,1307.4,1319,1347.25,1288,1311.9
ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ,638.5,645,647.85,633.2,642.55
ગોદરેજ પ્રો.,687.2,690.5,715.5,690.5,714.3
જીપીપીએલ,115.6,116.25,118,115.45,115.7
ગુજરાત મીનરલ,116,115.5,117.4,114.45,115.3
ગુજરાત સ્ટેટ ફર્ટિ.,111.35,112.4,119,111.9,118.5
હેવલ્સ ઈન્ડિયા,623.95,624.9,628,618.15,624.2
એચસીએલ ઈન્ફોસીસ,35,35,36.4,34.9,35.65
એચસીએલ ટેકનો.,963.7,969,981.25,944.55,947.2
એચડીએફસી,2044.45,2045,2051,2012.7,2028.05
હિરો હોન્ડા,3193.8,3181.6,3227.05,3180,3205
હિમાચલ ફ્યુ.,25.5,25.5,26.15,25.5,25.75
હિન્દ. ઝીંક,1657.55,1669.5,1691,1652.2,1689
હિન્દુ. કન્સ્ટ્રકશન,11.59,11.7,11.7,11.45,11.55
હિન્દ.કોપર,60,60.8,61.4,59.7,60.4
હિન્દુસ્તાન પેટ્રો.,284.4,284.5,293.5,283.7,287
હિન્દાલ્કો,213.8,214.2,217,209.9,211.1
હિન્દ.ઝિંક,273.85,274.05,275.45,271.85,274.65
હાઉસિંગ ડેવ.,19.5,19.8,20.2,19.4,20.1
ઈક્રા,3106.95,3125,3368.9,3125,3316.65
આઈડીબીઆઈ લિ.,60.1,59.7,61,59.4,59.85
આઈડીએફસી,47.7,48.25,49.35,48,48.5
આઇએફસીએલ લિ.,16.28,16.45,16.9,16.35,16.7
ઈન્ડ ઈન્ફોલાઈન,667.2,660,687.8,660,675.55
ઈન્ડબુલ રિ.,154.6,155.4,155.7,151.5,152.05
ઈન્ડિ. બેન્ક,353.65,358.5,369.15,358.5,362.6
ઈન્ડિ. હોટેલ,129.65,129.05,132.95,129.05,132.65
ઈન્ડિ. ઓઈલ,165.1,166,169.05,164.8,166.35
ઈન્ડિયન ઓવરસીઝ,14.46,14.6,15.1,14.2,14.96
ઈન્ડો કાઉન્ટ,81.15,81.1,81.55,79.4,80.4
ઈન્દ્ર ગેસ,294.9,299.45,300,293.05,298.05
ઈન્ફો એડ્જ.,1403.55,1400,1400,1308.8,1348.45
ઈન્ફોસીસ ટેક્નો.,1374.55,1385,1385,1350,1353.15
આઈઆરબી ઈન્ફ્રા,202.4,203,206.9,199.25,202.5
આઈટીસી લિ.,302.2,302.7,303.6,300,301.1
જે એન્ડ કે બેન્ક,54.15,54.7,58.35,54.7,56.9
જય કોર્પો લિ.,148.1,149.4,152.65,147.4,150.55

જરા હટકે...

આ વિરોધ નથી સમર્થન છે...

નિકારાગુઆના લિયોન શહેરમાં કેથોલિક ચર્ચના સમર્થનમાં રેલી કાઢવામાં આવી. રાષ્ટ્રપતિ ડેનિયલ ઓર્ટેગાએ એક બિશપ પર પોતાના વિરોધીઓનું સમર્થન કરવાનો આરોપ મુકાતા આ રેલી કાઢવામાં આવી હતી.

ટુથ ફેરી @ કોમિક કોન...

લંડનમાં કોમિક કોન ઈવેન્ટમાં ફિલ્મ જેક ફ્રોસ્ટના પાત્ર ટુથ ફેરીના રૂપમાં એક કોસપ્લેયર તૈયાર થઈને આવી હતી. ઓલમ્પિયા પાર્કમાં યોજાઈ રહેલી આ ઈવેન્ટમાં એનિમેટેડ કેરેક્ટર્સનાં પ્રશંસકો પહોંચી રહ્યા છે.

આ બર્ગર ખાવા માટે જ છે...

પોલેન્ડની રાજધાની વારસામાં યોજાઈ રહેલા વેગન ફૂડ ફેસ્ટિવલમાં વિવિધ રંગોનાં બર્ગર-સેન્ડવિચ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા. ફેસ્ટિવલમાં દેશભરમાંથી વેજિટેરિયન ભોજન બનાવનારા શેફ અને રેસ્ટોરન્ટનાં માલિકોએ ભાગ લીધો હતા.

60 બંદૂકોની સલામી...

બ્રિટિશ કાઉન્ટી વોરવિકશાયરમાં ગેમ ફેરની 60મી એનિવર્સરી પર 60 બંદૂકોની સલામી સાથે ઓપનિંગ સેરેમની યોજાઈ. આ કન્ટ્રીસાઈડ ફેસ્ટિવલમાં ફન, એન્ટરટેઈન્મેન્ટ, ફેશન, ફૂડ અને મ્યૂઝિક પ્રેમિઓએ ભાગ લીધો હતા.

ટ્રિપ્લેટ્સ પાન્ડાનો હેપ્પી બર્થ ડે...

ચીનના ગુઆંગઝૂ શહેરના ચિમેલોંગ સફારી પાર્કમાં રવિવારે વિશ્વના એક માત્ર ટ્રિપ્લેટ્સ પાન્ડા મેંગ મેંગ, શુઆઈ શુઆઈ અવે કુ કુનો ચોથો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો. તેમના માટે બરફ અને શાકમાંથી કેક બનાવાઈ હતી.

'ચલો જીતે હૈં' : સ્ક્રીનિંગમાં સીએમનાં પત્ની સહિત અભિનેત્રીઓનો જમાવડો

મુંબઈમાં રવિવારની રાત્રે ફિલ્મ 'ચલો જીતે હૈં'નું સ્ક્રીનિંગ યોજાયું હતું. તેમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવિસનાં પત્ની સહિત બોલિવૂડની સુંદરીઓએ હાજરી આપી હતી. તેમાં અમીષા પટેલ, આરતી છાબરિયા, સુભાષ ઘઈની શોધ કાંચી ફેમ મિષ્ટી, અમૃતા ફડણવિસ, કંગના રણૌત અને પ્રીતિ ઝાંગિયાનીએ ધ્યાન ખેંચ્યુ હતું.

ભવિષ્યનાં ઘર: હાઉસિંગ ક્રાઇસિસનું સોલ્યુશન



ભારત-ચીન સહિત વિશ્વના ઘણા ભાગોમાં વસતી વિસ્ફોટને કારણે હાઉસિંગની સમસ્યા સર્જાઇ છે. બ્રિટન પણ તેમાંથી બાકાત નથી. જોકે રોલ્સ-રોયસના 50 વર્ષીય ભૂતપૂર્વ ચાર્ટર્ડ એન્જિનિયર જાગ વિર્ડીએ તેનું સોલ્યુશન શોધી કાઢ્યું છે. તેમણે રહેવાસી બોલ બનાવ્યા છે. તેમનો દાવો છે કે આ યુવા પેઢીને રહેવા માટે પરફેક્ટ ઉપાય છે. અંતરિક્ષથી પ્રેરણા લઈ તેમણે કોન્કર નામનું આ ઘર બનાવ્યું છે. જે 21000 પાઉન્ડ (આશરે 19 લાખ રૂપિયા)ના ખર્ચે તૈયાર થયું છે. 13 ફૂટ (3.9મીટર) વ્યાસના આ ઘરમાં ડબલ બેડ, વસ્ત્રો માટેનો સ્ટોરેજ, કિચન અને ટોઈલેટ-શાવર સાથેનું બાથરૂમ પણ છે.

બોસ સાથે વાત કરવા માટે સૌથી યોગ્ય સમય સાંજે 6.55 વાગે

■ **સોશિયલ મીડિયા યુઝર્સની 8 કરોડ પોસ્ટના અભ્યાસનું તારણ**

લંડન | 30 જુલાઇ

જો બોસ સાથે કામ કે પગાર અંગે વાત કરવી હોય તો તેના માટેનો યોગ્ય સમય સાંજે 6.55 કલાકનો છે. કોઈને જરૂરરી ફોન કરવો હોય તો તેના માટે 12.20 કલાકે વાત કરો. આ સમય આ કામો માટે તદન યોગ્ય છે. આ વાત બ્રિટનમાં થયેલા એક અભ્યાસમાં જાણવા મળી છે. હ્યૂમન સાયન્સના રિસર્ચર ડેનિયલ પિંક અને તેમની ટીમે દિવસના અલગ-અલગ સમયે લોકોના બદલાતા મૂડના પેટર્ન પર અભ્યાસ કર્યો.

તેના માટે તેમણે સોશિયલ મીડિયાનો સહારો લીધો અને યૂઝર્સે વિવિધ સમયમાં કરેલી 8 કરોડ પોસ્ટનો અભ્યાસ કર્યા પછી જણાવ્યું કે આખા દિવસમાં દરેક કલાકે માનવીનો મૂડ સામાન્યરીતે કેવો રહે છે અથવા કયું કામ કરાવનું સારુ રહે છે. ઘડિયાળની સાથે મૂડ બદલવાની આ ટેવને રિસર્ચરે સાઈકોલોજિકલ ક્લોકનું નામ આપ્યું છે. તેમાં કાયા કામ માટે યોગ્ય સમય છે. તેનું તારણ કાઢ્યું છે.

રાત્રે 10 વાગે સૂવાથી સારી ઊંઘ મળશે, તે સમયે નહીં તો રાત્રે 1 વાગે ઊંઘવું

સાંજે 8.20 વાગ્યાનો સમય મગજ માટે બહુ શાંત હોય છે અને દરેક વાત વધુ કોઈ પ્રયાસ વિના જ વ્યવસ્થિત રીતે વિચારી શકાય છે. તેથી આ સમય આગામી દિવસના પ્લાનિંગ માટે સચોટ છે. રાત્રે 10 વાગે શરીરમાં મેલાટોનિનનો સ્રાવ શરૂ થાય છે. તેથી તે સમયે ઊંઘવાની તૈયારી કરી લેવી જોઈએ. પરંતુ જો આ ટાઈમ ન મળે તો રાત્રે 1 વાગે ઊંઘવું યોગ્ય છે. કારણ કે આ સમયે ફરી શરીરમાંથી મેલાટોનિનનો સ્રાવ શરૂ થાય છે. જે 4 વાગ્યા સુધી રહે છે. આ સમયે પણ સૂવાથી ઊંઘ સારી આવે છે.

પરફેક્ટ ટાઇમિંગ

જાગવા માટે	સવારે 6 વાગે
એક્સરસાઈઝ	સવારે 8.30
કોફી	બપોરે 12.00
બોસ સાથે વાત	સાંજે 6.55
આગામી દિવસનું પ્લાનિંગ	સાંજે 8.00
ઊંઘ	રાત્રે 10.00 કે 1.00

વિશ્વનું સૌથી બેસ્ટ ફિગર નવું પેરામિટર 39-25-36

અત્યાર સુધી સૌથી આકર્ષક ફિગરની મહિલા માટે 36, 24, 36ના પેરામીટરનું લોકોનું માઈન્ડસેટ બનેલું હતું. પરંતુ હવે 'ધ સન'ના રિપોર્ટ મુજબ ટેક્સાસ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ કરેલા રિસર્ચમાં આ પેરામીટર 39-25-36નું આંક્યુ છે અને તે મુજબ વિશ્વમાં સૌથી બેસ્ટ ફિગર માટે બ્રિટિશ મોડેલ કેલી બ્રૂકનું નામ જણાવ્યું છે. તેમનું કહેવું છે. કેલી બહુ જાડી કે પાતળી નથી પણ તેનું બોડી એકદમ પરફેક્ટ છે. રિસર્ચ મુજબ પરફેક્ટ ફિગર માટે મહિલાની હાઈટ 1.68 મીટર, મહિલાની ચેસ્ટ, વેટ અને હિપ્સનું મેજરમેન્ટ 99-63-91 હોવું જોઈએ. તેના માટે કેલીએ 2015 થી આ ટાઈટલ જાળવી રાખ્યું છે.

એક જ જાદૂઇ છલાંગ અને માછલી બાજની ચાંચમાં

બાજ નજરની કહેવત બહુ પ્રચલિત છે. કહેવાય છે કે બાજની નજર બહુ તેજ હોય છે. તે હજારો ફૂટની ઊંચાઈએથી પણ પાણીની અંદરની માછલીને જોઈ, બસ એક છલાંગમાં પકડી પાડે છે. આ ક્ષણને સ્કોટલેન્ડના ફોટોગ્રાફર બિલ ડોરેથીએ પોતાના કેમેરામાં કેદ કરી લીધી હતી. એના માટે તેઓ વહેલી સવારે ચાર વાગે એવીમોરના લોચ સ્થળે પહોંચ્યા હતા.

સ્વિસ શીપ ફેસ્ટિવલમાં ઘેટાંનું કરતબ

સ્વિત્ઝર્લેન્ડના ગેમિપાસ ગામમાં રવિવારે ઘેટાંઓના એક વાર્ષિક ફેસ્ટિવલ દરમિયાન ટ્રેન્ડ ઘેટાંઓએ શાનદાર કરતબ દેખાડ્યાં હતાં. કેન્ડરસ્ટેંગ અને લ્યૂકરબર્ગ વચ્ચે વસેલા આ ગામમાં દર વર્ષે આ ઉત્સવ યોજાય છે.

દિલ તો બચ્ચા હૈ : ઉંમર 63, પાંચ ગર્લફ્રેન્ડ માટે ચોર બન્યો

'દાંત સે રેશમી ડોર કટતી નહીં, ઉમ્ર કબ કી બરસ કે સુફૈદ હો ગઇ, કારી બદરી જવાની કી છટતી નહીં, દિલ તો બચ્ચા હૈ જી...

'ઈશ્કિયા' ફિલ્મનું ગીત આ બુઝુર્ગ માટે એકદમ બંધ બેસે છે. નવી દિલ્હીમાં સરાય રોહિલ્લામાં 63 વર્ષનો એક અપરિણીત વૃદ્ધ બંધુ સિંહ ચોરી કરતા સીસીટીવીમાં ઝડપાયા બાદ પોલીસના હાથે ઝડપાયા.. પૂછપરછમાં જાણવા મળ્યું કે આ શોખીન માણસને હાલમાં 5 ગર્લફ્રેન્ડ છે અને તેમનો ખર્ચ પૂરો કરવા તે ચોરી કરે છે.

રજિસ્ટર ઓફ સિટિઝન બનાવ્યા પછી શું? | ઘૂસણખોરોને દેશમાંથી કેવી રીતે કાઢશો?

ન્યૂઝ વોચ

કૃષ્ણકાંત ઉનડકટ

આસામ બાંગ્લાદેશી ઘૂસણખોરોનો અડ્ડો બની ગયું છે

આસામમાં તંગદિલી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે નહીં એ માટે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સની 220 કંપનીઓ તહેનાત કરવામાં આવી છે. જ્યાં બાંગ્લાદેશી ઘૂસણખોરોની સંખ્યા વધુ છે એવા આસામના સાત જિલ્લા બારપેટા, દારાંગ, દીમા હાસાઈ, સોનિતપુર, કરીમગંજ, ગોલાઘાટ અને ઢુબરીમાં 144મી કલમ લાગુ કરી દેવામાં આવી છે. દેશના ગૃહપ્રધાન રાજનાથસિંહે પણ કહેવું પડ્યું છે કે પેનિક થવાની કોઈ જરૂર નથી. હમણાં અમે કોઈ એક્શન લેવાના નથી. આખો ઈસ્યુ બાંગ્લાદેશમાંથી આસામમાં ઘૂસી આવેલા બાંગ્લાદેશીઓનો છે. ઘૂસણખોરોને શોધવા માટે આસામના સિટિઝન્સની નોંધવાળું રજિસ્ટર બહાર પાડવામાં આવ્યું છે. આ રજિસ્ટરમાં નામ નોંધાવવા માટે કુલ 3 કરોડ 29 લાખ 91 હજાર 384 અરજી આવી હતી. જે લિસ્ટ બહાર પડ્યું તેમાં 2 કરોડ 89 લાખ 83 હજાર 677 નામો માન્ય રખાય છે. એનો બીજો મતલબ એ કે ચાલીસ લાખથી વધુ લોકોનાં નામને આ રજિસ્ટરમાં જગ્યા મળી નથી. હવે આ ચાલીસ લાખથી વધુ લોકો કાં તો એની આઈડેન્ટિટી આપી નથી શક્યા અથવા તો એ લોકો ખરેખર ઘૂસણખોરો છે. આસામના પાટનગર ગૌહાતિમાં એનઆરસી કોઓર્ડિનેટર પ્રતીક હોલેનીએ આ રજિસ્ટરની વિગતો જાહેર કરી કે હો..હા થઈ ગઈ. આસામમાં તો એની અસર આવવાની જ હતી પણ તેના પડઘા છેક દિલ્હીમાં પડ્યા છે. સંસદનું ચોમાસું સત્ર ચાલી રહ્યું છે. તૃણમૂલ કોંગ્રેસે આસામના સિટિઝન રજિસ્ટર મામલે ઊહાપોહ કરતા સંસદની કામગીરી પણ ખોરંભે ચડી હતી. આ આખો મામલે સમજવા માટે આઝાદીથી માંડીને આજ દિવસ સુધીના ઈતિહાસ પર આછેરી નજર નાખવી પડે એમ છે.

1947માં દેશના ભાગલા પડ્યા. આજે જે બાંગ્લાદેશ છે એ પાકિસ્તાનના હિસ્સામાં ગયું. એ પૂર્વ પાકિસ્તાન તરીકે ઓળખાયું. 1971માં યુદ્ધ થયું અને બાંગ્લાદેશ પાકિસ્તાનથી છૂટું પડી અલગ દેશ બન્યો. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે દુનિયાની પાંચમી સૌથી મોટી બાર્ડર છે. કિલોમીટર હિસાબે ગણીએ તો બંને દેશની બાર્ડર 4156 કિલોમીટરની છે. આ બોર્ડર દેશનાં પાંચ રાજ્યો પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, મેઘાલય, મિઝોરમ અને આસામ સાથે જોડાયેલી છે. આ બધાં રાજ્યોમાં આમ તો બાંગ્લાદેશી ઘૂસણકોરોનો ઈસ્યુ છે પણ અત્યારે જે વાત છે એ આસામની છે. ભાગલા પડ્યા ત્યારે આસામમાં રહેતા અનેક લોકો એ સમયના પૂર્વ પાકિસ્તાનમાં અને અત્યારના બાંગ્લાદેશમાં ચાલ્યા ગયા હતા. જે લોકો ગયા એનાં માલ- મિલકત અને સામાજિક વ્યવહારો ભારતનાં રાજ્યો સાથે બરકરાર રહ્યાં. શરૂ શરૂમાં તો આજના જેટલી પાબંદીઓ પણ ન હતી. એ લોકો ભારતમાં આવી એનાં કામ કે સંબંધો પતાવી પાછા પોતાના દેશમાં ચાલ્યા જતા. એ સમયે પણ વાતાવરણ તંગ થયેલું અને જે લોકો પૂર્વ પાકિસ્તાન ચાલ્યા ગયા છે અને મિલકતો વિશે સવાલો ઊઠ્યા હતા. આ મામલો સુલઝાવવા માટે છ દિવસની ચર્ચા બાદ આપણા તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના તત્કાલીન વડાપ્રધાન લિયાકત અલી ખાન વચ્ચે એક સમજૂતી થઈ. આ સમજૂતી મુજબ ચાલ્યા ગયેલા લોકો ભારતની હદમાં આવી એની મિલકતોના નિકાલ કરી શકશે. જે લોકોએ મિલકતોનો નિકાલ કરવાનો હતો એ લોકોનાં કામો પતી ગયાં. હવે આમ જુઓ તો ત્યારે વાત પતી જવી જોઈતી હતી, પણ એવું ન થયું. અવરજવર તો ચાલુ જ રહી. 1971માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું ત્યારે પૂર્વ પાકિસ્તાનમાંથી અંદાજે દસ લાખ લોકો જીવ બચાવવા ભારતમાં ઘૂસી આવ્યા. યુદ્ધ પૂરું થયું અને બાગ્લાદેશનું સર્જન થયું પછી દસેક લાખમાંથી નવેક લાખ લોકો પાછા ચાલ્યા ગયા. એક લાખથી વધુ લોકો ભારતમાં જ રોકાઈ ગયા. દેશના લોકો અને ઘૂસણખોરો વચ્ચે ધીમે ધીમે સંઘર્ષ થવા લાગ્યો. 1879માં આસામમાં ઘૂસણખોરોને શોધી કાઢવા અને તેને હાંકી કાઢવાની માંગણી સાથે ઓલ અસમ સ્ટુડન્ટસ યુનિયનના નેજા હેઠળ જબરજસ્ત આંદોલન શરૂ થયું. આ આંદોલન 1985 સુધી એટલે કે છ વર્ષ સુધી ચાલ્યું. આંદોલન ચલાવનાર ઓલ અસમ સ્ટુડન્ટ્સ યુનિયન અને તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધી વચ્ચે ઓગસ્ટ 1985માં ઐતિહાસિક સમજૂતી થઈ, જે આસામ એકોર્ડ તરીકે ઓળખાય છે. આ આંદોલનથી જ પ્રફુલકુમાર મહંતો જેવા રાજકારણી મળ્યા અને આસામ ગણ પરિષદ અસ્તિસ્વમાં આવ્યો. આસામ એકોર્ડમાં જે સમજૂતીઓ થઈ એ એવી હતી કે 1951થી 1961 દરમિયાન જે લોકો ભારત આવી ગયા છે તેને ભારતીય નાગરિકત્વ અને મત આપવાનો અધિકાર અપાશે. 1961થી 1971 વચ્ચે આવનારાને બીજા અધિકારો અપાયો પણ મત આપવાનો અધિકાર ન અપાયો. 1971 પછી આવેલાને શોધીને પાછા બાંગ્લાદેશ મોકલાશે. આંદોલન પતી ગયું. વિદ્યાર્થી નેતા પ્રફુલકુમાર મહંતો રાજકારણી બની ગયા. તેનો પક્ષ ચૂંટાઈ આવ્યો અને મહંતો મુખ્યમંત્રી બની ગયા. મામલો ઠંડો પડી ગયો. એ પછી બોડોલેન્ડ અને ઉલ્ફાએ ઉપાડો લીધો. 2005માં તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહે 1951ના નેશનલ રજિસ્ટરને અપડેટ કરવાનો નિર્ણય કર્યો. આ મામલો સુપ્રીમમાં પણ ગયો અને સુપ્રીમે પણ આદેશ કર્યો. આજે જે રજિસ્ટર જાહેર થયું તેનું કામ 2015માં શરૂ કરવામાં આવ્યું હતું. જોકે આ યાદી અંતિમ નથી. જેમનાં નામ નથી સમાવાયાં એને હજુ એક તક આપવામાં આવશે. ફાઈનલ રજિસ્ટર 31મી ડિસેમ્બરે જાહેર થશે.

હજુ અમુક પ્રશ્નો તો લટકતા જ છે. ઘૂસણખોરો તરીકે કેટલાની ઓળખ થઈ? એને તમે કેવી રીતે કાઢશો? આ તો માત્ર આસામની જ વાત છે, બીજાં રાજ્યોમાં જે બાંગ્લાદેશી ઘૂસણખોરો છે એનું શું? સરવાળે એ વાત કે ઘૂસણખોરોનો પ્રશ્ન ક્યારેય નહીં ઉકેલાય કે શું? આસામના રજિસ્ટરની વાત આવી એટલે પ્રશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી તથા બીજા રાજકારણીઓએ ચીપિયા પછાડવાનું ચાલુ કરી દીધું છે. આ તો સરકારનો ગેમ પ્લાન છે, સરકાર ડિવાઈડ એન્ડ રૂલની નીતિ અપનાવે છે. સાચી વાત એ છે કે અમુક રાજકારણીઓ અને રાજકીય પક્ષોને આ ઘૂસણખોરોમાં પોતાની વોટબેંક દેખાવા માંડી છે. પોતાના મત માટે એ દેશનું હિત જોતા નથી. મમતાને ડર છે કે આજે જે આસામમાં થયું એ કાલે બંગાળમાં પણ થઈ શકે છે. આસામના રજિસ્ટરમાં હજુ સુધારા-વધારા થશે અને ફાઈનલ રજિસ્ટર 31મી ડિસેમ્બરે જાહેર થશે. એ પછી ઘૂસણખોરોને દેશ છોડવાનું કહેવાશે? માનો કે કહેવાય તો પણ એ લોકો આસાનીથી જશે? બાંગ્લાદેશ એ લોકોને સ્વીકારશે? આ સવાલોના જવાબ તો સમય જ આપશે, અત્યારે તો લાખો બાંગ્લાદેશીઓએ આપણા દેશમાં અડિંગો જમાવી દીધો છે.

દેશ-વિદેશ

ગેરકાયદે ઘૂસણખોરી અને એનઆરસી

67 વર્ષ જૂનો કેસ, 39 વર્ષથી આંદોલન થઈ રહ્યું છે, 3 વખત રાજ્યમાં આ મુદ્દે સરકાર બની

1951 પહેલાં એનઆરસી બન્યું, સરહદ પારથી લોકો આવતા રહ્યા

1947માં વિભાજનના પગલે લોકો આસામથી પૂર્વ પાક. જતા રહ્યા. પરંતુ તેમની જમીન આસામમાં જ હતી. લોકોની આવન-જાવન ચાલુ રહી. 1951માં રાજ્યમાં પહેલી વખત એનઆરસી બની. 1971માં બાંગ્લાદેશના વિભાજન સમયે પણ મોટી સંખ્યામાં લોકો આસામમાં પ્રવેશ્યા.

1979માં આસુએ ઘૂસણખોરોને કાઢવા માટે આંદોલન શરૂ કર્યું, તે છ વર્ષ ચાલ્યું

ઓલ આસામ સ્ટૂડન્ટ્સ યુનિયન (આસુ)એ આસામમાં ગેરકાયદે રીતે રહેતા લોકોની ઓળખ અને તેમને પાછા મોકલવા માટે 1979માં આંદોલન શરૂ કર્યું. તે છ વર્ષ સુધી ચાલ્યું. તેમાં અંદાજે એક હજાર લોકોએ જીવ ગુમાવ્યા.

1985માં રાજીવ ગાંધી સરકારે સ્થાનિક સંગઠનો સાથે આસામ સમજૂતી કરી

15 ઓગસ્ટ 1985ના આસુ અને અનેક અન્ય પ્રાદેશિક સંગઠનો સાથે રાજીવ ગાંધી સરકારે આસામ સમજૂતી કરી. તેમાં 1971 બાદ આસામ આવેલા હિન્દુ-મુસ્લિમોની ઓળખ કરવી અને તેમને રાજ્યમાંથી બહાર કરવાના હતા.

2015 કોર્ટે એનઆરસી અપડેટ કરવાનું કામ શરૂ કરાવ્યું

2015માં સુપ્રીમકોર્ટના નિરીક્ષણમાં આઈએએસ પ્રતીક હજેલાને એનઆરસી અપડેટ કરવાનું કામ અપાયું. આ કામ નિશ્ચિત સમયમાં કરવાનું હતું. રજિસ્ટ્રાર જનરલે રાજ્યમાં એનઆરસી કેન્દ્ર ખોલ્યાં. આ અંગે આસામ સનમિલિતા મહાસંઘે 2012માં કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

2018 આ વર્ષે એક જાન્યુઆરીએ પહેલો ડ્રાફ્ટ આવ્યો હતો

એક જાન્યુઆરીએ આસામ સરકારે એનઆરસીનો પહેલો ડ્રાફ્ટ જાહેર કર્યો હતો. તેમાં 3.29 કરોડ લોકોમાંથી 1.9 કરોડને જ ભારતના કાયદેસર નાગરિક માનવામાં આવ્યા હતા. અંતિમ યાદી 30 જૂને જાહેર કરવાની હતી, જેને કોર્ટે રાજ્યમાં પૂરના કારણે એક મહિના માટે પાછી ઠેલી હતી.

આસામના 40 લાખ લોકોમાં ભયનું વાતાવરણ, બધા 33 જિલ્લામાં કલમ 144 લાગુ, 22 હજાર જવાન તહેનાત

લોકોનો આરોપ - દસ્તાવેજ હોવા છતાં ભેદભાવ થઈ રહ્યો છે

ભાસ્કર ગ્રાઉન્ડ રિપોર્ટ

આસામથી રવિશંકર રવિ | 30 જુલાઇ

આસામમાં એનઆરસી લિસ્ટમાં 40 લાખ લોકોને ભારતીય નાગરિક માનવામાં આવ્યા નથી. તેના કારણે રાજ્યનાં ગામોમાં ખાસ કરીને બાંગ્લાદેશની સરહદના જિલ્લાઓમાં ભયનું વાતાવરણ છે. રવિવારે રાતે 10 વાગ્યે એનઆરસી જાહેર થયા બાદથી જ ઓફિસોની બહાર લાંબી લાઈનો લાગી ગઈ. જે લોકોના રજિસ્ટરમાં નામ નથી તેઓ ગુસ્સે છે. બીજી બાજુ ઘૂસણખોરો વિરુદ્ધ આંદોલન ચલાવનારાં સંગઠનો અને પક્ષોમાં ઉલ્લાસનું વાતાવરણ છે. તે એક-બીજાને મીઠાઈ ખવડાવી અને ફટાકડા ફોડી ઊજવણી કરી રહ્યા છે.

બિહારના મધુબની જિલ્લાના કન્હૈયા ઝા 3 દાયકાથી આસામમાં રહે છે. તેમના સંતાનો ત્યાં જ પેદા થયાં. તેમના આખા પરિવારનું નામ આ યાદીમાંથી ગાયબ છે. કન્હૈયા કહે છે કે મેં એનઆરસી માટે બિહાર પરીક્ષા સમિતિનું મેટ્રિક પ્રમાણપત્ર અને પિતાની પાસબુક આપી હતી પરંતુ મારું નામ નથી આવ્યું. મારા જેવા અહીં લાખો લોકો છે કારણ કે એનઆરસીએ એવા કરોડો દસ્તાવેજોને તપાસ માટે એ પ્રદેશોમાં મોકલ્યા હતા, જ્યાંથી દસ્તાવેજ તૈયાર થયા હતા, પરંતુ તે રાજ્યોએ હજી સુધી પ્રામાણિકતાની પુષ્ટી જ નથી કરી. ઉત્તરપ્રદેશના ચિત્રકૂટ નિવાસી સત્યનારાયણ મિશ્ર 25 વર્ષથી આસામમાં છે. તેમણે સ્થાનિક યુવતી સાથે લગ્ન પણ કર્યાં છે. યાદીમાં તેમની પત્ની, પુત્ર અને એક પુત્રીનું નામ છે, પરંતુ તેમનું અને એક પુત્રીનું નામ નથી. અશોક મહતોનો જન્મ આસામમાં જ થયો છે. તેમણે બધા દસ્તાવેજો પણ જમા કરાવ્યા હતા.

રાતે 10 વાગ્યાથી જ એનઆરસી સેન્ટરો બહાર લાઈનો લાગી ગઈ

રવિવારે રાતે અંદાજે 10 વાગ્યે NRC ડેટા જાહેર થયો. ત્યાર બાદ જે લોકોનાં નામ યાદીમાં નહોતાં તે રાતે જ એનઆરસી સેન્ટર પર પહોંચી ગયા.

એનઆરસી પર રાજકારણ

પૂર્વોત્તરની 25માંથી 14 બેઠકો આસામમાં છે, તેના માટે બધા પક્ષ તેમની વોટબેન્ક સાચવવામાં લાગ્યા છે

એનઆરસીની અંતિમ યાદી આવતા જ એક વખત ફરી પૂર્વોત્તર રાજ્યોમાં રાજકારણ ગરમ થઈ ગયું. અહીં 7 રાજ્યોમાં 25 લોકસભા બેઠકો છે. ભાજપે 20 બેઠક જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. છેલ્લા ત્રણ - ચાર દાયકાથી અહીંનું રાજકારણ બાંગ્લાદેશના ઘૂસરણખોરોની આજુબાજુ જ ફરી રહ્યું છે. તેમાં આસામ સૌથી મહત્વનું રાજ્ય છે. અહીં લોકસભાની 14 બેઠકો છે. ભાજપ પાસે અત્યારે 7 છે. ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના 3 સાંસદ છે. તેના અધ્યક્ષ બદરુદ્દીન અજમલને બાંગ્લાદેશી ઘૂસણખોરોના સમર્થક મનાય છે. એવામાં રાજ્યના પક્ષો 2019ની ચૂંટણી નજીક જોતા એનઆરસીના આધારે પોતાની વોટબેન્ક સાચવવામાં લાગી ગયા છે. સીએમ સર્વાનંદનું કહેવું છે કે તેનાથી આસામને વિદેશી મુક્ત જાહેર કરવામાં મદદ મળશે.

આસુ કાર્યકરોએ મીઠાઈ વહેંચી

2014માં મોદીએ ગેરકાયદે બાંગ્લાદેશીઓને પાછા મોકલવાની વાત કરી હતી

2014ની ચૂંટણીમાં દાવ રમ્યો હતો. મોદીએ આસામના ચૂંટણી પ્રચારમાં બાંગ્લાદેશીઓને પાછા મોકલવાની વાત કરી હતી. 2015માં કોર્ટે એનઆરસી લિસ્ટ અપડેટ કરવાનો આદેશ આપ્યો. 2016માં રાજ્યમાં ભાજપની પહેલી સરકાર બની, ગેરકાયદે રૂપે રહેતા બાંગ્લાદેશીઓને પાછા મોકલવાની પ્રક્રિયા ઝડપી બની ગઈ.

ભાજપ સરકારે ડિટેક્ટ, ડિલીટ અને ડિપોર્ટ પ્રોગ્રામ શરૂ કર્યો હતો

3 વર્ષમાં રાજ્યના 3.29 કરોડ લોકોએ નાગરિકતા સાબિત કરવા 6.5 કરોડ દસ્તાવેજ સરકારને મોકલ્યા. અંદાજે 500 ટ્રકોના વજન સમાન હતા. 2016માં ભાજપે સરકાર બનાવી. સીએમ સર્વાનંદ સોનોવાલે બાંગ્લાદેશી ઘૂસણખોરોની ઓળખ માટે એનઆરસીથી અલગ ડિટેક્ટ, ડિલીટ અને ડિપોર્ટ કાર્યક્રમ શરૂ કર્યો.

એનઆરસી ડેટા જાહેર થતાં પહેલાં અફવાઓનો દોર

- એનઆરસી ડેટા આવતા પહેલાં જ રાજ્યમાં અફવાઓનો દોર શરૂ થઈ ગયો હતો કે તે જાહેર થતા જ હિંસા થઈ શકે છે.
- તેના કારણે રાજ્યમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે પોલીસને એલર્ટ કરી દેવામાં આવી હતી.
- ગૃહ મંત્રાલય મુજબ આસામ અને આજુબાજુનાં રાજ્યોમાં અર્ધસૈનિક દળોની 220 કંપનીઓ નિયુક્ત કરાઈ છે.
- તેમાં કુલ 22 હજાર જવાન છે. ત્યાં વિરોધ દેખાવોની આશંકાના પગલે બાંગ્લાદેશના સરહદી સાત જિલ્લામાં કલમ 144 લાગુ કરાઈ છે.

50 વર્ષમાં 10 ગણી થઈ મુસ્લિમ વસતી

9 જિલ્લામાં મુસ્લિમ અડધાથી વધુ વસતી

આસામમાં 33 જિલ્લા છે, 9 જિલ્લામાં અનેક દાયકાથી બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી ખૂબ જ ઝડપે વધી છે.

વર્ષ	વસતી	પોપ્યુલેશન ગ્રોથ
1961	17 લાખ	23.3%
1971	35.9 લાખ	24.6%
1991	63.7 લાખ	28.4%
2001	82.4 લાખ	30.9%
2011	1.68 કરોડ	34.2%

શું છે એનઆરસી, રાજ્યમાં તેની જરૂર શા માટે પડી

- એનઆરસીમાં એમને ભારતીય નાગરિક મનાય છે, જેમના પૂર્વજોના નામ 1951ના એનઆરસીમાં હતા અથવા 24 માર્ચ 1971 સુધીની મતદારયાદીમાં હતા.
- 12 બીજા પ્રકારના સર્ટિફિકેટ જેમ કે જન્મ પ્રમાણપત્ર, જમીનના દસ્તાવેજ વગેરે આપી શકાય છે.
- વોટર લિસ્ટમાં નામ ન હોવાના કારણે કોઈ દસ્તાવેજમાં તેમના કોઈ પૂર્વજનું નામ હોય તો તેને સંબંધ સાબિત કરવો પડે છે.
- આસામ એકલું એવું રાજ્ય છે જ્યાં એનઆરસીની વ્યવસ્થા છે. આ પ્રકારનું પહેલું રજિસ્ટ્રેશન રાજ્યમાં વર્ષ 1951માં કરાયું હતું.

વર્લ્ડ વિન્ડો

ઈન્ડોનેશિયામાં ભૂકંપ બાદ જ્વાળામુખી ક્ષેત્રમાં ભૂસ્ખલન, પર્વતો ચઢતાં 560 લોકો ફસાયા

જકાર્તા | ઈન્ડોનેશિયામાં ભૂકંપ બાદ લોમ્બોકમાં સક્રિય જ્વાળામુખી પર ભૂસ્ખલન થયું. તેના લીધે પર્વત ચઢી રહેલા 560 પગપાળા યાત્રી અને તેમના ગાઈડ ત્યાં ફસાઇ ગયા હતા. માઉન્ટ રિન્જાનીના ઢાળને સાફ કરવા માટે હેલિકોપ્ટર અને પગપાળા બચાવદળ તહેનાત કરાયા છે. પાર્કના પ્રમુખ સુદિયોનાએ કહ્યું કે 500 લોકો સેગારા અનાકમાં જ્યારે બાતુ કેપરમાં 60 લોકો ફસાયા છે.

વિયેતનામમાં માર્ગ કિનારે ઊભેલા ટ્રકથી આવીને કાર અથડાઇ, વરરાજા સહિત 14નાં મોત

હનોઈ | મધ્ય વિયેતનામમાં પૂરપાટ ઝડપે આવતી કાર માર્ગ કિનારે ઊભેલા એક કન્ટેનરથી અથડાઈ હતી. દુર્ઘટનામાં લગ્ન કરવા જઈ રહેલ વરરાજા સહિત 14 લોકો મૃત્યુ પામ્યા હતા. એક પોલીસ અધિકારીએ કહ્યું કે મૃત્યુ પામેલા તમામ લોકો એક જ પરિવારના સભ્ય હતા. તે પાડોશી પ્રાંતમાં કન્યાના ઘરે લગ્ન માટે જઈ રહ્યા હતા. દુર્ઘટના એટલી ભીષણ હતી કે ઘટનાસ્થળે જ 13 લોકો મૃત્યુ પામ્યા.

ઈતિહાસમાં આજનો દિવસ

27 વર્ષ પૂર્વે અમેરિકા-સોવિયેત સંઘે પરમાણુ હથિયારોના કાપની સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા



1991- આજના દિવસે જ સુપર પાવર અમેરિકા અને સોવિયેત સંઘે પરમાણુ હથિયારોના ભંડાર ઘટાડી એક તૃતીયાંશ કરવા સંમતિ આપી હતી. આ કરારનું નામ સ્ટાર્ટ રખાયું હતું. મોસ્કોમાં આ કરાર પર તત્કાલીન પ્રમુખ જ્યોર્જ બુશ અને સોવિયેત નેતા મિખાઈલ ગોર્બાચેવે હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર પર હસ્તાક્ષર બાદ બંને નેતાઓએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જ્યોર્જ બુશે આ કરારને ગત 50 વર્ષથી ફેલાયેલા અવિશ્વાસને ખતમ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. ગોર્બાચેવે કહ્યું હતું કે હથિયારો ઘટાડવાની પ્રક્રિયા શરૂ થઇ ગઈ છે.

ખાસ » બરાક ઓબામાના રાષ્ટ્રપતિ રહેતા પણ પરમાણુ હથિયાર નિયંત્રણ કરાર થયો હતો. તે હેઠળ અમેરિકા-રશિયા એટમી હથિયારોની સંખ્યા ઘટાડી 1550 સુધી કરશે.

ચીનના સૈન્યની ફરી આડોડાઈ

- ચીની સૈનિકો સિક્કીમમાં ભારતીય સરહદે બે કિમી અંદર સુધી ઘૂસ્યા
- ભારતીય જવાનોએ માનવસાંકળ બનાવી તેમની સામે 4 કલાક સુધી ઊભા રહ્યા

ચીનના સૈનિકો સિક્કીમમાં ઘૂસ્યા, બેનર બતાવી ભારતીય જવાનોએ પાછા વાળ્યા

■ ચીનના સૈનિકોએ બે બંકરોને નુકસાન પહોંચાડ્યું પણ ભારતીય સેના ઉશ્કેરાઈ નહીં

બેઈજિંગ | 30 જુલાઇ

ડોકલામ વિવાદ બાદ ચીને ફરી એકવાર ઉશ્કેરણીજનક પગલું ભર્યું છે. ખરેખર ચીની સૈન્ય સિક્કીમમાં ભારતીય સીમા ક્ષેત્રમાં લગભગ બે કિમી અંદર ઘૂસી આવ્યું હતું જેને ભારતીય સેનાએ માનવસાંકળ બનાવી જવાબ આપ્યો હતો. ભારતીય પ્રતિકાર બાદ ચીની સૈનિકો તેમના સેન્ટરમાં પાછા જતા રહ્યા હતા. ઈન્ટેલિજન્સ બ્યુરોના એક અધિકારીએ કહ્યું કે પીપલ્સ લિબરેશન આર્મી(પીએલએ)ના લગભગ 50 સૈનિક ભારતીય સરહદનો ભંગ કરી નાકૂમાં ઘૂસી આવ્યા હતા. આ દરમિયાન બે બંકરોને પણ નુકસાન પહોંચાડ્યું હતું. તેના બાદ તેમની સામે ભારતીય જવાનો આવીને ઊભા થઈ ગયા. ચીનના સૈનિકો ચાર કલાક સુધી સામે ઊભા રહ્યા પણ ભારતીય સૈનિકો ઉશ્કેરાયા ન હતા. જ્યારે ચીની સૈનિકોએ પોતાના ક્ષેત્રમાં જવાનો ઈનકાર કરી દીધો તો ભારતીય સૈનિકોએ એક બેનરની મદદથી તેમને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કર્યો જેથી તે પોતાના ક્ષેત્રમાં પાછા ફરે.

ચીનના સૈનિકોને પાછળ હટાવવા 100 જવાન ઊભા રહ્યા

આ તસવીર સોમવારે સોશિયલ મીડિયા પર આવી. દાવો છે કે ચીનના 50 સૈનિકોને તેમની સરહદમાં પાછા વળવા મજબૂર કરવા માટે ભારતના 100 જવાનો તેમની સામે દીવાલ બનીને ઊભા રહ્યા હતા.

ઘટના પહેલાં ચીનના અધિકારી મળ્યા હતા

સૂત્રો મુજબ ચીનના સૈનિકોની આ આડોડાઈનો એક રિપોર્ટ સરકારને મોકલાયો છે. તે મુજબ ચીની સૈનિકોની ઘૂસણખોરી પહેલાં 100 કિમી દૂર ચીનની સેનાના પશ્ચિમ થિયેટર કમાન્ડના અધિકારીએ 8 જવાનો સાથે ભારતીય અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી.

ચીન નિર્માણ કરી રહ્યું : અમેરિકા

ગત વર્ષે 73 દિવસ સુધી ડોકલામમાં ચાલેલા સંઘર્ષ બાદ ચીનની આ પ્રથમ આડોડાઈ છે. ચીનની ચાલબાજી પર અમેરિકાએ પણ ચેતવણી ઉચ્ચારી છે. અમેરિકાએ કહ્યું કે ચીન ડોકલામ ક્ષેત્રમાં પોતાની પ્રવૃત્તિઓ ચૂપચાપ રીતે ફરી શરૂ કરી છે.

ઝિમ્બાબ્વેમાં 37 વર્ષ સુધી ચાલેલો રોબર્ટ મુગાબેનો યુગ સમાપ્ત થયા બાદ પ્રથમ ઐતિહાસિક ચૂંટણી

હરારે | ઝિમ્બાબ્વેમાં સોમવારે ઐતિહાસિક ચૂંટણી યોજાઈ. આ પ્રસંગ 38 વર્ષ બાદ આવ્યો છે જ્યારે ગત વર્ષે પૂર્વ રાષ્ટ્રપતિ રોબર્ટ મુગાબેને સેનાએ પદ છોડવા મજબૂર કરી દીધા હતા. તેના બાદ મુગાબેએ તેમના સમર્થકોને કહ્યું કે તે પોતાની જૂની પાર્ટીને સત્તાથી બેદખલ કરે. ચૂંટણી પહેલાં મુગાબેએ કહ્યું હતું કે આશા છે કે હવે પ્રજા સેનાના સરકારી રૂપને ઉખાડ ફેંકશે.

ઈમરાને કહ્યું- હું 11 ઓગસ્ટે વડાપ્રધાન પદના શપથ લઈશ

પેશાવર | 30 જુલાઇ

પૂર્વ ક્રિકેટર અને પીટીઆઇ પ્રમુખ ઈમરાન ખાન 11 ઓગસ્ટે પાકિસ્તાનના નવા વડાપ્રધાન તરીકે શપથ લેશે. ઈમરાને એમ પણ કહ્યું કે ખૈબર પખ્તૂનખ્વાંમાં પીટીઆઈ આગામી બે દિવસમાં નવા મુખ્યમંત્રીના નામ જાહેર કરી દેશે. ગત 25 જુલાઈએ સામાન્ય ચૂંટણીમાં 65 વર્ષીય ઈમરાનના નેતૃત્વ હેઠળની પીટીઆઈ સૌથી મોટી પાર્ટી બની છે. પાકિસ્તાનમાં 342 સીટોવાળી નેશનલ એસેમ્બલીમાં 272 સીટો પર પ્રત્યક્ષ ચૂંટણી થાય છે. તેમાંથી ઈમરાનની પાર્ટીને 116 સીટો પ્રાપ્ત થઇ છે. જોકે બહુમત માટે જરૂરી 137 સીટોના આંકડાથી તે દૂર છે. પીટીઆઈએ કહ્યું કે સરકાર બનાવવા માટે તે નાના પક્ષો અને અપક્ષ ધારાસભ્યોને સંપર્ક કરી રહ્યા છે.

મહાભારત-2019 ઈન્ફોગ્રાફિક્સ

લોકસભાના સભ્યોની સરેરાશ ઉંમર પર રસપ્રદ ટ્રેન્ડ, 16મી લોકસભામાં અડધાથી વધુ સાંસદ વૃદ્ધ

લોકસભામાં 62 વર્ષમાં 25થી 45 વર્ષના સાંસદ એક તૃતીયાંશ ઘટી ગયા, જ્યારે વૃદ્ધ 10 ગણા વધી ગયા

59% એટલે કે 312 સાંસદ 56થી 85 વર્ષની વચ્ચેના છે વર્તમાન લોકસભામાં

40% એટલે કે 213 સાંસદ 25થી 55 વર્ષની વચ્ચેના છે વર્તમાન લોકસભામાં

એક બાજુ જ્યાં આપણો દેશ યુવા થઈ રહ્યો છે ત્યારે સાંસદની ઉંમર સતત વધી રહી છે. 56થી 75 વર્ષના સાંસદોની સંખ્યા વધી રહી છે તો 25થી 45ની ઉંમરના સાંસદ ઘટી રહ્યા છે. 62 વર્ષના આંકડા જોવામાં આવે તો 25થી 45ની ઉંમરના યુવા સાંસદોની સંખ્યા એક તૃતીયાંશ ઘટી છે. 56થી 85 વર્ષના લોકસભા સભ્યોની સંખ્યા 10 ગણી વધી છે. 2014માં 16મી લોકસભા અત્યાર સુધીની સૌથી વૃદ્ધ લોકસભા છે. પહેલી લોકસભામાં 66થી 75 વર્ષના ફક્ત 11 સાંસદ હતા જે અત્યાર સુધીની સૌથી ઓછી સંખ્યા છે જ્યારે 25થી 45 વર્ષના સૌથી વધુ 48 % સાંસદ બીજી લોકસભામાં ચૂંટાઈને પહોંચ્યા હતા.

62 વર્ષમાં 9.5 % વધી ગઈ લોકસભા સાંસદોની સરેરાશ ઉંમર

ગત 62 વર્ષમાં લોકસભાના સભ્યોની સરેરાશ ઉંમરનું વિશ્લેષણ કર્યુ તો જાણ થઈ કે દરમિયાન લોકસભા સાંસદોની સરેરાશ ઉંમર લગભગ 9.5 % સુધી વધી ગઈ છે.

લોકસભા	સરેરાશ ઉંમર
પ્રથમ	46.5 વર્ષ
બીજી	46.7 વર્ષ
ત્રીજી	49.4 વર્ષ
ચોથી	48.7 વર્ષ
પાંચમી	49.2 વર્ષ
છઠ્ઠી	52.1 વર્ષ
સાતમી	49.9 વર્ષ
આઠમી	51.4 વર્ષ
નવમી	51.3 વર્ષ
દસમી	51.4 વર્ષ
અગિયારમી	52.8 વર્ષ
બારમી	46.4 વર્ષ
તેરમી	55.5 વર્ષ
ચૌદમી	52.2 વર્ષ
પંદરમી	53.3 વર્ષ
સોળમી	56 વર્ષ

વૃદ્ધો પ્રથમ લોકસભાની તુલનાએ 10 ગણા વધ્યા

66 થી 76 વર્ષની ઉંમરવાળા સાંસદોની વાત કરીએ તો, આ ઉંમરના એટલે કે વૃદ્ધોની સંખ્યા ઝડપથી વધી છે. પ્રથમ લોકસભાની તુલનાએ અત્યાર સુધી તેમની સંખ્યા 10 ગણી વધી છે. પ્રથમ લોકસભા દરમિયાન આ ઉંમરજૂથના ફક્ત 2.38 % એટલે કે 11 સાંસદ ચૂંટાયા હતા, જ્યારે વર્તમાન એટલે કે 16મી લોકસભામાં આ સંખ્યા 105 થઈ ગઈ. આ સંખ્યા કુલ સભ્યોના 19.96 % છે.

62 વર્ષમાં યુવા સાંસદ એક તૃતીયાંશ ઘટી ગયા

સૌથી યુવા સાંસદો એટલે કે 25થી 35 વર્ષની ઉંમરના લોકસભા સભ્યોની વાત કરીએ તો તેમની સૌથી વધુ સંખ્યા પ્રથમ લોકસભામાં હતી. તે સમયે 82 સાંસદ 25થી 35ની ઉંમરના હતા. તે કુલ સાંસદોના 17.75 % હતા. જોકે 2014માં 16મી લોકસભામાં 25થી 35ની ઉંમરના ફક્ત 19 સાંસદ ચૂંટાયા છે. જે કુલ સાંસદોના 3.6 % છે.

- વર્તમાન લોકસભા સહિત ફક્ત બે લોકસભા દરમિયાન સાંસદોની સરેરશા ઉંમર 55 વર્ષથી ઉપર રહી છે.
- 9 લોકસભાઓમાં સાંસદોની સરેરાશ ઉંમર 50 વર્ષથી ઉપર રહી જ્યારે 7માં 50થી નીચે રહી.
- 4 વાર સાંસદોની સરેરાશ ઉંમર ગત લોકસભાથી ઓછી રહી. એવું ચોથી, સાતમી, નવમી, બારમી લોકસભા દરમિયાન થયું.

દુનિયા યુવા થઈ રહી છે પણ સંસદમાં વૃદ્ધો વધુ

2015માં દુનિયાની વસતીની સરેરાશ ઉંમર 29.6 વર્ષ હતી. 2011ની વસતીગણતરી મુજબ ભારતીય વસતીની સરેરાશ ઉંમર 25 વર્ષ હતી. એક રસપ્રદ તથ્ય એ છે કે દુનિયામાં યુવા વસતી વધી રહી છે પણ સાંસદ વૃદ્ધ થઈ રહ્યા છે. ભારતમાં ફક્ત 2.2 % સાંસદ 30થી ઓછી ઉંમરના છે. જોકે દુનિયાભરમાં સાંસદોની સરેરાશ ઉંમર 51-60 છે. દુનિયામાં નોર્વેની સંસદ સૌથી યુવા મનાય છે.

મોરેક્કોમાં યુવા સાંસદો માટે 25 % સીટ રિઝર્વ

મોરેક્કોએ સંસદમાં યુવાઓ માટે સીટ અનામત રાખી છે. 30 સીટ યુવા સાંસદો માટે અનામત છે. સ્વિડનની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીએ 25 % સીટ યુવા માટે અનામત રાખી છે. ફક્ત 25થી ઓછી ઉંમરના જ લોકોને ચૂંટવામાં આવે છે.

સ્ત્રોત : લોકસભા સચિવાલય, ચૂંટણીપંચ, પીઆરએસ, વસતીગણતરી 2011

ક્લિપર 'રાઉન્ડ ધ વર્લ્ડ' યોટ રેસ

74 હજાર કિ.મી.ની રેસ, વેન્ડી આ રેસ જીતનારી પ્રથમ મહિલા

■ રેસ 11 મહિનામાં પૂરી થઈ, 11 ટીમમાં 41 દેશના 712 સેલરે ભાગ લીધો

લિવરપૂલ | આ ફોટો ક્લિપર 'રાઉન્ડ ધ વર્લ્ડ' યોટ રેસનો છે. 74 હજાર કિમીની આ રેસ ઓસ્ટ્રેલિયાની સેલર વેન્ડી ટકની કેપ્ટનશીપવાળી ટીમ સાન્યા સેરેનટી કોસ્ટે જીતી છે. 52 વર્ષની વેન્ડી આ રેસ જીતનારી પ્રથમ મહિલા કેપ્ટન બની છે. તેની ટીમ 143 પોઈન્ટ સાથે ઓવરઓલ ચેમ્પિયન બની છે. બીજા નંબરે 139 પોઈન્ટ સાથે 25 વર્ષની નિક્કી હેન્ડરસનની વિઝિટ સિએટલ ટીમ છે. ટૂર્નામેન્ટના 22 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત ટોપ-2 સ્થાને મહિલા સેલર રહી છે. બ્રિટિશ સેલર હેન્ડરસન સૌથી યુવાન કેપ્ટન રહી છે. રેસમાં 13 ટીમે ભાગ લીધો હતો. જેમાં 41 દેશના 712 સેલરે (પ્રોફેશનલ અને અમેચ્યોર) ભાગ લીધો હતો.સાન્યા કોસ્ટમાં ટીમે જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન લેગથી લીડ મેળવી લીધી હતી. આ લીડ તેમણે અંત સુધી જાળવી રાખી. ગયા વર્ષે ઓગસ્ટમાં લિવરપૂલ ખાતેથી આ રેસની શરૂઆત થઈ હતી.

વેન્ડી ટક

ઓગસ્ટ 2017માં શરૂ થયેલી રેસમાં 8 લેગ



પ્રથમ લેગ | ઓગસ્ટ 2017માં લિવરપુલ (એટલાન્ટિક મહાસાગર)થી શરૂ થયો હતો. તે પ્યુન્ટા ડેલ એસ્ટે (ઉરુગ્વે)માં પૂરો થયો.

બીજો લેગ | ઉરુગ્વે (દ. એટલાન્ટિક) થી શરૂ થઈને કેપટાઉન (દ.આફ્રિકા)ના વિક્ટોરિયા અને એલ્બર્ટ વોટરફ્રન્ટ ખાતે પૂરો થયો. તે એટલાન્ટિક મહાસાગરનો સમુદ્ર કિનારો છે.

ત્રીજો લેગ | દ.આફ્રિકાથી શરૂ થઈ ઓસ્ટ્રેલિયાના પોર્ટ શહેર ફ્રેમેન્ટલ (હિન્દ મહાસાગર) ખાતે પૂરો થયો.

ચોથો લેગ | ઓલ ઓસ્ટ્રેલિયન લેગ પશ્ચિમ ઓસ્ટ્રેલિયા (ક્વિન્સલેન્ડ)માં પૂરો થયો. આ દરમિયાન સેલરની યાટ પ્રશાંત મહાસાગરમાં હતી.

પાંચમો લેગ | એશિયા પેસિફિક ચેલેન્જ પ. ઓસ્ટ્રેલિયાથી શરૂ થઈને ચીનના કિંગડાઓ (પ્રશાંત મહાસાગર)માં પૂરો થયો.

છઠ્ઠો લેગ | ચીનથી શરૂ થયેલી સેલરની આ સફર અમેરિકાના વેસ્ટ કોસ્ટ સિએટલ (પ્રશાંત મહાસાગર) ખાતે પુરી થઈ.

સાતમો લેગ | આ લેગ પનામા નહેરથી થઈને ન્યુયોર્ક (એટલાન્ટિક મહાસાગર)માં પૂરો થયો.

આઠમો લેગ | અંતિમ લેગ ન્યુયોર્કથી શરૂ થઈને લિવરપૂલ ખાતે પૂરો થયો.

અલગ રમતોની દુનિયા

આઈસનરે 5મી વખત એટલાન્ટા ટાઈટલ જીત્યું, હારેલા હેરિસને રેકેટ તોડી નાખ્યું

એટલાન્ટા | જ્હોન આઈસનરે પાંચમી વખત એટલાન્ટા ટાઈટલ ઓપન જીતી છે. તેણે ફાઈનલમાં રેયાન હેરિસનને 5-7, 6-3, 6-4થી હરાવ્યો હતો. અમેરિકાનો આઈસનેર સળંગ બીજા વર્ષે ફાઈનલમાં પહોંચ્યો હતો. તેણે વર્ષ 2018નું આ બીજું ટાઈટલ જીત્યું છે. આ અગાઉ તે 2013, 2014, 2015 અને 2017માં પણ એટલાન્ટા ટાઈટલ જીતી ચૂક્યો છે. પોઈન્ટ ગુમાવી દેતાં હેરિસને એક વખત ગુસ્સામાં રેકેટ તોડી નાખ્યું હતું.

પાંચ ઓક્ટોબરથી શરૂ થશે પ્રો કબડ્ડી સિઝન-6, આવતા વર્ષે જાન્યુ.માં ફાઈનલ

નવી દિલ્હી | પ્રો કબડ્ડી લીગની છઠ્ઠી સિઝન 5 ઓક્ટોબરથી શરૂ થશે. તેની ફાઈનલ 5 જાન્યુઆરી, 2019ના રોજ રમાશે. લીગ ગયા વર્ષના ફોર્મેટમાં જ રમાશે. સીઝન-5માં 13 અઠવાડિયા સુધી 12 ટીમની વચ્ચે 138 મેચ રમાઈ હતી. લીગ 13 અઠવાડિયા ચાલી હતી. પ્રો કબડ્ડીના લીગ કમિશનર અનુપમ ગોસ્વામીએ જણાવ્યું કે, પ્રો-કબડ્ડી લીગનો અગાઉનો સમય જુલાઈથી ઓક્ટોબર વચ્ચે હતો, પરંતુ ઓગસ્ટમાં એશિયન ગેમ્સ છે. એટલે તેની શિડ્યુલ આગળ વધારાયું છે.

બ્રિટનનો ગારેન્ટ થોમસ બન્યો ટૂર દ ફ્રાન્સનો ચેમ્પિયન, 13 મહિલા સાઈકલિસ્ટે રેસ પૂરી કરી

ચેમ્પિયન ગારેન્ટથી એક દિવસ પહેલા 13 મહિલાએ રેસ પૂરી કરી

લોર્ડેસ (ફ્રાન્સ) | બે વખતનો ઓલિમ્પિક ચેમ્પિયન બ્રિટનનો ગારેન્ટ થોમસ 'ટૂર દ ફ્રાન્સ'નો ચેમ્પિયન બની ગયો છે. ટીમ સ્કાયના ગારેન્ટે રવિવારે આ રેસ જીતી. 3,351 કિમીની આ રેસ 21 સ્ટેજની હોય છે. ગારેન્ટે 83 કલાક 17 મિનિટ 13 સેકન્ડમાં આ અંતર કાપ્યું. ટીમ સનવેબનો ટોમ ડુમોલિન બીજા અને ટીમ સ્કાયનો ક્રિસ ફ્રૂમ ત્રીજા સ્થાને રહ્યો. તેના એક દિવસ પહેલા 13 મહિલા સાઈકલિસ્ટે પણ રેસ પુરી કરી હતી. જેમાંની એક તેતિયાના કલાચોવાએ જણાવ્યું કે, અમને આ રેસ પુરી કરવાને બદલે પ્રાઈઝ મની કે ટ્રોફી નહીં મળે, પરંતુ અમે દુનિયાને સંદેશો આપવા માગીએ છીએ કે, મહિલાઓ માટે પણ આવી રેસનું આયોજન થાય.

પોર્ટુગલે ઈટાલીને 4-3થી હરાવીને અંડર-19 યુરોપિયન ચેમ્પિયનશિપ જીતી

સિનાજોકી(ફિનલેન્ડ) | પોર્ટુકલે ઓમા સ્ટેડિયમમાં ઈટાલીને 4-3થીહ રાવીને અંડર-19 યુરોપિયન ચેમ્પિયનશિપ જીતી લીધી છે. આ સાથે જ પોર્ટુગલ અંડર-17, અંડર-19 અને સીનિયર ટીમ કેટેગરીમાં યુરોપિયન ચેમ્પિયન બની ગયું છે. પોર્ટુગલે પ્રથમ હાફમાં એક અને બીજા હાફમાં 72મી મિનિટમાં ગોલ કરી 2-0થી લીડ મેળવી હતી. પરંતુ ઈટાલીએ 75મી અને 76મી મિનિટમાં ગોલ કરીને સ્કોર 2-2 કરી નાખ્યો હતો. પોર્ટુગલે એક્સ્ટ્રા ટાઈમમાં 4-3થી મેચ જીતી.

ભારતનો ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યૂઝિલેન્ડ. દ.આફ્રિકામાં રેકોર્ડ નબળો

9 વર્ષથી ઝિમ્બાબ્વે, વિન્ડિઝ અને એશિયાની બહાર પ્રથમ ટેસ્ટ અને સીરિઝ ભારત જીત્યું નથી

■ 1 ઓગસ્ટથી ઈંગ્લેન્ડ સામે એઝબેસ્ટનમાં પ્રથમ ટેસ્ટ શરૂ થશે

બર્મિંઘમ | 30 જુલાઇ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચ ટેસ્ટની સીરિઝની પ્રથમ મેચ 1 ઓગસ્ટથી બર્મિંઘમના એઝબેસ્ટન ગ્રાઉન્ટ પર શરૂ થશે. ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય ટીમનો એશિયા બહાર દેખાવ નબળો રહ્યો છે. તેના પાછળનું એક મોટું કારણ ટીમની ધીમી શરૂઆત પણ છે. એટલે કે ટીમ ઈન્ડિયા વિદેશી પ્રવાસ પર હંમેશાં પ્રથમ ટેસ્ટ જીતી શક્તી નથી. તેનો સૌથી મોટો પુરાવો એ છે કે, 9 વર્ષથી ભારતને ઝિમ્બાબ્વે, વેસ્ટઈન્ડિઝ અને એશિયાની બહાર રમાયેલી ટેસ્ટ સીરિઝની પ્રથમ ટેસ્ટમાં વિજય મળ્યો નથી. ભારતે ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યૂઝિલેન્ડ અને દ.આફ્રિકામાં 2009 બાદ કોઈ પણ ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચ જીતી નથી. ત્યારથી ભારત આ દેશોમાં કોઈ ટેસ્ટ સીરિઝ પણ જીતી શક્યું નથી. ભારતે છેલ્લે આ ચારમાંથી કોઈ એક દેશમાં ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચ 2009માં ન્યૂઝિલેન્ડ સામે હેમિલ્ટનમાં જીતી હતી. ત્યારે ભારતે સીરિઝ પણ 1-0થી જીતી હતી. ત્યાર બાદ ભારતે દ.આફ્રિકામાં 3, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડમાં 2-2 અને ન્યૂઝિલેન્ડમાં એક ટેસ્ટ સીરિઝ રમી છે. જેમાંથી એક પણ સીરિઝની પ્રથમ મેચમાં ભારત જીત્યું નથી. આ 8 સીરિઝમાંથી 6ની પ્રથમ ટેસ્ટમાં ભારત હાર્યું છે અને બેમાં પ્રથમ ટેસ્ટ ડ્રો રહી છે.

વિરાટ કોહલીએ ઈંગ્લેન્ડમાં 5 ટેસ્ટમાં 134 રન જ બનાવ્યા છે



વિરાટ કોહલીએ બર્મિંગમમાં નેટ પ્રેક્ટિસ પહેલાં શેડો પ્રેક્ટિસ પણ કરી હતી. તે ઈંગ્લેન્ડમાં 5 ટેસ્ટમાં 134 રન જ બનાવી શક્યો છે. તેના હાઈએસ્ટ રન 39 અને સરેરાશ 13.40 છે.

ગુસ્સો દેખાડો અને વિરાટ કોહલીને ચેલેન્જ કરો : વોન

ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ સીરિઝથી પહેલાં શબ્દોની લડાઈ શરૂ થઈ ગઈ છે. એક દિવસ પહેલા જોસ બટલરે જણાવ્યું હતું કે, ઈંગ્લેન્ડના ખેલાડીઓ સાથે આઈપીએલમાં થયેલી દોસ્તી ટીમ ઈન્ડિયાને કામ નહીં લાગે. હવે ત્યાંના પૂર્વ કેપ્ટન માઈકલવોને પણ પોતાની ટીમના ખેલાડીઓને જણાવ્યું છે કે, ટેસ્ટ સીરિઝમાં ગુસ્સો દેખાડો અને વિરાટ કોહલીને ચેલેન્જ કરો. તેમણે જણાવ્યું કે, ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસન અને સ્ટૂઅર્ટ બ્રોડ વિરાટને ફ્રન્ટ ફૂટ પર ચેલેન્જ કરે. તેઓ વિરાટની નબળાઈનો ફાયદો ઉઠાવી શકે છે. સાથે જ ઓપનર એલેસ્ટર કૂક અને કેપ્ટન જો રૂટને સારી શરૂઆત કરીને વિશાળ સ્કોર બનાવવા જણાવ્યું છે.

2010 બાદ એશિયા બહાર ભારતનું પ્રદર્શન

વિરુદ્ધ	પ્રથમ ટેસ્ટ	સીરિઝ	વર્ષ
દ.આફ્રિકા	ઈનિંગ, 25 રને હાર	1-1થી ડ્રો	2010-11
ઈંગ્લેન્ડ	196 રને હાર	0-4થી હાર	2011
ઓસ્ટ્રેલિયા	22 રને હાર	0-4થી હાર	2011-12
દ.આફ્રિકા	ડ્રો	0-1થી હાર	2013-14
ન્યૂઝિલેન્ડ	40 રને હાર	0-1થી હાર	2014
ઈંગ્લેન્ડ	ડ્રો	1-3થી હાર	2-14
ઓસ્ટ્રેલિયા	48 રને હાર	0-2થી હાર	2014-15
દ.આફ્રિકા	72 રને હાર	1-2થી હાર	2018

■ આ ટેબલમાં ઝિમ્બાબ્વે અને વેસ્ટઈન્ડિઝની સીરિઝનો સમાવેશ કર્યો નથી.

છેલ્લી ત્રણ સીરિઝમાં પ્રથમ મેચ ઈંગ્લેન્ડ હાર્યું છે, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ અને પાકિસ્તાને હરાવ્યું

ટીમ ઈન્ડિયા માટે સારા સમાચાર છે કે, ઈંગ્લેન્ડની ટીમ પોતાની છેલ્લી ત્રણ ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચમાં હારી છે. તેને આ વર્ષે મે મહિનામાં પાકિસ્તાને બે ટેસ્ટની સીરિઝમાં પ્રથમ ટેસ્ટમાં લોર્ડ્સ ખાતે 9 વિકેટે હરાવ્યું હતું. તેના પહેલા માર્ચમાં ન્યૂઝિલેન્ડે બે ટેસ્ટની સીરિઝની પ્રથમ મેચમાં ઓકલેન્ડમાં એક ઈનિંગ્સ અને 49 રને હરાવ્યું હતું. તેનાથી પહેલા ઓસ્ટ્રેલિયાએ એશેઝ સીરિઝની પ્રથમ મેચમાં બ્રિસ્બનમાં ઈંગ્લેન્ડને 10 વિકેટે હરાવ્યું હતું. ભારત સામે છેલ્લી ઘરેલુ સીરિઝ (2014)માં તેણે પ્રથમ ટેસ્ટ ડ્રો રમી હતી, પરંતુ સીરિઝ જીતી હતી.

વર્લ્ડ સેલિંગ ડેનમાર્કમાં શરૂ, 100 દેશના સેલર ભાગ લઈ રહ્યા છે

આરહસ | પાંચમી વર્લ્ડ સેલિંગ ચેમ્પિયનશિપ સોમવારે શરૂ થઈ છે. જેમાં 100 દેશના સેલર ભાગ લઈ રહ્યા છે. તે ટોકિયો ઓલિમ્પિક 2020 માટે ક્વોલિફાઈંગ ટૂર્નામેન્ટ પણ છે. તેમાં ઓલિમ્પિકમાં યોજાનારી તમામ 12 ઈવેન્ટ છે. પ્રથમ વખત કાઈટ સર્ફિંગ પણ રમાશે. ચેમ્પિયનશિપમાં 1100 સેલ બોટ્સ અને 1500 સ્પર્ધક ભાગ લઈ રહ્યા છે.

આ ઈવેન્ટ યોજાશે

પુરુષ | વન-પર્સન ડિંઘી, વન-પર્સન ડિંઘી (હેવીવેઈટ), ટૂ-પર્સન ડિંઘી, સ્કિફ વિન્ડસર્ફર, કાઈડ બોર્ડિંગ.

મહિલા | વન પર્સન ડિંઘી, ટૂ-પર્સન ડિંઘી, સ્કિફ, વિન્ડસર્ફર, કાઈટ બોર્ડિંગ.

મિક્સ્ડ મલ્ટીહલ.

ભારતની નેત્રા કુમાનન ડેનમાર્કમાં ટ્રેનિંગ લેશે

ભારતની નેત્રા કુમાનનની પસંદગી આ વર્લ્ડ ચેમ્પિયનશિપ પહેલા આયોજિત સેલિંગ ક્લિનિક માટે કરાઈ છે. આ ક્લિનિક માટે 14 દેશના 14 ઉભરતા સેલરને પસંદ કરાયા છે. જેમાં ખેલાડીઓને ટ્રેનિંગ અપાશે, જેથી તેઓ પોતાના પ્રદર્શનમાં સુધારો કરી શકે. તેમની પસંદગી ઈમર્જિંગ નેશન પ્રોગ્રામ (ઈએનપી) અંતર્ગત થઈ છે. આ પ્રોગ્રામ દ્વારા ખેલાડીઓને આર્થિક મદદ પણ પુરી પડાશે. તેમને ડેનમાર્ક અને જર્મનીના કોચ ટ્રેનિંગ આપશે. ભારતની નેત્રા રેડિયલ ઈવેન્ટમાં ભાગ લેવાની છે.

મહિલા હોકી વર્લ્ડ કપ

ક્વાર્ટર ફાઈનલમાં એન્ટ્રી માટે આજે ઈટાલી સાથે પ્લેઓફ

લંડન | મહિલા હોકી વર્લ્ડ કપમાં ભારતીય ટીમ મંગળવારે પ્લે ઓફ મુકાબલામાં ઈટાલી સામે રમશે. આ મેચમાં જીતનારી ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચશે. ભારતીય ટીમ 2 પોઈન્ટ સાથે પૂલ બીમાં આયર્લેન્ડ (6) અને ઓલિમ્પિક ચેમ્પિયન ઈંગ્લેન્ડ (5) પોઈન્ટ બાદ ત્રીજા સ્થાને છે. ટૂર્નામેન્ટની દરેક પૂલની ટોચની ટીમને ક્વાર્ટર ફાઈનલમાં સીધો પ્રવેશ મળી ગયો છે, જ્યારે બીજા અને ત્રીજા નંબરની ટીમે બીજા પુલની બીજા અને ત્રીજા નંબરની ટીમ સાથે પ્લેઓફ મેચ રમવાની છે. ભારત પોતાના પુલમાં ત્રણ મેચમાં બે ડ્રો કરી છે અને એક હાર્યું છે. ઈટાલી ત્રણ મેચમાં બે વિજય અને એક હારી છે. ઈટાલીનો રેકોર્ડ જોતાં ભારતનો મુશ્કેલી પડશે.

બેડમિન્ટન | ભારતના પ્રણય અને સમીર વર્માનો બીજા રાઉન્ડમાં પ્રવેશ, મિક્સ્ડ ડબલ્સમાં પણ ત્રણ જોડી જીતી

■ સાઈના નેહવાલ, પી.વી. સિંધુ અને કિદામ્બી શ્રીકાંતની મેચ આજે

નેનજિંગ (ચિન) | 30 જુલાઇ

ભારતના એચ.એસ. પ્રણય અને સમીર વર્માએ વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપના બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવી લીધો છે. તેમની સાથે મિક્સ્ડ ડબલ્સની જોડીઓમાં પણ ભારતને વિજય પ્રાપ્ત થયો છે. વર્લ્ડ નંબર-11 પ્રણયે ન્યૂઝિલેન્ડના અભિનવ માનોતાને 21-12, 21-11થી સીધા બે સેટમાં પરાજિત કર્યો હતો. સમીરે ફ્રાન્સના લુકાસ કોર્વીને 21-13, 21-10થી હરાવ્યો હતો.

એચ.એસ. પ્રણય

એશિયન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ જીતનારા પ્રણયની ટક્કર હવે બ્રાઝિલના યેગોર કોએલ્હો સાથે થશે. સ્વિસ ઓપન સમીરની ટક્કર બીજા રાઉન્ડમાં ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ ચીનના લીન ડેન સાથે થશે. ભારતની મિક્સ્ડ ડબલ્સ જોડીએ સત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને અશ્વિની પોનપ્પાની જોડીએ ડેનમાર્કની નિક્લેસ નોહર અને સારા થાયજેસનની જોડીને 21-9, 22-20થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. પ્રણવ ચોપરા અને એન.સિક્કી રેડ્ડીએ ચેઝ રિપબ્લિકની જેકુબ બિટમેન અને એલ્ઝબેટા બાસોવાની જોડીને 21-17, 21-15થી હરાવી હતી. સૌરભ-અનુષ્કાની જોડીએ નાઈજીરિયાની જોડી નેજોહ આબાહ-પીસ ઓરજીને 21-13, 21-12થી હરાવી હતી. રોહન-કુહૂની જોડીએ કેનેડાની ટોબી-રાશેલ હોન્ડ્રિચની જોડીને 21-19, 21-6થી હરાવીને મિક્સ્ડ ડબલ્સના બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો.

પ્રથમ યુથ વન-ડેમાં ભારતે શ્રીલંકાને 6 વિકેટે હરાવ્યું

કોલંબો | ઈન્ડિયા અંડર-19 ટીમે શ્રીલંકાની અંડર-19 ટીમને પ્રથમ વન ડેમાં 6 વિકેટે હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરવા આવેલી શ્રીલંકાની ટીમ 38.4 ઓવરમાં 143 રને ઓલઆઉટ થઈ ગઈ હતી. જેની સામે ભારતીય ટીમે અનુજના 50 રનની મદદથી 37.1 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને વિજય માટે જરૂરી રન બનાવી લીધા હતા. અનુજે 85 બોલમાં પાંચ ચોગ્ગાની મદદથી 50 રન બનાવ્યા હતા. ભારતના અજય દેવે 3, મોહિતિ ,યતિન અને આયુષ બદોનીએ 2-2 વિકેટ લીધી હતી.

શરમજનક ઘટના | ભાવનગરની પરિણીતાને સાસરીયાનો ત્રાસ

સસરાએ વહુને સાથે સુવાનું કહેતા તેણીએ ના પાડતા પતિએ તલાક દીધા

જમાઈએ અડધી રાત્રે દારૂ પી સસરા પાસે માંગ્યા 10 લાખ

ક્રાઈમ રિપોર્ટર | ભાવનગર | 30 જુલાઈ

તળાજામાં સાસરૂ ધરાવતી પરણીતા પોતાના પિયર ભાવનગર આવેલ હોય તેણીના પતીએ નશો કરેલી હાલતમા આવી દહેજમાં રૂ.10 લાખની માંગણી કરી તલ્લાક આપવાની ધમકી આપ્યાની પરણીતાએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવની વિગતો મુજબ તળાજામાં સાસરુ ધરાવતી પરણીતા રજીયાબાનુ ઈમરાનભાઈ જોગીયાના નિકાહ ગત તા.28/4/2008 ના રોજ થયા હતા. નીકાહ જીવનથી એક પુત્ર અને પુત્રીનો જન્મ થયેલ અને પરણીતા તેના સાસુ,સસરા અને પતિ જોડે રહેતી હતી.છ માસ લગ્ન જીવન સારૂ ચાલ્યા બાદ સસરાએ પરણીતા ઉપર નજર બગાડેલ. અને તેણી સસરાને તાબે નહીં થતા સસરા, સાસુ તેણીને શારીરીક-માનસીક ત્રાસ દેવા લગ્યા હતા. જે અંગે પતીને ફરિયાદ કરતા તેણે સાંભળી ન હતી.સાસુ કરિયાવર બાબતે મેણાટોણા મારતી હતી.

ગત તા.26/6/2018 નાં રોજ પરણીતા તેના ભાઈના ઘરે પુત્રનો જન્મ થતા લાડવા લઈને ગયેલ.અને ત્યા રોકાયેલ.જે બાદ ગત તા.2/7/2018 ના રોજ મોડીરાત્રીના 1-30 કલાકે તેમના પતિએ ફોન કરતા આટલી મોડી રાત્રે શામાટે ફોન કર્યો અને ઘરે કેમ આવ્યા તેમ પુછતા પતિએ ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરેલ અને સાસુ, સસરાને પણ જગાડેલ.તેથી પતિએ સસરા પાસે ધંધો કરવા માટે રુ.10 લાખ માંગેલ.તેથી સસરા રજાકભાઈએ કહેલ કે તમે અત્યારે નશામા આવેલા છો તમે ઘરે જાવ. આપણે સવારે વાત કરીશુ તેમ કહેતા પતિ માનેલ નહિં અને વધુ ઉશ્કેરાઈ જઈ કહેલ કે તમારી દીકરી મારે લાયક નથી.તેમ કહી ત્રણવાર તલ્લાક આપી છુટા કરી દીધેલ.

આ બનાવ અંગે પરણીતા નોધારી થઈ જતા મહિલા પોલીસ મથકમા પતિ ઈમરાનભાઈ,સસરા પોપટભાઈ,સાસુ જેતુનબેન સામે દહેજધારા હેઠળ સહીતની કલમો હેઠળ રજીયાબેને ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

કાર્યવાહી | MKB યુનિ.ના કુલપતિ સામેની ક્વો વોરન્ટો રીટ

હાઈકોર્ટ દ્વારા કુલપતિ નિમણૂંક અંગેની તમામ વિગતો મંગાવાઈ

ભાવનગર | 30 જુલાઈ

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ ડૉ.એસ.એન.ઝાલાની લાયકાતને પડકારતી ક્વો વોરન્ટો રીટની બાબતે હાઈકોર્ટ દ્વારા સમગ્ર નિમણૂંક પ્રક્રિયા અંગેની વિગતો મંગાવવામાં આવી છે. આ રીટની સુનાવણી હાઈકોર્ટમાં 31મી જલાઈના રોજ યોજાનાર છે.

હાઈકોર્ટ દ્વારા ભાવનગર યુનિવર્સિટી પાસેથી કેસ અંગેની માહિતીઓ મંગાવવામાં આવી હતી. અને ભાવનગર યુનિ. દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતીઓ મુજબ વર્ષ 2015માં ભાવનગર યુનિવર્સિટીના કુલપતિની નિમણૂંક કરવા અંગેની વિધિવત રીતે અખબારી જાહેર ખબર આપવામાં આવી હતી. અને 50 અરજદારોએ કુલપતિ અંગે અરજીઓ કરી હતી. ઈન્વર્ડ કરાવવામાં આવેલી અરજીઓમાં ડૉ.શૈલેષ ઝાલાની દસ્તાવેજી ઉમેદવારી સામેલ ન હોવાનું પણ ફલીત થાય છે.

સર્ચ કમિટીમાં સામેલ સભ્યોએ નામ પ્રસિધ્ધ નહીં કરવાની શરતે જણાવ્યુ હતુકે, અંતિમ 3 નામો જે પસંદ કરવામાં આવ્યા હતા, અને બંધ કવરમાં સરકાર સમક્ષ મોકલવામાં આવ્યા હતા તેમાં પણ ડૉ.ઝાલાનું નામ સામેલ ન હતુ, અને કોઈ આકસ્મિક રાજકીય ઘટનાક્રમની વચ્ચે તત્કાલીન સરકારની ટોચની વ્યક્તિએ સર્ચ કમિટીને આદેશ કરવામાં આવ્યો હતો કે તેઓના ઈમેલમાં જે બાયોડેટા મોકલવામાં આવ્યો છે તેની પ્રિન્ટ કાઢી અને તમામ સભ્યોએ સહી કરી, સબમીટ કરી આપવાની છે. સર્ચ કમીટીના સભ્યોએ પણ વીલા મોઢે ડૉ.ઝાલાની અરજી પર સહી કરી અને સબમીટ કરવી પડી હતી.

ક્વો વોરન્ટો રીટ પર અન્ય યુનિ.ની પણ નજર

સમગ્ર રાજ્યની યુનિવર્સિટીઓની નજર એમ.કે.ભાવનગર યુનિ.ના કુલપતિની લાયકાતને પડકારતી 31મી જુલાઈએ હાઈકોર્ટમાં રજૂ થનાર ક્વો વોરન્ટો રીટ પર છે. રાજ્યની 4 યુનિવર્સિટીઓના કુલપતિને યુજીસીની તમામ માર્ગદર્શિકાઓ વિરૂધ્ધ જઈને નિમણૂંકો આપવામાં આવી હતી, અને ભારે ઊહાપોહ મચ્યો હતો, તેથી અન્ય યુનિ.ની નજર પણ આ રીટ પર છે.

શિશુવિહારની દિવાલો પર ચિત્રો કંડારી ગુરૂવંદના

કલાગુરૂ રવિશંકર રાવળ અને કલાગુરૂ ખોડિદાસભાઈ પરમારની જન્મજયંતિ નિમિત્તે શિશુવિહાર તથા કલાવર્ગના વિદ્યાર્થીઓ દ્વારા તા.21 જુલાઈથી 1 ઓગસ્ટ દરમિયાન ગુરૂ સ્મૃતિ વંદના કાર્યક્રમની ઉજવણી થઈ રહી છે જેમાં રવિવારે સવારના 7થી સાંજના 7 સુધી ભાવનગરના 50 કલાકારોએ શિશુવિહાર સંસ્થામાં દિવાલો પર લોકકલાના એક એકથી ચડિયાતા ચિત્રો દોરી રંગોની વસંત મહેંકાવી હતી.

હેરાન પરેશાન | ભાવનગર શહેરમાં બનેલી ઘટના

ન્હાવા જતા વેપારીને ચોર સમજી સોસાયટીના લોકોએ માર માર્યો

દેશમાં ટોળાઓ દ્વારા હુમલાની ઘટનામાં પોલીસ ફરીયાદ નોંધાય છે

ક્રાઈમ રીપોર્ટર | ભાવનગર | 30 જુલાઈ

સમગ્ર દેશમાં લોકો દ્વારા સમુહમાં માર મારવા અથવા હુમલા કરવાની ઘટનાઓ બની રહી છે. ત્યારે ટોળા દ્વારા હુમલામાં કોની સામે ફરીયાદ કરવી તે દ્વિધા હોય હવેથી પોલીસ દ્વારા ટોળા સામે ફરીયાદ નોંધવાનુ અને દોષીતો સામે પગલા ભરવામાં આવતા લોકોમાં સંતોષની લાગણી ફેલાઈ છે. ત્યારે દેશ અને રાજય બાદ હવે ભાવનગરમાં પણ આવી ઘટનાઓ બનતા અને આજે બનેલી ઘટનામાં ચોર સમજી સોસાયટીના લોકોએ વેપારીઓને માર મારતા આ અંગે સોસાયટીના લોકો સામે ફરીયાદ નોંધાવામાં આવતા તેવી લાગણી પ્રસરી છે.

ભાવનગરના પ્રવેશ દ્વાર નારી ચોકડી, પંચનાથનગર હાઈ-વે ઉપર ટાઈલ્સના વેપારી પ્રતાપભાઈ પાટણવાડીયા તેમજ તેમની સાથે તેમના બે સબંધીઓ સાથે અત્રેની સ્વપ્ન સૃષ્ટી સોસાયટી પાછળ આવેલ આખલોલ મહાદેવની નદીમાં સ્નાન માટે જઈ રહયા હતા.તે વખતે આ સોસાયટીની મહિલાઓ અને પુરૂષોએ તેઓને ચોર સમજી માર મારતા તેઓને વરતેજ સામુહીક હેલ્થ સેન્ટરમા સારવાર માટે ખસેડાયા હતા.વરતેજ પોલીસ સ્ટેશન હેઠળના છેવાડાની સોસાયટીઓમાં છેલ્લા બે માસમાં ચોરીના બનાવા પમ્યા હોય.લોકોએ આ સામે જાગુત બનતા વેપારીને માર પડતા આ મામલો ભારે ટીકસ્પદ બન્યો છે. રાજયમાં હવે ટોળા સામે પણ ગુના નોંધાવાનુ શરૂ થયુ છે. ત્યારે ઉપરોક્ત ઘટનામાં પણ ગુના નોંધાય તેવી માંગ ઉઠી છે.

આશિર્વાદ કોમ્પ્યુટર કલાસીસ
સરકાર માન્ય CCC કોર્ષ
Certificate Programming Course
'C' Prog. | 'C+Prog.' | ASP.Net | V.B.Net | PHP | JAVA
પરફેક્ટ એકાઉન્ટન્ટ બનો Tally ERP 9 with GST
AUTOCAD Engineering Drawing
બ્રાંચ-૧: પ્લોટ નં.૧૮/બી, શિવમંદિર પાસે, નારેશ્વર સોસાયટી, ચિત્રા પ્રેસ ક્વાર્ટસ પાછળ, ભાવનગર.
બ્રાંચ-૨: એફ-૪, બીજો માળ, વિજયજ્યોત કોમ્પ્લેક્ષ, વિરાણી સર્કલ, કાળીયાબીડ, ભાવનગર.
બ્રાંચ-૩: દુકાન નં.૪, બીજો માળ, હરિઓમ શોપીંગ સેન્ટર, ભૈરવપરા રોડ, પાલીતાણા.
જીજ્ઞેશભાઈ એમ. સિધ્ધપુરા (રંઘોળાવાળા): મો.૯૩૨૮૬૪૨૫૬૫/૭૪૦૫૪૫૦૬૪૪
SOHAM

ધો.૧૦ ની સ્પેશ્યલ રીપીટર બેચ
ધો.૧૦માં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે સ્પેશ્યલ રીપીટર બેચ
તા. ૧-૮-૧૮ થી શરૂ
એક બેચમાં માત્ર ૧૦ જ વિદ્યાર્થીઓ હોવાથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી...
આકાશ પરમાર
વિજયરાજનગર, ભાવનગર.
૭૮૭૦૭૮૭૫૧૫, ૭૮૭૮૭૮૫૫૫૩

ડો. મમતા બી. વાઘેલા
(B.D.S.) ડેન્ટલ સર્જન

પી.એન.આર.સોસાયટી અને દલાલ ફેમીલી ફાઉન્ડેશન (યુ.એસ.એ.) સંચાલિત
પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર
૧૦૧માં પ્લાસ્ટિક સર્જરી કેમ્પ
તા.૦૧-૦૮-'૧૮ ને બુધ. થી તા.૦૪-૦૮-'૧૮ શનિ. સુધી
ઓ.પી.ડી. તા.૦૧-૦૮-૨૦૧૮ ને બુધવારે સવારે ૧૦:૦૦ કલાકે
કપાયેલા હોઠ, તાળવામાં કાણું, મુખવિકૃતિ, ખેંચાઈ ગયેલી ચામડી વગેરે ખામીવાળા બાળકો માટે ફ્રી કેમ્પ
શ્રી જયંતભાઈ વનાણી (બુધાભાઈ પટેલ) અને શ્રી નટવરભાઈ પ્રભુભાઈ પટેલ - અમદાવાદ
પી.એન.આર.હોસ્પિટલ અંધશાળા કેમ્પસ, વિદ્યાનગર, ભાવનગર, ફોન નં. ૨૪૩૧૧૫૦
સંપર્ક સૂત્ર : જીજ્ઞેશ પારેખ, મો.નં.૭૯૮૪૩૧૫૨૫૨

અશોક ગોહિલ નાઈટ
એક શામ રફી કે નામ
મહૂમ મહંમદ રફી સાહેબની ૩૮-મી પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલી અર્પતો કાર્યક્રમ
આજે રાત્રે ૯.૩૦ કલાકે અચૂક
સ્થળ : યશવંતરાય નાટ્યગૃહ (A.C.) ભાવનગર.
સીંગર અશોક ગોહિલ
SOHAM

ભાવનગર મહાનગરપાલિકા
ઘરવેરાની જૂની કર-પધ્ધતિમાં 'ચાર વર્ષ + વ્યાજ-માફીની સ્કિમ'નો લાભ લેવાની છેલ્લી તક....
છેલ્લી તારીખ ૩૧/ ૦૭ /૨૦૧૮
સમયસર વેરો ભરો અને ૧૮% વ્યાજનાં દંડ તથા જપ્તીની કડક કાર્યવાહીથી બચો

શ્રી સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
નંદકુંવરબા મહિલા કોલેજ
(મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનીવર્સીટી સંલગ્ન)
જોઈએ છે

Arts	
ગુજરાતી	: ૨
સમાજશાસ્ત્ર	: ૨
મનોવિજ્ઞાન	: ૨

Dip. in Fashion Design	
પ્રાધ્યાપક	: ૪

અન્ય જગ્યા	
સ્ટોરકીપર	: ૪
વેબ ડીઝાઈનર	: ૨

યુનિવર્સીટીના નિયમાનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિ.૭ માં અરજી કરવી.
ઘોઘારોડ, દેવરાજનગર, શિવાજી સર્કલ પાસે, ભાવનગર. ફોન : ૦૨૭૮ - ૨૪૭૧૮૧૪-૧૫-૧૬
VIVEK

SHREE SWAMINARAYAN MAHAVIDHYALAY
(Affiliated to M. K. Bhavnagar University)
Requires Full Time Faculty

Sr.No.	Subject	No. Of Post
01	Assistant Professor In B.Com.	08

Subject	No. of Post
Accountancy	02
Commerce	02
Economics	01
Management	01
English	01
Mathematics/Statistics	01

- Qualification: As per M. K. Bhavnagar University / UGC rules.
- Application is invited along with necessary documents/certificates (self attested)
- Separate application is required for each post applied.
- Apply within 10 days.

K.P. Swami - Administrator
Shree Swaminarayan Mahavidhyalay
Near SBI Bank, GIDC, Chitra, Bhavnagar-364004.
VIVEK

અભિનંદન

અભિનંદન

સુર્યોદય ગ્રુપ ઓફ કોલેજીસ
(મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન)
પ્રવેશકાર્ય શરૂ છે
૧. ડિપ્લોમા ઈન સેનેટરી ઈન્સ્પેક્ટર (૧૨ પાસ)
૨. પી.જી. ડિપ્લોમા ઈન જર્નાલીઝમ એન્ડ માસ કોમ.
૩. પી.જી. ડિપ્લોમા ઈન પરફોર્મિંગ આર્ટ (ડ્રામા)
Contect : 7016441944, 9173741074
કેમ્પસ-૧ : પ્લોટ નં.૧૯૪૭/એ, એસ.બી.આઈ. બેંકની સામે, કૃષ્ણનગર બસ સ્ટેન્ડ, ભાવનગર
કેમ્પસ-૨ : કે.કે. પ્લાઝમ, રામમંત્ર મંદિર સામે, તળાજા રોડ, ભાવનગર.

ખુલ્લી હરરાજી | ખરો તોલ | રોકડા નાણાં
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - તળાજા
પાલીતાણા રોડ, તળાજા. ફોન : (૦૨૮૪૨) ૨૪૦૯૭૮ ફેક્સ ૨૨૨૦૧૫
Email : apmc.talaja@gmail.com
શાકભાજી શેડ ફર્સ્ટ ફલોર શોપ જાહેર હરરાજી
બજાર સમિતિનાં પાલીતાણા રોડ પર આવેલ યાર્ડ ચોગાનમાં શાકભાજી શેડ ફર્સ્ટ ફલોર શોપની માહીતી નીચે મુજબ છે.

ક્રમ	દુકાનોની વિગત	દુકાન નંગ	કુલ
૧	શાકભાજી શેડ ફર્સ્ટ ફલોર શોપ	૧૩ થી ૨૪	૧૨

ઉપર મુજબના શાકભાજી શેડ ફર્સ્ટ ફલોર શોપની જાહેર હરરાજી તા.૦૬/૦૮/૧૮ ને સોમવારના રોજ સાંજના ૪ કલાકે એક વખત પરત ન મળવાપાત્ર ડિપોઝીટની રકમ લઈ માસીક ભાડાથી સ્થળ ઉપર આપવાની છે. તો રસ ધરાવતા વેપારીઓએ માર્કેટીંગ યાર્ડમાં ઉપરોક્ત તારીખ અને સમયે હાજરી રહી માંગણી કરવી.
માંગણી મુકનારે માંગણી મુકતા પહેલા ડિપોઝીટની રકમ રૂા.૧૧૦૦૦/- અંકે રૂપીયા અગીયાર હજાર પુરા ભરી માંગણી મુકવાની રહેશે. હરરાજીની શરતો તથા ભાડાખતની શરતો અને દુકાનની સાઈઝ હરરાજી સમયે અગર ઓફિસ સમય દરમ્યાન બજાર સમિતિના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે.
હરકોઈ માંગણી મંજુર કરવાનો ન કરવાનો હક્ક નીચે સહી કરનારને અબાધિત રહેશે.
શાંતીભાઈ જી. ધાંધલ્યા, વાઈસ ચેરમેન | ભરતભાઈ એન. બારૈયા, સેક્રેટરી | વિક્રમસિંહ વી. ગોહિલ, ચેરમેન
બજાર સમિતિનો એકજ વિચાર ઉત્તમ ખેતી સ્વચ્છ વેપાર

હાર્દિક અભિનંદન

શ્રી આર. સી. મકવાણા

નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ
॥ મલયજ આયુર્વેદ ॥
આયુર્વેદિક હેર-સ્કિન-ઓબેસિટી-પંચકર્મ સેન્ટર
આ સફળતા ભર્યા વર્ષોના સહયોગી તેવા આપ સર્વનું હું આભારી છું.
ડૉ. કાશ્મીરા કોઠારી B.A.M.S.
આયુર્વેદ ફિઝિશિયન તથા પંચકર્મ તજજ્ઞ
આ આનંદની ઉજવણી રૂપે અમે એક
'મેગા સર્વરોગ નિદાન કેમ્પ' નું આયોજન કરેલ છે
આ કેમ્પ દરમ્યાન તદ્દન રાહત દરે તપાસ કરવામાં આવશે...
કેમ્પ તારીખ : 1 થી 3 ઓગસ્ટ, 2018
પંચકર્મ સારવાર જેવી કે, વમન, વિરેચન, બસ્તિ, નસ્ય, શિરોધારા, કટી બસ્તિ વગેરે ઉપર 20% ડિસ્કાઉન્ટ
સૌંદર્ય સારવાર જેવી કે, આયુર્વેદ ફેસિયલ, હેર સ્પા, વિવિધ હેરપેક, ફેસ પેક વગેરે પર 30% ડિસ્કાઉન્ટ
કેમ્પ દરમ્યાન સારવાર બુક કરાવી દર્દી તે સારવાર 30 સપ્ટેમ્બર સુધીમાં ક્યારેય પણ લઈ શકશે.
એપોઈન્ટમેન્ટ માટે ફોન : 0278-2561935, 9879162342 સમય : સવારે 10 થી 1, સાંજે 6 થી 8
અષ્ટવિનાયક-3, રૂપાણી જૈન દેરાસર સામે, રૂપાણી સર્કલ, ભાવનગર.
SOHAM

પ્રક્રિયા | હવે બીજા રાઉન્ડ માટે માર્ગ મોકળો થયો

RTEમાં ખાલી બેઠકો ભરવા સરકારને હાઈકોર્ટનો આદેશ

તમામ લઘુમતી સંસ્થાઓ માટે એકમાત્ર ટ્રસ્ટીઓ માઈનોરીટીના હોય તે પૂરતું નથી : ચેકિંગ કરવું જરૂરી

ભાવનગર | 30 જુલાઈ

રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત આ વર્ષે ગુજરાતમાં પ્રથમ રાઉન્ડમાં આઠ હજાર જેટલી અને અન્ય 39 હજાર મળી કુલ 47 હજાર જેટલી બેઠકો પર પ્રવેશ લાયક છોકરાઓને ધોરણ 1 માં પ્રવેશ ન મળતા આ અંગે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી જેના ચુકાદામાં આજે ખંડપીઠે જણાવ્યું હતું કે જેટલી બેઠકો ખાલી છે તે ભરવા માટે સરકારે કાર્યવાહી કરવી.

ગુજરાત સરકારે આ વખતે રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ખાનગી શાળાઓમાં ગરીબ અને વંચિત વિદ્યાર્થીઓ માટે પ્રવેશનો પહેલો રાઉન્ડ જાહેર કર્યો હતો અને તેમાં 80 હજાર પૈકી 72 હજાર પ્રવેશ ફાળવાયો હતો એટલે પહેલા રાઉન્ડમાં 8 હજાર વિદ્યાર્થીઓ પ્રવેશ વંચિત રહી ગયા હતા જ્યારે બીજો રાઉન્ડ કે જે ખરેખર 30મીએ શરૂ થવાનો હતો તે હજી શરૂ થયો નથી. આ સંજોગોમાં સંદીપ મુંજીયાસરાએ ગુજરાત હાઈકોર્ટમાં બાળકોને પ્રવેશ આપવા જાહેર હિતની અરજી દાખલ કરી હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે આજે આદેશ આપતા જણાવ્યું હતું કે જે બાળકો RTE અંતર્ગત ખાનગી શાળાઓમાં ધોરણ 1 માં પ્રવેશ લાયક હોય તેને પ્રવેશ આપી દેવો. આથી આરટીઈમાં પ્રવેશના બીજા રાઉન્ડનો માર્ગ મોકળો થયો છે તેમ કહી શકાય.

આ ઉપરાંત રાજ્યમાં 200થી વધુ શાળાઓએ પોતાને માયનોરીટી સ્કુલ નું સ્ટેટસ છે તેમ જણાવી એક પણ વિદ્યાર્થીને RTE અંતર્ગત પ્રવેશ આપ્યો ન હતો તે બાબતે ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતુ કે એકમાત્ર લઘુમતી ટ્રસ્ટીના હોય એટલું પૂરતુ નથી આવી સંસ્થાઓને લઘુમતીના પ્રમાણ પત્ર સહિતની તમામ શરતો પૂર્ણ કરી હોય તેનું ચેકિંગ કરવુ જરૂરી છે. પ્રથમ રાઉન્ડમાં RTE અંતર્ગત પ્રવેશમાં બાકી રહેલા આઠ હજાર અને બીજા રાઉન્ડમાં 39000 મળીને કુલ 47 હજાર જેટલા બાળકોને આ વર્ષે ધોરણ 1 મા ખાનગી શાળાઓમાં વિનામૂલ્યે પ્રવેશ માર્ગ મોકળો થયો છે તેમ આજના હાઈકોર્ટના આદેશથી ફલિત થાય છે.

સોનગઢમાં માનવ અધિકાર ભંગ બદલ

PSI વિરૂધ્ધ પગલા લેવા માલધારી સમાજની માંગ

સિનિયર સીટીઝનને પોલીસે ખોટી રીતે માર મારતા માલધારી સમાજમાં રોષ

સિહોર બ્યુરો | 30 જુલાઇ

સિહોર તાલુકાના સોનગઢ ગામે માલધારી સમાજના એક સિનિયર સીટીઝન સાથે પોલીસ દ્વારા ખોટી રીતે અપમાનજનક વર્તન કરી મુંઢમાર મારતા માલધારી સમાજમાં રોષ ભભુકી ઉઠ્યો હતો અને માલધારી સમાજના આગેવાનો અને લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી સબ ડીવી. મેજિસ્ટ્રેટ તેમજ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને લેખિત આવેદનપત્ર પાઠવી પીએસઆઈ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી પગલા ભરવા માંગ કરી હતી.

સિહોર તાલુકાના સોનગઢ ગામે ગત તા.28/7ના રોજ સોનગઢ પોલીસ સ્ટેશનમાં ચેપ્ટર કેસ નં.135/18 થી આ જ ગામમાં રહેતા રબારી સુરાભાઇ ભીખાભાઇ મકવાણાની અટક કરી અને બીજા દિવસે સોનગઢ બસ સ્ટેશનમાં લાવી ઉઠક-બેઠક કરાવી, ગળામાં પાટીયું લગાડી અને મુંઢ માર મારી માનહાની કરેલ. આથી સુરાભાઈનું બ્લડપ્રેશર વધી જતાં તેઓને 108 દ્વારા સિહોર સરકારી હોસ્પિટલમાં સારવાર્થે દાખલ કરવામાં આવેલ.

સુરાભાઇ ભીખાભાઇ મકવાણા જે સિનિયર સીટીજન છે અને ઈરીગેશન વિભાગના નિવૃત્ત કર્મચારી પણ છે. ત્યારે આવા

...અનુસંધાન પાના નં.06

હત્યા | બોલાચાલીની દાઝ રાખી મારામારી થયેલી

ખેડૂતવાસમાં વૃદ્ધને જમીન પર પછાડતા ગંભીર ઈજા થતા મોત

છ શખ્સો દ્વારા ધારીયા, પાઈપ અને છરી વડે હુમલાની પોલીસ ફરિયાદ : બનાવ આખરે હત્યામાં પરિણમ્યો

ક્રાઇમ રીપોર્ટર | ભાવનગર | 30 જુલાઇ

શહેરના ખેડુતવાસ વિસ્તારમાં એકાદ વરસ પહેલા સામાન્ય બાબતે થયેલી બોલાચાલીની દાઝ રાખી ગઈકાલે આ જ વિસ્તારમાં રહેતા 6 શખ્સોએ ઘાતકી હથિયારો સાથે યુવાન અને તેમના પત્ની, માતા અને ફઈના પુત્રો તથા વૃદ્ધ પર હુમલો કરતા અને તે દરમ્યાન વૃધ્ધને જમીન પર પછાડી દેતા અને ગંભીર ઈજા થતા તેમનું મોત નીપજયું હતુ.

શહેરના ખેડૂતવાસમાં મેલડી માની ધાર પાસે રહેતા મહેશભાઈ પ્રવિણભાઈ મકવાણાએ ખેડુતવાસના પોપટનગર વિસ્તારમાં રહેતા પરવત ઉર્ફે ભદી મુકેશભાઈ ગોહેલ, મુકેશ સવસીભાઈ, સવસીભાઈ ગોહેલ, ધીરા સવસીભાઈ, વનરાજ ઉર્ફે વનો ધીરાભાઈ અને રમેશ પોપટભાઈ વાજા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવાયું છે કે એક વરસ પુર્વે પરવત ઉર્ફે ભદી મુકેશભાઈ ગોહેલ સાથે ચાલવા બાબતે માથાકુટ થયેલી જેની દાઝ રાખી ગઈકાલે ઉપરોકત શખ્સો હાથમાં ધારીયા, લોખંડના પાઈપ અને છરી લઈ ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર રીતે ઘુસી મહેશભાઈના પત્ની, બા, ફઈના પુત્રો પર હુમલો કરી દાદા જીવાભાઈ મગનભાઈ મકવાણા (ઉ.વ.75)ને ધક્કો મારી પછાડી દેતા ગંભીર ઈજા પામેલા જીવાભાઈને સારવાર માટે હોસ્પીટલમા ખસેડાતા ફરજ પરના તબીબે તપાસી તેઓને મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો. આ બનાવ અંગે મહેશભાઈએ છ શખ્સો વિરુધ્ધ બી. ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ઘોઘા રોડમા યુવાન પર છરીના ઘા ઝીંકાતા ગંભીર

શહેરના ઘોઘારોડ વિસ્તારમાં ડ્રેગન શેરી, 50 વારીયામાં રહેતા અજયભાઇ ભુપતભાઈ લારીયા પર ગત મોડી રાત્રીના ઘોઘારોડપર આવેલ મંત્રેશ કોમ્પ્લેક્ષ નજીક કોઈ અજાણ્યા શખ્સોએ તલવાર જેવા ઘાતકી હથિયારના ઘા ઝીંકી નાસી જતા યુવાનને લોહીયાળ હાલતે સારવાર માટે હોસ્પીટલમા ખસેડાતા ફરજ પરના તબીબે તેમની હાલત નાજુક બતાવી છે.

પાલિતાણામાં ફિલ્મનું શુટીંગ કરાયું

બોલીવૂડના એકટર જેકી શ્રોફ, જ્હોન અબ્રાહમ સહિતના પાલિતાણાની મુલાકાતે આવતા આસપાસમાં લોકો ટોળે વળ્યા હતા. હાલમાં જ આ 'રો' ફિલ્મનું શુટીંગ જૂનાગઢ સહિતમાં કરાયું હતું તેમજ હવે પાલિતાણા પંથકમાં પણ શુટીંગ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં પરંતુ મંગળવારે ભાવનગરમાં પણ શુટીંગ કરવામાં આવશે.

કરૂણાંતિકા | ભાવનગર પંથકમાં જુદા જુદા ત્રણ અપમૃત્યુ

પતિના ત્રાસથી કંટાળી ઈશ્વરીયાની પરણીતાએ જાત જલાવી લેતા મોત

અકસ્માતે દાઝી જતા વરતેજના સરતાનપર ગામની પરિણીતાનું મોત, ઝેરી દવાવાળા વાસણમાં ભૂલથી પાણી પી લેતા યુવતીનું મોત

ભાવનગર | સિહોર બ્યુરો | 30 જુલાઇ

ભાવનગર પંથકનાં બનેલી જુદી જુદી ઘટનાઓમાં 3 મહિલાનું અકસ્માતે મોત નિપજયા હતા.

ઈશ્વરીયામાં રહેતા જગદીશભાઈ બચુભાઈ પરમારના લગ્ન સિદસરના આરતીબહેન સાથે થયા હતા. લગ્ન જીવન દરમ્યાન છેલ્લા છ માસથી પતિએ પત્ની પર શંકા-કુશંકા રાખી. તેણીને મેણા ટોણા મારી, શારીરીક અને માનસીક ત્રાસ આપતા હતા. આથી કંટાળી જઈ આરતીબહેને પોતાના ઘરે જાત જલાવી આપઘાત વ્હોરી લીધો હતો. જે અંગે મૃતકના માતા હંસાબેન બટુકભાઈએ ફરિયાદ નોંધાવેલ છે.

વરતેજ તાબેના સરતાનપર ગામે રહેતા જલ્પાબેન પંકજભાઈ ચૌહાણ (ઉ.વ.24) રસોઈ બનાવતા હતા. તે વખતે અકસ્માતે દાઝી જતા તેમને સારવાર્થે હોસ્પીટલમા ખસેડાતા ફરજ પરના તબીબે તપાસી તેમને

...અનુસંધાન પાના નં.06

સગીરાની છેડતી કરાતા ફરિયાદ

ભાવનગર | 30 જુલાઇ

પાલિતાણામાં રહેતી એક સગીરાને પાલિતાણાના સિપાઈવાડામાં રહેતો સફી જાહિદભાઈ ઉર્ફે મુન્નાભાઈ છેલ્લા ચાર માસથી હેરાન પરેશાન કરતો હોય આ બાબતે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

આરોપી સગીરાનો પીછો કરી ફોન પર પણ હેરાન પરેશાન કરી સગીરાના ઘરની સામે બાઈક પર આવી ગાળો આપતો હોય આ બાબતે પાલિતાણા ટાઉન પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસ બનાવ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જીન્સ-રંગ
આપના દરેક જાતના જીન્સ પેન્ટ ટેરીકોટન પેન્ટ-શર્ટ તેમજ સાડીઓને કલર તથા ધોઈને રોલ પ્રેસ કરાવવા માટે અવશ્ય મુલાકાત લ્યો.
આફતાબ ડાઈંગ એન્ડ ડ્રાયકિલનર્સ
પહેલા માળે, વૃંદાવન શોપીંગ સેન્ટર, પીરછલ્લા રોડ, ભાવનગર.



આજે ભાવનગરમાં શુટીંગ કરવા આવશે

ફિલ્મી એકટર જેકીશ્રોફ પાલિતાણાની મુલાકાતે

જહોન અબ્રાહમ સહિતના એ મઢડા આસપાસમાં 'રો' ફિલ્મનુ શુટિંગ કર્યુ

ઇન્ફ્રાસ્ટ્રકચર રિપોર્ટર, ભાવનગર | 30 જુલાઇ

બોલીવૂડના ફિલ્મી એકટર જેકી શ્રોફ અને જ્હોન અબ્રાહમ સહિતના ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના દિગ્ગજો આજે પાલિતાણા આવ્યા હતા, અહીં તેઓએ વીરપુર રોડ પર આવેલા પેલેસમાં ઉતારો કરીને જુદી જુદી જગ્યાએ ફિલ્મનુ શુટિંગ પણ કર્યુ હતું. આગામી સમયમાં જેકી શ્રોફની 'રો' ફિલ્મમાં ભાવનગરના પાલિતાણા પંથકના કેટલાક સીન જોવા મળશે.

પાલિતાણામાં વીરપુર રોડ પર સ્ટેટનો બંગલો આવેલો છે. આ પેલેસ રાજકોટના મનોહરસિંહ જાડેજાના પૂત્ર માંધાતાસિંહએ ભૂતકાળમાં ખરીદયો હતો, તેઓની માલિકીના આ પેલેસમાં આજે જેકી શ્રોફ અને જહોન અબ્રાહમે ઉતારો કર્યો હતો. અહીં આસપાસમાં તેઓને નયનરમ્ય નજારો માણ્યો હતો અને શુટીંગ પણ ઉતારવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત તેઓએ પાલિતાણા નજીક મઢડા ગામમાં પણ ગયા હતા, અહીં પણ તેઓએ ફિલ્મનું શુટિંગ કર્યું હતું. આજે ભાવનગરમાં પણ શુટીંગ કરવા આવશે. આ આગામી રિલીઝ થનારી રો ફિલ્મમાં પાલિતાણા પંથકના કેટલાક સીનસિનેરીઓ પ્રેક્ષકોને જોવા મળશે.

વીજ કર્મચારીઓને એરિયર્સ ત્રણ હપ્તે ચૂકવવામાં આવશે

ભાવનગર | 30 જુલાઈ

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘની ઊર્જા વિભાગના કર્મ ચારીઓને સાતમા પગારની એરિયર્સ ચૂકવવાની માગણીને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. રેગ્યુલર કર્મચારીઓને મળવાપાત્ર એરિયર્સ 3 હપ્તામાં ચૂકવવા નિર્ણય લેવાયો છે. સરકારના આ નિર્ણયથી પીજીવીસીએલ સહિત ઊર્જા વિભાગના 42,000 કર્મીઓને ફાયદો થશે અને સરકાર ઉપર 541 કરોડનો બોજ પડશે. તાજેતરમાં વરસાદમાં પણ ટેક્નિકલ કર્મચારીઓ જીવની પરવા કર્યા વગર પાવર ચાલુ કરવા ચાલુ વરસાદે પણ ફરજ બજાવી રહ્યા છે તે બાબતની સરકાર દ્વારા ખૂબ સકારાત્મક નોંધ લઈ ઊર્જાખાતાના વિદ્યુત સહાયકોનો પગાર વધારાને મંજૂરી આપી સાચા અર્થ માં કદર કરી છે તેવું સંઘે જણાવ્યું છે.

કેશલેસ | વાહનનું લાયસન્સ કઢાવવાથી માંડી તમામ કામ કેશ ફ્રી

લાયસન્સમાં નિષ્ફળ ગયા, છતાં તમામ કામગીરી ઓનલાઇન !!

■ **RTOમાં અરજદારોના ભરાયેલા પૈસા ક્રેડીટ થતા નથી ત્યા બુધવારથી તમામ કામગીરી ઓનલાઇન**

ઇન્ફ્રાસ્ટ્રકચર રિપોર્ટર, ભાવનગર | 30 જુલાઇ

ડ્રાઈવિંગ લાયસન્સ કઢાવવા માટે ઓનલાઈન ફી કર્યા બાદ અરજદારોના ખાતામાંથી રકમ કપાઈ ગયા બાદ ગર્વમેન્ટ સર્વરમાં જમા થતી નથી, આવા પ્રકારના બનાવોથી અરજદારોની સૂડી વચ્ચે સોપારી જેવી દશા બેઠા બાદ તા.1લી ઓગસ્ટને બુધવારથી RTOની તમામ કામગીરી ઓનલાઈન થશે.

વાહનના લાયસન્સની ફી ઓનલાઈન જ સ્વિકારવા જુલાઈ માસના પ્રારંભમાં જ નિર્ણય લેવાયો હતો, જેમાં પરિસ્થિતિ એવી જન્મી હતી કે, અરજદારો ફીની રકમ ભરે તો તેની રકમ તેના એકાઉન્ટમાંથી ડેબિટ થઈ જતી હતી, પરંતુ આર.ટી.ઓ.ના ખાતામાં જમા થતી ન હતી.

આવી પરિસ્થિતિ વચ્ચે બે દિવસ બાદ તમામ કામગીરી ઓનલાઈન થશે, ત્યારે અરજદારો ઓનલાઈન કરવા પ્રેરાય તે પહેલા ડિપાર્ટમેન્ટની સિસ્ટમમાં જ ક્ષતિઓ સર્જાયેલી છે, જેને દુર કરવામાં આવે તેવી માંગણી અરજદાર વર્ગમાંથી ઉઠી રહી છે.

આર.ટી.ઓ.માં વાહનના લાયસન્સથી માંડીને નામ ટ્રાન્સફર, ટેક્સ ભરવાથી માંડીને સ્થળ ફેરફાર સહિતની કોઈ પણ કામગીરીમાં જ્યા જ્યા ફી ભરવાનો સવાલ આવશે ત્યા રોકડ નહીં પરંતુ ઓનલાઈન ફી ભર્યા બાદ જ અરજદારનું કામ આગળ વધી શકશે.

મોબાઇલમાં પણ સુવિધા ઉપલબ્ધ....

મોબાઈલ મારફત પણ અરજદાર આર.ટી.ઓ.ની ફી ભરી શકશે, અશિક્ષિત અરજદારો સાઈબરકાફેનો સહારો લેશે, પરંતુ સામાન્ય જ્ઞાનથી પણ મોબાઈલ દ્વારા આર.ટી.ઓ.ની ફી ભરી શકાય તેવી ટેકનોલોજી છે, અરજદારો જાગૃત બને તો બહાર કોઈ લેભાગુ તત્ત્વો વધારે રકમ ખંખેરે તેની જગ્યાએ વિનામૂલ્યે આ કામ થઈ શકે તેવો વિકલ્પ ઉપલબ્ધ છે.